# આચારાંગ પ્રશ્નોત્તરી

## ભાગ-૧



• લેખક-સંપાદક •

પરમપૂજ્ય આચાર્ય વિજય નરવાહનસૂરિ

પદાર્થ દર્શન ગ્રંથમાળા પુસ્તક-૭૧

# શ્રી આચારાંગ ધૂતાધ્યયન પ્રશ્નોત્તરી

(ભાગ - ૧)

**પ્રવચનકાર**

પરમ પૂજ્ય આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

**સંકલનકાર**

કર્મ સાહિત્ય નિષ્ણાત સિદ્ધાંત મહોદધિ, સચ્ચારિત્ર ચૂડામણિ સ્વ. આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાના પટ્ટધર, પરમશાસન પ્રભાવક, પરમતારક, સૂરિચક્ર ચક્રવર્તિ, સુવિશાળ ગચ્છાધિપતિ, પ્રચંડ પૂણ્ય અને પ્રૌઢ પ્રતિભાના સ્વામી, વ્યાખ્યાન વાચસ્પતિ, દિક્ષાના દાનવીર સ્વ. આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાના પટ્ટ પ્રભાવક કર્મ સાહિત્યના જ્ઞાતા પરમ પૂજ્ય આચાર્ય વિજય નરવાહનસૂરિ મહારાજ.

**સહાયક**

પૂજ્ય મુનિરાજ શ્રી દર્શનશીલ વિજયજી

**પ્રકાશક**

પદાર્થ દર્શન ટ્રસ્ટ
૧૧૮૮, લક્ષ્મીનારાયણની પોળ,
રાજામહેતાની પોળમાં,
કાળુપુર-અમદાવાદ-૩૮૦૦૦૧.
ફોન નં- ૯૩૭૬૧૬૭૮૮૮

પુસ્તક-૭૧મું

**શ્રી આચારાંગ ધૂતાધ્યયન પ્રશ્નોત્તરી ભાગ-૧**

**પ્રશ્નોત્તરી પુસ્તક - ૪**


વીર સં-૨૫૩૨

સને-૨૦૦૬

સંવત-૨૦૬૨

શ્રાવણ સુદ-૧૫

કિંમત

**રૂા ૮૦.૦૦**



સર્વહક્ક પ્રકાશકને સ્વાધિન



ટાઇપ સેટીંગ

**દિવ્યેશ શાહ**

મુદ્રક

**નવપ્રભાત**

**પ્રીન્ટીંગ પ્રેસ**

ઘીકાંટા રોડ

અમદાવાદ-૩૮૦૦૦૧.

ટે.ન.-૨૫૫૦૮૬૩૧



# આર્થિક સહયોગકારની વાત

અમારા પૂજ્ય પિતાશ્રી સ્વ. બુધાભાઇ ગોકળદાસ શાહ તથા પૂજ્ય માતુશ્રી લીલાવતીબહેન બુધાભાઇ શાહે નાની ઉંમરમાં અમારામાં સીંચેલ ધર્મના ઘેરા સંસ્કારોને લઇને પાશ્ચાત્ય કેળવણીથી રંગાએલા એવા પણ અમારામાં તેની વિપરીત અસર અમને સ્પર્શી શકી નહિ એ અમારી ઉપરનો તેમનો મોટામાં મોટો ઉપકાર રહ્યો છે.

પરમપૂજ્ય આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાનો પરિચય જેમ જેમ વધતો ગયો અને એમના ઉપદેશ અને વ્યાખ્યાનોની અસર વધતી ગઇ તેમ તેમ તેમનામાં વ્યાપારધંધાની લગન ઓછી થતી ગઇ અને કોઇની પાસેથી લેવાને બદલે આપવાની વૃત્તિ વધતી ગઇ. અમને પણ તેઓ કહેતા કે જીવનમાં સંકડાશ ભોગવજો પરંતુ જરૂરત વાળાને આપવાનું ચૂકશો નહિ. અમારા જીવનમાં પ્રગટેલ દાનધર્મની વૃત્તિ પણ આ મંત્રને જ આભારી છે.

તેઓએ જીવનમાં કંદમૂળનો ઉપયોગ તો કર્યોજ નથી પણ ગુરૂદેવના વ્યાખ્યાનો પછી દેવદર્શન-પૂજા-સામાયિક-પ્રતિક્રમણ વિગેરે અન્ય પણ આત્મોન્નતિની પ્રવૃત્તિ છોડી નથી અને અમને પણ એજ સંદેશ આપેલ છે જેની અસર આજે પણ અમારામાં પ્રવર્તે છે.

અમારા પૂજ્ય માતુશ્રીના સરળ અને પ્રેમાળ સ્વભાવે અમારા જીવનમાં ખૂબજ અગત્યનો ભાગ ભજવેલ છે. અમને આપેલ સંસ્કારો-જીવનના મૂલ્યોની સમજ વિગેરેનું ઋણ તો અમે આ જીવનમાં ચૂકવી શક્યા નથી પરંતુ તેમના સ્મરણાર્થે આ પુસ્તક પ્રસિધ્ધ કરી અમે તેમના સંતાનો ફુલ નહિ તો ફુલની પાંખડી રૂપે સમર્પિત કરીએ છીએ.

**ભરત બુધાભાઇ શાહ**
**ગૌતમ બુધાભાઇ શાહ**
**નંદિની બુધાભાઇ શાહ**

## પ્રાપ્તિ સ્થાનો

**ભરતભાઇ બી.શાહ**

૪૦૧/૪૦૨, સરિતા કોમ્પલેક્ષ, પ્રવિણ એપાર્ટમેન્ટની સામે,
સેંટ ઝેવીયર્સ કોલેજ રોડ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯.
ફોન નં-૨૬૫૬૩૪૩૧-૨૬૫૬૩૪૩૨- મોબાઇલ નં. ૯૩૭૬ ૧૨૧૮૧૧

:----:

**નૌતમભાઇ આર. વકીલ (ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ)**

૧૬, ન્યુ આશિષ ફ્લેટસ, શેફાલી સેન્ટરની સામે, એલીસબ્રીજ, અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન નં : ૨૬૫૭૫૮૨૩ મોબાઇલ નં- ૨૧૯૫૨૨૬, ૯૮૨૫૧૫૯૬૧૭.
ઇ મેઇલ - **nautam@nautam vakil.Com.**
વેબસાઇટ - **www.nautam vakil.Com.**

:----:

**અશ્વિનભાઇ એસ.શાહ**

C/o નગીનદાસ છગનલાલ ઠે. પાંચકુવા દરવાજા બહાર અમદાવાદ-૩૮૦૦૦૨.
ફોન: ૨૨૧૪૪૧૨૧

:----:

**ચંદ્રેશભાઇ રસીકલાલ દોશી**

૫/૧૨, દામુભાઇ કોલોની, જવાહરનગર, વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭.
ફોન: ૨૬૬૩૨૯૬૦

:----:

**હિંમતભાઇ બી. શાહ**

૨, ચેતન સોસાયટી, અકોટા રોડ, વડોદરા-૩૯૦૦૨૦.
ફોન: ૨૩૧૦૩૪૩, ૨૩૨૨૮૬૨

:----:

**ડૉ હસમુખભાઇ આર. શાહ**

બી-૭, વિનીત, મજીઠીયાનગર, એસ.વી.રોડ, કાંદીવલી (વેસ્ટ), મુંબઇ નં-૪૦૦૦૬૭.
ફોન નં-૨૮૦૭૩૦૪૬, ૨૮૦૫૨૩૭૫, ૨૮૬૨૨૪૬૭

:----:

**પન્નાબેન ચંદ્રકાંતભાઇ કાપડીયા**

C/O ચંદ્રકાંતભાઇ કાપડીયા ૩૦૧, બ્રીલેશ્ચ ટાવર, મહાત્માગાંધી રોડ,
પાંચ રસ્તા, મુલુંડ (વેસ્ટ) મુંબઇ નં-૪૦૦૦૮૦.
ફોન નં-ઘર-૨૫૬૯૪૭૬૬, ૨૫૬૧૩૬૭૪.
મોબાઇલ - ૯૮૨૧૧૬૦૯૪૨ (ચંદ્રકાંતભાઇ) ● ડૉ. જોલી - ૯૮૯૨૧૩૨૨૧૦

:----:

**આશીતભાઇ વી. ચોક્સી**

૧/૨૦૬, રામનગર-પાટકર કોલેજ સામે, એસ.વી.રોડ,
ગોરેગાંવ (વેસ્ટ), મુંબઇ નં-૪૦૦૦૬૨.
ફોન નં-૨૮૭૨૩૪૭૨ મોબાઇલ નં-૯૮૨૧૧-૧૭૬૪૯

# શ્રી આચારાંગ-ધૂતાધ્યયન પ્રશ્નોત્તરી

**પ્ર.૧ શેમાં અગ્ર અને અનિવાર્ય સ્થાન કોણ ભોગવે છે ?**

ઉ. સાહિત્યની સૃષ્ટિમાં 'પ્રસ્તાવના' કિંવા 'ભૂમિકા' નું સ્થાન સુવિશિષ્ટ છે : શું સામાજિક કે શું રાજકીય, શું નૈતિક કે શું ધાર્મિક, દરેક વિભાગના સાહિત્યમાં પ્રસ્તાવના અગ્ર ને અનિવાર્ય સ્થાન ભોગવે છે.

**પ્ર.૨ ગ્રંથનું શું કેવું શેમાંથી મળી શકે ?**

ઉ. ગ્રન્થની આખીય વસ્તુનું સંકુચિત છતાં સ્પષ્ટ સૂચન ભૂમિકામાંથી મળી રહે છે.

**પ્ર.૩ પ્રસ્તાવના શું પુરૂં પાડી શકે છે ?**

ઉ. પ્રસ્તુત ગ્રંથ કોણે રચ્યો, ક્યા સંયોગો વચ્ચે રચ્યો ક્યા

હિતસાધક તત્ત્વની પ્રચારણાર્થે રચ્યો, તે હિતસાધક હેતુની સિદ્ધિ અર્થે ક્યા વિષયનું ખંડનમંડન કર્યું, તેમજ એ ગ્રંથરચના કેટલે અંશે હેતુસાધક બની શકે તેમ છે અને એ દ્વારા જનકલ્યાણમાં એનો શો ફાળો રહેશે- એ વિગેરે મહત્ત્વનું વર્ણન પ્રસ્તાવના પૂરૂં પાડે છે.

**પ્ર.૪ શેના વિના શું અપૂર્ણ ગણાય છે ?**

ઉ. એટલું જ નહિ પરન્તુ પ્રસ્તાવનાના વાંચન વિના પુસ્તકનું વાંચન અપૂર્ણ ગણાય છે.

**પ્ર.૫ આથી જ પૂર્વના મહર્ષિઓ શેના દ્વારા શું કરે છે ?**

ઉ. આથી જ પૂર્વકાળનાં મહર્ષિઓ 'મંગલાચરણ' કર્યા બાદ- 'અભિધેય, સંબંધ અને પ્રયોજન' નું પ્રતિપાદન કરતા અને આજે પણ એ પ્રસ્તાવના દ્વારા કરાવાય છે.

**પ્ર.૬ ક્યા ગ્રંથમાં ક્યા મહાપુરૂષ શું કહે છે ?**

ઉ. પ્રસ્તુત ગ્રંથ કે જે 'શ્રી આચારાંગ' નામે સુપ્રસિદ્ધ છે, તેની ટીકા લખનાર પરમ ઉપકારી મહર્ષિ 'શ્રી શીલાંકસૂરીશ્વરજી મહારાજા' પણ મંગલાચરણ કર્યા બાદ, એજ પ્રથાને અંગીકૃત કરીને લખે છે કેઃ- 'આ સૂત્રમાં કહેવા યોગ્ય આચાર છે અને આ આચારસૂત્ર 'ભગવાન્ શ્રી મહાવીરદેવે' જગત્‌ના હિતને માટે જે રીતિએ કહ્યું છે, તેજ રીતિએ હું પણ કાંઈક કહું છું.'

**પ્ર.૭ ટૂંકા વાક્યમાં શું શું કહેલ છે ?**

ઉ. આ એક ટુંકા વાક્યમાં ટીકાકાર મહર્ષિએ અભિધેય, સંબંધ અને પ્રયોજન, -એ ત્રણે દર્શાવ્યા છે. 'આચાર' એ 'અભિધેય' છે : 'ભગવાન્ શ્રી મહાવીરદેવથી ચાલ્યું આવે છે' -એ 'સંબંધ' છે : અને 'જગત્‌નું હિત' -એ 'પ્રયોજન' છે.

**પ્ર.૮ આ કથનમાં શું પ્રરૂપ્યું છે ?**

ઉ. આ કથનમાં અનેક સત્યોને કે જેની સ્હામે આજના જડવાદના રંગે રંગાએલા જમાનાવાદીઓનું 'ભયંકર' ને 'આત્મનાશક' ને

'ફ્લહીન' આક્રમણ છે, તે સત્યોને ટીકાકાર મહર્ષિએ પ્રરૂપ્યાં છે.

**પ્ર.૯ આ જગતમાં કહેવા યોગ્ય વસ્તુ કઇ છે ? એ કઇ રીતિએ કરાય ?**

ઉ. જગત્માં જગત્ના હિતાર્થે કહેવા યોગ્ય જો કોઈ પણ વસ્તુ હોય, તો તે શ્રી જિનેશ્વરદેવોએ દર્શાવેલ આચાર જ છે : એ આચારનું કથન પણ 'ભગવાન્ શ્રી મહાવીરદેવ' ના ફરમાન મુજબજ કરાય.

**પ્ર.૧૦ એમ કરવાનો હેતુ શો હોય ?**

ઉ. અને એમ કરવાનો હેતુ પણ માત્ર જગત્ના આત્મહિત પૂરતોજ હોવો જોઈએ. અર્થાત્ શ્રી જિનેશ્વરદેવના સાધુઓ અનંતજ્ઞાનિએ ઉપદેશેલ આચારનોજ ઉપદેશ આપી શકે અને તે પણ જગત્ને એ આચારનું રાગી બનાવી, એ આચારમાં જોડવાનાજ હેતુથી !

**પ્ર.૧૧ આથી કોઇપણ જૈન સાધુ શું ન કરી શકે ? શું કરી શકે ?**

ઉ. આજ કારણે કોઈ પણ જૈન સાધુ ન તો મનથી, ન તો વચનથી કે ન તો કાયાથી સંસાર (દુરાચાર) પોષક અથવા સંયમ (સદાચાર) શોષક વિચાર વિચારી શકે, કથન કહી શકે કે ક્રિયા કરી શકે ! એઓ જે કાંઈ વિચારી શકતા હોય, કહી શકતા હોય કે કરી શકતા હોય, તો તે માત્ર 'ભગવાન્ શ્રી મહાવીર દેવે' કહેલ આચારજ-સદાચાર જ છે.

**પ્ર.૧૨ આવા ગ્રંથના પ્રવચનોમાં શું હોય ? શાથી ?**

ઉ. આવા ગ્રન્થના આધારે થયેલાં 'પ્રવચનો' માં પણ એજ 'સદાચાર નું પોષણ' અને તેટલાજ ખાતર 'દુરાચારનું ઉન્મૂલન' હોવું જ જોઈએ અને તે છે : કારણ કે-આ ગ્રંથમાં મૂકાએલાં પ્રવચનોના દાતા એક તે મહાન્ જૈન સાધુ છે, કે જેમણે પોતાનું જીવન બ્રહ્મચર્યાવસ્થામાંથી જ શાસનને સમર્પી દઈને, સ્વપર કલ્યાણસાધનામાં 'વિપુલ' ને 'પ્રચંડ' એવા પ્રતિકૂલ સંયોગો વચ્ચે પણ 'મક્કમતા' દાખવી છે ને દાખવ્યે જાય છે. જેમનું ધ્યેયજ એક માત્ર વિશ્વને સંપૂર્ણ, સ્થાયિ અને દુ:ખના લેશથી રહિત સુખ પ્રાપ્ત કરાવવાનું છે. અને માટે જ પૂ. પ્રવચનકાર મહાત્માએ

માનવજીવનમાં અને ખાસ કરીને જૈનજીવનમાં જડ ઘાલી ચૂકેલા અનેકાનેક ઝીણા ઝીણા છતાં આત્મનાશ કરી રહેલા દોષોનું નિદર્શન કરાવીને, સદાચારનું સમર્થન કર્યું છે.

**પ્ર.૧૩ હવે શું આપવું આવશ્યક છે ? શાથી ?**

ઉ. હવે પ્રસ્તુત ગ્રન્થના સંબંધમાં વિશેષ ઉંડે ઉતરતાં પૂર્વે, ગ્રન્થકારનો પરિચય આપવો આવશ્યક છે, કારણકે- "पुरुपविश्वासे वचनविश्वासः" - "વાચક પ્રત્યેના વિશ્વાસથી વચન પ્રત્યે વિશ્વાસ જન્મે છે." -એવું જ્ઞાની પુરૂષોનું કથન છે અને તે સત્યજ છે. કેવલ 'વચન' ઉપરથી જ એના 'વાચક'ને વિષે મત બાંધવામાં ઘણી વાર 'ભૂલ' થવાનો 'સંભવ' રહે છે. વચનનો વિશ્વાસ એના વાચક પ્રતિના વિશ્વાસને વધુ અવલંબેલો છે. વાચક ઉપર વિશ્વાસ આવ્યા બાદ, જ્યારે જ્યારે ગહન વિષયમાં 'શંકા' ઉપસ્થિત થાય છે અને એ વચનની ગહનતા સુધી વાચકની બુદ્ધિ પહોંચી શકતી નથી, ત્યારે ત્યારે એ કંટાળીને પણ વાચકના વચનને 'અસત્ય' માનવા પ્રેરાતો નથી, પરન્તુ એની 'અગમ્યતા' ને શોધવા મથે છે. આમ થતાં એનું ખૂબ 'મનન' ને 'પરિશીલન' કરતાં વાચકની ગહનતાના વમળમાં અટવાયેલી 'બુદ્ધિ' સત્યને પ્રાયઃ શોધી શકે છે : અને કદાચ તેમ ન બને તો પણ એ વાચક વાચકના વચનને 'દોષિત' માનવા ન પ્રેરાતાં કોઇ જ્ઞાની પાસેથી 'ખુલાસો' મેળવવા જ પ્રેરાય છે : આટલું છતાંય જો તે નથી સમજી શકતો, તો પણ તે માને કે - 'શાસ્ત્ર ગહન છે અને મતિ અલ્પ છે.' પરિણામે તે ઉંધી દિશાએ નહિ દોરવાતાં સત્યને પામી શકે છે.

**પ્ર.૧૪ માટે કોને શેમાં પ્રથમ મૂકેલ છે ?**

ઉ. માટેજ મોક્ષમાર્ગ રૂપ સમ્યગ્ દર્શન, સમ્યગ્ જ્ઞાન અને સમ્યક્ ચારિત્રમાં સમ્યગ્ દર્શનને પ્રથમ મૂકેલ છે.

**પ્ર.૧૫ સમ્યગ્ દર્શન એટલે શું ?**

ઉ. સમ્યગ્ દર્શન એટલે શ્રી જિનેશ્વરદેવે કહેલાં તત્ત્વોની 'શ્રદ્ધા'

અને ‘રૂચિ’.

**પ્ર.૧૬ આથી વિરુધ્ધ શું થાય ?**

ઉ. આથી વિરૂદ્ધ-જેઓને વાચક ઉપરજ વિશ્વાસ નથી હોતો, તેઓ તો વાચકનાં વચનોને પોતાની ‘બુદ્ધિની કસોટી’ એ ચઢાવે છે અને પોતાની અલ્પ બુદ્ધિના યોગે ન સમજાતાં, એ વચનોને ‘દોષિત’ માની લે છે. આમ ‘જિજ્ઞાસા વૃત્તિ’ મરી જતાં તે સ્હેજે ઉન્માર્ગે દોરાય છે.

**પ્ર.૧૭ શેના કારણે ડૂબીએ અને ડૂબાડીએ ?**

ઉ. ‘ત્રિકાલજ્ઞાની’ સર્વજ્ઞે જે વસ્તુ નિર્દિષ્ટ કરી તેની સમજ, શક્ય છે કે- ‘અલ્પજ્ઞાની’ એવા આપણને ન પણ પડે, પરન્તુ તેથી વસ્તુનેજ ખોટી માની લેવાય, તો પરિણામે આપણે ડૂબીએ અને બીજાને ડૂબાવીએ.

**પ્ર.૧૮ કયા શાસ્ત્રકારોએ ક્યાં શું કહ્યું ? શાથી ?**

ઉ. સમર્થ શાસ્ત્રકારોએ પણ જ્યાં ગહનતા અનુભવીને ન સમજાયું, ત્યાં કહી દીધું કે- “तत्त्वं तु केवलिगम्यम्” ‘તત્ત્વ જ્ઞાની જાણે.’ અને એ રીતિએ ભવિષ્યની પ્રજાને માટે જેવું ને તેવું ‘નિર્દોષ’ ને ‘નિર્વિકાર’ જ્ઞાન મૂક્યું.

**પ્ર.૧૯ આજે જૈન શાસનમાં શું ચાલી રહ્યું છે ?**

ઉ. આજે જૈન શાસનમાં પોતાને ‘સુધારક’ તરીકે ઓળખાવનારાઓના ‘કોન્ફરન્સ’ ને ‘યુવકસંઘ’ ના મંડળોની ઉત્પત્તિનું અને હયાતીનું કારણ પણ એજ છે કે-તેઓ પોતાના ‘મલીન માનસ’ ને અનુકૂળ આવે તે રૂપમાં ‘શાસ્ત્રાજ્ઞાઓને ફેરવવા’ માંગે છે અને માટે જ તેવાઓને ‘નિર્મલ’ શાસ્ત્રોને ‘વિકારી’ સાહિત્યનું અને કેવલ સ્વપર કલ્યાણાર્થે શાસ્ત્રરચના કરનારા ‘ઉપકારીઓ’ ને ‘સ્વાર્થી’ ‘ઇન્દ્રજાલીયા’ ને ‘ઇતિહાસની કલંકિત આવૃત્તિ’ જેવાં વિશેષણો આપવાં પડ્યા છે ! એટલે વાચકના સારા પણ વચન ઉપર વિશ્વાસ પેદા કરવાને માટે વાચક ઉપરનો વિશ્વાસ અનિવાર્ય છે.

**પ્ર.૨૦ ગ્રંથકારનો પરિચય શા માટે ?**

ઉ. આ વીસમી સદીના પરમ પ્રભાવક, પાંચાલદેશોદ્ધારક, સ્વર્ગસ્થ ન્યાયામ્ભોનિધિ આચાર્યદેવ વિજયાનંદસૂરીશ્વરજી મહારાજશ્રીની પ્રભાવક પાટે, સકલ સાધુમંડલ ને શ્રાદ્ધસમૂહ દ્વારા સ્થપાયેલા અનન્ય પટ્ટધર, સદ્ધર્મરક્ષક સૂરિપુંરદર શ્રીમદ્ વિજયકમલસૂરીશ્વરજી મહારાજશ્રીના પટ્ટપ્રભાવક, સકલાગમરહસ્યવેદી આચાર્યદેવ શ્રીમદ્ વિજયદાનસૂરિવરના પરમ વિનેય, સિદ્ધાન્તમહોદધિ મહોપાધ્યાય શ્રીમત્ પ્રેમવિજયજી ગણિવરના શિષ્યરત્ન, બાલબ્રહ્મચારી, શાસનપ્રભાવક, સમર્થ વિદ્વાન, વ્યાખ્યાનવાચસ્પતિ, પંન્યાસપ્રવર શ્રીમદ્ રામવિજયજી ગણિવર, એ આ પુસ્તકમાં પ્રસિદ્ધ થતાં ધાર્મિક વ્યાખ્યાનોના દાતા છે. આજે જૈન અને જૈનતર જગત્ એઓશ્રીને જુદી જુદી દ્રષ્ટિએ પીછાને છે અને તે ત્યાં સુધી કે-એ મહાત્માનો પરિચય આપવાને માત્ર નામનિર્દેશ પણ બસ ગણાય.

**પ્ર.૨૧ આજે શું થઇ રહેલું છે ? શું યોગ્ય લાગે છે ?**

ઉ. આજે ‘જૈન કુલોમાં જન્મવા પૂરતીજ યોગ્યતા’ થી પોતાને ‘જૈન’ મનાવી રહેલા અને ‘જૈનત્વનો દ્રોહ કરનારાં કાર્યો કરનારાઓ’ એ છાપાંની દેવડીએ ઉભી જગત્ ને મહાત્માના ‘વાસ્તવિક સ્વરૂપ’ થી અપરિચિત રાખવાના અને તદ્દન ખોટા સ્વરૂપે ચીતરવાના એટલા ‘અધમ‘ ને એટલા ‘ક્ષુદ્ર’ પ્રયાસો કર્યા છે, કે જેથી અનેક અજ્ઞાન જૈનો ને જૈનેતરો એ મહાત્માની વાસ્તવિક્તાથી જ અજાણ છે : એટલુંજ નહિ પણ ઘણાઓ તો એઓશ્રીને માટે તદ્દન વિપરીત જ્ઞાનજ ધરાવે છે. આવાઓ જ્યારે ‘આયાસે’ કે ‘અનાયાસે’ એ મહાત્માના સીધા ‘પરિચય’ માં આવી શક્યા છે, ત્યારે તેઓ ખૂબ ખૂબ પશ્ચાતાપ પૂર્વક પોતાની ‘અજ્ઞાનતા’ સ્વીકારી, સ્વાર્થસાધના માટે અનેક અસત્યોના આશ્રયે જીવતા એ ‘ધર્મદ્રોહીઓ’ ને પોતાનું આત્મધન હરી લેનાર ‘ચોટ્ટાઓ’ કે આત્મહિતને હણનારા ‘ખૂનીઓ’ માને છે અને માન્યા છે. એટલે આ પૂ.

પ્રવચનકાર મહાત્મા સંબંધી કેટલાક ખુલાસા કરવા આ સ્થાને સુયોગ્ય લાગે છે.

**પ્ર.૨૨ ગ્રંથકાર કેવા છે ? શું શું કરેલ છે ?**

ઉ. બાળ વયમાં જૈનદીક્ષા અંગીકાર કરીને, પૂજ્ય ગુરૂદેવોના જીવનમાંથી સંસ્કાર પામીને, વ્યાકરણ-ન્યાયષડ્દર્શન આદિ વિષયોમાં નિષ્ણાત બની શાસ્ત્રોના અવલોકનમાંથી સદ્જ્ઞાન પામીને અને પોતાના આત્માને ચારિત્ર દ્વારા ખૂબ ખૂબ 'ઉપકારપરાયણ' બનાવીને, આ પ્રવચનકાર પંન્યાસપ્રવરશ્રીએ, જૈન જનતામાં કોઈ 'દીવ્ય સચેતનતા' પેદા કરી છે : પોતાની પ્રભાભરી વક્તૃત્વ શક્તિ દ્વારા એમણે અનેક આત્માઓની 'જીવનજ્યોત' ને જગવી છે : વિષય અને કષાયમાં ડૂબેલા, અજ્ઞાનમાં સડતા, સન્માર્ગથી અપરિચિત, ધર્મહીન પશુ-જીવન બરબાદ કરનારાઓને, આ મહાત્માનાં નીડર પ્રવચનોએ 'જીવનમુક્તિ'ના સાધક સંયમને માર્ગે દોર્યા છે : જૈનકુલમાં જન્મ્યા છતાં જૈનત્વથી અપરિચિતોને જૈનત્વની 'પીછાન' કરાવી છે, સાચા જૈન બનાવ્યા છે : આત્મા, પુણ્ય, પાપ, પરલોક વિગેરેમાં શ્રદ્ધા ઉત્પન્ન કરી. કેટલાયને 'પાપભીરૂ' બનાવ્યા છે : ત્યાગ, વિરાગ, નિઃસ્પૃહતા ને નિઃસંગતાની વાંછા તેવા જનોમાં પણ ઉત્પન્ન કરી છે, કે જેઓ ભોગસુખની સાધના પાછળ ગાંડા-ઘેલા બનેલા હતા. આવી અનેક બાલ જીવોની ઉદ્ધારક વિભૂતિનો જગત્‌ને પરિચય કરાવવો, એ પણ 'પુણ્યકાર્ય' છે. અને જ્યારે જડ જમાનાવાદના ઉપાસક 'પુદ્ગલાનંદીઓ' ઉન્માદભર્યા પ્રયત્નો દ્વારા જનતાની આંખમાં ધૂળ નાંખી 'પુદ્ગલપ્રેમ' ને પોષવા મથતા હોય, ત્યારે એવા પુણ્યનામધેય મહાત્માના સત્ય સ્વરૂપથી જગત્‌ને પરિચિત બનાવવું, એ મ્હોટામાં મ્હોટી 'આત્મસેવા' છે : 'ભક્તિ' છે : કહેવા દો કે- 'કર્મનિર્જરા' છે ! અને એજ એક 'પુણ્યાભિલાષા' પૂર્વક આ પરિચય લખાય છે, કે જેથી અજ્ઞાન જનતા ઉંધે માર્ગે દોરવાઇ હોય કે દોરવાતી હોય તો બચી જાય !

**પ્ર.૨૩ શેનો ઉપદેશ કરે છે ?**

ઉ. કેવલ ધાર્મિક આચરણાઓમાંજ દિનરાત પસાર કરનારને જૈન શાસ્ત્રકારોએ 'સર્વવિરતિ' કે 'સાધુ' નામથી સંબોધ્યા છે : અને અમૂક પ્રમાણમાં જ ધાર્મિક આચરણાઓ કરનાર સંસારીઓને 'દેશવિરતિ' તરીકે જણાવી, જે આત્માઓ સંસારને છોડી શકતા નથી-અંશે પણ વિરતિ આરાધી શકતા નથી, પરન્તુ જે 'સંયમ' અને 'મોક્ષ' એ બેજ વસ્તુઓને 'સારભૂત' માની, સંસાર પરત્વે 'અભાવ' ધરાવે છે તે 'સમ્યગ્દ્રષ્ટિ' ગણાય છે. આ ત્રણે આત્માઓ મુક્તિના 'આરાધક' કહેવાય છે. અને તેથીજ જૈનશાસ્ત્રોમાં સૌથી પહેલાં 'સંસારવિરાગ' ઉપદેશાયો છે.

**પ્ર.૨૪ જૈન શાસ્ત્રની પંક્તિઓ કેવી નથી ?**

ઉ. કોઇ પણ જૈનશાસ્ત્રની એક પણ પંક્તિ એવી નથી, કે જે સંયમભાવનાની 'વિઘાતક' હોય કે સંસારભાવનાની 'પોષક' હોય.

**પ્ર.૨૫ સારાય વિશ્વનું શું ધ્યેય છે ?**

ઉ. સારૂંય વિશ્વ સુખનું અર્થી છે : 'સુખપ્રાપ્તિ' એ સૌનું 'ધ્યેય' છે : અને તે 'મુક્તિ' વિના અન્યત્ર નથી જ.

**પ્ર.૨૬ અનંતકાળથી દુનિયા શું કર્યે જાય છે ? અને શું શું સહ્યું છે ? અને સહે જાય છે ? કઇ રીતે ?**

ઉ. અનન્ત કાળથી દુનિયા દુન્યવી સુખને માટે પ્રયત્ન કર્યેજ જાય છે : એ માટે એણે ખૂબ ખૂબ સહ્યું છે ને સહે છે : વ્હાલાં માતાપિતાને, પ્રિય પત્નીને, જન્મભૂમિને, સ્નેહિ-સંબંધીઓને તેમજ લક્ષ્મી વિગેરેને એ એજ કારણે છોડી શકે છે ! દુન્યવી સુખ એટલે કે-કંચન અને કામીનીની પાછળ ગાંડા-ઘેલા વિશ્વે તો અનેક વિપ્લવો જગાવ્યા છે : અનેકના કરપીણ ખૂન કર્યા છે : એજ લાલસામાં અનેકે પોતાનાં જીવનની આહૂતિ આપી છે : પોતાની લાલસાને આડે આવતાં અનેકોને યેન કેન દુ:ખી કરી કે સંહારી, એમનાં આશ્રિતોને કંગાલ બનાવ્યાં છે

: અરે, જગત્માં પ્રવર્તી રહેલી અશાન્તિ, ક્લેશમયતા ને દુ:ખાવલિનું એકજ કારણ એ લાલસા છે.

**પ્ર.૨૭ શેનાથી માનવ કેવો બને છે ?**

ઉ. જેમ જેમ એ લાલસા વધે છે, તેમ તેમ મનુષ્ય માનવતાથી પર બનતો જાય છે અને એનામાં પશુવૃત્તિ ને પછી રાક્ષસીવૃત્તિ જન્મે છે. આમ છતાં જેમ એક 'નશાખોર' અનેક ચિન્તાઓથી મુક્તિ મેળવવાના ઉપાય તરીકે નશો કરે છે અને એમ કરતાં પરિણામે 'ભયંકર વિનાશ' ને પામે છે, તેજ રીતિએ અર્થ અને કામની 'બદી' માં સપડાએલા સંસારીઓ, એમાં સુખ કલ્પીને પોતાની જાતને ફના કરવા સાથે, સંપર્કમાં આવનાર જનોને પણ ફના કરે છે.

**પ્ર.૨૮ જૈનશાસનની સ્થાપના શાથી છે ? જૈન શાસન એટલે ?**

ઉ. ધર્મોપદેશ માત્ર અર્થ અને કામની એ ભાવનાને નષ્ટ કરવા માટેજ હોઇ શકે, કારણકે-જગત્ એ ઝેરી અને ચેપી રોગથી બચે તેટલાજ ખાતર જૈનશાસનની સ્થાપના છે. 'જૈનશાસન' એટલે અર્થ અને કામ-કંચન અને કામિની રૂપ વિષને જડમૂળથી ઉતારનાર 'જડી-બુટ્ટી!'

**પ્ર.૨૯ શું પામનારને કોની કોની દયા આવે છે ?**

ઉ. માટે જ જૈનશાસન પામનારને કેવલ દીન અને દુ:ખીની જ દયા નથી આવતી પરન્તુ સારાય વિશ્વની, રાજાને રંક-સૌની દયા આવે છે.

**પ્ર.૩૦ જગતમાં દયાને પાત્ર કોણ નથી ? શાથી ?**

ઉ. દયાને પાત્ર કોઇ ન હોય, તો તે જૈન સાધુઓજ છે, કે જેઓએ પૌદ્ગલિક સુખોને 'પૌદ્ગલિક સુખોની વાસના' -ઉભયનો 'પરિત્યાગ કરી, કેવલ 'મુક્તિસાધક' શુભ આચરણાઓનું 'સેવન' કરવા માંડ્યું છે.

**પ્ર.૩૧ બાકી રંક કોણ છે ?**

ઉ. દુન્યવી સુખમાં રાચી-માચી રહેલાઓને માટે તો કેવલ દયાપાત્રતા

જ હોઇને, ભાવદયાથી ભીંજાએલા પુણ્યાત્માઓ એમને જૈનશાસનના રાગી બનાવવા જ ઇચ્છે છે. રાજા અને રંકમાં ફરક એટલો જ છે કે- એકની પાસે પૌદ્ગલિક સુખની સામગ્રી છે અને બીજા પાસે તે નથી, પરન્તુ 'સામગ્રીસંપન્ન' જ્યાં મળેલી સામગ્રીમાં સુખ માની અને સંરક્ષવા ને વધારવા ઇચ્છે છે, ત્યાં સુધી એ પણ 'હૃદયનો રંક' જ છે અને દીન પાસે પૌદ્ગલિક સુખ સામગ્રી નહિ હોવા છતાંય, એને મેળવવાની ને મેળવીને ભોગવવાની 'લાલસા' બેઠી છે એટલે એ પણ 'રંક' છે.

**પ્ર.૩૨ દુનિયામાં મહાન તથા સુખી કોણ છે ?**

ઉ. દુનિયાનો રંકમાં રંક પણ જો એ લાલસાને છોડી દે, તો એ મહાન્ છે, સુખી છે.

**પ્ર.33 જૈન શાસ્ત્રકારોએ શું ઉપદેશ્યું છે ?**

ઉ. જૈનશાસ્ત્રકારોએ પૌદ્ગલિક સંબંધોને 'ક્ષણિક'- 'અસાર' ને 'આત્મ-ઘાતક' તરીકે વર્ણવીને, જગત્‌ને એના 'સંપર્ક' થી ને એને મેળવવાની 'ભાવના' થી અલગજ રહેવાનું ઉપદેશી, બને તો 'સર્વવિરતિ' -તે ન બને તો 'દેશવિરતિ' -તેય ન બને તો 'સમ્યગ્દ્રષ્ટિ' અને તેટલુંય ન બને તો 'માર્ગાનુસારી' બનવાનું ઉપદેશ્યું છે.

**પ્ર.૩૪ જૈન સાધુના વ્યાખ્યાન દાનનો હેતુ શો હોય ?**

ઉ. દરેક જૈન સાધુના વ્યાખ્યાનદાનનો હેતુ, જગત્‌ને અર્થ ને કામની સાધના ને લાલસાથી પર બનાવવાનો જ અને સંયમમાં જોડવાનો જ હોય.

**પ્ર.૩૫ ગ્રંથકાર કયા ભાવાર્થનો ઉપદેશ આપે છે ?**

ઉ. આ ગ્રન્થકાર મહાત્મા પણ એવાજ ભાવાર્થનો ઉપદેશ આપે છે કે:-

"જે આત્માઓ સંપૂર્ણ, શાશ્વત્ ને દુ:ખના લેશ વિનાનું સુખ મેળવવા ઇચ્છતા હોય, તેઓએ ઇન્દ્રિયોને અને મનને કાબુમાં રાખતાં શીખવું જોઇએ : સંસારના પદાર્થોની લાલસા છોડવી જોઇએ : અને આત્માની

પીછાન મેળવવાના પ્રયત્નો કરવા જોઈએ. પોતા પ્રત્યેનું બીજાનું જે જે આચરણ ન ગમતું હોય તે તે આચરણ પોતે અન્ય પ્રત્યે નજ આચરવું જોઈએ : વિષયવિરાગ, કષાયત્યાગ, ગુણાનુરાગ અને શુભ ક્રિયાઓમાં અપ્રમત્તતા કેળવવી જોઈએ : પોતે કોઈનો નથી અને પોતાનું કોઈ નથી, અર્થાત્ -માતાપિતા, સ્વજનપરિવાર કે સુખ-દુઃખ, એ બધું કર્મજન્ય છે" -એમ માની મોહનાં બન્ધન ઢીલાં કરવાં જોઈએ અને એ બધાના હેતુભૂત કર્મનો નાશ કરનારી પ્રવૃત્તિ આદરવી જોઈએ : પોતાના આત્માની પોતે દયા ચિન્તવીને પાપથી સદાય ડરતા રહેવું જોઈએ : આ માટે જેમ બને તેમ નિસંગાવસ્થા કેળવવાની જરૂર છે અને સંપૂર્ણ નિઃસંગ બનેલા આત્માઓજ સંપૂર્ણ, શાશ્વત્ અને દુઃખના લેશ વિનાનું સુખ અનુભવી શકે છે, જ્યારે અંશે અંશે નિઃસંગ બનેલા આત્માઓ તે તે પ્રમાણમાં સુખ પામે છે.

**પ્ર.૩૬ આ ઉપદેશમાં શેનો સમાવેશ થઇ જાય છે ?**

ઉ. આ વસ્તુઓની શ્રદ્ધા તે 'સમ્યગ્દર્શન' : આનું જ્ઞાન તે 'સમ્યગ્ જ્ઞાન' : અને એનો આચાર તે 'સમ્યક્ચારિત્ર' આ ઉપદેશમાં ત્રણેનો સમાવેશ થઈ જાય છે ! આ રત્નત્રયિના ઉપદેશમાં 'સાધુધર્મ' અને 'ગૃહસ્થધર્મ' ઉભયનો સમાવેશ થઈ જાય છે.

**પ્ર.૩૭ પ્રવચનકાર શું સમજાવે છે ?**

ઉ. ઉપર દર્શાવેલા ધર્મના 'સેવન' થીજ 'સુખ' છે અને એથી રહિત કાર્યમાં- 'પાપકર્મ' માં કેવલ 'દુઃખ' જ છે, એમ સમજાવતાં પૂ. પ્રવચનકાર મહાત્મા એક સ્થલે ફરમાવે છે કેઃ-

"જ્ઞાનીઓએ શાસ્ત્રોમાંથી સારનું દોહન કરીને બે વસ્તુ કહી કે-ધર્મ કરવો એ સુખનું સાધન અને પાપ કરવું એ દુઃખનું સાધન."

**પ્ર.૩૮ સ્પષ્ટ સમજાવતાં શું ફરમાવે છે ?**

ઉ. આમ કહીને ધર્મનું સ્વરૂપ ટુંકમાં છતાં -સ્પષ્ટપણે સમજાવતાં તેઓ ફરમાવે છે કેઃ-

"આપણી જાતને ભયંકર લાગે-દુઃખમય લાગે તે પારકા પ્રત્યે આચરવું નહિ -એનું નામ ધર્મ ! જે જે બનાવોથી મને તકલીફ થાય તે મારે મારી જીંદગીમાં બીજા પ્રત્યે આચરવા નહિ. -આ મનઃકામના આવે તોજ સંપૂર્ણ સાધુપણું (સંપૂર્ણ ધર્મીપણું) થાય."

**પ્ર.૩૯ સુખનાં સાધનો કેટલા કહ્યા ?**

ઉ. આ રીતિએ ધર્મનો ઉપદેશ આપ્યા બાદ પરમ ઉપકાર-પરાયણ પ્રવચનકાર મહાત્મા સુખના એક માત્ર સાધનરૂપ ધર્મનાં સાધનો દર્શાવતાં તેજ સ્થલે ફરમાવે છે કેઃ-

"ધર્મ, એ સુખનું સાધન છેઃ જે સાધન સુખના તે જ ધર્મના ! (માટે સુખનાં સાધન તરીકે કે ધર્મના સાધન તરીકે) ત્રણ વસ્તુ મૂકી."

**પ્ર.૪૦ પહેલું સાધન કયું ? એનાથી શું લાભ ?**

ઉ. પહેલી હંમેશા બને તો ચોવીશ કલાક, કાયાથી ન બને તો હૃદયથી, હૃદયના બહુમાનપૂર્વક સાધુ એટલે ગુણોએ કરી વૃદ્ધ મહાપુરૂષો, એમની સેવા- એમની આજ્ઞાનું પાલન. આ સાધનની સેવાથી લાભ ત્રણ. (૧) સુંદર ઉપદેશની પ્રાપ્તિ (૨) ધર્માત્માનાં દર્શન, (૩) સ્થાને વિનય.

**પ્ર.૪૧ બીજું સાધન કયું ? એનાથી શું લાભ ?**

ઉ. પરમાર્થ વૃત્તિથી દુનિયાનાં પ્રાણીઓ પ્રત્યે-બીજા પ્રત્યે બદલો લેવાની ઇચ્છા વિનાની પ્રીતિ-સૌના હિતની ચિંતા. આથી શુભ ભાવના થાય અને દ્વેષરૂપ અગ્નિ બુઝાઇ જાય.

**પ્ર.૪૨ ત્રીજું સુખનું સાધન કયું ? એનાથી શું લાભ થાય ?**

ઉ. દુનિયાદારીના સ્વયમેવ નાશવંત, મૂકીને જવાના એવા પદાર્થો પ્રત્યે મ્હારાપણાની ખોટી કલ્પી કાઢેલી બુધ્ધિનો નાશ તે ત્રીજું સાધન. આથી તૃષ્ણા કે જે સઘળા દોષોની માતા છે. તેનો નાશ થાય છે.

**પ્ર.૪૩ આ ત્રણેય સાધનો શેની સફળતા પેદા કરાવે છે ?**

ઉ. આ માનવજીવન સફળ કરવા માટે બહુજ શુદ્ધ હૃદયપૂર્વક જે ત્રણ સાધનો સેવવાનાં બતાવ્યાં, તે આત્માને આ ભવમાં શાંતિ પમાડે

અને તેથી ભવાંતરમાં પણ શાંતિ આપે એવાં છે અને તેના આરાધનથી ભવિષ્યમાં એવી કાર્યવાહી થશે કે- આત્માની સાથે અનાદિકાળથી લાગેલ કર્મમળ સાફ થશે અને જે સુખને પ્રાણી માત્ર ઇચ્છે છે તે મુક્તિનું અદ્વિતીય સુખ, કે જે દુઃખના લેશ વિનાનું, પૂરેપુરૂં અને શાશ્વત છે, તે મળી શકશે અને તે આત્માને સઘળા દુઃખના દાવાનળો સ્પર્શી પણ શકશે નહિ. અને તોજ મળેલ આર્યદેશ, આર્યકુળ, અને આર્યજાતિની સફળતા થશે.

**પ્ર.૪૪ કોણ કેવા પ્રયાસો કરે છે ? શાથી ?**

ઉ. પૂજ્ય પ્રવચનકાર મહાત્માના આજ ભાવાર્થને દર્શાવતા પ્રવચનોની સ્હામે કોઇજ ધર્માર્થિ જૈનને કિંવા જૈનેતર સુજ્ઞજનને પણ વિરોધ ન જ હોય. એમાં કેવલ પોતાના અને પરના કલ્યાણની જ ભાવના છે. પરન્તુ ધર્મને નામે દર્શાવવા છતાં અને 'ધર્મબફ્ફર' થી 'રક્ષિત' છતાં, અધર્મ કરનારા તથા પોતાના અધર્મના બચાવને ખાતર ધર્મને પણ 'અધર્મરૂપ' દર્શાવવાનું પાપકર્મ કરી, જગતને પાપકર્મમાં વધુ 'રસિક' બનાવનારાઓ આજે આવા કલ્યાણકર ઉપદેશ સ્હામે પણ વિરોધ ઉઠાવી રહ્યા છેઃ એટલુંજ નહિ પણ તેઓ સીધી રીતે દલીલોમાં નહિ ફાવવાથી, વિશ્વમાત્રના આત્મિક કલ્યાણને ઇચ્છતા આ મહાપુરૂષને 'હલકા' પાડવાના 'આશય' થી, જૈન અને જૈનેતર જગત્માં આ 'તર્કટી' બાબતો ફેલાવવાની દુશ્ચેષ્ટા કરી રહ્યા છે. એવાઓજ આ મહાત્માને ધર્મઝનુની મનાવવા મિથ્યા પ્રયાસો કરે છે.

**પ્ર.૪૫ કોણે શું કરેલું ? શું ખુલાસો કરેલો ?**

ઉ. એ માટે પ્રમાણ તરીકે અમદાવાદના શ્રીમન્ત મીલમાલિક અંબાલાલ સારાભાઇએ સંવત્સરી જેવા પરમ પર્વને દિને કુતરાંઓ ઉપર કરાવેલા ગોળીબારના સંબંધે 'વીરશાસન'ના તંત્રી અને પ્રકાશક સ્હામે ચાલેલા કેસમાં મેજીસ્ટ્રેટે- 'તે મુનિ રામ વિજયજી એક ધર્મ ઝનુની સાધુ છે.' -એવા જજમેન્ટમાં લખેલા શબ્દો ટાંકે છે, પરન્તુ એ કેસની અપીલના

જજમેન્ટમાં વિદ્વાન્ ન્યાયધીશ મી. ડેવીસે પહેલાંના જજમેન્ટમાં જે અનેક સુધારા કર્યા હતા, તેમાં એ પણ સુધારો કર્યો હતો કે-તે મુનિ રામવિજયજી એક ધર્મશ્રદ્ધાળુ સાધુ છે. -ધર્મઝનુની નહિ.

**પ્ર.૪૬ કોના કેસમાં કોણે શું કહેલું ?**

ઉ. વધુમાં બાઇ રતને કરેલા કેસના સંબંધમાં પણ જેમની જુબાની વિશ્વાસપાત્ર ગણવામાં આવી હતી, તે અમદાવાદની સ્મૉલ કૉઝ કોર્ટના જજ રા. સૂરચંદ પી. બદામીએ જુબાનીમાં પૂ. પ્રવચનકાર મહાત્મા સંબંધમાં જણાવ્યું હતું કેઃ- "હું રામવિજયજીને ઓળખું છું : તેઓ જૈનધર્મના સાધુ છે. હું તેમને ગુરૂ તરીકે માનું છું. રામવિજયજીનો ઉપદેશ મેં સાંભળ્યો છે. તેમના આચાર-વિચાર જૈનધર્મને તદ્દન અનુસરતા છે : આ બન્ને (પૂ. રામવિજયજી અને તેઓ શ્રીમદના ગુરૂ સિદ્ધાન્તમહોદધિ શ્રી પ્રેમવિજયજી મહોપાધ્યાય) સાધુઓના ચારિત્ર વિષે મને ઉંચો અભિપ્રાય છે : અને તેઓ બન્ને ઉંચી કોટિના સાધુ છે જ્યારે મેં રામવિજયજીને પાનસરમાં પહેલી જ વાર સાંભળ્યા, ત્યારે મને લાગ્યું કે-એ પ્રોડીજી (Prodigy -અસાધારણ) થશે અને તેમના ગુરૂ આત્મારામજીનું નામ રાખશે અને તે પછીના અનુભવથી મારો તે અભિપ્રાય હજુ બદલાયો નથી."

**પ્ર.૪૭ કયા સંબંધમાં કોણ શું કહે છે ?**

ઉ. આ ઉપરાન્ત પૂ. પ્રવચનકાર મહાત્માના વિરોધીઓ તેઓ શ્રીમદ્‌ની સ્હામે અસભ્ય ભાષાનો, પ્રશ્નકારોને હલકા પાડવાનો તેમજ તેઓશ્રીને સાંભળનારાઓમાં કુસંપવૃત્તિ જગાવવાનો અસત્ય આક્ષેપ કરે છે. તે સંબંધમાં મુંબઇની સ્મૉલ કૉઝ કોર્ટના માજી ન્યાયાધીશ, સુપ્રસિદ્ધ સાક્ષરવર્ય, દિવાન બહાદૂર શ્રીયુત કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી જેવી એક વિદ્વાન જૈનેતર વ્યક્તિએ પોતાનો જે અનુભવ કહ્યો છે, તેજ દર્શાવવો કદાચ બસ ગણાશે. આ રહ્યો તે અનુભવઃ-

"મુનિ શ્રી રામવિજયજી મહારાજાનાં વ્યાખ્યાનોની સોએ સો ટકા ખૂબી

અને કીંમત તો તે વ્યાખ્યાનો સાંભળવાથી સમજાય વાંચવાથી નહિ. આ બાબતનો અનુભવ લેવા માટે મેં મુનિશ્રીના "ધર્મ" ઉપરના એક વ્યાખ્યાનમાં ખાસ હાજરી આપી અને તેમના પ્રભાવશાળી વક્તૃત્વનો લાભ લીધો. સચોટ, સરલ અને તરત હૃદયમાં ઉતરી જાય તેવી શૈલી વાપરવામાં એઓ એક્કા છે. એમનો શ્રોતા વર્ગ મ્હોટે ભાગે કેળવણી, શીક્ષણ અને સંસારવ્યવહારની દ્રષ્ટિએ જોતાં પણ મધ્યમ વર્ગનો Middle Class નો હોય છે, એટલે તેમના મન ઉપર અસર કરવા માટે વ્યાખ્યાનોની ભાષા ઘરગથ્થુ, લોકપ્રિય હોવી જોઇએ અને દ્રષ્ટાંતો સ્હેલથી સમજી શકાય તેવાં અપાવાં જોઇએ : અને મુનિશ્રી ખરેખર તેજ ધોરણે વ્યાખ્યાન આપી શ્રવણ કરવા બેઠેલી મંડળીના હૃદયમાં પોતાના વિચારો સોંસરા પેસાડી દે છે. વચમાં વચમાં પ્રશ્નોત્તર પણ થતા જાય છે. ગમે તેવો કઠીન પ્રશ્ન એકાએક એમની સમક્ષ મૂકવામાં આવે છે, છતાં પણ મગજનું સમતોલપણું ન ખોતાં, પોતાની વિચારશ્રેણીમાં ત્રુટિ ન આવવા દેતાં, નૈસર્ગિક હાજરજવાબીના ગુણનો ઉપયોગ કરી, તે પ્રશ્નનો પોતે ઉત્તર આપે છે. પુસ્તક રૂપે તો એમનાં વ્યાખ્યાનોનો માત્ર સારજ અપાય. કારણ એમના મનના ભાવનું પ્રદર્શન વિગેરે કાંઇ ટાઇપમાં મૂકી શકાય નહિ, પરંતુ એ સારનું પણ જે રીતે દોહન કરવામાં આવ્યું છે તે પ્રશંસનીય છે. છપાયેલાં વ્યાખ્યાનો જો મ્હોટેથી અને યોગ્ય જગ્યાએ ભાર દઇને વાંચવામાં આવે, તો જાણે મુનિજીને જ સાંભળતા હોઇએ એવો આભાસ થાય છે. તેનું કારણ એ છે કે -બની શકે ત્યાં વ્યાખ્યાનકર્તાએ ઉચ્ચારેલા શબ્દો તથા બોલ સાચવી રાખવામાં, ઉતારી લેવામાં, લખી લેવામાં આવેલા છે અને તેથી એ વ્યાખ્યાનોનું વ્યક્તિત્વ (Individuality) જળવાઇ રહ્યું છે. વ્યાખ્યાનોમાં કર્તાએ આપેલો બોધ તથા જણાવેલી હકીકતનું તેમજ હાલના જમાનામાં થયેલી આચારોની શિથિલતા, સાધુતા જાળવવાની આવશ્યક્તા, વગેરે જરૂરી વિષયોનું બહુ સારી રીતે સ્પષ્ટીકરણ થયું છે. કટાક્ષરૂપે જે સમજે તેને એમણે

સખત ચાબખા પણ માર્યા છે. એમાંની ઘણી હકીકત જૈન તથા જૈનેતર બન્નેને સરખી રીતે લાગુ પડે છે, એટલે બન્ને કોમને એ પ્રવચન વાંચવાથી લાભજ થશે.

મુનિશ્રીનાં પ્રવચન આ રીતે સંગ્રહી રાખવાનો પ્રયાસ તુલ્ય છે, એમ કહેવાની જરૂર નથી."

**પ્ર.૪૮ વધુમાં આ પ્રવચનકાર માટે લોક અભિપ્રાય શું છે ?**

ઉ. વધુમાં આ પૂ. પ્રવચનકાર મહાત્માના મનનીયતા ને બોધકતાની સાથે રસિકતાભર્યા પ્રવચનોને પ્રસિદ્ધ કરતા સાપ્તાહિક 'જૈન પ્રવચન' ના સમ્પાદક પાસે સેંકડો વણમાગ્યા અભિપ્રાયો આવ્યા છે, કે જેમાં આ મહાત્માને કોઈએ 'દીવ્યપુરૂષ' કહેલ છે, કોઈએ 'સરસ્વતીના લાડીલા કુમાર' કહેલ છે, કોઈએ 'આ જમાનાના પુરૂષપ્રવર' કહેલ છે, કોઈએ 'જૈન સમાજના મહાન ઉદ્ધારક' કહેલ છે અને કોઈએ 'પૂર્વભવના મહાન્ સંસ્કારી' પણ કહેલ છે : તેમજ આ મહાત્માના પુણ્ય પ્રવચનો સંબંધી ઘણાજ ઉંચા અભિપ્રાયો દર્શાવી, આવા પ્રવચનોના પ્રકાશન દ્વારા જગત્ ઉપર મહાન્ ઉપકાર કરનાર તરીકે એના સંપાદકને પણ ધન્યવાદ આપેલ છે. પરંતુ તે બધાનું અત્રે અવતરણ કરીએ, તો એક બીજો ગ્રન્થ તૈયાર થાય : એટલે એમાંના માત્ર થોડાજ અભિપ્રાયો અપાય છે :-

(૧) ઉજ્જૈનથી શ્રીયુત દીપચંદ કોઠારી લખે છે કે :- 'પત્રની ભાષા, રોચકતા, કાગળ, છપાઈની શુદ્ધતા લેખનશૈલિ આદિ બહુજ સુંદર છે અને તેનો વિષય ઉચ્ચાતિઉચ્ચ અને જૈન સિદ્ધાંતના રહસ્યને સમજાવનાર છે. આશ્ચર્ય છે કે - પત્રની શરૂઆતથી આજ સુધી એકજ રસભર્યો ધારાપ્રવાહ ચાલુ છે. પત્રની ભાષા અને ભાવ, વિષય અને આદર્શ આદિની ગોઠવણી, એવી તો વિચારપૂર્વક કરવામાં આવી છે કે - એની કોઈ પણ પ્રણાલીમાં લેશ માત્ર ફેરફારની જરૂર જણાતી નથી. જેના આવાં વ્યાખ્યાનો છે તે મહાત્માશ્રી, ખરેખર જૈન શાસનના શણગાર

છે, જૈનાગમનો યથાર્થ અર્થ કરનાર છે.

(૨) કચ્છ-નલીયાથી શ્રીમાન રામજી હંસરાજ લખે છે કે :- 'યંગ ઈન્ડિયા જે પ્રચારકાર્ય કરી રહેલા છે, તેથી પણ અધિક આપના પ્રવચનમાં લોકો ઉલટભેર રસ લઈ રહ્યા છે.'

(૩) એક ભાઈ લખે છે કે :- 'તમારાં વ્યાખ્યાનથી મને બહુ અસર થઈ છે. આપને સરસ્વતી દેવીનો પડછો જરૂર છે.'

(૪) કપડવંજથી અવલકારકૂન લલ્લુભાઈ રતનચંદ લખે છે કે :- 'જૈન પ્રવચનના એક નવા ગ્રાહક રા. રા. ત્રિવેદી મણીલાલ જાદવરાય થયા છે. તેમણે મારા અંકો વાંચ્યા છે અને તેમને સારો રસ પડ્યો છે. તે એક બ્રાહ્મણ જિજ્ઞાસુ સજ્જન છે. પ્રવચન અખંડ ચાલુ રહે એવી અમારી ઈચ્છા છે. રા. ત્રિવેદી તેને બહુજ આદરથી વાંચે છે. જૈન તેમજ જૈનેતરમાં તે બહુજ પ્રિય થઈ પડે તેમાં કાંઈ શંકા નથી.'

(૫) સાયલાથી એક સ્થા. સાધુ લખે છે કે :- 'રામવિજયજી જેવા પ્રખર વક્તાના આધારથી જૈન શાસન ટકી રહ્યું છે. સેંકડો વર્ષોથી સૂતેલી જૈન પ્રજાને જગાડવામાં સિંહનાદ છે. બીજા ભાવમાં કહું તો ખરેખર ઉષા પ્રગટી છે.'

(૬) કાવીથી એક ભાઈ લખે છે કે :- 'આ પત્ર મને બહુજ ગમે છે, વ્યાખ્યાનકાર કોઈ દેવતાઈ પુરૂષ લાગે છે.'

**પ્ર.૪૯ ધર્મદ્રોહીઓ શું કહે છે ?**

ઉ. જ્યારે ધર્મદ્રોહીઓ પુ. પ્રવચનકાર મહાત્માને ધર્મઝનુની તરીકે પૂરવાર કરવામાં આમ નિષ્ફલ નિવડે છે, ત્યારે તેઓ 'સાધુએ ભાષાસમિતિ રાખવી જોઈએ અને તે માટે સામાને કચવાટ ન થાય તેવું કહેવું જોઈએ' - એમ કહે છે.

**પ્ર.૫૦ સંસારમાં શું આવ્યું હશે ? ગભરાવાનું શેનાથી ? શેનાથી નહિ ? એજ રીતિ કોના માટે છે ?**

ઉ. સંસારમાં જેઓને વડીલ તરીકે શીખામણ દેવાના અવસર

આવ્યા હશે, તેઓ તો સ્હેજે કલ્પી શકશે કે - તે સામાને કટુ લાગે છે : માત્ર યોગ્ય આત્માઓજ તેનો સ્વીકાર કરી શકે છે. કડવું તો કરીયાતુંય હોય અને ઝેર પણ હોય : એક જીવાડે ને બીજું મારે. પહેલાના અસ્વીકારમાં પ્રાણનાશનો ભય વધે ને બીજાના સ્વીકારથી નાશ થાય. એટલે ગભરાવાનું કડવાશથી નહિ, પણ ઝેરથી ! તેજ રીતિ ઉપદેષ્ટા માટે છે. તેનું કથન સાચું ને હિતકારી હોય, તો એમાં કડવાશ છતાં એ દુરાચારરૂપ રોગનું નિવારણ કરે છે.

**પ્ર.૫૧ માટે સત્યની વ્યાખ્યામાં શું કહ્યું છે ?**

ઉ. માટેજ સત્યની વ્યાખ્યામાં તથ્ય, પ્રિય, મિત ને હિત વચન બોલવું એમ કહ્યું. છતાં ખૂલાસો કર્યો કે - પ્રિય ન હોય તો ચાલે, મિત ન હોય તોય ચાલે, પણ હિતકર ન હોય તે નજ ચાલે અને તેથીજ જ્ઞાની પુરૂષોએ ફરમાવ્યું છે કે :-

"परो रुसउ वा तुसउ वा, हिया भासा भासियव्वा"

'સામો રોષ પામો યા તોષ, પણ હિતકારી ભાષા બોલવી જોઈએ.'

**પ્ર.૫૨ આ બધા ઉપરથી વાચકો શું સમજી શકશે ? પ્રવચનકાર શું ઉપદેશનારા છે ?**

ઉ. આ બધા ઉપરથી વાચકો સ્પષ્ટ રીતે સમજી શકે તેમ છે કે - પૂ. પ્રવચનકાર મહાત્મા ઉપર મૂકાતો ધર્મઝનુન નો આરોપ સર્વથા અસત્ય છે અને તેઓ શ્રીમદ્‌ના પ્રવચનો ઉશ્કેરનારાં નહિ પરંતુ આત્મ પ્રબોધ કરનારા છે, તેમજ તેઓ શ્રીમદ્‌ની શુભેચ્છા જગત્‌ને સ્થાયિ, શાશ્વત્ અને દુ:ખના લેશ વિનાનું સુખ પમાડવાની જ હોઈને, તેઓશ્રી તેના એક માત્ર સાધન અહિંસા, સંયમ અને તપરૂપ ધર્મનેજ ઉપદેશનારા છે.

**પ્ર.૫૩ ધર્મદ્રોહીઓ શું પ્રચાર કરે છે ? તેઓ શું કરે છે ?**

ઉ. ધર્મદ્રોહીઓ તરફથી એવું પણ પ્રચારવામાં આવે છે કે - 'પૂ. પ્રવચનકાર મહાત્માશ્રી પચીશમા પ્રભુ સમ પૂજ્ય શ્રી સંઘની અવગણના

કરે છે.' પરંતુ વાસ્તવિક તેમ નથી જ. એઓશ્રીએ પૂ. શ્રીસંઘના સ્વરૂપને દર્શાવતાં જે વ્યાખ્યાનો આપ્યા છે અને જેનું સારભૂત અવતરણ 'જૈન પ્રવચન' સાપ્તાહિકમાં પ્રગટ થઈ ગયું છે ને થયે જાય છે, તે વાંચતા કોઈજ એમ કહી શકે નહિ કે - તેઓશ્રી પૂ. સંઘની અવગણના કરે છે.

**પ્ર.૫૪ આથી સ્પષ્ટ શું કહેવું જોઈએ ?**

ઉ. આથી સ્પષ્ટ કહેવું જોઈએ કે - 'જેઓ જિનાજ્ઞાને અવગણીને પણ 'જમાનાવાદ' ની મોરલીએ નાચવા ઈચ્છવા છતાં, પોતાને પચ્ચીશમા પ્રભુસમ મનાવવાની દુર્લાલસામાં ડૂબ્યા છે અને શ્રી જિનશાસનના આરાધક શ્રીસંઘમાં મોવડી બની સત્તા જમાવવા ચાહે છે, તેઓની અયોગ્યતા બહાર આવવાથી, રોષથી પિડાઈને તે બીચારાઓ આવા આરોપો મૂકવા દ્વારા, પોતેજે પોતાના ભાવમરણને નોતરે છે.'

**પ્ર.૫૫ પ્રવચનકાર મહાત્મા શું ફરમાવે છે ?**

ઉ. બાકી પૂ. શ્રીસંઘના સંબંધમાં તો પૂ. પ્રવચનકાર મહાત્મા ફરમાવે છે કે :- "સંઘરૂપ નગર - ગુણ રૂપ મકાનોથી ગહન હોય, શ્રુતજ્ઞાન રૂપી રત્નોથી ભરેલું હોય, ત્યાંની સમ્યગ્દર્શન રૂપ વિશુદ્ધ શેરીયોની ધૂળ પણ સંસારને અસાર કહે, કે જે શેરીદ્વારા નગરમાં જવાય : અને એ નગરના રક્ષણ માટે અખંડ ચારિત્ર રૂપ કીલ્લા હોય. આમાં મૂળ ગુણ, ઉત્તર ગુણ, સમ્યગ્દર્શન અને શ્રુતજ્ઞાન - આ ચાર સિવાય બીજું કાંઈ છે ? આ જેનામાં હોય તે સંઘ, ન હોય તે બહાર : આ હોય તે સંઘ પૂજ્ય. એવા શ્રીસંઘને જે ન પૂજે તે પ્રભુશાસનની બહાર અને આથી ઉંધા સંઘને પૂજે તે પણ શાસનથી બહાર ! ઘર તથા વ્યવહાર સાચવવા પણ આવા ઉંધા સંઘને પૂજતા મા ! અત્યારે પાંચ-દશ પડખે હશે, પણ એકલા હો, ઘરને તાળા મારી ભાગવું પડે, તો તે હા ! - પણ અયોગ્યને શરણે ન જવાય આ હઠ નથી પણ પવિત્ર પ્રતિજ્ઞા છે - એમ નિશ્ચયપૂર્વક માનજો. અને તેના પાલનમાં સ્થિર રહેવું એમાંજ આત્મ કલ્યાણ છે."

**પ્ર.૫૬ સંઘરૂપ નગરમાં વસનાર શું ઈચ્છે છે ? એવા સંઘને શું કરીએ?**

ઉ. હવે શ્રી સંઘરૂપ નગરમાં વસનાર પોતાના સંસારને છેદવા જ ઈચ્છે. સંસારને છેદવા ઈચ્છતા માટે શ્રીસંઘચક્રનું કામ કરે એમાં આશ્ચર્ય શું ? જે શ્રીસંઘ સંસારનો છેદક બનવાને બદલે પોષક બને, તેનામાં પણ સંઘત્વ નથી ટકતું. માટે તે પણ પૂજ્ય નથી જ. સંસાર પોષવાની ક્રિયા ધમધોકાર કર્યે જાય અને એમાંજ આનંદ માને, એની પૂજા એ પણ પરમતારક શ્રી તીર્થંકરદેવોની આશાતના જ છે અને એ પુણ્ય પુરૂષોની આશાતનાનું ફળ અનંતસંસાર, એ વાતમાં જરા પણ શંકા નથી : અને આપણી ઈચ્છા સંસારને વધારવની નથી, એટલે આપણે તેવા સંઘને કેમજ પૂજીએ ? શ્રી સંઘરૂપ ચક્રમાં સત્તર પ્રકારના સંયમરૂપ તુમ્બો છે, બાર પ્રકારના તપરૂપ આરા છે, અને સમ્યક્ત્વરૂપી ધારા છે. ધારાનું કામ એ કે - છેદે. ધારાની મજબૂતીથી આરા મજબૂત રહે અને તોજ તુમ્બો ધાર્યું કામ આપે. શ્રીસંઘરૂપ ચક્રની સમ્યગ્દર્શનરૂપી ધારા એવી તેજ હોય કે - સંસારની લાલસાને કાપ્યેજ જાય. પોષવાનું કામ એનું નહિ. એ વાસના કપાઈ કે બાર પ્રકારના તપરૂપ આરા મજબૂત બને અને તેમ થાય તો સત્તર પ્રકારનું સંયમ દીપે. એ દીપે કે પૂજ્યતા આવે : એ પૂજ્યતાના યોગે પૂજ્ય બનેલા શ્રીસંઘને અવશ્ય પૂજીએ.

**પ્ર.૫૭ કોની ગેરહાજરીમાં કોણ કલ્યાણરૂપ છે ?**

ઉ. શ્રી તીર્થંકરદેવની ગેરહાજરીમાં શ્રીસંઘ એજ કલ્યાણરૂપ છે. શ્રી તીર્થંકરદેવ તો ગયા પણ શ્રીસંઘને સ્થાપતા ગયા, કે જેથી આપણે સુખ પૂર્વક ધર્મની આરાધના કરી શકીએ.

**પ્ર.૫૮ કોને માટે શું કહે છે ?**

ઉ. આ કથનના કહેનાર મહાપુરૂષને કયો સુજ્ઞજન એમ કહે કે- તેઓ પૂ. શ્રીસંઘને અવગણનાર છે ? બેશક, ગુણહીન ગુણવાન તરીકે પૂજાવા મથે, તો સાચો પૂજક એને નજ પૂજે તે સ્વાભાવિકજ છે. જે પૂ. શ્રીસંઘ નગરરૂપ બની ચારિત્ર ને ચારિત્રધરની રક્ષા કરે, જે પૂ. શ્રીસંઘ

ચક્રરૂપ બની સંઘનગરમાં રહેનારના સંસારને છેદે, જે શ્રીસંઘ રથ રૂપ બની યોગ્ય આત્માઓને મોક્ષ માર્ગે લઇ જાય, તે શ્રીસંઘ જ્યારે ચારિત્રના માર્ગમાં કાંટા વેરે, સંયમધરોના સંયમની લૂંટ ચલાવે, સંસારવાસનાનું વિષ વધે તેમાં જૈનશાસનની ને જૈનત્વની ઉન્નતિ મનાવે, અને જે મોક્ષમાર્ગના પ્રવાસમાં કેવલ કષ્ટોજ ખડાં કરે, તો તેને માટે ભગવાન્ શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા 'अथ्थी समूहो' - 'હાડકાંનો ઢગલો' એવી ઉપમા આપે છે. અને તેજ શબ્દો 'ગુણહીન' એટલુંજ નહિ પણ 'ગુણદ્રોહી' બનીને પણ 'રૂપમા પ્રભુસમ' પૂજાવા ઇચ્છનારાઓ માટે પૂ. પ્રવચનકાર મહાત્મા કહે છે.

**પ્ર.૫૯ પ્રવચનકાર મહાત્મા ઉપર શું આક્ષેપ કરે છે ? તે શું થઇ શકે તેમ નથી ? શાથી ?**

ઉ. પૂ. પ્રવચનકાર મહાત્મા ઉપર એવો પણ આક્ષેપ કરવામાં આવે છે કે- 'તેઓશ્રી માત્ર દીક્ષાનોજ ઉપદેશ આપે છે અને ગૃહસ્થધર્મ વિષે કાંઇજ કહેતા નથી.' આ વાત કેવલ બનાવટી અને જુઠ્ઠી છે, એ તો 'જૈન પ્રવચન' સાપ્તાહિકનો કોઇ પણ વાંચક સ્વીકારી શકે તેમ છે. છતાં માત્ર દલીલખાતર તેમ સ્વીકારવામાં આવે તો પણ તેઓશ્રી ક્યાં ભૂલે છે, એ કોઇ જ રીતિએ પૂરવાર થઇ શકે તેમ નથી, કારણ કે-

(અ) સંપૂર્ણ, શાશ્વત અને દુઃખના લેશ વિનાનું સુખ પ્રાપ્ત કરવાને માટે મોક્ષમાર્ગનું સેવન એજ એક ઉપાય છે.

(આ) અનન્ત જ્ઞાનીઓએ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રરૂપ રત્નત્રયિનેજ મોક્ષમાર્ગ કહેલ છે.

(ઇ) સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાનના સદ્ભાવમાં સમ્યક્ચારિત્રનો અભાવ હોઇ શકે છે, જ્યારે સમ્યગ્દર્શનથી સુવિશિષ્ટ સમ્યગ્જ્ઞાન ન થાય ત્યાં સુધી સમ્યક્ ચારિત્ર હોઇ શકતું જ નથી.

(ઈ) એટલે મોક્ષસાધન માટે સર્વોત્તમ આદર્શ સમ્યક્ચારિત્રજ છે. એ વિના સંપૂર્ણ કર્મક્ષય નથી અને એથી મુક્તિ પણ નથી જ.

(ઉ) જ્ઞાની પુરૂષોએ જ્ઞાનનું ફ્લ વિરતિ-ત્યાગ-દીક્ષાજ કહેલ છે.

(ઊ) એટલે કે-સમ્યક્ ચારિત્ર, સમ્યગ્ જ્ઞાન વિના હોઇ શકેજ નહિ અને સમ્યગ્ જ્ઞાન, સમ્યગ્દર્શન વિના હોઇ શકે નહિ.

(ઋ) આથી પૂરવાર થાય છે કે-સમ્યક્ ચારિત્રના-દીક્ષાના ઉપદેશમાં અલ્પાત્યલ્પ ધર્માનુષ્ઠાનથી માંડીને સર્વોચ્ચ ચારિત્રનો સમાવેશ થઇ જાય છે.

**પ્ર.૬૦ તો પછી શું પ્રરૂપ્યું ? શા માટે ?**

ઉ. આમ વિચારતાં પૂ. પ્રવચનકાર મહાત્મા કેવલ દીક્ષાનોજ ઉપદેશ આપતા હોય તો પણ જરાય અસ્થાને નથી. પરન્તુ વિરોધીઓ કહે છે કે- 'તો પછી પ્રભુએ ગૃહસ્થધર્મ પ્રરૂપ્યોજ શા માટે ?' આપણે આ વસ્તુને પ્રશ્નોત્તરના રૂપમાં મૂકીએ.

પ્ર. 'મુક્તિ મેળવવાની જરૂર શી ?'

ઉ. 'જન્મ-મરણ તથા આધિ-વ્યાધિ-ઉપાધિથી બચવા માટે.'

પ્ર. 'મુક્તિનો ઉપાય શો ?'

ઉ. 'પ્રત્યેક પાપનો પશ્ચાત્તાપ ને પાપથી બચાવ.'

પ્ર. 'પાપનો બચાવ વધારે ક્યાં થાય ? સર્વવિરતિમાં, દેશવિરતિમાં, સમ્યગ્દ્રષ્ટિમાં, માર્ગાનુસારીમાં કે મિથ્યાદ્રષ્ટિમાં ?'

ઉ. 'સર્વવિરતિમાં.'

**પ્ર.૬૧ કયો ધર્મ મોક્ષનો હેતુ છે ?**

ઉ. પ્ર. 'અમૂક ધર્માચરણ મોક્ષહેતુ છે એ શાથી જણાય ?'

ઉ. 'જ્ઞાની મહારાજા ધર્મનું સ્વરૂપ દર્શાવતાં ફરમાવે છે કે

**"जत्थ विसयविराओ,**
**कसायचाओ गुणेसु अणुराओ ।**
**किरिआसु अपमाओ,**
**सो धम्मो शिवसुहावाओ ।। १ ।।"**

જે ધર્મના સેવનથી વિષયવિરાગ, કષાયત્યાગ, ગુણાનુરાગ અને શ્રી તીર્થંકરદેવે ફરમાવેલી ક્રિયાઓમાં અપ્રમત્તતા આવે, તેજ ધર્મ શિવસુખનો ઉપાય છે.

**પ્ર.૬૨ ઉપર દર્શાવેલી ધર્મસેવનથી પમાતી વસ્તુઓ સાધુ જલ્દી પામે કે ગૃહસ્થ ?**

ઉ. સાધુ. કારણ કે-જેનામાં વિષયવિરાગ, કષાયત્યાગ, ગુણાનુરાગ અને ધર્મક્રિયાઓમાં અપ્રમત્તતા પ્રાપ્ત કરવાની ભાવના આવી જાય, તે સંસારમાં કોઇ રીતિએ રસપૂર્વક ન રહી શકે, કારણ કે-સંસાર એટલેજ વિષયરાગ, કષાયસદ્‌ભાવ, દુર્ગુણાનુરાગ અને ધર્મક્રિયામાં પ્રમત્તતા જો એમ ન હોય તો અનન્તકાળથી સંસારમાંજ ભટકવા છતાં મુક્તિ કેમ ન થઇ ? કારણ કે-સંસાર પાપરૂપ છે.

**પ્ર.૬૩ તો પછી ધર્મ માત્ર સંસારથી વિરક્તોને માટે જ ને ?**

ઉ. હા, એમજ. સંસારની વિરક્તતા વિના ધર્મ હોઇ શકેજ નહિ. અને માટેજ પહેલાં સંસારનો ભય અને મોક્ષની કાંક્ષા પેદા થવીજ જોઇએ.

**પ્ર.૬૪ એનો અર્થ એજ ને કે-સાધુ એટલા ધર્મી ને બાકીના અધર્મી ?**

ઉ. હા, સંપૂર્ણ ધર્મી સાધુઓજ કહેવાય છતાં બીજા અધર્મી નહિ, કારણ કે-થોડો થોડો ધર્મ આચરનાર પણ બાકીના અધર્મથી ભય પામતોજ હોય છે તેમજ માત્ર ધર્મનેજ કલ્યાણકર માની એના આચરણની ભાવનાવાળો પણ અધર્મથી કંપતો હોય છે. એટલે એક એકથી ઉતરતા.

**પ્ર.૬૫ તો પછી દેશવિરતિ ધર્મ ને સમ્યક્ત્વ કોને માટે ?**

ઉ. જેઓ સર્વવિરતિ ન સ્વીકારી શકતા હોય તેઓ દેશવિરતિ બને અને તેટલીય તાકાત વિનાના સમ્યગ્દ્રષ્ટિ બને, છતાં ત્રણેમાં પાપની ભિરૂતા ને સંયમની રૂચિ હોય જ : માત્ર ફરક એટલો કે-એકે પોતાની ભાવનાને સંપૂર્ણ અમલમાં મૂકી, બીજાએ અશક્તિના યોગે થોડો અમલ કર્યો અને ત્રીજો સાવ નિર્બલતાના કારણે અમલ રહિત છે.

ટુંકમાં સંસારની ભીરૂતા વિના મોક્ષરૂચિ જન્મે નહિ, મોક્ષરૂચિ જન્મ્યા વિના સંયમની ઇચ્છા થાય નહિ અને સંયમની ઇચ્છા થવા છતાં પણ કર્માવરણથી દબાએલી શક્તિના પ્રમાણમાં અમલ થાય : અર્થાત્ સર્વ જીવો દીક્ષા જ લઇ શકે નહિ, માટે તેઓ યથાશક્તિ અમલ કરી શકે તદર્થે ગૃહસ્થ ધર્મ છે : છતાં એમાં ભાવના ને ધ્યેય તો સંયમનું જ.

**પ્ર.૬૬ આ વિષયમાં શું શું થઇ શકે ? કોના શબ્દો ટાંકીએ તો તેમાં શું કહ્યું છે ?**

ઉ. આ વિષયમાં ખૂબ ખૂબ પ્રમાણો ટાંકી શકાય તેમ છે, પરન્તુ તે કાંઇ અહીં બની શકે તેમ નથી. માત્ર આપણી ઉપરની માન્યતા શાસ્ત્રપ્રમાણથી સિદ્ધ છે, એમ જણાવવા માટે કલિકાલસર્વજ્ઞ ભગવાન્ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજાના શબ્દોજ ટાંકીએ. તેઓશ્રી ફરમાવે છે કેઃ- જે આત્મામાં સર્વવિરતિ પ્રત્યે પ્રેમ નથી, તેનામાં દેશવિરતિના પરિણામ પણ આવતા નથી.

**પ્ર.૬૭ વાત કેવી છે ? શાથી ?**

ઉ. અને વાત પણ સાચી જ છે કે-અંશે પણ કરાએલા ત્યાગમાં જે દેશવિરતિ આત્મકલ્યાણ માનતો હોય, તેને સર્વથા ત્યાગ પ્રત્યે અભાવ હોઇજ ન શકે અને બાકીની અવિરતિ છતાં એ પોતાના જીવનને કેમેય સર્વથા નિષ્પાપન માની શકે ! એ બધો વિચાર કરતાં સ્હેજે સમજાશે કે-જગત્‌ના પરમ ઊપકારક મહાપ્રભુએ તેજ આત્માઓને માટે ગૃહસ્થધર્મની સ્થાપના કરી છે, કે જે આત્માઓ સંસારનો ભય અને મોક્ષની રૂચિ પેદા થયા છતાં તેનેજ અનુરૂપ વર્તન કરી શકતા નથી, પરન્તુ થોડો પ્રયત્ન કરે છે.

**પ્ર.૬૮ આથી સાધુઓને માટે શું કહ્યું ? ગૃહસ્થને માટે શું કહ્યું ?**

ઉ. આથીજ સાધુઓને માટે પાંચ મહાવ્રતમાંથી એક પણ ઓછું લે તે નજ ચાલે એમ કહ્યું, કારણ કે- સાધુજીવન કેવલ નિરવદ્યજ બનવું જોઇએ અને ગૃહસ્થોને માટે કોઇ પૂરાં બાર, કોઇ અગીઆર, કોઇ દશ,

કોઇ નવ, અને યાવત્-એક પણ અણુવ્રત લે : જેવી જેની શક્તિ. એટલે એમાં હેતુ માત્ર એટલોજ છે કે-એમ ધીરે ધીરે પણ એમને આ વિરતિના માર્ગે લઇ આવવા.

**પ્ર.૬૯ આથી પૂર્વાચાર્યોએ શેનું વિવેચન કર્યું છે ? વર્તમાનમાં પણ શેનો ઉપદેશ અપાય છે ? આથી શું ટકી શકતું નથી ?**

ઉ. આથીજ પૂર્વાચાર્યોએ ગૃહસ્થધર્મને અંગે પણ ઝીણવટભર્યું વિવેચન કરીને આત્મબોધ આપ્યો છે અને વર્તમાનમાં ગીતાર્થ ગુરૂવરો આપે છે. પૂ. પ્રવચનકાર મહાત્મા પણ સમયે સમયે એ ઉપદેશ આપેજ છે. છતાં એ વિષેના પ્રશ્નના ઉત્તરમાં બોલતાં તેઓ શ્રીમદે ફરમાવ્યું છે કે:- "પૂર્વાચાર્યો અને તેમના ગ્રંથોને પુરેપુરૂં માન આપીએ છીએ અને શ્રાવકધર્મ શ્રાવકોને એકવાર નહિ પણ અનેકવાર, વખતો વખત બતાવીએ છીએ અને સમજાવીએ છીએ. શ્રાવકપણું, સમ્યક્ત્વ માર્ગાનુસારીપણું, સામાયિક, પ્રતિક્રમણ, પૂજા, ગુરૂવંદન, પર્વતીથિઓએ પૌષધ, દાન, શીલ, તપ, ભાવ એ વિગેરે શ્રાવકની કરણીઓ અનેક વાર ઉપદેશીએ છીએ અને ગમે ત્યારે પણ એ બતાવવા અમે યથાશક્ય રીતે તૈયાર છીએ. તેથી શ્રાવક ધર્મ નહિ બતાવવાનો આરોપ એક ક્ષણ પણ અમારા ઉપર ટકી શકતો નથી."

**પ્ર.૭૦ આથી પ્રવચનકાર શું ફરમાવે છે ?**

ઉ. આ ઉપરાન્ત જો ટીકા કરનારાઓ ઉઘાડી આંખે ને નિર્મલ હૃદયે પૂ. પ્રવચનકાર મહાત્માનાં વ્યાખ્યાનો વાંચે, તો તેઓ સમજી શકે કે- તેઓ મ્હોટે ભાગે માનવતા કેળવવાનો ઉપદેશ આપે છે. તેઓશ્રી વારંવાર જૈનોમાં ઘુસેલી બદીઓ વિષે સચોટ ઉપદેશે છે : દુર્વ્યસનોના ત્યાગ માટે પુનઃ પુનઃ સૂચન કરે છે. જીવનની જરૂરીયાતોને ઘટાડવી-મોજ-શોખ કમી કરવા-લક્ષ્મીવાન બનવાની લાલસા છોડવી-સંતોષ કેળવવો-શીલવાન બનવું-તપશ્ચર્યા કરવી- વિગેરે વિગેરે બાબતો સમજાવે છે. પરન્તુ સાથે તેના અન્તિમ ધ્યેયને પણ દર્શાવેજ છે. ધ્યેય તો સમ્યક્

ચારિત્રના પાલન દ્વારા સંપૂર્ણ કર્મનિર્જરા કરી મોક્ષ મેળવવાનું.

**પ્ર.૭૧ વધુમાં પ્રવચનકાર શ્રી શું કહે છે ?**

ઉ. વધુમાં તેઓ શ્રીમદ્ ખાસ કહે છે કે- 'આજે જ્ઞાની પુરૂષોએ કેવલ મોક્ષાર્થિ બનીનેજ કરવા માટે ઉપદેશેલી ક્રિયાઓના હેતુ વિસરાયા છે' અને એનેજ પરિણામે એ ક્રિયાઓ દ્વારા જે હેતુને સિદ્ધ કરવો છે તે હેતુને જલ્દીથી સિદ્ધ કરી આપનારી દીક્ષા સ્હામે ઉન્માદ જાગ્યો છે. એટલે ધર્મદ્રોહીઓ જ્યારે કોઇજ રીતે ફાવતા નથી, ત્યારે આવા અસત્ય આરોપો મૂક્યા કરે છે. બાકી તે ધર્મદેશનાજ શાની કહેવાય, કે જે ધર્મદેશનામાં ભવનિર્વેદનું પોષણ ન હોય અને પુદ્ગલપ્રેમનું પોષણ હોય ?

**પ્ર.૭૨ વળી વિરોધીઓ શું કહે છે ?**

ઉ. દીક્ષાને સોંઘી કરી છે ? વાસ્તવિક ધર્મોપદેશની સ્હામે ચેડાં કરનારાઓ કહે છે કે- પૂ. પ્રવચનકાર મહાત્માએ દીક્ષા-દીક્ષા કહી એને બજારૂ વસ્તુ બનાવી દીધી છે. આ આક્ષેપ કેટલી અધમવૃત્તિમાંથી જન્મ્યો છે, તે કહેવાની શી જરૂર છે ? વાસ્તવમાં તો એ છે કે-જ્યારે ધર્મદ્રોહીઓએ દીક્ષાની ક્રિયા, દીક્ષિતો, અરે-દીક્ષાના શબ્દનેય નાબુદ કરવાની વાતો કરવા માંડી, ત્યારે એ દીક્ષાની મહત્તાને જગત્માં આ પૂ. પ્રવચનકાર મહાત્માએ વિસ્તારી છે. જે જૈનદર્શન સમ્યગ્ દર્શન-વિશિષ્ટ સમ્યગ્જ્ઞાનયુક્ત સમ્યક્ ચારિત્રનેજ માત્ર મોક્ષમાર્ગ કહે, તે જૈનશાસનના ધર્મોપદેશમાં તે ચારિત્રની ભાવના, તે ચારિત્રની બનતી આરાધના ને તે ચારિત્રનું સુયોગ્ય પાલન, એ શિવાયની વાત હોયજ કેમ ? જમાનાને નામે જૈનોને પાપમાં જોડવા કે તેમને માટે કારખાનાં ખોલવાનું ઉપદેશવું, એ જૈનશાસને જેમને માટે મિથ્યાદ્રષ્ટિની ઉપમા ને શાસનના વિરાધકની ઉપમા નક્કી કરી છે, તેમનેજ હોય. બાકી જેઓ એક સમ્યક્ચારિત્રનેજ મુક્તિના સાધન રૂપ શ્રદ્ધાપૂર્વક માનતા હોય, તેઓ સમ્યક્ચારિત્રથી રહિત પાપજનક કોઇપણ કાર્યનો ઉપદેશજ કેમ આપી શકે ? અને તેવો ઉપદેશ જે સાધુતાના લેબાશમાં બેસી ધર્મને નામે દે, એ શાસનનો

કટ્ટર વિરોધી છે. શાસનના ખૂલ્લા શત્રુઓ કરતાંય વધુ ભયંકર છે. એટલે કોઇ પણ જૈન કે જૈનનો સહવાસી, દીક્ષા શબ્દથી અજાણ નજ હોય. ધ્યેયસિદ્ધિના એકના એક મૂખ્ય સાધનથી અજાણ હોય તે ધ્યેયને સાધેજ શી રીતિએ ? દીક્ષા શબ્દને નામે હાંસી ઉભી કરનારા અને એને વગોવનારા તેમજ તે તરફ ઘૃણાભાવ ઉત્પન્ન કરનારાઓ તો તે છે, કે જેઓએ અજ્ઞાનથી અન્ધ બનીને દીક્ષા વિષે યદ્‌વા તદ્‌વા બોલવા માંડ્યું છે. જેમણે પાપી લાલસાઓને આધીન બની જગદ્‌ભરના કલ્યાણને કરનાર માર્ગને આજે દંભી પ્રચારકાર્ય દ્વારા 'હાઉ' રૂપ બનાવી દીધો છે. તેઓ જ દીક્ષા માટે થતી નિન્દા અને અયોગ્ય ટીકાના જવાબદાર છે.

**પ્ર.૭૩ શું ફરમાવે છે ? શાથી ?**

ઉ. બાકી દીક્ષા શબ્દ ઘડી ઘડી લાવવામાં કદાગ્રહ નહિ, પરન્તુ કેવલ કલ્યાણ ભાવનાજ છે, તે સમજાવતા પૂ. પ્રવચનકાર મહાત્મા એક સ્થલે ફરમાવે છે કેઃ- અહીં પાલીતાણામાં આપણાં વ્યાખ્યાનોમાં, મનુષ્યજન્મની દુર્લભતા અને તેની સાર્થકતાના સાધનો શિવાય બીજું કાંઇ કહેવાયું નથી, એ કહેવામાં દીક્ષાના ભાવવાળી વાતો આવવાની અને આવવી જોઇએ, કારણ કે-જેના અંગે જ્ઞાનીઓએ મનુષ્યજન્મની દુર્લભતા કહી છે, એને કહ્યા શિવાય છૂટકો છે ? કોઇ પૂછે કે-મનુષ્યગતિ દુર્લભ શાથી ? તો તમે શું કહો ? દેવગતિ અને મનુષ્યગતિ એ બે સારી ગતિ ગણાય છે અને દેવગતિ તો અમૂક દ્રષ્ટિએ મનુષ્યગતિ કરતાં ઘણી ઉંચી છે : ઋદ્ધિસિદ્ધિ ભરેલી છે. અચિંત્ય શક્તિ અને વિપુલ જ્ઞાનથી સહિત છે. કેટલાયે શ્રી તીર્થંકરદેવો પાસે જઇ શકે છે : જે વિશિષ્ટ સ્થળો જ્ઞાનીઓ બતાવે તે જાતે જઇને જોઇ આવે. છતાં એને નહિ વખાણતાં મનુષ્યગતિ કેમ વખાણી ? એનો હેતુ લાવો. એના વર્ણનમાં દીક્ષાને સ્થાન છે કે નહિ ? એની પ્રશંસા કરવી માંડી વાળી મનુષ્યગતિની દશ દ્રષ્ટાંતોથી દુર્લભતા શા માટે દર્શાવી ? જે હેતુએ એ વર્ણવી તે હેતુને ભૂલી જવાય, તો કાંઇ પણ વર્ણવી શકે એમ છે ? વિરતિધર્મને બાજુએ

મૂકી દઇએ, તો મનુષ્યગતિને અધિક વર્ણવવાનું કારણ શું રહે છે ? કાંઇજ નહિ. આથી એ વસ્તુને વચમાં લાવ્યા શિવાય છૂટકો જ નથી.

**પ્ર.૭૪ દશવૈકાલિક સૂત્રમાં શય્યંભવ સૂરિ મહારાજા શું ફરમાવે છે ?**

ઉ. શ્રી દશવૈકાલિક સૂત્રના પહેલા અધ્યયનની પહેલી ગાથામાં ચૌદ પૂર્વધર સૂત્રકારમહર્ષિ શ્રી શય્યંભવસૂરિજી મહારાજા ફરમાવે છે કે- 'અહિંસા સંયમ અને તપરૂપ ધર્મ જે આત્માના હૃદયમાં વસે, તેને દેવતાઓ પણ નમે છે.' દેવો સુખી જીવનવાળા છતાં ધર્મને આમ નમ્યા શિવાય તેઓને છૂટકો નથી. નમન કોને કરવું અને શા માટે કરવું ? જૈનશાસનમાં નમન કરવું, હાથ જોડવા કે મસ્તક નમાવી દેવું, એ સભ્યતા માટે નથી : અગર જેને નમીએ તેનાથી છેટે ભાગવા માટે નથી : અગર જે વસ્તુ છે તે નહિ લેવા માટે નથી. નમસ્કારમાં ત્રણ વસ્તુ છે : નમસ્કાર, ઝીલનાર અને નમસ્કાર કરનાર ! હવે જેને નમસ્કાર કરીએ એટલે કે-જે વ્યક્તિ નમસ્કારને યોગ્ય છે, તેની અને આપણી વચ્ચે પુલ બનાવવા માટે નમસ્કાર કરવાનો કે દિવાલ બનાવવા માટે નમસ્કાર કરવાનો ? જેનાં ચરણોમાં માથું મૂકવાનું, તેના જેવા બનવાના પ્રયત્નો હોવા જોઇએ કે તેનાથી કાયમ ખાતે દૂર રહેવાના ? કેવળ સભ્યતા ખાતર જૈનશાસનમાં નમસ્કાર યોજાયાજ નથી. હૃદયમાં દંભ રાખીને સામાને સારૂં મનાવવા ખાતર કે છૂટકો નથી એમ ન ઇચ્છાયે પણ કરવાના નથી. દેવતાઓ પણ નમસ્કાર કરે છે એનું કારણ એ વસ્તુ પામવા માટે છે. દેવગતિ એ વિરતિની પ્રાપ્તિમાં અંતરાય રૂપ છે, તેથી શ્રી જિનેશ્વરદેવોની આજ્ઞાને સારી રીતે આરાધી શકીએ એ સ્થિતિ ક્યારે મળે ? એ માટે મનુષ્યગતિની માગણી કરે છે. જે વસ્તુના યોગે મનુષ્યભવ દુર્લભ વર્ણવ્યો તેને છૂપાવવા માગીએ, તો આજ્ઞાપાલક કહેવાઇએ કે વિરાધક ? તાકાત ન હોય તો અનંતજ્ઞાનીઓની સઘળી આજ્ઞાનું પાલન ન કરી શકાય એ શક્ય છે, એમની બધી આજ્ઞાઓનું પાલન કરવાની શક્તિ મેળવવા માટે ન માલૂમ હજુ કેટલાય ભવો કરવા પડશે,

પણ એ આજ્ઞાની વિરાધનાથી બચવું એ આપણો ધર્મ ખરો કે નહિ ? એ ધર્મ પાળવો હોય તો દીક્ષાને મહત્ત્વ આપ્યા સિવાય છૂટકો છે ? પ્રભુમાર્ગની આજ્ઞાને વળગીને, જગત્‌ને સુખનો માર્ગ બતાવનારી દીક્ષાને વેગળી મૂકી શકાય એમ છે ? દીક્ષાના ભેદ પછી ગમે તેટલા પાડો : સર્વથી દેશથી કે છેવટ ભાવથી, પણ માલ બધો બતાવવો જોઇએ : જેવા ગ્રાહક : જેનાથી જેટલું લેવાય તેટલું લે ! પણ બધી સામગ્રી આંખ સન્મુખ રહેવી જોઇએ. લેનારને તોષ ન થવો જોઇએ, કિંતુ ઉત્કંઠા વધવી જોઇએ. બધી વસ્તુ આગળ રાખવામાં આવે, તેને કદાગ્રહ કહી શકાતો નથી. મનુષ્ય જન્મની દુર્લભતા કે સફળતા માટે-કરવા લાયક કરવા માટે, એ વસ્તુને પ્રધાનતા આપ્યા સિવાય રસ્તો નથી. એ વસ્તુને પ્રાધાન્ય છે જ. આપણે કાંઇ નવું આપવું પડતું નથી. શ્રી જિનેશ્વરદેવો કહી ગયા છે કે-એના વિના અમારો પણ છૂટકો કે ઉપાય નથી. અમે અનુભવ્યું કે- રત્નત્રયી સિવાય સંસારથી તરવા માટે એક પણ અમોઘ માર્ગ નથી, એથી પોતે અનુભવેલો, જાતથી સેવેલો અને જગત્‌ના પ્રાણીઓ માટે જરૂરી છે, એ માટે જગત્‌ના હિત માટે કહ્યો.

**પ્ર.૭૫ કેટલાકો શું કહે છે ?**

ઉ. આથી અજ્ઞાનતાભરી દલીલોમાં પણ જ્યારે તેઓને નિરૂત્તર બની જવું પડે છે, ત્યારે તેઓ અનેકવિધ જુઠાંણાં ફેલાવે છે. કેટલાકો કહે છે કે- 'પૂ. પ્રવચનકાર મહાત્માને ૧૦૮ ચેલા મુંડીને ગણધર થવું છે, માટે માબાપની રજા વિના છોકરાને ભગાડે છે ભરમાવીને દીક્ષા આપી દીક્ષાને હલકી પાડે છે.' આમ બોલનારમાં જૈનશાસનનું જ્ઞાન છે એમ મનાય નહિ. શ્રી તીર્થંકરદેવ જેમને સ્થાપે તેજ ગણધર કહેવાય છે અને તેની યોગ્યતાનું માપ ૧૦૮, ૧૦૦૮, ૧૦૦૦૮, ૧૦૦૦૦૮ કે અસંખ્ય શિષ્યો ઉપરથી નથીજ નીકળતું. જૈનશાસનમાં શિષ્યવૃદ્ધિથી કોઇ પદ મળતુંજ નથી. પરન્તુ આમ કહેવામાં તેઓનો બુરો આશય શિષ્યો અને માનલાલસા જેવા અછતા દુર્ગુણોને પણ સિદ્ધ કરવાનોજ છે. બાકી પૂ.

પ્રવચનકાર મહાત્માશ્રીએ તો અનેકવાર એ ભાવાર્થનું કહ્યું છે કે- "એકથી એક ક્રોડ, અબજ કે અસંખ્ય શિષ્યો મળે તો પણ મુક્તિ મળી જાય એમ ન માનતા. શિષ્યો વધારવાથી જ કલ્યાણ થઇ જતું નથી. અને શિષ્યમોહ તો એવી ભયંકર વસ્તુ છે કે વિવેક તજાવે : હજારો શિષ્યો છતાં ડૂબી જવાય અને કેઇ શિષ્યો વિનાના તરી ગયા : અને જે આત્મા માનલાલસામાં ડૂબી જાય છે, તે ખચિતજ પોતાના આત્માની બરબાદીને ઉભી કરે છે. માન એ બહુ ભયંકર દુર્ગુણ છે. અપમાન વખતે સામાની દયા ખાવી એ જેટલું સ્હેલું છે, તેટલુંજ માન વખતે ન ફુલાઇ જવું એ મુશ્કેલી ભર્યું છે. સેંકડો મોટરવાળા લાલ પાઘડી પહેરીને વન્દન કરે કે ઝૂકે તેથીજ કાંઇ કલ્યાણ થઇ જતું નથી, પરન્તુ જે આત્મામાં વિષયવિરાગ, કષાયત્યાગ, ગુણાનુરાગ ને ધર્મક્રિયાઓમાં અપ્રમત્તતા જેવા સર્વોત્તમ ગુણો આવે છે, તેજ આત્મા આત્મકલ્યાણ કરી શકે છે."

**પ્ર.૭૬ વધુમાં પ્રવચનકાર શ્રી શું કહે છે ?**

ઉ. વધુમાં તેઓશ્રી તો ત્યાં સુધી કહે છે કે:- "દુર્ગુણોનું પરિણામ સૌને ભોગવવું જ પડે : કર્મ પાસે કોઇનીય શરમ ન અડે : અમે કે તમે જે હોઇએ તે પાપ કરીએ તો ડૂબીએજ. કોઇને પણ દીક્ષા અપાય તે એના આત્માના કલ્યાણની અપેક્ષાથીજ આપી શકાય, પરન્તુ શિષ્યમોહથી નહિ. તેમજ બહુ શિષ્યો થાય તેમાં ફુલાવાનું ન હોય. જે શિષ્યમોહમાં પડે, શિષ્યવૃદ્ધિથી ફુલાય અને મોટાઇની લાલસામાં પડે તે સ્વયં ડૂબીજ જાય ને ?"

**પ્ર.૭૭ ધર્મદ્રોહીઓ શું કહે છે ? એમાં શું જણાવ્યું ?**

ઉ. આમ સ્પષ્ટપણે પૂ. પ્રવચનકાર મહાત્મા જ્યારે કહે છે, ત્યારે ધર્મદ્રોહીઓ કહે છે કે- 'ફોસલાવી-ફસાવી-નસાડી દીક્ષા આપે છે.' આ વાત પણ તદ્દન જુઠ્ઠી છે. આ સંબંધમાં તેઓશ્રીએ ચેલેન્જ કરી છે કે- 'અત્યારે અપાતી દીક્ષાઓ કે જે ગીતાર્થ મુનિવરો દ્વારા અપાય છે, તેને જો શાસ્ત્રથી વિરુદ્ધ સાબીત કરવામાં આવે, તો અમે એ પ્રવૃત્તિ બંધ

કરવા તૈયાર છીએ.'

**પ્ર.૭૮ ધર્મદ્રોહીઓમાં શું ભર્યું છે ? શાથી ?**

ઉ. ધર્મદ્રોહીઓ આ ચેલેન્જ ન સ્વીકારી શક્યા, કારણ કે-તેઓ એ વાત તો બરાબર જ જાણે છે કે-સર્વ પદાર્થોનું પ્રરૂપણ કરવા છતાં નિર્વૃત્તિમાર્ગનું પ્રતિપાદન ને ઉન્માર્ગનું ઉન્મૂલન, એટલે કે-કેવલ નિરવદ્યતાનેજ પોષતું જૈનશાસ્ત્ર દીક્ષાની દલીલોથીજ ભરપૂર છે અને આજે અપાતી દીક્ષાઓ માટે શાસ્ત્રીય પૂરાવા છે જ. એટલે તેઓ સીધો રસ્તો ન લેતાં અધમતાભરી રીતિઓ અખત્યાર કર્યેજ જાય છે. આ પણ તેવુંજ એક જુઠાણું છે અને તેમાં વિચારહીનતા ને અવાસ્તવિક્તાજ ભરી છે.

**પ્ર.૭૯ શેના સંબંધમાં પ્રવચનકાર શું ફરમાવે છે ?**

ઉ. 'શિષ્યમોહ' સંબંધી ધર્મદ્રોહીઓની અધમ કલ્પનાના સંબંધમાં, પૂ. પ્રવચનકાર મહાત્મા એની પાછળ રહેલી 'હાર્દિક હલકટતા' ની ઉપેક્ષા કરીને, માત્ર વસ્તુસ્વરૂપને જ સમજાવતાં ફરમાવે છે કે:- 'સર્વવિરતિનો બોધ એ જો ચેલા વધારવાનો મોહ ગણાતો હોય, તો આજીવન એ મોહની ઇચ્છા છે. મારા ઉપદેશથી જો સર્વવિરતિના રસીયા કોઇ બનતા હોય, તો તેથી અમને કોઇ પણ જાતનું લાંછન નથી. સાધુ વધારવાની ઇચ્છા તો અમે ભવોભવ માંગીએ છીએ, પણ એની સાથે બીજી ઇચ્છા (એટલે કે પોતાના માન-પાનની કે કીર્તિલોલુપતાની ઇચ્છા) આવે, તેમાં અમારો નાશ પહેલો છે. અને જો જગત્માં અમારા ઉપદેશના યોગે સાધુજ વધતા હોય, તો મુક્તિ ન થાય ત્યાં સુધી ભવોભવની અમારી એ માંગણી છે.' આમાં પૂ. પ્રવચનકાર ખાસ કહે છે કે- 'જો શિષ્યમોહ અમારામાં હોય તો એ અમારી જ ઘાત કરે.' અને વાત પણ સાચીજ છે કે- 'સારી પણ ક્રિયાનો આશય ફરી જાય, તો એ તારક ક્રિયા પણ ડૂબાડનારીજ નિવડે.' આ સંબંધમાં સમજાવતાં તેઓશ્રી એક સ્થલે ફરમાવે છે કે- "અશુદ્ધ ધ્યેયથી સારી ક્રિયા પણ નાશ લાવે છે. બગલાની

શાંતિ, ધ્યાન અને સ્થીરતા કેવી ? એને વખાણાય ? નહિ જ. કારણ કે- જે ધ્યાન, શાંતિ અને સ્થીરતા કોઇને દુ:ખ ન થાય તે માટે હતી, તેજ જીવોના ઘાત માટે કરાઇ એટલે ઉલટી થઇ ગઇ. એજ પ્રમાણે શ્રી વીતરાગ દેવ, નિર્ગ્રંથ ગુરૂઓ અને તે તારકોએ પ્રરૂપેલા ધર્મની સેવા જો રાગ અને પરિગ્રહ માટે, એટલે કે-સંસારની ઋદ્ધિ-સિદ્ધિ વધારવા માટે કરવામાં આવે, તો એ શ્રી વીતરાગ દેવ, નિર્ગ્રંથ ગુરૂઓ, કે એ તારકોએ કહેલા ધર્મની સેવા નથી, પરન્તુ સંસારની-પાપની સેવા છે : અને તેને તો આ પ્રભુશાસનમાં ત્યાજ્ય ગણેલ છે.”

**પ્ર.૮૦ પ્રવચનકાર શેમાં શું ફરમાવે છે ?**

ઉ. આમ જે મહાત્મા સ્વયમેવ જ ખૂલ્લી રીતે ‘શિષ્યમોહ’ માં ‘આત્મનાશ’ દર્શાવે છે, તેઓશ્રી શા માટે શિષ્યમોહ રાખે ? એક તરફ ‘આત્મકલ્યાણ અર્થે’ દુન્યવી સુખો તજ્યાં, અહિંસા-સત્ય-અસ્તેય-બ્રહ્મચર્ય-અપરિગ્રહનાં મહાવ્રત લીધાં, દુનિયાના રસિકને કેદી જેવું લાગે તેવું જીવન સ્વીકાર્યું-જીવનમાં સ્વાભાવિક રીતે થતી અનેક ઇચ્છાઓને નિયન્ત્રિત કરી અને ધર્મદ્રોહીઓએ તેઓ સ્હામે અનેક તર્કટો ઉભાં કરવા છતાં-જાહેરમાં ગલીચ નિન્દા કરવા છતાં, જૈનતરોમાં તદ્દન બનાવટી વિકૃત સ્વરૂપે ચીતરવા છતાં, એવી દુનિયાની ક્ષણિક કીર્તિમાં લોભાયા વિના જે મહાત્માએ શ્રી જિનશાસનની સેવામાંજ શ્રેય માન્યું છે, તે શું આવા દુર્ગુણને આધીન બની જઇ આટલા ત્યાગ ઉપર પાણી ફેરવે ? એમ મોહનેજ વધારવો હોય તો આવી ભયંકર માનહાનિ કેમ સહી શકે ? પરન્તુ નહિ, જેને એ માનની પડી જ નથી અને જેઓ એમજ માને છે કે- ‘દુનિયા માન આપે કે અપમાને તેની સાથે મુક્તિને કાંઇ જ સંબંધ નથી’ -તે મહાત્મા શિષ્યમોહમાં ફસે એ કલ્પનામાં કેટલી હૃદયહીનતા છે ? કેટલી અધમ માનસની છાયા છે ?

**પ્ર.૮૧ નસાડીને દિક્ષા આપે છે ? આ આરોપ પણ કેવો છે ?**

ઉ. અને જ્યારે ‘શિષ્યલોભ’નો આક્ષેપ આમ ટળી જાય છે,

ત્યારે 'નસાડી-ભગાડીને દીક્ષા આપે છે.' એ આરોપ પણ સ્હેજે ઉડી જાય છે. વર્તમાન સલ્તનતના કાયદા મુજબ કોઇ પણ સગીરને નસાડી-ભગાડી શકાય તેમ નથી, તેમજ જૈન શાસ્ત્રકારોએ પણ સોળ વર્ષની અંદરનાને માટે માબાપ કિંવા વાલીની રજાને મહત્ત્વનીજ નહિ, પરન્તુ અનિવાર્ય ગણી છે. ભગવાન્ હેમચંદ્રસૂરિજીને દીક્ષા અપાવવા માટે ગુરૂએ અને ગુરૂદેવની પ્રેરણાથી શ્રીસંઘે તેમના પિતાને સમજાવ્યા હતા અને સંમતિ મેળવી હતી : આજે પણ એમજ થાય છે. પૂ. પ્રવચનકાર મહાત્માશ્રીએ સોળ વર્ષની ઉંમર પહેલાં અનેકોને દીક્ષા આપેલી છે. પરન્તુ તે બધીજ વાલીઓની સંમતિ પૂર્વકજ ! જો એમ ન હોય તો સગીરપણાથી મુક્તિ મેળવેલાને માટેય ભયંકર ઉધમાતો મચાવનારાઓ અને ઉશ્કેરણી કરી કેસ ઉભા કરાવનારાઓ જરાય ઝંપે ખરા કે ? માત્ર પૂ. પ્રવચનકાર મહાત્મા પાસેજ નહિ, પરન્તુ બીજા ઘણા આચાર્યદિકની પાસે સોળ વર્ષની ઉંમર પહેલાં પ્રવ્રજિત થએલા છે, અને તે બધાજ વડીલની અનુજ્ઞાપૂર્વકજ ! તેમજ જ્યારે શાસ્ત્ર પણ ત્યાં સુધી સંમતિ વિના દીક્ષા આપવાથી 'આજ્ઞા ભંગનો દોષ' અને 'શિષ્યચોરી' ફરમાવે છે, ત્યારે એક શાસ્ત્રાજ્ઞાનેજ અવલંબી રહેવામાં દુન્યવી પ્રતિષ્ઠાનો ભોગ આપનાર અને મોક્ષ મેળવવાની ભાવનાવાળા, તેવી 'આજ્ઞાવિરાધના' કરેજ કેમ ? એટલે સોળ વર્ષ પહેલાં તો બેઉ દ્રષ્ટિએ-શાસ્ત્રના ને રાજ્યના કાયદાની દ્રષ્ટિએ નસાડાયજ નહિ અને છતાં કોઇ તેમ કરે, તો એક તરફ 'જિનાજ્ઞાનો વિરોધક' ઠરી પૂ. શ્રીસંઘની શિક્ષાને પાત્ર થાય અને બીજી તરફ 'મનુષ્યહરણ'ના કાયદાનો ભંગ થતો હોવાથી રાજ્યની શિક્ષાને પાત્ર થાય.

**પ્ર.૮૨ સોળ વર્ષની વયે દિક્ષા લે તો ?**

ઉ. હવે સોળ વર્ષની ઉપરનાની વાત વિચારીએ. એ ઉંમરે મનુષ્યની સ્વાભાવિક બુદ્ધિ ખીલી હોય છે અને જો તેને નસાડવો હોય, તો એનામાં સંસારનો વિરાગ અને સંયમનો રાગ ઉત્પન્ન કરવોજ જોઇએ.

છતાં કહેવાય છે કે- ‘લલચાવીને ફસાવે છે.’ પરન્તુ સંયમમાં લલચાવવાનું શું ? પૈસો રખાય નહિ, સ્ત્રીસેવન થાય નહિ, યથેચ્છ હરાય-ફરાય નહિ, મન ગમતોજ ખોરાક મળે નહિ, ઉઘાડે માથે ને ઉઘાડે પગે વિહાર કરતાં ટાઢ-તડકો-ભૂખ-તરસ વિગેરે સહન કરવું પડે, પોતા માટે કરેલાં દોષિત અન્નપાણી લેવાય નહિ, નાટક-સીનેમા જોવાય નહિ, પાન વિગેરે ખવાય નહિ, કપડાં પણ સીવડાવ્યા વિનાજ મર્યાદા જાળવવા ઓઢવાનાં, હજામત કરાવવાની નહિ ને તેને બદલે છ છ મહિને કેશલુંચનનું કષ્ટ સહેવાનું, સ્નાન કરવાનું નહિ, વ્યસનની બંધી, અભ્યાસ ને ધર્મક્રિયામાં દત્તચિત્ત રહેવાનું, એમ અનેક રીતે ઇન્દ્રિયો અને મનને કાબુમાં લેવાની પ્રવૃત્તિ જ્યાં કરવાની હોય, ત્યાં ‘સંસારનો વિરાગ ને સંયમનો રાગ’ - એ શિવાય બીજી કોઇજ દુન્યવી લાલસા લલચાવી શકે તેમ છે ? લલચાવે તેવી વસ્તુ તો હજુ સંસારમાં છે, કે જ્યાં સ્વેચ્છાથી આહાર ને વિહાર કરી શકાય છે, છતાં માનો કે-લલચાવે છે, તો શું સોળ વર્ષની ઉંમર પછી એનામાં સમજશક્તિ નથી હોતી ? અરે, રાજ્યનો કાયદો પણ સોળ સુધીજ મનુષ્યહરણનો આરોપ મૂકે છે અને પછી સામાએ ગમે તેમ ફોસલાવ્યો હોય તો પણ તેને મનુષ્યહરણનો આરોપ લાગુ થઇ શકતો નથી. પરન્તુ જેઓ માત્ર દુરાશયથી પૂ. પ્રવચનકાર મહાત્મા અને પૂ. ગીતાર્થ ગુરૂવરોનેજ હલકા પાડવા ઇચ્છતા હોય, તેઓ આ બધું વિચારેજ શા માટે ?

**પ્ર.૮૩ ભાગે છે કે ભગાડે છે ?**

ઉ. હવે દુનિયામાં મુંઝાએલા આત્માઓમાં સ્વપરના કલ્યાણને માટે સંસારનો વિરાગ અને સંયમનો રાગ ઉત્પન્ન કરવો, એ તો પ્રત્યેક સાધુનો અને સાધુતાના પૂજારીનો પરમ ધર્મ છે. આ ધર્મનું સેવન કરતાં લઘુકર્મી આત્માને સંયમની ભાવના થાય છે અને તે સંયમ ગ્રહણ કરવા ઉદ્યુક્ત થાય છે. સોળ વર્ષની ઉપરની વયનો આત્મા આમ તૈયાર થાય, ત્યારે એનાં સ્નેહિ સ્વજન સ્હેજે મોહાધીન બની આનાકાની કરે છતાંય

જો નજ માને તો તેને માટે સંસારમાં પડ્યા રહેવાનું શાસ્ત્રકારોએ સૂચવ્યું જ નથી. શ્રી અષ્ટકજીમાં જ્યાં માતાપિતાની ભક્તિ ને દીક્ષનો વિષય ચાલે છે, ત્યાં તે શ્લોકોની ટીકામાં શ્રી જિનેશ્વરસૂરિજી મહારાજા અને શ્રી અભયદેવસૂરિજી મહારાજાએ રજા ન આપે તો કપટ કરીનેય રજા મેળવવા મથવું અને તેમ છતાંય રજા ન મળે તો પણ દીક્ષા લેવી, એમ જણાવ્યું છે.

**પ્ર.૮૪ મુમુક્ષુ આત્માઓ માટે શું ફરમાવ્યું છે ?**

ઉ. એ અધિકારમાં દીક્ષા લઇને સ્વપરકલ્યાણને સાધવાની ઇચ્છાવાળા મુમુક્ષુ આત્માને માટે ફરમાવ્યું છે કે:-

अथ नानुजानीत, तदा अणुवहे चेव अवहिं जुत्ते सिया, अल्पायुरहमित्यादिकां भायां कुर्यादित्यर्थः एवमुपाय-प्रवृत्तमपि यदा न मुत्कलयतः तदा तौ त्यजेत्, न च तौ त्यजतस्तच्चित्तसंतापेडपि तस्य दोषो, विशुद्धभावत्वात्, यदाह-

"सव्वहा अपडिवज्जमाणे चएज्जा
अद्धाणे गिलाण ओसघत्यचांगनाएणं"

यथाडध्वनि ग्लानीभूतयोः पित्रोरौपघाद्यर्थगच्छतस्त त्यागोडत्या ग एव भावतः, एवं तयोः स्वस्यान्येषां चोपकाराय प्रव्रजत इति ज्ञानभावना, अतएव-

"सोयणमक्कन्दण विलवणं च,
जं दुक्खिओ तओ कुणइ ।
सेवइ जं च अकज्जं,
तेण विणा तस्स सो दोसो ।।"

પંચવસ્તુ ગાથા - ૮૦

इत्यादिकमाक्षिप्यंवे परिहतम्-

"अब्भुवगमेण भणियं,
न उ विहिचागो वि तम्सहेउत्ति

सोगाइम्मि वि तेसिं
मरणेव्व विसुद्ध चितस्स ।।"

પંચવસ્તુ ગાથા - ૯૦

અર્થ :- કદાચ તે માતાપિતા આજ્ઞા ન આપે તો મનમાં માયા (કપટ) રહિત છતો માયાવાળો થાય. એટલે હવે મારૂં આયુષ્ય અલ્પ છે. ઇત્યાદિક માયા કરે. એવી રીતે માયા ઉપાય કરતા પણ જો રજા ન આપે, તો તે માતાપિતાને છોડી દે. શાસ્ત્રકાર કહે છે કે- 'દીક્ષા લેનારનો ભાવ શુદ્ધ હોવાથી તે દીક્ષા લેનાર માતાપિતાને છોડે ને તેથી તેઓને ચિત્તસંતાપ થાય, તો પણ દીક્ષા લેનારને દોષ નથી.' જે માટે કહે છે- 'માતાપિતા સર્વથા ન માને તો જંગલમાં માંદા થએલ માતાપિતાના ઔષધાદિ માટે જવામાં તેમને છોડી જવા તે ભાવથી છોડ્યા કહેવાય નહીં, એવી રીતે માતપિતાના, પોતાના અને અન્ય ભવ્ય જીવોના ઉપકારને માટે દીક્ષા લેનાર પણ માતાપિતાને છોડી દે તે ભાવથી છોડવું નથી. એટલાજ માટે- શોક, આક્રંદન કે વિલાપ કરે અથવા તે કુટુંબ દુઃખી થઇને જે કંઇ કરે કે તે દીક્ષા લેનાર વિના જે કંઇ કરે કે તે દીક્ષા લેનાર વિના જે કંઇ અકાર્ય સેવે, તેનો દોષ દીક્ષા લેનારને લાગવો જોઇએ એવો પૂર્વ પક્ષ કરીને ઉત્તર પક્ષમાં પંચવસ્તુકારેજ કહ્યું કે- 'અભ્યુપગમ માત્રથી તે વાત અલ્પ પીડા આદિથી પરિહાર કરતાં કહી છે, પણ વિધિએ કરાતો માતાપિતાદિનો ત્યાગ દીક્ષા લેનારના દોષ માટે નથી. જેવી રીતે નિર્મળ ભાવે મરનારની પાછલ શોકાદિ થાય તો પણ મરનારને કંઇ પણ દોષ નથી, તેવી રીતે અહીં પણ જાણવું."

**પ્ર.૮૫ આ સંબંધમાં શું ફરમાવ્યું છે ? કોણ ટકી શકે તેમ નથી ?**

ઉ. આ સંબંધમાં આદિ તીર્થંકર શ્રી ઋષભદેવ સ્વામિએ દીક્ષા લીધી, ત્યારે મોહાધીન બનેલાં મરૂદેવા માતા રૂદન કરતાં કરતાં આંખ ગુમાવી બેઠાં છે : શ્રી નેમનાથસ્વામિએ શ્વસુરનગરને નાકેથી ભાવદયામય બનીને રથ પાછો વાળ્યો, ત્યારે તેઓનાં માતા-પિતાએ ઘણી ઘણી

કાકલુદીભરી વિજ્ઞપ્તિ કરી અને તેઓની ધર્મપત્ની રાજીમતી મૂર્છાવશ થઇ, છતાં તેઓએ મક્કમજ રહી- સંસારની અસારતા દર્શાવી દીક્ષા લીધી છે : શ્રી પાર્શ્વનાથ પ્રભુએ દીક્ષા લીધી ત્યારે તેઓની પ્રિયા ખીણ ખીણ રોતી હતી : અને ચરમ તીર્થંકર શ્રી મહાવીર પરમાત્માના માતાપિતાના જીવિતવ્ય સુધી દીક્ષા નહિ લેવાના અભિગ્રહને શાસ્ત્રકારોએ મોહનીય કર્મનું કારણ દર્શાવ્યું છે અને જ્યારે તેઓએ પણ દીક્ષા લીધી, ત્યારે તેઓશ્રીના વડીલ બન્ધુ નંદીવર્ધને કરેલો દયાર્દ્રતાજનક વિલાપ -એ બધું વિચારાય તો માતાપિતાની ભક્તિને નામે દીક્ષાનો નિષેધ કરવા દ્વારા પૂ. પ્રવચનકાર મહાત્માને વગોવનારાઓની 'કુયુક્તિ' એક ક્ષણવાર પણ ટકી શકે તેમ નથી.

**પ્ર.૮૯ માતાપિતાની ભક્તિ માટે શું ફરમાવે છે ?**

ઉ. માતાપિતાની ભક્તિના સંબંધમાં તો પૂ. પ્રવચનકાર મહાત્મા વારંવાર ઉપદેશ આપે છે અને સમજાવે છે કે:- "શાસ્ત્રકારોએ માતાપિતાના ઉપકારને દુષ્પ્રતિકાર્ય કહેલ છે : જે સંતાન સંસારમાં રહેવા છતાંય એમની ભક્તિ-સેવા-આજ્ઞાધીનતા કરે નહિ, તે કુસંતાન છે. પરન્તુ આજે તો યોગ્ય મર્યાદાઓનું ઉલ્લંઘન કરી સ્વેચ્છાચાર સેવનારાઓ, માતાપિતાની અવગણના કરતાં કે પત્નિની ખાતર તેમનો ત્યાગ કરતાં ખચકાતા નથી. માતાપિતાના ઉપકારનો બદલો શાસ્ત્રકાર કહે છે કે- એમને ધર્મ પમાડવાથીજ વાળી શકાય. માતાપિતાનો પરમ ભક્ત તો તે જ, કે જે સ્વયં સદ્ધર્મ પામે અને તેમને પમાડે. આજ એક ઉત્તમ ભાવનાથી મુમુક્ષુ આત્મા જો તેઓ કોઇ જ રીતિએ સંમતિ ન આપે તો પણ પ્રવજ્યા ગ્રહણ કરે અને તેથી આશયવિશુદ્ધિને અંગે એની પાછળ થતાં આક્રંદાદિને માટે તે દોષપાત્ર ઠરતોજ નથી, એટલુંજ નહિ પણ-

**"सो चाए, अचाए, अचाए चेव चाए"**

આ વાક્યથી સમજાવે છે કે-તેઓ મોહાધીન બનીને દીક્ષા માટે સંમતિ નજ આપે તો પણ દીક્ષા લેનારો માબાપના હિતને કરનારો

છે અને તે વખતે માબાપની દરકારમાં સંસારમાં પડી રહેનાર, માતાપિતાનું અહિત કરનાર છે. બાકી જેઓ આજે દીક્ષા સ્હામેજ માતાપિતાની ભક્તિની વાતો કરે છે અને બીજી તરફ કામાન્ધ કે અજ્ઞાનાન્ધ બનીને પોતેજ માતાપિતાનો ત્યાગ કરે છે, તેઓની વાતને ધર્માર્થીએ સાંભળવીજ નહિ એજ હિતાવહ છે. અને જેઓ સર્વવિરતિ ધર્મને અંગીકાર ન કરી શકતા હોય, તેઓએ માતાપિતાની સેવા કરવા સાથે તેમનો બોજો પોતે ઉઠાવી લઇને પણ, તેઓને ધર્મકરણીમાં જોડવા જોઇએ અને એવાજ સંતાનને સુસંતાન કહેવાય છે." આ બધું વિચારતાં સ્પષ્ટ થાય છે કે- 'સાધુઓ દીક્ષા માટે કોઇનેય ભગાડતા નથી. પરન્તુ જ્યારે માતાપિતા રજા ન આપતાં માર્ગ રૂંધે અને ધર્મદ્રોહીઓ બળાત્કાર કરે, ત્યારે આત્મકલ્યાણને ઇચ્છતા આત્માને જ તેઓથી દૂર ચાલ્યા જવું પડે છે.'

**પ્ર.૮૭ વળી વિરોધીઓ શું શું કહે છે ?**

ઉ. વારંવાર પ્રસંગે પ્રસંગે આવો સદ્‌બોધ આપનાર મહાત્મા 'માતાપિતાની ભક્તિ કરવાની ના પાડે છે.' -એમ કહેવું, એ કેવલ દ્વેષમયતા વિના બીજું શું છે ? આમાં તો માતાપિતાની સાચી ભક્તિની પ્રેરણાજ ભરી છે. હવે જ્યારે એ દલીલમાં પણ તેઓ ફાવતા નથી. ત્યારે તેઓ કહે છે કે- આ 'પૂ. પ્રવચનકાર મહાત્મા શ્રીસંઘમાં ક્લેશ કરાવે છે.' શ્રી સંઘની અવગણના ? -એ વિષે વિચારતાં આપણે જોઇ ગયા છીએ કે-જેઓ પોતાનામાં સંઘત્વની અંશતોપિ યોગ્યતા કેળવી શક્યા નથી ને કેળવવા ઇચ્છતા નથી, છતાં શ્રીસંઘને નામે સત્તા ચલાવવાની ને રૂપમા પ્રભુસમ પૂજાવાની જેમની દુર્લાલસા છે, તેઓ વારંવાર ધર્મપ્રવૃત્તિ ઉપર આક્રમણ કરે છે. આવા પ્રસંગે પૂ. પ્રવચનકાર મહાત્મા પૂ. શ્રીસંઘના કર્તવ્યનું ભાન કરાવે છે અને એના યોગે ધર્માત્માઓ પોતાના ધર્મને સંરક્ષણ માટે પેલાઓની આપખૂદ ને આત્મનાશક સત્તાને આધીન ન થાય ત્યારે સ્હેજે ત્યાં બે વિભાગ પડી જ જાય. પણ એથી કાંઇ સત્યનો ઉપદેશ બંધ કરાય ? નહિ જ. બાકી ધર્મદ્રોહીઓ તો પ્રભુના વરઘોડામાં,

ગુરૂવરના સામૈયામાં ને ધર્મવ્યાખ્યાનમાં પણ ગુંડાશાહી બતાવવા ચૂક્યા નથીજ ને ? છતાં આજે ચોરી ને ઉપરથી શિરજોરી કરાય છે.

**પ્ર.૮૮ મહાત્મા શું ફરમાવે છે ?**

ઉ. પૂ.પ્રવચનકાર મહાત્મા ફરમાવે છે કે:- "અમે જૈન સાધુ થયા તે પણ આગમના પ્રતાપે અને તમે શ્રાવક કહેવાઓ તે પણ આગમના પ્રતાપે. આગમના અભાવે ન હોય સાધુપણું કે ન હોય શ્રાવકપણું ! માટે જે જે વિષયો ચર્ચાસ્પદ છે, તે તે વિષયોનો નિર્ણય આગમનાં પ્રમાણો દ્વારા જે આવે તે સ્વીકારવાનું સૌ કોઇ કબૂલે તો જૈન સમાજમાં વ્યાપી રહેલી આ અશાન્તિ સ્હેજમાં દૂર થાય અને શાન્તિ થતાં સૌ કોઇ જો ધર્મમાર્ગે પ્રગતિ કરવા માટેજ પ્રયત્નશીલ બને, તો પોતાના આત્માનું પણ કલ્યાણ સાધી શકે અને ઇતર જગત્‌ને પણ આ પ્રભુમાર્ગે દોરી શકે. બાકી જેઓ આગમનેજ પ્રમાણભૂત માનવાને તૈયાર ન હોય, તેઓનું શ્રાવકપણું બીજી કોઇજ રીતિએ સિદ્ધ થતું નથી અને તેવાઓના નામથી ઇતર જગત્ છેતરાઇ પ્રભુધર્મ સંબંધી ગેરસમજમાં દોરવાય નહિ તે માટે ઘટતા પ્રયત્ન કરવાની જરૂર છે. મારૂં તો માનવું છે કે-તેઓ જો સર્વજ્ઞ પ્રભુએ કહેલ આગમને પ્રમાણભૂત માને તો વગર સમાધાને સમાધાન થઇ જાય તેમ છે, કારણકે-આપણી તો પૂ. આગમ ગ્રંથોને પંચાંગી સહિત પ્રમાણભૂત માનવાની પ્રતિજ્ઞા છે. એમાંજ આપણે તો સાધુપણું અને શ્રાવકપણું માનીએ છીએ." આમ - 'કલેશ કરાવે છે' -એ આરોપ પણ ટકી શકતો નથી. કલેશ તો તે કરાવે છે, કે જેઓ જિનાજ્ઞાઓને ઉથલાવવા ઇચ્છે છે. બાકી જો ધર્મવિરોધીઓએ પૂ. આગમોની આજ્ઞા વિરૂદ્ધ પગલાં ન ભર્યા હોત તો આજે જૈનસમાજ આવા પૂ. પ્રવચનકાર મહાત્માને પામીને નન્દનવન સમોજ બન્યો હોતને ?

**પ્ર.૮૯ ફાવટ ન આવતાં ધર્મ દ્વેષીઓ શું કહે છે ? અને શું પ્રમાણ આપે છે ?**

ઉ. જ્યારે આમ કોઇ પણ રીતિએ તેઓ પોતાની માન્યતાને સિદ્ધ

કરવામાં સફળ નિવડી શકતા નથી, ત્યારે તેઓ એમ કહે છે કે- પૂ. પ્રવચનકાર મહાત્મા લોકવિરૂદ્ધ દીક્ષાઓ આપે છે ! અને તેમ ન થવું જોઇએ ! તદર્થે જયવીયરાય સૂત્રમાં આવતા લોગવિરૂદ્ધચ્ચાઓનું પ્રમાણ રજુ કરે છે.

**પ્ર.૯૦ જયવિયરાયમાં શેનો સ્પષ્ટ સ્ફોટ છે ?**

ઉ. લોકથી વિરૂદ્ધ જે કાર્યો એટલે સુજ્ઞ જનોથી નિન્દિત કાર્યોનો ત્યાગ કરવાનું આ સૂત્રમાં દર્શાવાયું છે. આ ગ્રન્થમાં પાંચમા વ્યાખ્યાનથી એજ જયવીયરાય સૂત્ર ઉપર વિવેચના કરવામાં આવી છે. રોજ પ્રભુ પાસે એ સૂત્ર દ્વારા થતી માંગણીઓ સમજાવાઇ છે અને લોગવિરૂદ્ધચ્ચાઓ સૂત્રની કલિકાલ-સર્વજ્ઞ શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજાએ રચેલી ટીકાનો આધાર લઇને લોકવિરૂદ્ધ અને લોકવિરોધ એ બે વસ્તુ વચ્ચે રહેલા ભેદનો સુન્દર સ્ફોટ કર્યો છે.

**પ્ર.૯૧ સદા માટે શું રહેવાનું જ ?**

ઉ. કોઇ પણ અવસર, ભૂત-ભાવિ કે વર્તમાન કાલમાં એવો નથી આવ્યો, નથી આવવાનો કે નથી અત્યારે, કે જ્યારે સર્વજનો એક જ મતના હોય. ધર્મ ને અધર્મ, સત્ય ને અસત્ય, નીતિ ને અનીતિ, સદાચાર ને દુરાચાર, મોહ ને નિર્મોહ, એ બે રહેવાનાં જ.

**પ્ર.૯૨ કોણ શેનો વિરોધ કરવાના ? કોણ શેને તજે જ નહિ ?**

ઉ. અને તેટલા જ ખાતર અસદ્ વસ્તુની ઉપાસનામાં ભાનભૂલેલાં સદ્ વસ્તુનો વિરોધ કરતા જ રહેવાના અને તેથી જો સદ્ વસ્તુનો ત્યાગ કરાય, તો પરિણામ એજ આવે કે-સદ્ વસ્તુનો લોપ થાય. પરન્તુ સદ્ વસ્તુના ઉપાસકો તેને તજેજ નહિ.

**પ્ર.૯૩ લોક વિરૂધ્ધનો ત્યાગ પણ શા માટે ?**

ઉ. એટલે જે જે લોકવિરૂદ્ધ તેનો ત્યાગ ખરો જ અને તેથી તો એની ટીકામાં લોકવિરૂદ્ધ કાર્યોની ગણના કરી : બાકી જ્યાં જ્યાં લોકવિરોધ, તેનો તેનો ત્યાગ નજ કરાય. વળી સમજવું જોઇએ કે-એ

લોકવિરૂદ્ધ કાર્યોનો ત્યાગ પણ પ્રભુમાર્ગની આરાધના થઇ શકે અને તે દ્વારાએ મુક્તિ પામી શકાય તેટલાજ માટે છે.

**પ્ર.૯૪ જ્યારે આજે કોણ ભગવાનની આજ્ઞાને શું બનાવે છે ?**

ઉ. જ્યારે અત્યારે ધર્મદ્રોહીઓ એજ શબ્દોને નામે પોતાની પ્રભુમાર્ગની વિનાશક પ્રવૃત્તિઓને પોષવા મથે છે : અનન્તજ્ઞાનીઓએ ઉપદેશેલા માર્ગનો નાશ કરવામાં પણ એજ અનન્તજ્ઞાનીઓએ કેવલ આત્મકલ્યાણ માટે જ ઉપદેશેલ આજ્ઞાને દારૂગોળો બનાવે છે.

**પ્ર.૯૫ શું વિચારણીય છે ?**

ઉ. ઉપરાન્ત એ પણ વિચારણીય જ છે કે-જ્યારે એક તરફ તેઓ શાસ્ત્રોને વિકારી અને શાસ્ત્રકારોને સ્વાર્થી-ઇન્દ્રજાલીયા વિગેરે શબ્દોથી સંબોધે છે, ત્યારે આ સૂત્રની આજ વસ્તુનો ઉપયોગ કેમ કરાય છે ?

**પ્ર.૯૬ એઓ શું માનતા હોય તો શું માનતા નથી ?**

ઉ. વળી જો તેઓ લોગવિરૂદ્ધચ્ચાઓ માં માનતા હોય, તો તેજ સૂત્રમાં દર્શાવેલ ભવનિર્વેદ-માર્ગાનુસારિતા-ઇષ્ટફલ (મોક્ષ)ની સિદ્ધિ-ગુરૂ જન પૂજા-પરાર્થકરણ શુભ ગુરૂનો યોગ તેમના વચનની ભવ રહે ત્યાં સુધી અખંડ સેવા તેમજ ભવે ભવે શ્રી જિનેશ્વરદેવોના ચરણની સેવા વિગેરેને કેમ માનતા નથી ?

**પ્ર.૯૭ કોણ શેનો વિરોધ ન કરે ?**

ઉ. જેઓ સંસારથી વિરાગ મેળવવાની અને સમ્યગ્ દર્શન-જ્ઞાન ચારિત્રરૂપ મોક્ષમાર્ગે ચાલવાની માગણી કરે, તે વૈરાગ્યનો વૈરી હોય ? તે વીતરાગપ્રભુના વચનનો દુરૂપયોગ કરી દીક્ષા નો વિરોધ કરે ? નહિ જ.

**પ્ર.૯૮ ધર્મી આત્માઓ શું આપી શકે નહિ ? આથી કોણ કેવા નિવડે છે ?**

ઉ. એટલે અજ્ઞાન લોકના વિરોધને લેશ પણ મચક ધર્મી આત્માઓ આપીજ શકે નહિ અને તેથીજ તેઓ શ્રીમદ્, લોકવિરોધનો સામનો

કરીને પણ પોતાના આત્મબળથી સન્માર્ગનો પ્રચાર કરી રહ્યા છે. એટલે ધર્મવિરોધીઓ તરફથી થતો આ આક્ષેપ પણ નિષ્ફલ નિવડે છે.

**પ્ર.૯૯ કયા મહાપુરૂષોએ શું કર્યું છે ?**

ઉ. પૂર્વના પણ અનેક મહર્ષિઓએ ભયંકર લોકવિરોધ વચ્ચે જરાય નમતું મૂક્યા વિના શાસનસેવા કરી છે અને વીસમી સદીના પરમ પ્રભાવક શ્રીમદ્ વિજયાન્દસૂરીશ્વરજી મહારાજાએ પણ એજ રીતિએ શાસનસેવા બજાવી છે.

**પ્ર.૧૦૦ આથી હાલ શું કરવું સ્થાને ગણાશે ?**

ઉ. આ રીતિએ અનેકાનેક દોષારોપણ છતાં તેઓ કોઇજ રીતિએ ફાવી શક્યા નથી, ત્યારે તેઓએ શાસનહીલનાનો હાઉ ઉભો કરવાની ધમાલ મચાવી છે. કોઇ સ્થળે કોઇ ભાગ્યવાન આત્મા પ્રવજિત થનાર હોય, કે તરત ધર્મવિરોધીઓ ત્યાં પહોંચી જાય અને તદ્દન ગપ્પાં ચલાવી ત્યાંની જનતાને ઉશ્કેરે, રાજ્યના અમલદારોને ઉંધું સમજાવી મનાઇ હુકમ કઢાવે, તેના કુટુમ્બની બાંહ્યેધરી કરી દીક્ષા લેનાર સગીર ન હોય તોય સગીર કહેવડાવી કેસ ઉભો કરે, વિહારમાંથી પૂ. મુનિવરો ઉપર આક્રમણ કરીને દીક્ષિતને ઉપડાવે, તેમજ બને તેટલી ધાંધલ મચાવે અને જ્યારે એકેયમાં ન ફાવે ત્યારે છાપાનાં કોલમોમાં દીક્ષિત થનાર પુણ્યાત્મા અને દીક્ષા આપનારને વગોવવાને માટે નહિ બનેલી અને અછતી બાબતો લખી, પોતેજ તેના ઉપર ટીકા કરે અને શાસનહીલનાનાં રોદણાં રોવાની દાંભિક્તા સેવે. આથી સુજ્ઞજનો એથી ઉંધે માર્ગે દોરવાઇ જઇને દીક્ષાવિરોધ કરી બળાત્કારે પણ દીક્ષિત થનારને પતિત કરી ભયંકર મહાપાપમાં ન ડૂબે, તે માટે શાસ્ત્રકારોએ આ વિષયમાં કરેલો ખુલાસો રજુ કરવો સ્થાને ગણાશે.

**પ્ર.૧૦૧ પૂ. પ્રવચનકાર મહાત્માશ્રીએ, શ્રી દેશવિરતિ ધર્મારાધક સમાજના અમદાવાદમાં મળેલા પાંચમા અધિવેશનમાં બીજા દિવસની કાર્યવાહી મુજબ, કેટલાકોએ પૂછેલા પ્રશ્નોના ખુલાસા કર્યા હતા. તેમાં**

**પહેલો પ્રશ્ન એ હતો કેઃ- 'દીક્ષા લેનારને એક પણ દિવસ તેની મરજી વિના પરાણે રોકવામાં આવે અને તે પરિણામ ચૂકી જાય, તો તેને બળાત્કારથી રોકનાર જૈનશાસ્ત્રો મુજબ કેવા પ્રકારના કર્મનો બંધ કરે ?'**

ઉ. આ પ્રશ્નનો ઉત્તર, પૂ. પ્રવચનકાર મહાત્માશ્રીએ તે પ્રસંગે વિસ્તારપૂર્વક સજ્જડ દલીલો દ્વારા આપીને સમજાવ્યું હતું કે-કોઇ પણ દીક્ષિતને-દીક્ષા લેવાને તૈયાર થએલાને પતિત કરનાર મહા મોહનીય કર્મ બાંધે. પોતાના એ કથનને સિદ્ધ કરતાં તેઓ શ્રીમદે જે આગમ પ્રમાણ દર્શાવ્યું હતું તે આ રહ્યું :- "શ્રી ગણધરદેવ એટલે ભગવાન્ શ્રી જિનેશ્વરદેવના હસ્તદીક્ષિત, દ્વાદશાંગીના સ્વયંપ્રણેતા, શાસનના પરમ આધારભૂત એવા મહર્ષિ, તેને હણી નાંખનાર જે જાતિનું કર્મ બાંધે, તે જાતિના મહા મોહનીય કર્મને સંયમ લેવા તૈયાર થયેલાને બળાત્કારે પતિત કરનાર બાંધે. આ બાબતને બતાવતી ચોથા અંગસૂત્ર શ્રી સમવાયાંગ સૂત્રની મૂળગાથા આ રહી-

**"उवट्ठीयं पडिविरयं, संजय सुतवस्सियं ।**
**वुक्कम्म धम्माओ मंसेइ, महामोहं पकुव्वइ ।।२१।।१८।।"**

'જે આત્મા સંયમ લેવા ઉપસ્થિત થયો છે અથવા સઘળાં સંસારનાં બંધન છોડી સંયમી બન્યો છે, તે સંયત, સુતપસ્વી આત્માને બળાત્કારથી ધર્મમાર્ગથી ભ્રષ્ટ કરે, તે મહામોહનીય કર્મ બાંધે.' -એમ ચોથા શ્રી સમવાયાંગ સૂત્રમાં ભગવાનના હસ્તદીક્ષિત પાંચમા ગણધરદેવ શ્રી સુધર્માસ્વામિજી મહારાજા કહે છે. હવે એજ ગાથાની ટીકામાં ગાથાના ભાવને સ્પષ્ટ કરતાં ટીકાકાર મહર્ષિ સાફ સાફ લખે છે કે-

"उपस्थितं प्रवज्यायां-प्रवितर्जिषुमित्यर्थः, प्रतिविरतं सावद्ययोगभ्यो निवृत्त प्रव्रजितमेवेत्यर्थ. संयत साधु सुतपस्विनं तपांसि कृतवन्तं शोभनं वातपाश्रितं आश्वितं क्वचित् जे भिक्खुं जगजीवणं तिपाठ. तत्र जगन्ति-जंगमानि अहिंसकत्वेन जीवयतोति जगज्जीवनस्तं विविधैः प्रकारैरुपक्र म्याक्रम्य

बलादित्यर्थः, धर्मात्-श्रुतचारित्रलक्षणाद भ्रंशयति यः स महामोहं प्रकरोतीति अष्टादशं ।।१८।।"

'સંયમ લેવાની ઇચ્છાવાળા આત્માની અને જેટલાં જેટલાં પાપવ્યાપારો તેનાથી નિવૃત્તિ પામેલા સંયમી સુતપસ્વી આત્મા, જેણે ઉત્તમ પ્રકારના તપને જીવનમાં આશ્રિત કર્યો છે, જગત્‌ના જેટલા જીવો તેને જીવિતદાન આપનારા એને, વિવિધ પ્રકારના ઉપાયો કરીને, આડું-અવળું સમજાવીને, ભયંકર જાતિનાં આક્રમણ કરી, બળાત્કારે શ્રુતચારિત્રરૂપી ધર્મ, એનાથી જે આત્મા એનો પાત કરે, એ આત્મા મહામોહનીય કર્મથી પોતાના આત્માને લિપ્ત બનાવે છે.' આ રીતિએ એક દીક્ષા લેવાને તૈયાર થએલા આત્માને બળાત્કારે પતિત કરનાર વ્યક્તિને, શ્રી ગણધર ભગવાનનું ખૂન કરવાથી જે દોષ લાગે તે દોષ લાગે. આવો દોષ લાગે છે, એમ જાણ્યા પછી પણ કયો કલ્યાણકાંક્ષી આત્મા દીક્ષા લેવાની ભાવનાવાળાને દીક્ષા લેતો અટકાવવાના મહામોહનીય કર્મ ના જનક કાર્યને કરે ? એટલે આ વાંચનારને આગ્રહ પૂર્વક નિવેદન છે કે-તેઓએ આજ સુધીમાં અજાણપણે એવા પાપકૃત્યમાં ભાગ લીધો હોય, તો પણ તેનો પશ્ચાત્તાપ કરી, ગીતાર્થ ગુરૂ પાસે એનું પ્રાયશ્ચિત લઇને ભવિષ્યમાં તેવા આત્મઘાતક કૃત્યથી પોતાના આત્માને બચાવી લેવો. બાકી જેઓ દીક્ષા વિરોધને અંગે પૂ. પ્રવચનકાર મહાત્માશ્રીની પણ અવહેલના કરી રહ્યા છે, તેઓએ તો જ્યાં અસત્યસેવન ને કર્માવરણનો ભયજ છોડ્યો છે, ત્યાં તેમને આવા કર્મનો ડરજ ક્યાં લાગવાનો છે ? પરન્તુ એના વિપાક વખતે એમની જે કરૂણાલ હાલત થવી છે, એની કલ્પના પણ પ્રકમ્પ ઉપજાવે છે. તેવાઓ એમનાં પાપ કૃત્યોમાં ફાવી જઇને ધર્મધ્વંસ કરી શકે, તે પૂર્વે ધર્મીઓએ તો એનો દરેક રીતિએ પ્રતિકાર કરવોજ જોઇએ અને સાથેજ તેવા પરલોક અને પાપકર્મથી નીડર બનેલાઓની ભાવ દયા પણ ચિન્તવવી જોઇએ.

**પ્ર.૧૦૨ છેલ્લે પ્રવચનકાર રાજકીય ચળવળના વિરોધી છે ? એમ**

**કહીને ધર્મદ્રોહીઓએ શું કર્યું ?**

ઉ.. પૂ. પ્રવચનકાર મહાત્માશ્રી સ્હામે જગાવવામાં આવેલા અનેકાનેક ઉધમાતોમાં એક એ પણ છે કે- 'તેઓશ્રી રાજકીય ચળવળના વિરોધી છે.' આ વાત પણ પહેલાંની વાતો જેટલીજ અજ્ઞાનતાભરી અને તેટલીજ અસત્ય છે. જૈન સાધુઓના આચારજ એવા છે કે-તેમને રાજકીય ચળવળ સાથે કાંઇજ સંબંધ ન હોય. તેઓનું જીવન ધર્માચારમય હોય છે, તેઓનો ઉપદેશ ધર્મ સંબંધીજ હોય છે અને તેઓ માત્ર ધર્મતત્ત્વના પ્રચારમાંજ જગતનું કલ્યાણ માની જગત્માં વિચરે છે. અને તેથીજ જ્યાં જ્યાં ધર્મને નામે ધર્મઘાતની પ્રવૃત્તિઓ મંડાતી હોય, ત્યાં અજ્ઞાન વિશ્વ મુંઝાઇને ઉન્માર્ગે ન દોરવાઇ જાય તે પૂરતોજ તેઓ એ વિષયનો સત્ય સ્ફોટ કરે છે અને તેથી તેને રાજકીય ચળવળનો વિરોધ કહેવા કરતાં, અધર્મનો વિરોધજ કહેવો જોઇએ. હિન્દમાં ચાલેલી છેલ્લી કાયદાભંગની ચળવળ પ્રસંગે જે રીતે દેશહિતના કાર્યમાં કલ્યાણ માનનારાઓ તરફથી પતિને પત્નિ છોડવાનું, પુત્રને માતાપિતાની આજ્ઞાની અવગણના કરીને પણ જોડાવાનું, સ્નેહિ-સંબંધીને તજવાનું ને મોત માટે તૈયાર રહેવાનું સૂચવાયું હતું, તે સંબંધી પૂ. પ્રવચનકાર મહાત્માશ્રીએ વિવેચન કરીને એ રીતિએ અપાતી અને લેવાતી સ્વપર કલ્યાણને કરનારી દીક્ષાનું પણ પ્રતિપાદન કર્યું હતું. આ સિવાય તેઓ શ્રીમદ્ કાંઇજ તે સંબંધી વધ્યા ન હતા, પરન્તુ મુંબઇમાં સ્થપાએલા ધર્મદ્રોહી જૈન યુવક સંઘે જેમ ઘણીવાર જુઠાણાઓ દ્વારા પૂ. પ્રવચનકાર મહાત્માની સ્હામે જૈન કુલાંગારને છાજતાં લખાણો લખ્યાં હતાં, તેજ રીતિએ ચાલુ રાજકીય ચળવળની ઓથ શોધીને, તદ્દન જુઠાંણાંભરી બાબત પ્રસરાવી હતી કે-પૂ. પ્રવચનકાર મહાત્મા યંત્રવાદને પોષે છે, સ્વદેશીને નિન્દે છે, તકલી ફેરવવામાં મીલના સંચા કરતાંય વધારે પાપ કહે છે અને ગાંધીજીને મીઠાચોર કહી મીઠાના કાયદાના ભંગની પ્રવૃત્તિને નિન્દે છે. આવા ભાવાર્થનું લખાણ એની દૈનિક શૈલિ મુજબ તદ્દન ગલીચ ભાષામાં મૂકવામાં આવ્યું હતું અને

પોતાની લાગવગવાળાં પત્રોમાં પણ એનું પ્રકાશન કરાવાયું હતું. આથી જૈન કે જૈનેતર જગત્ એ પ્રપંચનું ભોગ ન બને તેટલાજ ખાતર, તા. ૨૬-૩-૩૦ નેદિને પોતાનું દૈનિક પ્રવચન પૂર્ણ કરતાં પૂર્વે જે ખુલાસો પૂ. પ્રવચનકાર મહાત્માએ કર્યો હતો, તે પોતાની સમ્પાદકીય નોંધ સાથે 'જૈન પ્રવચન' ના સમ્પાદકે પ્રગટ કર્યો હતો. તે આ રહ્યો :-

જાણકારના તખલ્લુસથી જૈન યુવક સંઘ પત્રિકાએ ફેલાવેલી તદ્દન બનાવટી અફવા !

મુનિપ્રવરશ્રી વિરોધીઓના આંતર સ્વરૂપનું ઉદ્ઘાટન કરે છે.

મુંબઇમાં સ્થપાયેલા જૈન યુવક સંઘની ધર્મનાશક પ્રવૃત્તિથી કોઇ અજાણ્યું નથી. તેણે પૂજ્ય મુનિ મહારાજાને નિંદવાની પ્રવૃત્તિઓ કરવામાં આજ સુધી કશી જ કમીના નથી રાખી. પોતાના પરમ ગુરૂદેવોની છત્રછાયા નીચે અહીં લાલબાગમાં વિરાજતા મુનિપ્રવર શ્રીમદ્ રામવિજયજી મહારાજ, કે જેઓ ઉન્માર્ગોનું ઉન્મૂલન કરનારી અને મોક્ષમાર્ગનું પ્રતિપાદન કરનારી દેશના નિરંતર આપી રહ્યા છે, તેઓને હલકા પાડવા માટે અને તેઓની દેશના અટકાવવા માટે અનેકાનેક પ્રયત્ન કરવા છતાં નિષ્ફલ નીવડવાથી, હાર્યો જુગારી બમણું રમે -એ કહેવત અનુસારે એક છેલ્લો દાવ ખેલવામાં આવ્યો છે, અને તે દ્વારા ઇચ્છયું છે કે-મુનિપ્રવર શ્રમદ્ રામવિજયજી મહારાજ કોઇ પણ રીતિએ હલકા પડે અને આપણે આપણું ધાર્યું કરી શકીએ : પણ તેઓની તે ધારણા આકાશકુસુમ મેળવવા જેવી છે. આ છેલ્લા દાવમાં તેઓએ ભયંકર જુઠનું સેવન કરવા સાથે મૂર્ખતાનું પણ વિચિત્ર પ્રદર્શન કર્યું છે. તે દર્શાવવા માટે બુધવાર તા.૨૬-૩-૩૦ના દિવસે વ્યાખ્યાન સમાપ્ત થવા અગાઉ, મુનિપ્રવરશ્રીએ જે ખુલાસો કર્યો છે તે જનતાની જાણ માટે નીચે રજુ કરવામાં આવે છે :-

## પૂ. મુનિપ્રવરશ્રીનો ખુલાસો.

નિરંતર વ્યાખ્યાનમાં આવતા તમે જાણોજ છો કે- વર્તમાન રાજદ્વારી હીલચાલના સંબંધમાં, તે હીલચાલમાં પ્રકટ થયેલી આપણને હિતકારી. એક બે બાબતો સિવાય, કોઇ પણ દિવસ આપણે કશુંજ બોલ્યા નથી. વિરોધ કરનારાઓએ આજ સુધી અનેક રીતિએ વિરોધ કર્યો, પણ તેઓ તદ્દન ઉન્માર્ગે હોવાથી જરા પણ ફાવી શક્યા નથી. એકાંત હિત બુદ્ધિથી કહેવાયલા એક વાક્યને ઉપાડી ઠામ ઠામ દોડાદોડ કરી અને વસ્તુસ્થિતિથી અજ્ઞાન લોકોને ભેળા કરી ઠરાવો કર્યા અને કાગળના ઘોડે તે ઠરાવોને દોડાવ્યા. પણ તેમાંય તેઓએ ભયંકર નિષ્ફળતા મેળવી અને પરિણામે એ ચળવળના એક આગેવાનને કબૂલ કરવું પડ્યું કે- દારૂઇંડા પ્રકરણની ચર્ચા કોઇ તત્ત્વ ઉપર ઉભી થયેલી નહોતી, તેથી તેને લગતી આખી હીલચાલમાં આપણે પહેલેથી છેલ્લે સુધી ખ્યાલી આવેશને વશ બનીને ધમાલ કરી છે, એમ કહ્યા વિના નહિ ચાલે અને તેથીજ આપણે આ બાબતમાં જૈનેતર વર્ગમાં ભારે હાંસીપાત્ર બની રહ્યા છીએ, એમ તટસ્થ જોનારને કબુલ કરવું પડશે. પ્રવચનકાર કે ઉપદેશકારકને આવી રીતે ઉપદેશ કરવાનો હક્ક છે. પ્રસ્તુત ચર્ચા નિરર્થક હતી અને અનર્થકારક બની છે -વિગેરે. આ ઉપરાંત વ્યાખ્યાન બંધ કરાવવા માટે પણ બધે ફરી વળ્યા, પણ તેમાંય પાછા પડવાથી હવે તેઓ એક નવોજ દાવ ખેલી જુએ છે અને કોઇ પણ રીતિએ ધૂળ ઉડાડવાનો કૂટ પ્રયત્ન આદરે છે. એઓએ જોયું કે-અત્યારે સત્યાગ્રહની હીલચાલ જોસભેર ચાલી રહી છે, એટલે તેને માટેના કંઇક અયોગ્ય શબ્દો મહારાજના મુખમાં મૂકીએ, તો આપણી ફાવટ થાય એમ માની એક અથડામણ ઉભી કરનારો કીસ્સો ઉપસ્થિત કર્યો છે. પણ એ કિસ્સો ઉભો કરવાની ઘેલછામાં અને તેની પ્રસિદ્ધિ કરી લેવાના તાનમાં, તેઓ એ પણ ભૂલી ગયા કે-શ્રી જિનેશ્વરદેવના પ્રવચનને પામેલો અને પ્રભુમાર્ગને

જાણનારો એવું ગાંડું ન જ બોલે, કે જે ચારની વચ્ચે પૂરવાર કરવું ભારે પડે : પણ બિચારા વિરોધ કરનારા સીધો હલ્લો ન લાવી શકે, એટલે બનાવટી વાતો ન નીપજાવે તો બીજું કરે પણ શું ? હું તો રોજ કહું છું કે-દુનિયાની કાર્યવાહી સાથે સાધુઓને કશુંજ લાગતું વળગતું નથી. સાધુ તો સારાય સંસારને એટલે કે રાજ્ય, ઋદ્ધિ, સિદ્ધિ અને સાહ્યબી વિગેરે તમામને અસાર માને છે : કેવલ એક મોક્ષનેજ વાસ્તવિક રીતિએ સારભૂત માને છે. શ્રી જિનેશ્વરદેવે એજ કહ્યું છે અને અમે પણ એજ માનીએ છીએ અને અહીં આવે એને રોજ એજ સંભળાવીએ છીએ. દર્શન, જ્ઞાન અને ચારિત્ર સિવાય ચોથી કોઇ વસ્તુની વાત આપણે કરતા નથી : માત્ર એ રત્નત્રયીનુંજ મંડન કરીએ છીએ. આથી તો વિરોધીઓ સમજ્યા કે- 'અહીં તો સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર સિવાયની ચોથી વાતજ નથી.' એટલે જ એ લોકોએ નવો દાવ ફેંક્યો અને આ (મુંબઇ જૈન યુવક સંઘ પત્રિકા) પત્રિકામાં જાણકારના તખલ્લુસથી જાહેર કર્યું કે- રામવિજયજી કહે છે કે- આ લડતમાં ગાંધીને પૈસાની કે માણસની મદદ કરવી તે પાપ છે, કારણ ગાંધી મીઠાની ચોરી કરવા જાય છે, તેથી સાચા શ્રાવકોનો ચોરીમાં કદાપિ કોઇ પ્રકારનો સાથ હોય જ નહિ. તેમજ ખાદી ન પહેરવાની બાધા આપી રહ્યા છે - વિગેરે આ પ્રમાણેની જાહેરાત કરીને તેઓએ પોતાની જાતને બરાબર ઓળખાવી છે. સત્યાગ્રહની હીલચાલના નાયક પોતે જગત્ના ચોગાનમાં ખુલ્લું કહીને જાય છે, પોતાને કેમ પકડતા નથી એવી દાંડી પીટી પીટીને જાય છે, એંસી જણ સાથે ન પકડે તે એંસી હજાર સાથે કેમ પકડશે ? -એમ કહીને આવી ખુલ્લી રીતે જનારને કોઇ પણ ચોર કહે ખરો ? ખરેખર, આ પત્રિકાના કાઢનારાઓએ બુદ્ધિનો સ્હેજ પણ ઉપયોગ કર્યા વિનાજ આ લખાણ પ્રગટ કર્યું છે. ઇર્ષ્યાથી આવી રીતે પામર આત્માઓ બનાવટી વાતો ઉભી કરે છે. આ બધું કહેવાની આપણને જરૂર નહોતી, પણ આ લોકોએ આપણને ફરજ્યાત બોલવાનો પ્રસંગ આપ્યો છે. જે

વખતે જે પ્રવૃત્તિ ચાલતી હોય, તેના ઓઠા તળે વિપ્લવ જગાડવાની એઓની દુષ્ટ મનોવૃત્તિ સ્પષ્ટ થાય છે. જૈન યુવક સંઘના સેક્રેટરીઓ સોલીસીટર, પ્રોફેસર અને અન્ય ડીગ્રીઓને ધારણ કરનારા છે : એના સભ્યોમાં પણ એલ. એમ. એસ કે એમ. બી.બી.એસ વિગેરે ડીગ્રીધરો છે : પરંતુ દુર્ભાવના જાગે ત્યારે વિદ્યાનો દુરૂપયોગ કરવાનુંજ મન થાય છે, તેનું આ સ્પષ્ટ ઉદાહરણ છે. દુર્ભાવનાને આધીન થયેલો ખોટું બોલતાં કે લખતાં જરાયે અચકાતો નથી, પરંતુ હું કહું છું કે-આથી એમની પ્રતિષ્ઠા ઘટે છે અને ડીગ્રીઓ લાજે છે. જેમના પગલે ચાલવાનો તેઓ દેખાવ કરે છે, એમણે તો કહ્યું છે કે- "આ લડત શરૂ થયા પછી ભણનાર વિદ્યાર્થી, કોલેજીયન, વકીલ અને વેપારી જો સ્કુલ, કોલેજ, કોર્ટ કે દુકાન ન છોડે તો તે દેશના દ્રોહી છે." હવે વિચાર કરશો તો માલૂમ પડશે કે- દેશના વાસ્તવિક દ્રોહી કોણ છે ? જેઓ આજે વાતો કરે છે, તેઓને તપાસો તો વસ્તુતઃ દંભજ જણાઇ આવશે. દેશની હીલચાલના નાયકો આવાઓને સારી પેઠે ઓળખે છે. દેશનાયકો જે કોલેજોને પોષવાની પોકારી પોકારીને ના કહે છે, તે કોલેજોને આ લોકોજ પુષ્ટ કરી રહ્યા છે. હિંસા કરીને પણ ડાક્ટરી લાઇન ચલાવી રહ્યા છે. એ શું ઓછું શરમભર્યું છે ? જે સમયે રાજકીય પ્રવૃત્તિમાં પણ અહિંસક રહેવાની ઉદ્‌ઘોષણાઓ થાય છે, તે સમયે વિદ્યાભ્યાસમાં પણ હિંસાનું સમર્થન કરનારા આ લોકોજ છે. કોર્ટમાં ગયા વિના એક દિવસ પણ રહી શકતા નથી, રાજ્યનાં ખાતાઓને એ નિભાવે છે, કારખાનાઓ ખોલાવે છે અને વળી દેશભક્તિના દાવાઓ પણ એઓજ કરે છે ! દેશહિતથી વિપરીત વર્તન કરનારા આ ડીગ્રીધરો છે કે જૈન સાધુઓ છે-તે જગત્‌થી અજાણ્યું નથી. તેમનામાંના કેટલાયે વકીલાત છોડી ? કેટલા ઘર છોડી ગયા ? કેટલા જેલમાં જવા તૈયાર થયા ? હું તો કહું છું કે- દેશની સુલેહ થાય ત્યારે દેશદ્રોહી તરિકેના પ્રથમ ચાંદને લાયક આવાઓજ ઠરશે. આપણે તો કહી શકીએ તેમ છીએ કે- "અમે ધર્મક્રિયાઓમાં રક્ત હતા,

દર પંદર દિવસે દેશની, દેશનાયકોની, પુરજનોની અને જગદ્ભરની શાંતિ માટે શાંતિર્ભવતુના પાઠથી શાંતિ ઇચ્છતા હતા. દુનિયાભરની શાંતિ માટે અમારી પ્રાર્થના ચાલુજ હતી." એટલે દેશ તથા દુનિયા માટે આપણી પ્રવૃત્તિ તો ઉપકારક છે. યંત્ર, મીલ, કારખાનાં -એ બધાને જૈનશાસનમાં પાપ માનેલ છે. જૈનધર્મની દ્રષ્ટિએ પંદર કર્માદાન ( હિંસક વ્યાપારો )ના આપણે સખ્ત વિરોધી છીએ. વર્તમાનમાં આરંભ-સમારંભને વધારનારૂં જે શિક્ષણ દુનિયામાં અપાઇ રહ્યું છે, તેની તો જૈન સાધુઓ ના પાડતાજ આવ્યાં છે. આજે દેશના નામે વાતો કરનારા એ શિક્ષણ છોડી શકતા નથી, એનું શું કારણ છે ? શું તમને એમ નથી લાગતું કે-આ વાતો કરનારાઓને કાંઇ પણ અમલ નથી કરવો અને માત્ર ધર્મ પ્રત્યેજ વૈર કેળવવું છે ? મ્હારી તમને સલાહ છે કે-એવાઓને ઝપાટે ચડી ધર્મને ન ભૂલશો. ધર્મ ભૂલ્યા તો બધું બરબાદ ! ધર્મ ભૂલીને દેશની કે કશાની આબાદી કોઇ કરી શક્યું નથી, કરી શકતું નથી અને કરી શકશે પણ નહિ. દેવ-ગુરૂ-ધર્મને આઘા મૂક્યા તો બરબાદ થશો અને ગાંડામાં ખપશો. પરમ તારક શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાનું પાલન થાય એવી બધીજ પ્રવૃત્તિ કરો અને એ આજ્ઞાનો ઘાત થાય એવી પ્રવૃત્તિઓને છોડી દો ! એ પરમ તારકની આજ્ઞાના સેવનમાંજ સ્વનું, પરનું અને સમસ્ત વિશ્વનું કલ્યાણ સમાયેલું છે.

**પ્ર.૧૦૩ ધર્મદ્રોહીઓ કયો પ્રચાર કરે છે ?**

ઉ. ઉપરના પૂ. પ્રવચનકાર મહાત્માશ્રીએ કરેલા ખુલાસામાં અનેક બાબતો તેઓ શ્રીમદે સ્પષ્ટ કરી છે. ધર્મદ્રોહીઓ એવી એવી અનેકવાર 'જુઠાણાંની જાળો' બીછાવવામાં પણ આખરે ખુલ્લા પડી જાય છે. તેઓ રાજકીય ચળવળનો બીજી રીતિએ પણ લાભ ઉઠાવે છે-ઉઠાવવા તરફડીયાં મારે છે અને પૂ. પ્રવચનકાર મહાત્માશ્રી - 'ગાંધીજીની નિન્દા કરે છે' -એવું અસત્ય પ્રચારે છે. કોઇ પણ રાજકીય નેતાએ પોતાની તે વ્યક્તિતાનો લાભ લઇને કોઇજ ધર્મને અંગે અજ્ઞાનપણે ટીકા નજ

કરવી જોઇએ. છતાં ગાંધીજી તેથી અલિપ્ત રહ્યા નથી અને તેમણે અનેક વાર ધાર્મિક ચર્ચાઓમાં ભાગ લઇને તેમજ પોતાની માન્યતાના સમર્થનમાં ધર્મસિદ્ધાન્તો વિષે ઉન્માર્ગગામી ચર્ચા કરીને, ધર્મપુરૂષોને તેનું ખંડન કરી જનતા સમક્ષ સત્ય સ્વરૂપ રજુ કરવાનાં કારણો આપ્યાં છે. એમણે કરેલી અહિંસાની વ્યાખ્યા જૈનધર્મની અહિંસાને બંધ બેસતી નથી અને તેથી જ કુતરાં ઉપરના ગોળીબાર પ્રસંગે, વાછરડાની કરવામાં આવેલી ઘાતના પ્રસંગે, વાંદરાઓને સત્યાગ્રહ આશ્રમનાં શાક બચાવવા માટે મારવાના પ્રસંગે, તેમજ બીજા ઘણા પ્રસંગોએ તેઓએ જૈન ધર્મની અહિંસાને નિષ્કારણ સંડોવી ગેરસમજ ઉભી કરી હતી. આવા પ્રસંગે ધર્મધ્વંસને નહિ ઇચ્છતા પૂ. પંન્યાસપ્રવરશ્રી જેવા મહાત્માઓ એ વિષયમાં યોગ્ય ખુલાસા કરે, એ કાંઇ ગાંધીજીની નિન્દા નથી અને જો એને જ નિન્દા કહેવાય, તો પરિણામે ગાંધીજી ખૂદ પણ નિન્દા કરનાર ઠરે તેમ છે. પરન્તુ કોઇનાય અધાર્મિક વિચારોના પ્રચારથી ભદ્રજનો જો ઉન્માર્ગે દોરવાઇ જાય તેમ હોય, તો ઉપકારી મહાપુરૂષ અવશ્યમેવ તેનો પ્રતિકાર કરેજ. બાકી જેઓ પૂ. પ્રવચનકાર મહાત્માશ્રીને 'ગાંધીજીની નિન્દા' ને નામેજ વગોવવા ઇચ્છે છે, તેઓ કોઇ પણ પ્રસંગે તેઓ શ્રીમદે ઉચ્ચારેલા શબ્દો રજુ કરી શક્યા નથી. અને છતાં વગર પ્રમાણો ટાંક્યે 'લાગ્યું તો તીર નહિ તો ટીક્કો' એ ન્યાયે તેમની અધમ પ્રકૃતિ મુજબ તદ્દન જુઠાણાંભર્યું પ્રચારકાર્ય કર્યે જાય છે. એવાઓને સાફ સાફ કહી દેવું જરૂરી છે કે- પૂ. પ્રવચનકાર મહાત્માશ્રીને એ રાજકીય ચળવળની કે ગાંધીજીની નિન્દા કરવાની કાંઇજ જરૂર નથી : તેઓ કરે જ નહિ. એઓશ્રીના પ્રત્યેક પ્રયત્નનું ધ્યેય એક માત્ર ધર્મપ્રચાર જ હોય અને છે.

**પ્ર.૧૦૪ પ્રવચનકાર કેળવણીના વિરોધી છે ?**

ઉ. આ ઉપરાન્ત પૂ. પ્રવચનકાર મહાત્માશ્રીને વગોવનારાઓ, એઓશ્રીને 'કેળવણીના વિરોધી' તરીકે ચીતરવાની પાછળ પણ પોતાની શક્તિનો દુર્વ્યય કરવાને ચુકતા નથી. જે પૂ. પ્રવચનકાર મહાત્મા

અનન્ત જ્ઞાનીઓની આજ્ઞાઓ સમજીને જીવનમાં ઉતારવામાં જ આત્મકલ્યાણ સમજતા હોય અને જેઓ સમ્યગ્જ્ઞાનને મોક્ષપ્રાપ્તિમાં અનિવાર્ય દર્શાવતા હોય, તેઓશ્રીના ઉપર કેળવણીના વિરોધી એવો કરવામાં આવતો આક્ષેપ ક્યાંથી સત્યાંશવાળો પણ હોય ? જેઓ શાસ્ત્રકાર મહર્ષિઓએ કહેલાં-

**"पढमं नाणं तओ दया"**

"પહેલુંજ્ઞાન ને પછી ક્રિયા, નહિકોઇ જ્ઞાન સમાન રે."

**"ज्ञान-क्रियाभ्यां प्रोक्षः"**

"જ્ઞાની જે કર્મનો ક્ષય ક્ષણ માત્રમાં કરે, તે કર્મનો ક્ષય કરવાને અજ્ઞાની પૂર્વ ક્રોડ વર્ષ લાગી મથે તોય ક્ષય ન થાય."

**"सम्यग् दर्शन-ज्ञान-चारित्राणि मोक्षमार्गः ।"**

જેવાં સુવાક્યોના પ્રતિપાદનમાં અનેકાનેક પ્રવચનો આપીને જગત્‌ને સદ્જ્ઞાન મેળવવાની પુનઃ ભલામણ કરતા હોય, તે પૂ. પ્રવચનકાર મહાત્માને કેળવણીના વિરોધી જણાવવા, એમાં શિવાય અજ્ઞાન બીજું કાંઇ જ નથી. પરન્તુ આજે તો એ ધર્મદ્રોહીઓ પોતાની દરેક પ્રવૃત્તિને ધર્મપ્રવૃત્તિ તરીકે જ પોષવા ઇચ્છે છે અને ભદ્ર જનતાના ધર્મપ્રેમનો લાભ લઇ પોતાની દુર્લાલસાને પોષવા મથે છે. તેઓ અર્થ અને કામની રસિકતાને વધારનારી કેળવણીને પણ સમ્યગ્ જ્ઞાનનું ઉપનામ આપવા માગે છે અને એ રીતે ભયંકર ઝેરને અમૃતના ઉપનામે ખપાવવા ચાહે છે. પૌદ્ગલિક પદાર્થોના મમત્વને કેળવતી કેળવણીને કોઇજ સમ્યગ્ જ્ઞાન કહી શકે નહિ, કારણ કે-જ્ઞાની પૂરૂષોએ 'ज्ञानस्य फलं विरतिः' જ્ઞાનનું ફળ વિરતિ હોઇ શકે તેમજ "सा विद्या या विमुक्तये" -તેજ વિદ્યા કહેવાય કે જે મુક્તિને માટે થાય. આવાં કથનો દ્વારા સમ્યગ્જ્ઞાન કોને કહેવાય તે દર્શાવ્યું છે. આથીજ વિરતિને નહિ પેદા કરનાર જ્ઞાનને અજ્ઞાન તરીકે વર્ણવ્યું છે. બાકી સમ્યગ્જ્ઞાન અને મિથ્યાજ્ઞાનની પરીક્ષા એજ રીતિએ થાય કે-જે જ્ઞાનપ્રાપ્તિથી વિરતિની

ભાવના પેદા થાય તે સમ્યગ્જ્ઞાન અને જે જ્ઞાનપ્રાપ્તિથી સાંસારિક વાસનાઓ જન્મે તે મિથ્યાજ્ઞાન. મિથ્યાજ્ઞાનના યોગે મનુષ્યની માનવતા હરાય છે, જ્યારે સમ્યગ્જ્ઞાનના યોગે એની પ્રભુતા વિકસે છે. પૂ. પ્રવચનકાર મહાત્માશ્રીને 'બળ'ના, 'વિદ્યા'ના કે 'વિજ્ઞાન'ના વિરોધી તરીકે ચીતરનારાઓને તેઓશ્રીના જ શબ્દો સમર્પવા ઠીક છે. આ રહ્યા તે : "અમે બળના, વિદ્યાના કે વિજ્ઞાનના વિરોધી નથી. પણ વિદ્યાના, વિજ્ઞાનના, ઉન્નતિના કે બળના નામે, મનુષ્યને મનુષ્ય મટાડી રાક્ષસ બનાવતા હોય, તો એના અમે કટ્ટર વિરોધી છીએ. જે વિદ્યા, જે વિજ્ઞાન અને જે બળ પ્રભુના માર્ગથી આત્માને પરાઙ્મુખ બનાવે, તે વિદ્યાને, વિજ્ઞાનને કે બળને વખાણવા અમે હરગીજ તૈયાર નથી. જે વિજ્ઞાન, જે વિદ્યા અને જે બળ પાપભીરૂ બનાવવાને બદલે પાપમાં રક્ત બનાવે, આરંભ-સમારંભમાં થઇ જતી કંપારીને રોકી નાંખે, વીતરાગના વચન ઉપરની શ્રદ્ધાને નષ્ટ-ભ્રષ્ટ કરી નાંખે અને આત્માને ત્યાગમાર્ગ તરફ વળતો અટકાવી સંસારના રાગમાં મ્હાલતો બનાવે, એ વિદ્યા, વિજ્ઞાન કે બલ જરૂરી કે હિતકર છે, એમ તો અમારાથી કદીજ નહિ કહેવાય. જે વિદ્યા અને વિજ્ઞાન સત્ય સાંભળવા જેટલા સહનશીલ પણ ન બનાવી શકે અને માત્ર પોતાનાજ કલ્પિત વિચારોના પૂજારી બનાવી, સત્યની સામે-કલ્યાણના માર્ગની સામે બળવાખોર બનાવે, એને વિદ્યા કે વિજ્ઞાન તરીકે કેમજ ઓળખી શકાય ? બાકી તમે નિર્બળ થાઓ-ઢીલાઢચ થાઓ એવું કોઇ ઇચ્છે ખરૂં ? તમે વિદ્યા ન ભણતાં મૂર્ખા રહો એમ અમે ઇચ્છીએ એમ ? તમને દુ:ખી જોવાનો અમારો ઇરાદો હોય ? તમને દુ:ખી જોવા ઇચ્છતાં ભગવાન્ મહાવીરના શાસનમાં રહેવાને લાયક નથી. તમને સુખી, વિદ્યાવાન, કળાવાન જોવા ઇચ્છીએ, પણ કયી રીતે ? પ્રભુના માર્ગમાં રહીને, પણ અયોગ્ય માર્ગે નહિ."

**પ્ર.૧૦૫ હવે શું કહ્યા વિના ચાલે એમ નથી ?**

ઉ. આ રીતિએ ધર્મદ્રોહીઓ દ્વારા પૂ. પ્રવચનકાર મહાત્માશ્રી

ઉપર કરાતા આક્ષેપો કેટલા અસત્યપૂર્ણ, કેટલા ધર્મદ્વેષભર્યા અને કેટલા દુર્બુદ્ધિથી ભરેલા છે, તે આપણે વિચારી ગયા. આ બધા ઉપરથી એક તારવણી અવશ્યમેવ નીકળે છે કે- "પૂ. પ્રવચનકાર મહાત્મા એક 'મહાન્ શાસન પ્રભાવક' છે." શાસનપ્રભાવક તે જ થઇ શકે છે કે-જે પોતાને મળેલી સામગ્રીનો ઉપયોગ કેવલ શાસનપ્રચારણાર્થે જ કરે છે. આ પૂ. પ્રવચનકાર મહાત્માશ્રીએ તો પોતાનું સારૂંય જીવન શાસનને ચરણે સમર્પી દઇને, પોતાની ઇજ્જતનો ભોગ આપીને, પોતાની પ્રભાભરી વ્યાખ્યાન શક્તિનો, જનતામાં જૈનશાસનની પવિત્ર માન્યતાઓના પ્રચારાર્થે ઉપયોગ કરીને અને ધર્મવિરોધીઓના અનેકવિધ વિપ્લવોને, 'શાસનસેવા' માંજ રક્ત એ મહાત્માએ હસ્તે મુખે વધાવી લઇને, સહનશીલતા ને મક્કમતા પૂર્વક આદરેલ પુણ્યકાર્યની પુર્ણાહુતિ માટે જે જહેમત ઉઠાવી છે અને ઉઠાવ્યેજ જાય છે, એ જોતાં એ આજની સદીના પરમ શાસનપ્રભાવક છે. એમ કહ્યા વિના ચાલે તેમ નથી. જૈન જગત્માં એઓશ્રીએ જે જીવન્ત વૃત્તિ કેળવી છે, તે જેવી-તેવી નથી. આપણે તેઓશ્રીને સાંભળતા હોઇએ ત્યારે આપણને લાગે કે-એમના રોમે રોમમાં શાસનસેવાની ભાવના ઠાંસીને ભરેલી છે. એઓશ્રીની દિનચર્યા પણ ખરે જ, આશ્ચર્યકારી છે. સ્હવારના ચારથી રાતના અગીઆર સુધી ધર્મ ક્રિયાઓનું સેવન, વ્યાખ્યાદાન, શંકાનિવારણ, પઠન-પાઠન વિગેરે કાર્યો, તેઓ પ્રમાદ રહિત બની કર્યેજ જાય છે : નથી કંટાળો અનુભવતા કે નથી એમને થાક લાગતો. આવા એક પુણ્ય પુરૂષના પરિચય માટે તો જેટલું લખાય તેટલું થોડુંજ ગણાય અને એઓશ્રીની પીછાન આપવા માટે જો ધારીએ તો ગ્રંથોના ગ્રંથો પણ ભરી શકાય. વન્દન એ શાસન પ્રભાવક મહાત્માને !

**પ્ર.૧૦૬ એ મહાપુરૂષ કેવા છે ?**

ઉ. આ પૂ. પ્રવચનકાર મહાત્મા જેમ એક પરમ ધાર્મિક પુરૂષ તરીકે અમર બન્યા છે, તેજ રીતે તેઓશ્રી ભાવિકાલમાં એક મહાન્

સાહિત્યકાર તરીકે પણ પ્રજામાનસમાં જીવતા રહેવા છે. એઓશ્રીનાં પ્રવચનોના દર અઠવાડીએ માત્ર ત્રણજ ફરમા પ્રસિદ્ધ થાય છે, જ્યારે દર અઠવાડીએ તેઓશ્રીનાં પ્રવચનોનું પ્રમાણ દશથી પંદર ફરમા જેટલું થાય છે. વધુમાં એઓશ્રી દ્વારા થતું સાહિત્યનું સર્જન એ જેમ સુવિશિષ્ટ છે, તેમ ચેતનતા ભર્યું પણ છે. આજનું લૌકિક સાહિત્ય જ્યારે જગત્‌ની અર્થ-કામની નાશક તૃષ્ણાને વધારી રહ્યું છે, આજનું સામાજિક સાહિત્ય જ્યારે ધર્મ સ્હામે વિપ્લવવૃત્તિ કેળવી રહ્યું છે, આજનું રાજકીય સાહિત્ય જ્યારે બળવાખોર માનસનું ઘડતર કરી રહ્યું છે, ત્યારે આ સાહિત્ય કેવલ ધર્મવૃત્તિ-સાત્ત્વિક વૃત્તિજ કેળવી રહ્યું છે. એક પણ દુર્ગુણના આગમનનો ભય નહિ અને કેવલ સદ્‌ગુણ કેળવવાની સંભાવના. અને જેમ આ સાહિત્ય વર્તમાનમાં લોકની દુર્ભાવનાને ભેદનાર નિવડ્યું છે, તેમજ ભવિષ્યને માટે પણ તે પ્રજાના માનસમાં સદ્‌ભાવનાના અંકુરા પેદા કરવામાં મૂખ્ય ભાગે રહેશે, એમ કોઇ પણ કહી શકે તેમ છે. એટલે ભવિષ્યની પ્રજા પણ આ પૂ. પ્રવચનકાર મહાત્માની ઋણિજ રહેશે અને એઓશ્રીની મહાન્ સાહિત્યકાર તરીકેની ગણના ઇતિહાસને પાને સુવર્ણાક્ષરે નોંધાશે. અમરતાના ઉપાસકો એમની શિષ્ટપ્રવૃત્તિ દ્વારા કયી રીતિએ વિના ઇચ્છાએ પણ અમર બને છે, એ સમજવા માટે આ પૂ. પ્રવચનકાર મહાત્માનું જીવન કદાચ આદર્શરૂપ લેખાય.

**પ્ર.૧૦૭ જૈન શાસ્ત્રકારો કાળની ગણના કઇ રીતે માને છે ? એમાં શું શું બને છે ?**

ઉ. ગ્રન્થપરિચય- જૈન શાસ્ત્રકારોએ કાળની ગણનામાં અવસર્પિણી કાળ અને ઉત્સર્પિણી કાળ, એમ બે મહાન્ યુગ દર્શાવેલા છે. અવસર્પિણીના છ આરા અને ઉત્સર્પિણીના છ આરા : અવસર્પિણીના આરાઓ વખતે શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શમાં દિવસે દિવસે હ્રાસ થતો જાય અને ઉત્સર્પિણીમાં વૃદ્ધિ થતી જાય.

**પ્ર.૧૦૮ દરેક ઉત્સર્પિણી અને અવસર્પિણી કાળમાં કેટલા તીર્થંકરો**

**થાય છે ? તેઓ શું કરે છે ?**

ઉ. દરેક ઉત્સર્પિણીને અવસર્પિણીમાં ચોવીશ ચોવીશ શ્રી તીર્થંકરદેવો થાય છે, કે જેઓ દુષ્કર ચારિત્ર સ્વીકારી, કેવલજ્ઞાનની પ્રાપ્તિ દ્વારા ત્રિકાલદર્શિ બની, સર્વ વસ્તુઓના સર્વ પર્યાયોને જાણીને જગત્‌ના હિતને માટે ધર્મશાસનની-જૈનશાસનની સ્થાપના કરી, નિર્વૃત્તિમાર્ગનું પ્રતિપાદન કરે છે, સર્વ પદાર્થોની પ્રરૂપણા કરે છે અને મિથ્યામાર્ગનું ઉન્મૂલન કરે છે.

**પ્ર.૧૦૯ આજે કયા કાળમાં કોનું શાસન પ્રવર્તી રહ્યું છે ?**

ઉ. ચાલુ અવસર્પિણીના પાંચમા આરામાં પરમ તીર્થંકરદેવ શ્રીમાન્ મહાવીરવિભુએ સ્થાપેલું શ્રી વીરશાસન આજે પ્રવર્તી રહ્યું છે.

**પ્ર.૧૧૦ શ્રી તીર્થંકરદેવોના પટ્ટ શિષ્યોને શું કહેવાય ? ક્યારે તેઓ ભગવાનને શું પૂછે છે ?**

ઉ. શ્રી તીર્થંકરદેવના પટ્ટશિષ્યો શ્રી ગણધર ભગવાન કહેવાય છે અને તેઓ પ્રવ્રજિત થયા બાદ પ્રભુને પૂછે છે કે-

"ભગવન્ ! किं तत्त्वं ?" - 'પ્રભો ! તત્ત્વ શું ?'

ત્યારે પ્રભુ એ પ્રશ્નના ઉત્તરમાં ફરમાવે છે કેઃ-

"उपन्नेइ वा" - 'ઉત્પન્ન થાય છે.'

-આથી ગણધર ભગવાન પુનરપિએનો એ પ્રશ્ન પૂછે છે, ત્યારે પ્રભુ ફરમાવે છે કેઃ-

"विगमेइ वा" 'નાશ પામે છે.'

-આ પછી ગણધરદેવ ત્રીજી વાર એજ પ્રશ્ન કરે છે, ત્યારે પ્રભુ ફરમાવે છે કેઃ-

"धुवेइ वा" 'સ્થિર રહે છે.'

**પ્ર.૧૧૧ ગણધર ભગવંતો શેના ઉપરથી શેની રચના કરે છે ?**

ઉ. આટલી ત્રિપદી ઉપરથી શ્રી ગણધર ભગવાન દ્વાદશાંગીની રચના કરે છે.

**પ્ર.૧૧૨ દ્વાદશાંગીમાં પહેલું અંગસૂત્ર કયું ? એ રચનાર તથા ટીકા રચનાર કોણ છે ?**

ઉ. એ દ્વાદશાંગી પૈકીનું પહેલામાં પહેલું અંગસૂત્ર તે શ્રી આચારાંગ છે. આના મૂળ કહેનાર શ્રમણ ભગવાન્ શ્રી મહાવીરદેવ : તેની રચના કરનાર પ્રભુના પાંચમા ગણધર શ્રી સુધર્મા સ્વામિજી : નિર્યુક્તિની રચના કરનાર શ્રુતકેવલી ભગવાન્ શ્રી ભદ્રબાહુસ્વામિજી : અને તેની શ્રી ગંધહસ્તિ એ રચેલા શસ્ત્રપરિજ્ઞાવિવરણ ઉપરથી ટીકા રચનાર શ્રી શીલાંકસૂરિજી મહારાજા છે.

**પ્ર.૧૧૩ પૂ. પ્રવચનકારશ્રીએ શું સમજાવેલ છે ?**

ઉ. આ ગ્રંથમાં ચરણકરણાનુયોગનું વિવેચન છે. આ ગ્રંથના અવલંબન દ્વારા પૂ. પ્રવચનકાર મહર્ષિએ આ ગ્રંથમાં પ્રકાશિત થતાં વ્યાખ્યાનો આપ્યાં છે. શરૂમાં ટીકાકાર મહર્ષિએ મંગલાચરણ રૂપે કરેલી તીર્થની સ્તુતિના વિવેચન દ્વારા તીર્થ કોને કહેવાય, તે કેવું છે અને તેને સેવનાર કયી રીતિએ સેવે, એ પૂ. પ્રવચનકાર મહાત્માએ સમજાવેલ છે.

**પ્ર.૧૧૪ પ્રવચનકારશ્રીએ શું શું રજુ કરેલ છે ?**

ઉ. આ પછી શાસ્ત્રોના રહસ્યને જલ્દિથી સમજાય તે માટે તેઓશ્રીએ વચ્ચેજ શ્રી જયવીયરાય સૂત્ર ઉપાડ્યું છે અને તેમાં રોજ સાધુ અને શ્રાવક દ્વારા પ્રભુ પાસે કરાતી માગણીઓનો રહસ્યમય ઉકેલ દર્શાવ્યો છે. આ પછી મંગલાચરણ બાદ ટીકાકારમહર્ષિએ કરેલ અભિધેય, સંબંધ અને પ્રયોજનનું કથન પણ કેટલી બોધકતાભર્યું છે એ દર્શાવ્યું છે અને એમ આ ગ્રન્થ સમાપ્ત થાય છે. વચ્ચે વચ્ચે તેઓશ્રીએ વર્તમાન વાતાવરણને સ્પર્શિને પણ વિવેચન કરેલ છે તેમજ કેટલાંક આદર્શ જીવનચરિત્રના પ્રસંગો રજૂ કરેલ છે. આ બધાની મહત્તા તો વાચક વાંચવાથીજ સમજી શકે.

**પ્ર.૧૧૫ આ વ્યાખ્યાનો કયાં અપાયા છે ? કેટલી સંખ્યામાં લગભગ થયા હશે ?**

ઉ. આ વ્યાખ્યાનો તેઓ શ્રીમદે પોતાના પરમ ગુરૂદેવ તથા પૂ. ગુરૂદેવ સાથે મુંબઇ-લાલબાગમાં વિ.સં.૧૯૮૫ના કરેલ ચાતુર્માસ દરમ્યાન અપાયાં છે. મુંબઇમાં આ પૂ. પ્રવચનકાર મહાત્માનાં વ્યાખ્યાનોએ નવચેતના પ્રગટાવી હતી અને ધર્મદ્રોહીઓના ઉન્માદભર્યા અવિરત પ્રયત્નો છતાં, પ્રવૃત્તિમય મુંબઇ નગરીમાં રોજ બે હજારથી વધુ સંખ્યામાં શ્રોતાગણ આ પ્રવચનો પ્રસંગે હાજરી આપતો. શ્રી આચારાંગ-ધૂતાધ્યયન નાં આ માત્ર ૨૨ વ્યાખ્યાનોજ છે, જ્યારે એની પૂરી સંખ્યા તો લગભગ પાંચસો જેટલી હોવાનું સંભવે છે.

**પ્ર.૧૧૬ શ્રી આચારાંગ સૂત્ર શું છે ? રચના કોને કરી છે ?**

ઉ. ભગવાન્ શ્રી જિનેશ્વરદેવના શાસનમાં દ્વાદશાંગી પૈકીનું પહેલામાં પહેલું અંગસૂત્ર, એ આ શ્રી આચારાંગ છે. શ્રી આચારાંગસૂત્ર એ ચરણકરણાનુયોગનું પ્રધાન અંગ છે. એ પરમ પવિત્ર અને પ્રધાનતમ અંગસૂત્રનું છઠ્ઠું અધ્યયન જે ધુત નામનું છે તે વાંચવાની અહીં ઇચ્છા છે. આ વર્તમાન શ્રીઆચારાંગ સૂત્રના મૂળના કહેનાર શ્રમણ ભગવાન્ મહાવીરદેવના પાંચમા ગણધરદેવ શ્રી સુધર્માસ્વામિજી છે : તેની નિર્યુક્તિના રચયિતા શ્રુતકેવલી ભગવાન્ શ્રી ભદ્રબાહુસ્વામિજી છે : અને ટીકાકાર મહર્ષિશ્રી શીલાંકસૂરિ છે.

**પ્ર.૧૧૭ શરૂઆતમાં શું કહે છે ? પછી આપણે કેવી રીતે આગળ ચાલીશું ?**

ઉ. શરૂઆત કરતાં મંગલાચરણમાં ટીકાકાર મહર્ષિ સૌથી પ્રથમ શ્રી તીર્થની સ્તુતિ કરે છે : જે તીર્થના યોગે, પોતે આ બધું પામ્યા-તેનો મહિમા ગાય છે. તીર્થનું સ્વરૂપ, શાસ્ત્રનિરૂપણનો હેતુ, તેમજ પહેલામાં-બીજામાં-ત્રીજામાં-ચોથામાં-અને પાંચમામાં- એ પાંચ અધ્યયનોમાં શું શું છે, તેની ટુંકી રૂપરેખા દોરી પછી આપણે છઠ્ઠા અધ્યયનમાં આગળ ચાલીશું.

**પ્ર.૧૧૮ શેના વિના મુક્તિ નથી ? આગળ શું કહીશું ?**

ઉ. શ્રી જિનેશ્વરદેવના શાસનમાં આચાર વિના મુક્તિ નથી. જ્ઞાન પણ આચાર હોય તો ફળે. વિરતિ વિનાના જ્ઞાનને શાસ્ત્રકારે બહુ ભયંકર ઉપમા આપી છે, એ પણ પ્રસંગે કહીશું.

**પ્ર.૧૧૯ શાસ્ત્રકારો કયા જ્ઞાનને કેવું ઓળખાવતા નથી ?**

ઉ. વસ્તુના વિવેક વિના, દુનિયાના રંગરાગમાં અથડાવી મારે, તે જ્ઞાનને શાસ્ત્રકાર સમ્યગ્જ્ઞાન તરીકે ઓળખાવતા નથી.

**પ્ર.૧૨૦ કયા જ્ઞાનમાં જરૂર શું હોવું જોઇએ ?**

ઉ. જે જ્ઞાનનું આટલું બધું બહુમાન કરીએ, તેનામાં એટલું તો કૌવત જરૂર હોવું જોઇએ કે જે આપણા જીવનમાં પલટો કરે : સત્ય-અસત્ય સમજાવે : અને દુરાગ્રહનું હૃદયમાં સ્થાન ન રહેવા દે.

**પ્ર.૧૨૧ કેવી રીતે વર્તવું જોઇએ ?**

ઉ. શ્રી જિનેશ્વરદેવના શાસનમાં કોઇ વસ્તુ ખીંચાખીંચ કર્યે ન પમાય. શ્રી જિનેશ્વરદેવની આજ્ઞા સમજવામાં શબ્દગ્રાહી ન બનવું જોઇએ. દરેક વાતોનો અથેતિ વિચાર કરી, પૂર્વાપર બાધ ન આવે તેમ વર્તવું જોઇએ.

**પ્ર.૧૨૨ નિર્યુક્તિકાર મહર્ષિ શું ફરમાવે છે ?**

ઉ. શ્રી આચારાંગ વાંચનાર, સૂયગડાંગને ન ભૂલે ! સૂયગડાંગ વાંચનાર આચારાંગને ન ભૂલે : આચારાંગ વાંચતી વખતે ભગવતીજીને ન વિસરે : ભગવતીજી વાંચતી વખતે આચારાંગની ખબર ન રાખે, એ ન ચાલે. એકજ હેતુથી સર્વનીરચના છે. પરસ્પર વિરોધની ગંધ પણ નથી. આખી દ્વાદશાંગીનો સાર આચાર છે, એમ નિર્યુક્તિકાર મહર્ષિ ફરમાવે છે.

**પ્ર.૧૨૩ જિનેશ્વરના શાસનમાં અપૂર્વ શું હોય ?**

ઉ. શ્રી જિનેશ્વર દેવના શાસનનું મંગલ પણ અપૂર્વ હોય. આજ તો આપણે મંગલાચરણ કરવાનું છે. કોઇ પણ કલ્યાણાર્થિ આત્માને અંતરાય ન થાય-કોઇનું પણ કલ્યાણ ન રોકાય, માટે મંગલ વિહિત છે.

આ ઉપકારી મહાત્માઓના ઉપકારની બલિહારી !

**પ્ર.૧૨૪ વાસ્તવિક ઉપકારી કોણ નથી ? કોની જેમ ?**

ઉ. અહિં કહેવું જોઇએ કે જેમ વ્યવહારમાં પણ ઘર વેચીને વરો કરવાનો નિષેધ છે, તેમ અહિં પણ આત્માનો નાશ કરી આત્માનો ગુણ ગુમાવી, પારકા પર ઉપકાર કરવા નીકળનારા તે વસ્તુત ઉપકારી નથી.

**પ્ર.૧૨૫ આ શાસનમાં કેવો ન્યાય છે ? આ શાસનમાં શું પાલવે નહિ ?**

ઉ. દેવ-ગુરૂ-ધર્મ અને વડીલની ભક્તિની વિધિ છે : પણ તે શા માટે ? વસ્તુ પામવા કયા દેવની સેવા કરવાની ? સુદેવની ! ગુરૂ કયા જોઇએ ? સુગુરૂ ! ધર્મ કયો સેવવાનો ? સુધર્મ ! વડીલ કયા સેવાય ? જેનામાં વડીલપણું હોય તે ! જે ગુરૂમાં ગુરૂતા ન હોય તે ગુરૂ ન જોઇએ, જે ધર્મમાં ધર્મત્વ ન હોય તે ધર્મ ન જોઇએ, જેનામાં વડીલપણું ન હોય તે વડીલ પણ ન જોઇએ. કેવો સરસ ન્યાય ! આવો ન્યાય શ્રી જિનેશ્વરદેવના શાસનમાં ન હોય તો બીજે ક્યાં હોય ? દુરાગ્રહ તો આ શાસનમાં પાલવે જ નહિ.

**પ્ર.૧૨૬ કલિકાલ સર્વજ્ઞ ભગવાનશ્રી હેમચન્દ્રસૂ.મ. શું ફરમાવે છે ? આ બધા સૌથી પહેલા કઇ ચિંતા કરનારા જોઇએ ?**

ઉ. દેવાધિદેવની સ્તુતિ કરતાં કલિકાળ સર્વજ્ઞ ભગવાન્ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ ફરમાવે છે કે, અમારે કેવલ નામ સાથે જ સંબંધ નથી.

**"ब्रह्मा वा, विष्णु र्वा, हरो जिनो वा नमस्तस्मै ।"**

નામથી બ્રહ્મા હો, વિષ્ણુ હો, હર હો અથવા જિન હો સર્વને અમારા નમસ્કાર છે : આ ઉત્તરાર્દ્ધને પકડી ભાગાભાગ ન કરતાં. પૂર્વાર્દ્ધને પણ સાથે લેજો. કારણકે પૂર્વાર્દ્ધમાં જ એ વસ્તુનો સત્ય રહસ્યસ્ફુટ છે. પ્રશ્ન એ છે કે, કોના નામ સાથે વાંધો નથી ? ઉત્તરમાં તે મહર્ષિ ફરમાવે છે કે:-

**"भवबीजाङ्कुरजनना रागाद्याःक्षयमुपागता यस्य ।"**

સંસાર રૂપ બીજના અંકુરા પેદા કરનાર રાગાદિ દોષો જેના ક્ષય પામી ગયા હોય. અર્થાત્ ભગવાન્ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા એમ ફરમાવે છે કે, સંસાર વૃદ્ધિ કરનાર રાગાદિ જેના નષ્ટ થઇ ગયા હોય તે-નામથી ગમે તે હો-તેને અમારા નમસ્કાર છે. અમારે તો અરિહંત હોવા જોઇએ ! આથી એ પણ સમજી જ લેવું જોઇએ કે- 'ધર્મગુરૂ, માતા, પિતા, બંધુ, વડીલ, વાલી, હિતૈષી એ બધા સુ જોઇએ-આ બધા પહેલી આત્માના હિતની ચિંતા કરનારા જોઇએ. આ બધું અવસરે અવસરે સ્વયમેવ આવશે.'

**પ્ર.૧૨૭ ટીકાકાર મહર્ષિ શું કરે છે ? મંગલાચરણમાં કોની સ્તુતિ કરે છે ? શાથી ?**

ઉ. ટીકાકાર મહર્ષિ સૌથી પહેલાં મંગલ કરે છે. મંગલાચરણમાં તીર્થની સ્તુતિ કરે છે. અને તે સ્તુતિમાં તીર્થની "जयती तीर्थम्" આ પ્રમાણે કહી જયનશીલતા વર્ણવે છે. તે વર્ણવતાં તે જયનશીલ તીર્થની જે જે વિશિષ્ટતાઓ છે, તેને વર્ણવતાં લખે છે કેઃ-

**"जयति समस्तवस्तुपर्यायविचारयास्ततीर्थिकं,**
**विहितेककतीर्थनयवादसमूहवशात्प्रतिष्ठितम् ।**
**बहुविधभङ्गिसिद्धसिद्धान्तविधूनितमलमलीमसं,**
**तीर्थमनादिनिधनगतमनुपममादिनतं जिनेश्वरैः ।। १ ।।"**

આ શ્લોકમાં ટીકાકાર મહર્ષિએ તીર્થની જયનશીલતા બતાવવા છ વિશેષણો આપ્યાં છે. મરજી તો એવી થાય છે કે, આ શ્લોકમાં જ આખી જીંદગી રમીએ. આ વિશેષણો આપણે પશ્ચાનુપૂર્વી ક્રમથી વર્ણવીશું. ઉપકારી મહાત્માએ તીર્થનું તાત્ત્વિક સ્વરૂપ આટલામાં સમજાવી દીધું છે. તીર્થનું આ સ્વરૂપ જો અંતરમાં અંકાઇ જાય તો, આજનો એક પણ પ્રશ્ન ટકી શકે તેમ નથી. બધો ઘોંઘાટ આપોઆપ શમી જાય. શિષ્ટ પુરૂષોનો આચાર છે કે પહેલું મંગલ કરવું કે જેથી પરિણામની શુદ્ધિ થાય : અને પરિણામની શુદ્ધિ થાય તો કર્મનો ક્ષય થાય અને એ દ્વારા આત્મગુણો

પ્રગટે કે જેથી ઇષ્ટ સિદ્ધિને સુખપૂર્વક સાધી શકાય. વાંચનાર પ્રમાદી થઇ વખતે મંગલ કરવાનું ભૂલી જાય, એ માટે ટીકાકાર મહર્ષિ ગ્રંથની આદિમાં જ તમારા ને અમારા ભલા માટે મંગળ કરે છે. આપણે કંઇ કૃતઘ્ન નથી કે એમના ઉપકારને ન ઓળખી શકીયે ! એમના મંગલને તો જેટલું હૃદયગત ખીલવીએ તેટલું કલ્યાણ છે. પૂર્વાનુપૂર્વી, પશ્ચાનુપૂર્વી અને અનાનુપૂર્વીથી વસ્તુનું વર્ણન કરી શકાય છે. અનાનુપૂર્વીથી વર્ણવવામાં તાકાત અજબ જોઇએ : કારણકે, પરસ્પર સંલગ્ન હેતુઓને ઉલટપુલટ કરવા પડે : તેમાં સામર્થ્ય ઘણું જોઇએ અને સાંભળનારને પણ મુશ્કેલી પડે. પૂર્વાનુપૂર્વી તથા પશ્ચાનુપૂર્વી સરલ છે. પૂર્વાનુપૂર્વીમાં હેતુ ક્રમસર ગોઠવાયેલા હોય છે : અગર ગોઠવી શકાય છે, પશ્ચાનુપૂર્વીમાં પણ એમ હોઇ શકે છે. કોઇ સ્થળે પૂર્વાનુપૂર્વી સરળ પડે, તો કોઇ સ્થળે પશ્ચાનપૂર્વી સરલ પડે. આ સ્થળે આપણે પશ્ચાનુપૂર્વીથી અર્થ કરીએ છીએ.

**પ્ર.૧૨૮ શ્રી જિનેશ્વર દેવો તીર્થને શાથી નમે છે ?**

ઉ. “जिनेश्वरैः आदिनतं तीर्थ जयति” શ્રી જિનેશ્વરદેવોથી શરૂઆતમાં નમસ્કાર કરાયેલું તીર્થ જયવંતુ વર્તે છે. શ્રી જિનેશ્વરદેવો તીર્થને શાથી નમે છે ? આજ સુધી આપણે જે વાત ચર્ચી છે. તેજ અહીંયાં સમજી લેવાની છે. તીર્થના યોગેજ તીર્થંકર થાય છે-તીર્થના યોગેજ તીર્થંકર થવાય છે. શ્રી તીર્થંકરદેવના આત્માને પણ તીર્થની આરાધના વિના ચાલતું નથી.

**પ્ર.૧૨૯ આપણે માટે પણ શું જરૂરી ? શાથી ?**

ઉ. તેથી આપણે માટે પણ “आणाए धम्मो” તીર્થંકર થયા વિના શ્રી તીર્થંકરો જેવી રીતે જીવ્યા તેવી રીતે જીવવાની માન્યતાના આગ્રહમાં ધર્મ નહિ. શ્રી જિનેશ્વરદેવના આત્માઓને પણ “आणाए धम्मो” આજ્ઞાએ ધર્મ કબુલ કરવો પડ્યો હતો. શ્રી તીર્થંકરદેવના ભવોની ગણના પણ સમ્યક્ત્વ પછી થાય છે. સમ્યક્ત્વ કહો, કે “आणाए

ધમ્મો" કહો-એકનું એકજ છે : ભેદ નથી.

**પ્ર.૧૩૦ તીર્થંકરો કૃતકૃત્ય થયા પછી નમે શું કામ ?**

ઉ. જે તીર્થના યોગે એ તીર્થંકર બન્યા, તેને નમે એ શ્રી તીર્થંકરદેવોનો કલ્પ છે. કોઇ પૂછે કે :- 'એ તો કૃતકૃત્ય થયા પછી નમે શું કામ ?' -તીર્થનું બહુમાન સ્થાપવા તથા તેવો તે દેવાધિદેવોનો કલ્પ છે માટે :- કલ્પમાં મોટે ભાગે પ્રશ્ન હોવા ન જોઇએ. જ્ઞાનીએ જ્યાં કલ્પનો સ્વીકાર કર્યો ત્યાં પ્રશ્ન ન હોય.

**પ્ર.૧૩૧ જ્ઞાની શું કહે છે ?**

ઉ. જ્ઞાની કહે છે કે, આગમસિદ્ધ વસ્તુમાં યુક્તિ કરવી તો તે આગમને અનુસરતી !

**પ્ર.૧૩૨ તીર્થ સ્થાપ્યું શાથી ?**

ઉ. શ્રી તીર્થંકરદેવે તીર્થંકર-નામકર્મની નીકાચના તો તીર્થંકર થવા પૂર્વેના ત્રીજે ભવે કરી, પણ તીર્થની સ્થાપના ક્યારે કરી ? કેવલજ્ઞાન થયા બાદ ! કેવલજ્ઞાન પછી તો ઉદાસીન ભાવ રહે છે, ઇચ્છા નામે રહેતી નથી : ભલાની કે ભુંડાની ઇચ્છાજ નહિ તો પછી તીર્થ સ્થાપ્યું શાથી ? -તીર્થંકર નામકર્મના યોગે !

**પ્ર.૧૩૩ ઉપકારની ભાવના નથી તો ઉપકારી શાથી ? ક્યારે ?**

ઉ. તીર્થંકર-નામકર્મની ભાવનાના યોગે એ આત્મા એટલો બધો ઉપકારપરાયણ બની જાય છે કે, કેવલજ્ઞાન થયા પછી એ ઝરો સ્વયમેવ વહે છે, એ કરૂણસાગરમાં જગત્ ઝીલે છે અને અનેક પુણ્યવાન્ આત્માઓ સંસારસાગર તરે છે. શ્રી જિનેશ્વરદેવોને કેવળજ્ઞાન થયા બાદ ભલે ઇચ્છા ન હોય, તોયે ઉપકાર થવાનો જ : માટે એ ઉપકારી તો કહેવાયજ કોઇ કહે કે ઉપકારની ભાવના નથી તો ઉપકારી શાથી ? ઉપકારની ભાવના ખાતર તો ઘોર તપશ્ચર્યા તપી, ઘોર ઉપસર્ગ શાંતિપૂર્વક સહી, આત્માની ઉત્તમ પ્રકારની યોગ્યતા કેળવી અને દુનિયામાં કોઇ સામાન્ય આત્માને ન મળે તેવા અતિશયો મેળવ્યા. સર્વના સર્વ સંશયો એકી

સાથે એકજ ક્ષણે છેદાય -એવું જેની સર્વભાષાનુગામિની વાણીમાં સામર્થ્ય છે. આ તાકાત સામાન્ય કેવલિમાં નથી હોતી. જ્ઞાન-દર્શન સમાન, પણ આ બધા અતિશયો તો શ્રી તીર્થંકરદેવોને જ ! બીજાના લાભની ભાવના ઉત્કટ થાય ત્યારે તો તીર્થંકર-નામકર્મ નીકાચાય. "સવિ જીવ કરૂં શાસન રસી" એ ભાવનાએ તીર્થંકર-નામકર્મની નીકાચના થાય છે. કેવળજ્ઞાન પછીની પ્રવૃત્તિ તીર્થંકર નામકર્મને આધીન છે. એવી પ્રવૃત્તિ થાયજ. જેટલા જેટલા સંયમ પામે, દેશવિરતિ પામે, સમ્યક્ત્વ પામે, ધર્મ પામે-તે બધાના પ્રાપક એ ઉપકારી.

**પ્ર.૧૩૪ આથી શું સ્તવાય છે ?**

ઉ. માટે તો સ્તવાય છે કેઃ-

"नमोत्थुणं अभयदयाणं, चक्खुदयाणं, मग्गदयाणं, सरणदयाणं बोहिदयाणं, धम्मदयाणं, धम्मदेसयाणं, धम्मनायगाणं, धम्मसारहीणं" અભય, ચક્ષુ, માર્ગ, શરણ, બોધિ અને ધર્મના આપનારા તથા ધર્મના દેશક, નાયક તથા સારથીને નમસ્કાર હો.

**પ્ર.૧૩૫ સ્થાપના કેટલાની કરી ? શાથી ?**

ઉ. આ રીતિએ અનુપમ અનુપમ વસ્તુઓના દાતારના ઉપકારમાં શંકા કરે તે શ્રી જિનેશ્વરદેવના શાસનને પામ્યો જ નથી. કેટલાક કહે છે કે, તીર્થંકર સંઘ અથવા તીર્થ કેમ સ્થાપે ? શ્રી તીર્થંકર નામકર્મના યોગે સ્થાપે. જે તીર્થંકર-નામકર્મ જગત્‌ને તારવા માટે છે, તેને એવી ઉંચામાં ઉંચી સ્ટીમર કેમ ન બનાવે ? સ્થાપના ચારની કરી : સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવીકાની. આ ચારે રહેવાના હતા માટે. રાખવા હતા માટે નહિ. સાધુપદ બધા ન પામી શકે, માટે પાછલના બે રાખ્યા હતા.

**પ્ર.૧૩૬ તો તો બધો નિર્ગ્રન્થ ધર્મ થઇ જાય !**

ઉ. અલબત્ત, એમાં પૂછવું શું ? નિર્ગ્રન્થતા અગર તેની જેટલી રૂચિ તેટલો જ ધર્મ. સમ્યક્ત્વની પ્રાપ્તિ પણ અનાદિની ગ્રંથિનો ભેદ કર્યા

પછીજ થાય છે.

**પ્ર.૧૩૭ શું પરખો ? શાથી ?**

ઉ. શ્રી જિનેશ્વરદેવના શાસનના રહસ્યને પરખો. એવી એક ચાવી લ્યો કે જેથી બધાં તાળાં ઉઘડે.

**પ્ર.૧૩૮ દ્વાદશાંગીને ભણેલા ભગવાનની હયાતિમાં પણ કેટલા ? કોની તુલનામાં કોણ ન આવે ?**

ઉ. શ્રી જિનેશ્વરદેવની સમગ્ર દ્વાદશાંગીને ભણેલા સાક્ષાત્ શ્રી જિનેશ્વરદેવની પોતાની હયાતિમાં પણ થોડા !પ્રભુના ચૌદ હજાર મુનિયોમાં ચૌદ પૂર્વી કેટલા ? બીજા ચૌદપૂર્વી પણ ગણધરદેવોની તુલનામાં ન આવે.

**પ્ર.૧૩૯ આટલું છતાં બધા પાસે એક ચાવી કઇ હતી ? એ અત્યારે ક્યાંથી જાણે ?**

ઉ. આટલું છતાં દ્વાદશાંગી આશ્રવને હેય કહે અને સંવરને ઉપાદેય કહે -એ ચાવી તો સર્વેએ જાણવી જોઇએ અને તે સ્વયં અથવા તો ગીતાર્થ ગુરૂદેવોની નિશ્રાથી જાણે.

**પ્ર.૧૪૦ કયા શાસનમાં જન્મેલા દરેકને કઇ ખાત્રી થવી જોઇએ ?**

ઉ. મારા શ્રી જિનેશ્વરદેવ, શ્રી જિનેશ્વરદેવની આજ્ઞામાં વિચરતા પૂજ્ય મુનિવરો, અને શ્રી જિનેશ્વરદેવનું સર્વનય-સમ્મત તથા પ્રમાણ-પ્રતિષ્ઠિત આગમ આશ્રવને હેયજ કહે અને સંવરને ઉપાદેયજ કહે - આ વાત નિ:શંકપણે માને. મારા જિનેશ્વરદેવ, નિર્ગ્રન્થ મુનિયો, અને આગમ, સંસારને અસારજ કહે, સારરૂપ તો કહેજ નહિ. મારા જિનેશ્વરદેવ સંસારમાં રહેવાનું કહેજ નહિ. મારા તે દેવાધિદેવ એવી આજ્ઞા કરે જ નહિ, કે જેથી મારો સંસાર વધે. મારા તે તારણહાર ન બતાવે તેવી ભક્તિ, વિનય, મર્યાદા કે સેવા, કે જેના યોગે મારો સંસાર વધે-એટલે કે હું સંસારમાં રખડું. શ્રી જિનેશ્વરદેવના શાસનમાં જન્મેલા એક એક બચ્ચાને આટલી તો ખાત્રી થવી જ જોઇએ.

**પ્ર.૧૪૧ શું વિચારવાથી શું શમી જશે ?**

ઉ. આ વાત જો તમે તમારા મન સાથે બરાબર વિચારશો તો તર્કો બધા શમી જશે.

**પ્ર.૧૪૨ શું માનવામાં વાંધો શું આવે છે ? શું કઠીન છે ?**

ઉ. શ્રી જિનેશ્વરદેવના શાસનમાં જન્મેલાઓને, નિર્ગ્રન્થતા પ્રત્યે, ત્યાગ પ્રત્યે, વૈરાગ પ્રત્યે, સંયમ પ્રત્યે, આટલી અરૂચિ કેમ જણાય છે ? તમારાથી, સંસાર છૂટે નહિ એ જુદી વાત છે. છૂટવું બહુ કઠીન છે : મુશ્કેલ છે. છોડી ન શકો, પણ છોડવું જોઇએ એ માનવામાં વાંધો શો આવે છે ? પ્રભુનું શાસન પામીને શું કરવું જોઇએ ? શ્રી જિનેશ્વરદેવના શાસનને પામ્યા એની વિશિષ્ટતા શી ? કયી કાર્યવાહીથી જગત્ તમને જૈન તરીકે ઓળખે ? સમગ્ર આગમનું જ્ઞાન થવું, એ ઘણુંજ કઠીન છે.

**પ્ર.૧૪૩ શું દૂર રહો ? અમારો આધાર શું ? કોની જેમ ? કોણ કેવા ?**

ઉ. સમગ્ર શ્રુતના જ્ઞાતા બનવાની વાત તો દૂર રહો, પણ 'मा रुष' 'मा तुष' માત્ર આટલું યાદ રાખવામાં જ જે મહાત્માને મુશ્કેલી પડતી હતી, તે પણ કેવલજ્ઞાન પામ્યા : એ આ જૈન શાસન છે. એ કેવલજ્ઞાન શાથી પામ્યા ? આ જ તારક છે, એ જે કહે તે પ્રમાણ, અમારો આધાર તે શ્રી જિનેશ્વરનાં વચનો ! શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાને જ એક આધાર માનવો તે અંધશ્રદ્ધા નથી. હું કહી ગયો છું કે અટવીમાં એક દેખતાની પુઠે, એક પછી એકનું કપડું પકડી હજારો આંધળા ચાલે તો ઘેર પહોંચે. વાત એટલી કે જેના આધારે ચાલે છે, તે પુરૂષ દેખતો-આંખોવાળો જોઇએ. કોઇ કહે મૂર્ખાઓ ! ક્યાં જાઓ છો ? તો પેલા કહે, આ દેખતો લઇ જાય ત્યાં ! આપણા શ્રી જિનેશ્વરદેવ કેવા ? સંપૂર્ણ જ્ઞાની.

**પ્ર.૧૪૪ જિનેશ્વરદેવ શું ફરમાવે છે ? એમને શું કહેનારની સાથે શું કરવું ?**

ઉ. પ્રભુ શ્રી જિનેશ્વરદેવના માર્ગે ચાલનારને અંધશ્રદ્ધાલુ કહે, તે

ભગવાન્ શ્રી મહાવીરદેવની આશાતના કરે છે. અમારા શ્રી જિનેશ્વરદેવે સંસાર ખોટો કહ્યો અને જણાવ્યું કે, તે છોડ્યા સિવાય મુક્તિ નથી. એજ શ્રી જિનેશ્વરદેવ જણાવે છે કે-હિંસા, જૂઠ, ચોરી, વ્યભિચાર, વિગેરે વિગેરે પાપ કરશો તો દુર્ગતિ પામી રીબાશો. પાપથી નર્કે જશો. પુણ્યથી સ્વર્ગે અને પરિણામે યોગ્ય સામગ્રી પામી તેની આરાધના દ્વારા મોક્ષે જશો. આ બધું શ્રી જિનેશ્વરનું કહેલું માનનારને અંધશ્રદ્ધાલું કહેનાર, ખરેખર પોતાના તારકનું અપમાન કરનાર છે. તેવાની સાથે વાત પણ શી કરવી ?

**પ્ર.૧૪૫ એવા મનુષ્યો કોની જેમ ગણાય ? દ્રષ્ટાંત કયું ?**

ઉ. જે ભગવાન્ મહાવીર સુધી પહોંચતાં આંચકો ન ખાય, તે તમારા અમારા માટે શું ન કહે ? તમારા મોઢે કોઇ કહે તો કહેવું કે ભાઇ ! તમે તો બહુ પુણ્યવાન્ ! એટલે તમારા વિના ભગવાન્ મહાવીર માટે યદ્ધા તદ્ધા કોણ કહે ? જ્ઞાની માટે, એમનાં વચન માટે, આપ જેટલું ન બોલો એટલું ઓછું. આવાની સામે યુક્તિ કરવી, તે પણ નકામી ! સરકારે કાયદા પણ મનુષ્ય માટે કર્યા, ઢોર માટે નહિ. ઢોર તો ગમે તેમ ચાલે, ગમે તેમ ખાય, પીયે, ગમે ત્યાં વિષ્ટા-પેશાબ કરે, ફાવે તેને શીંગડું મારે, પૂંછડું મારે, એને માટે કોઇ સરકારને કહે કે, કાયદો કરો ! તો સરકાર પણ ના કહે, અને ઉપરથી કહે કે :- એ તો ઢોર : એના કાયદા શા ? એમજ કોઇ આદમી પ્રભુની આજ્ઞાની દરકાર કર્યા વિના કહે કે, અમે તો અમારી મરજી મુજબ વર્તવાના-અમને ફાવશે તેમ બોલવાના-અમારે આજ્ઞા કે આગમની પરવા નથી : ત્યાં શાસ્ત્ર શું કરે ? જેને મનુષ્યપણાની પરવા નથી, મનુષ્યપણાના ગુણને સમજવો નથી, ત્યાં વાત શી ?

**પ્ર.૧૪૬ કેટલી પુણ્યરાશી ભેગી થાય ત્યારે શું મલે ? એ જીવન શેમાં ખરચવું એ શું છે ? કયું મનુષ્યપણું દુર્લભ ગણાય ?**

ઉ. અનંત પુણ્યરાશિ એકત્રિત થાય, ત્યારે મુક્તિને યોગ્ય જીવન

અમૂક ટાઇમે મળે. એ જીવન, ભોગ સુખમાં-મોજમજાહમાં-વિષયવિલાસમાં-દુનિયાની લ્હેરમાં-રંગરાગમાં ગુમાવી દેવું, એ માણસાઇ છે ? ક્યું મનુષ્યપણું દુર્લભ ? ખાવા, પીવામાં, મોજમજાહમાં, રંગરાગમાં પસાર થાય તે ? આ વાતનો પહેલાં બહુ વિચાર થતો-બહુ ચિંતા થતી. જૈન દર્શનને પામેલો અન્ય પૌદ્‌ગલિક વસ્તુઓને ખીલવવાનો વિચાર ન કરતાં જૈનપણું ખીલવવાની ચિંતા કરે.

**પ્ર.૧૪૭ જિનેશ્વરદેવના શાસનની રૂચિ એટલે ?**

ઉ. વિષય-કષાય-મોજમજાહ-સંસાર પ્રત્યે અરૂચિ, એજ શ્રી જિનેશ્વરદેવના શાસનની રૂચિ.

**પ્ર.૧૪૮ સઘળી અશાંતિની જડ શેમાં છે ? એને શું કરવું ?**

ઉ. સઘળીયે અશાંતિની જડ સંસારની રૂચિમાં છે. એ જડને તે પોષવી, ખીલવવી કે કરમાવી દેવી ?

**પ્ર.૧૪૯ જગત્ ને મુંઝવણ શેનાથી થઇ રહી છે ?**

ઉ. જેના યોગે જગત્‌ને મુંઝવણ થઇ રહી છે, તે લાલસાના યોગે કે વસ્તુના યોગે ?

**પ્ર.૧૫૦ ધર્મને પામેલા ક્યારે શું કહેતા ?**

ઉ. આ શ્રી જિનેશ્વરદેવોના ધર્મને પામેલા શ્રીમંતો તેમજ સામાન્ય સ્થિતિવાળાઓ પણ પૂર્વે આનંદથી જીવતા. પૈસા આવે તો કહેતા કેઃ- "પુણ્યનો પ્રકાર" જાય તો કહેતા કેઃ- "પાપનો ઉદય."

**પ્ર.૧૫૧ નીતિકારને આખરે શું કહેવું પડ્યું ?**

ઉ. જે નીતિકારે બધીએ વસ્તુ સ્વીકારી તેને પણ આખરે કહેવું પડ્યું કે, ગમે તેવા સંયોગોમાં પણ ન્યાયથી ન ખસે તે ધીરાઃ

**પ્ર.૧૫૨ શાસનને પામેલા ઓ કેવા હોય ?**

ઉ. આ શાસનને પામેલાઓ, સાહ્યબી આવે કે જાય ત્યાં મધ્યસ્થ રહે પણ મલકાય કે મુંઝાય નહિ ! ઉલ્ટું કહે કે : બધો પુદ્‌ગલનો યોગ છે. શુભ પુદ્‌ગલ બાંધ્યાના યોગે શુભોદય, અશુભ પુદ્‌ગલ બાંધ્યાનાં

યોગે અશુભોદય : એમાં હું રાચી જાઉં તો માર્યો જાઉં. અંદરના શુભ પુદ્ગલ બહારના શુભ પુદ્ગલને ખીંચે, અંદરના અશુભ પુદ્ગલ બહારના અશુભ પુદ્ગલને ખીંચે. બહારના અંદર જાય ને ધમાલ કરે. આ પ્રસંગે આત્મા તટસ્થ ન રહે-સાવધ ન થઇ જાય તો શું થાય ? બેયને કંઇ ન કહે. એ સમજે કે, આ ધોધ છે. એમાં ન રાચું-ન કુદું. એમાંથી બચું તો કર્મ ભાગે.

**પ્ર.૧૫૩ બહારનાની વાત કેવી હોય ?**

ઉ. પૌદ્ગલિક પદાર્થોને ઉદ્દેશીને આ લઉં, અહીંથી લઉં, તહીંથી લઉં, એ ભાવના કોની ? વસ્તુતઃ શાસનથી બહારનાની ! વગર કાઢ્યે એ બહારજ છે. જેને ત્યાગ વૈરાગ્યની રૂચિ નથી. એ બહારજ છે.

**પ્ર.૧૫૪ અહીં શેની વાત ચાલે છે ? એ શું કહે ?**

ઉ. તીર્થના મહિમાની અહીં વાત ચાલે છે. બરાબર સમજો. જે આત્માને શ્રી જિનેશ્વરદેવનું શાસન જચી જાય તે કેવો થાય ? તેની માન્યતા કયી હોય : તે બોલે શું ? ચાલે કેમ ? કહે શું ? -એ બરાબર વિચારો. જે તીર્થને યોગે પોતે તીર્થપતિ બન્યા, તેને શ્રી જિનેશ્વરદેવ નમસ્કાર કરે છે.

**પ્ર.૧૫૫ સ્થાપનામાં ચાર કહ્યા શાથી ? રાખવા હતા માટે ?**

ઉ. સ્થાપનામાં ચાર કહ્યા : સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા, પાછલના બે શા માટે ? રાખવા હતા માટે નહિ. બધાએ બેમાં આવી શકે તેમ ન હતા માટે ! -પણ ચારે જોઇએ તે માટે નહિ. રેલ્વેમાં ફર્સ્ટ ક્લાસ અને સેંકડ ક્લાસના ડબ્બા થોડા હોય છે અને થર્ડ ક્લાસના ડબ્બા વધારે હોય છે. ફર્સ્ટ સેકંડનું ભાડું પણ ઘણું હોય છે. થર્ડ ક્લાસના ડબ્બા રાખવા માટે નથી રાખ્યા, પણ રાખવા પડે માટે રાખ્યા છે. બધા જો પહેલા અને બીજા ક્લાસના ડબ્બામાંજ બેસનારા હોત તો કંપની ત્રીજો ક્લાસ ન રાખત : પણ બધા તેવા નથી હોતા તેથી તેવાઓ માટે થર્ડ ક્લાસના ડબ્બા રાખવા પડે છે.

**પ્ર.૧૫૬ ભગવાને કેટલા પ્રકારનો ધર્મ કહ્યો ? શા માટે ?**

ઉ. ભગવાને સાધુધર્મ તથા ગૃહસ્થધર્મ નિરૂપણ કર્યો : શા માટે ? સાધુ ધર્મમાં ન આવી શકે તેમને માટે ગૃહસ્થ ધર્મ-આ ગોખો, ભણો ! જૈન શાસનનું તત્ત્વજ્ઞાન અહીં છે. અમે પણ હોવા જોઇએ. -એમ ન માનતા.

**પ્ર.૧૫૭ જ્ઞાની કેવા હતા ? શું બતાવ્યું ? પણ મુખ્યતા કોની ?**

ઉ. જ્ઞાની પરમકરૂણાવાલા હતા : આથી કોઇ પણ આત્મા ધર્મથી વંચિત ન રહી જાય, તે માટે "આ નહિ તો આ" "આ નહિ તો આ" એમ બતાવ્યું. પણ મુખ્યતા તો સાધુધર્મનીજ.

**પ્ર.૧૫૮ જ્ઞાનીની ઉપકાર દ્રષ્ટિ કઇ ?**

ઉ. સર્વ કર્મના ક્ષય વિના મુક્તિ નથી. આરંભ સમારંભ છોડ્યા વિના છૂટકો નથી. પણ બધાથી એ એકદમ ન બને તે માટે જેનાથી જે બને તે પણ માર્ગમાં આવો. એ જ્ઞાનીની ઉપકાર દ્રષ્ટિ !

**પ્ર.૧૫૯ પૂર્વાનુપૂર્વી અને પશ્ચાનુપૂર્વીએ શું દેવાય ? જો આમ ન કરે તો શું આવે ?**

ઉ. માર્ગાનુસારીપણું, સમ્યક્ત્વ, દેશવિરતિ, સર્વવિરતિ, સૂત્રકરણ, અર્થકરણ, તદુભયકરણ અને પશ્ચાત્ વિનિયયોગકરણ. આમાં સર્વવિરતિ મધ્યસ્થાને છે. તેથી પછીનો ક્રમ તો પૂર્વાનુપૂર્વીએ બરાબર છે. સૂત્રનો અભ્યાસ, અર્થનો અભ્યાસ, ઉભયનો અભ્યાસ અને પછી અર્થિને દાન. આ તો બરાબર : પણ એની પહેલાંના ક્રમમાં પશ્ચાનુપૂર્વી જોઇએ, કારણ કે સૂત્રકરણ આદિમાં તો બધું નિરવદ્ય છે-ત્યાં સાવદ્યતા નથી, જ્યારે અહિં સાવદ્યતા બેઠી છે. માટે પહેલી સર્વવિરતિ દેવી, એની તાકાતના અભાવે દેશવિરતિ, એના સામર્થ્યના અભાવે સમ્યક્ત્વ, એવી પણ શક્તિ ન હોય તો માર્ગાનુસારીપણું જો આમ ન કરે તો પ્રાયશ્ચિત આવે.

**પ્ર.૧૬૦ શેમાં ઇનકાર નથી ? પણ મહત્વનો પ્રશ્ન શું છે ?**

ઉ. માર્ગાનુસારીના ક્રમથી પણ પામે. -આ વાતનો ઇનકાર નથી : પણ દેનાર પહેલું શું દે એજ મહત્ત્વનો પ્રશ્ન છે. કોઇ આત્માને શરૂઆતમાં ધર્મની જિજ્ઞાસા થાય, ત્યારે એ ઉત્તમ કોટિનો હોય છતાં એ વખતે ધર્મ બતાવનાર જેવો ગુરૂ મળે તેવું તે પામે.

**પ્ર.૧૬૧ ધર્મજિજ્ઞાસા ક્યારે થાય ? એ પેદા થાય એટલે દાતારે તેની પાસે શું મુકવું જોઇએ ?**

ઉ. ધર્મજિજ્ઞાસા ક્યારેક થાય-કાયમ નહિ. એ પેદા થઇ એટલે પછી તો જેવો દાતાર. એની પાસે ઉમદામાં ઉમદા ચીજ મૂકી દેવી જોઇએ.

**પ્ર.૧૬૨ પછી શું કરે તો પણ કલ્યાણ ? નહિ તો ?**

ઉ. ભલે એ ન લે તો પણ એને તો જરૂર થાય કે, કરવાનું તો આજ, ભલે પછી ઓછું કરે, પણ ઓછામાંજ કલ્યાણ માની લે તો માર્યો જાય.

**પ્ર.૧૬૩ સમ્યગ્દર્શન શું ? એટલા માટે શું કહ્યું છે ?**

ઉ. સમ્યગ્દર્શનનું સ્વરૂપજ 'સુ' માં છે. દેવ પણ 'સુ' : ગુરૂ પણ 'સુ' : ધર્મ પણ 'સુ' : બાપ પણ 'સુ' - 'કુ' કંઇ ન જોઇએ. મા, બાપ, વક્તા, શ્રોતા, બધું 'સુ' જોઇએ. 'કુ' આવે તો ગોટાળો. એટલાજ માટે કહ્યું કે દેવ, ગુરૂ, ધર્મની પરીક્ષા કરી શીર ઝૂકાવજો, ઝુકાવ્યા પછી મરતાં સુધી ઉંચુ ન કરશો, અને શક્તિ મુજબ નક્કી ન કરો ત્યાં સુધી જ્યાં ત્યાં ઝૂકાવતાએ નહિ.

**પ્ર.૧૬૪ માથા ઉપર કોણ ? નહિ તો શું કરવું ?**

ઉ. તે મિત્ર, તે સંબંધી, તે માતા, તે પિતા, તે વાલી, તે વડીલ, જે પ્રભુની આજ્ઞામાં હોય. પ્રભુના માર્ગે જે જોડે તે દુશ્મન પણ શિરતાજ અને જે ખસેડે તે સ્નેહીને પણ પોતાના માથા ઉપર હોય તો ખસેડી દેવા.

**પ્ર.૧૬૫ તીર્થંકર દેવોએ શ્રાવક શ્રાવિકાની સ્થાપના શા માટે કરી ? કોની જેમ સમજવું ? પણ મુખ્યતા કોની ?**

ઉ. શ્રી તીર્થંકરદેવે, શ્રાવક-શ્રાવિકાની સ્થાપના, બધા સાધુ સાધ્વી

ન બની શકે માટે કરી : જોઇએ તે માટે નહિ. દુનિયામાં પણ તમે માંદાને કહો છો કે, આ ન ખવાય તો આ ખા, -એમજ આ અનંત દયાલુ પણ દુનિયાનો દરેક પ્રાણી ધર્મથી વંચિત ન રહે એજ ઇચ્છે. "આ નહિ તો આ" પણ ધર્મ માર્ગે આવે. મુખ્યતા તો આનીજ-સર્વવિરતિનીજ.

**પ્ર.૧૬૬ ખરી વસ્તુ કેવી રીતે કહેવી જોઇએ ? શાથી ?**

ઉ. ખરી વસ્તુ નિડરતાથી, નિર્ભિકતાથી કહેવી જોઇએ. સાંભળનારાને નશો ચઢે છે, પણ ખૂમારી ચાર દિવસ સંભળાવાય ત્યાં સુધી રહે : પાંચમે દિવસે ન સંભળાવીયે એટલે ઉતરી જાય.

**પ્ર.૧૬૭ ખૂમારી ક્યાં સુધી ? શું જચે તો શું ન પામો ? શાસનનો સેવક કેવો જોઇએ ?**

ઉ. એ ખૂમારી નહિ. ખૂમારી તો જીદંગીભર રહેવી જોઇએ. આ જચે તો ગમે ત્યાં જાઓ પણ પરાભવ નહિ પામો. શાસનનો સેવક શાસનની પ્રભાવના કરનારો જોઇએ : તે પોતાની પ્રભાવના માં પડે તો ચૂકી જાય.

**પ્ર.૧૬૮ જૈન શાસન હૃદયમાંથી ક્યારે ચાલ્યું જાય ?**

ઉ. પ્રભુના શાસનમાં આવ્યા પછી સંયોગવશાત્ સંસારમાં રહેવું પડે, એ જુદી વાત છે : પણ 'મારૂં ને હું' નું વાયુ થઇ ગયું તો હૃદયમાંથી જૈનશાસન ચાલ્યું જાય. સંસારમાં રહેવાથી જૈનશાસન ચાલ્યું ન જાય, પણ જો તેમાં રાચીમાચીને તેમાંજ સુખ માની લેવામાં આવે તો ચાલ્યું પણ જાય.

**પ્ર.૧૬૯ કયા આત્માઓ કોને કેવા કહે ? એમાં શું જણાઇ આવે ?**

ઉ. ભવાભિનંદી આત્માઓ આવા શાસનપ્રેમી આત્માઓને ગાંડા વિગેરે કહે એથી મુંઝાવાનું નથી. તેઓ ગાંડા કહે એમાંજ એમની ભવાભિનંદિતા જણાઇ આવે છે.

**પ્ર.૧૭૦ શું બતાવવું કેમ પાલવે ? હજી શું ચાલે છે ?**

ઉ. દુનિયાથી નોખા થવું અને દુનિયામાં ડાહ્યા કહેવરાવવું, એ

કેમ બને ? બાકી તેઓ જ્યાં છે, ત્યાં રહેવા છતાં પોતાપણું બરાબર સાચવવું. ઘણા કહે છે કે મુખ્યપણે ઓઘો બતાવવો, એ કેમ પાલવે ? છતાં તમે જુઓ છો કે પાલવે છે. કારણ આ ઓઘામાં ઝીણામાં ઝીણા જંતુને બચાવવાનો ગુણ છે. બેશક, એને સાચવતાં આવડવું જોઇએ. સાધુ, સાધ્વી ન બની શકે માટે શ્રાવક, શ્રાવિકા અને એટલા માટેજ ગૃહસ્થ ધર્મનું નિરૂપણ થયેલું છે. આ તો હજુ મંગલ ચાલે છે. મંગલના શાસ્ત્રોમાં ઘણા અર્થો છે. તેમાં આ પણ એક અર્થ છે કે :-

**'मां गालयति भवादिति मंगलम् ।'**

અર્થાત્ મને પોતાને સંસારથી ગાળે-એટલે કે આત્માને સંસારથી તારે તે મંગલ. મોક્ષસુખથી વંચિત રાખી સંસારમાં ફસાવી રાખનાર જો શાસ્ત્ર હોય તો તે પણ અપમંગલ છે અને તે શાસ્ત્રના વ્યાખ્યાતાપણ અપમંગલ છે અને તેને સાંભળનારા પણ અપમંગળરૂપજ બને છે. સંસાર બહાર નીકળવા માટે મંગલ છે. જેમ આપત્તિ દૂર કરવા માટે દુનિયામાં મંગલ સેવાય છે, તેમ આત્માની અનંતી ઋદ્ધિને પ્રગટ કરવા માટે આ મંગલ છે.

**પ્ર.૧૭૧ તીર્થ કેવું છે ? કયા ક્ષેત્રોની અપેક્ષાએ ?**

ઉ. તીર્થ જયવંતુ છે. શ્રી આચારાંગસૂત્રના ટીકાકાર મહર્ષિ શ્રી શીલાંકસૂરિજી મંગલાચરણ કરતાં તીર્થની પ્રશંસા કરે છે. તીર્થની પ્રશંસા કરતાં જણાવે છે કે, તીર્થ સદાને માટે જયવંતુ છે. અમૂક ક્ષેત્રોની અપેક્ષાએ સદાને માટે, અને અમૂક ક્ષેત્રોની અપેક્ષાએ અમૂક કાલ માટે.

**પ્ર.૧૭૨ વર્તમાન કાળની અપેક્ષાએ તીર્થ કેવું છે ?**

ઉ. પણ જ્યારે જ્યારે વર્તમાન હોય ત્યારે ત્યારે જયવંતુજ હોય છે. જેના યોગે સંસાર સાગરમાં ડૂબતા આત્માઓ તરે, તેનું નામ તીર્થ.

**પ્ર.૧૭૩ શું થાય તો આત્માનો સંસાર કેવો થઇ જાય ?**

ઉ. એ તીર્થની પ્રશંસા માટે આ મહર્ષિ છ વિશેષણો આપે છે, જેને આપણે પશ્ચાનુપૂર્વીક્રમથી વર્ણવીએ છીએ. આ તીર્થનું વર્ણન પણ જો

અખંડપણે સમજાઇ જાય-જે સ્વરૂપે છે તે સ્વરૂપે હૃદયમાં ઉતરી જાય, તો પણ આત્માનો સંસાર પરિમિત થઇ જાય.

**પ્ર.૧૭૪ શું કઠીન છે ? છતાં શેનાથી કામ થઇ જાય ? એમાં શું ન હોય ? શું ધ્યાન રાખવાનું ?**

ઉ. તીર્થનું સેવન, પાલન અને એની આજ્ઞાનો અમલ તો બહુ કઠીન છે, પણ એક વાર એનું સ્વરૂપ જેવું છે તેવું સમજાઇ જાય-બરાબર હૃદયમાં ઠસી જાય તો પણ કામ થઇ જાય. જે તીર્થને શ્રી જિનેશ્વરદેવો નમે એમાં કમીના હોય ? નજ હોય. સાથે એ પણ ધ્યાનમાં રાખજો કે શ્રી જિનેશ્વરદેવો નમે કોને ? જે તીર્થને તીર્થપતિ નમે, તે તીર્થ કેવું હોય ? તીર્થંકરને હવે, એ તીર્થદ્વારા પોતાને કાંઇ સાધવાનું નથી. તીર્થંકર થયા પછી તીર્થની જે સ્થાપના એ તો જગત્ માટે છે-પોતા માટે નહિ. જે તીર્થદ્વારા પોતે તીર્થંકર પદવી મેળવી, તે તીર્થને નમે છે.

**પ્ર.૧૭૫ તીર્થપતિ ક્યારે બન્યા ?**

ઉ. 'आणाए धम्मो' આજ્ઞામાં ધર્મ એ તો શ્રી જિનેશ્વરદેવોએ પણ સ્વીકાર્યું, માન્યું અને આરાધ્યું, ત્યારે જ એ તીર્થપતિ બન્યા.

**પ્ર.૧૭૬ જિનેશ્વર દેવના શાસનમાં રહેનારે શું માનવું જોઇએ ?**

ઉ. આપણે આજ સુધી એજ વર્ણન કરી ગયા કે, ભગવાન્ શ્રી મહાવીરદેવ ક્યા અનુષ્ઠાનોના યોગે તીર્થંકર બન્યા ? એ જ વાત ટીકાકાર મહર્ષિ મંગલાચરણમાં કહે છે. એમના જેવા થઇશું ત્યારે તેઓએ કર્યું તેવું કરીશું : પણ જ્યાં સુધી તેવા ન થઇએ ત્યાંસુધી જે ક્રિયા, ભાવના અને પ્રવૃત્તિના યોગે એ તીર્થપતિ બન્યા, તે ભાવના ક્રિયા અને પ્રવૃત્તિ આપણે ખાસ સેવવાની છે. શ્રી જિનેશ્વરદેવના શાસનમાં રહેનારે એ માનવું જોઇશે કે જિનેશ્વરે કર્યું તેજ નહિ પણ કહ્યું તે આપણા માટે ધર્મરૂપ છે.

**પ્ર.૧૭૭ કોણ પાછા પડે ?**

ઉ. નાના મોઢે મોટી વાતો કરાય નહિ. કેટલી બધી યોગ્યતા

કેળવી-કેવી કેવી આરાધના કરી, ત્યારે તીર્થંકર બન્યા. એ યોગ્યતા, એ બળ કેળવ્યા પહેલાં સમાન ક્રિયાની વાતો કરે તે પાછા પડે.

**પ્ર.૧૭૮ આપણે માટે ધર્મ શું ? તીર્થ કેવું ?**

ઉ. આપણે માટે તો શ્રી જિનેશ્વરોએ કહ્યું તે ધર્મ અને તેમ કરીએ તો તેમના જેવા થવામાં પણ હરકત આવે તેમ નથી. શ્રી જિનેશ્વરદેવોથી શરૂઆતથી નમાયેલું માટે એ તીર્થ 'अनुपमं' उपमातीतं उपमारहितं જેની સરખામણીમાં બીજી કોઇ પણ વસ્તુ મળી શકે તેમ નથી તેવું.

**પ્ર.૧૭૯ કઇ ચેષ્ટા ન કરો ? શાથી ? કોની જેમ શું બેસવું જોઇએ ?**

ઉ. લોકથી શ્રેષ્ઠ, લોકથી પ્રધાન, લોકવ્યવહાર અને તીર્થવ્યવહાર એક નહિ થાય. અનુપમ, જેની ઉપમા નહિ. લોકોત્તર કહ્યું ત્યાં લોક સાથે સરખું શી રીતે થાય ? લોકની સરખામણીમાં કેમ આવે ? લોક માગે, ઇચ્છે, કરે જુદું આ કહે જુદું. (લાલન 'अत एव अति कठीनं') એમ કહીએ તે એસવ્ય જેવું છે. એવો ભાસ કરાવવાની ચેષ્ઠા ન કરો. જેટલું કઠીન એટલું જ મનોહર છે. એકવાર સમજાયા બાદ એટલુંજ સહેલું છે. તે સુંદર, મનોહર અને સહેલું છે. વેપારીને વેપારમાં તકલીફ ઓછી છે ? ઘણી. પણ વેપારના લાભને સમજે એટલે બધી તકલીફ ક્યાં જાય છે ? ઊડી જાય છે. લાભ માન્યો અને સમજ્યો કે છ કલાક મહેનત કરૂં, તો ગરમાગરમ રસોઇ મળે, ખુરશી, ટેબલ મળે, સૌ શેઠસાહેબ કહી સલામો કરે, આ બધો પ્રતાપ કોનો ? વેપારનો. આ પ્રમાણે માન્યા પછી જેમ તકલીફ નથી લાગતી તેમ અહીં જ્યારે 'સેવાથી અનંત સુખ મળી જાય' -એમ સમજાઇ જાય પછી તકલીફ રહે ક્યાંથી ? પણ શ્રદ્ધા બેસવી જોઇએ.

**પ્ર.૧૮૦ કોણ કોણ સેવી શકે ? શાથી ? યોગ્યતા કઇ જોઇએ ?**

ઉ. વસ્તુને તેવા સ્વરૂપે ઓળખવી જોઇએ. એ વસ્તુ એવી છે કે મોટામાં મોટો માણસ, અને નાનામાં નાનું બાલક પણ એને સેવી શકે. છ ખંડનો માલીક ચક્રવર્તિ અને લાકડાની ભારીયો વેચી પેટ ભરનારો

એ બેય સેવી શકે, પણ એ બધામાં યોગ્યતા જોઇએ. યોગ્યતા કેટલી ? ચક્રવર્તિ, ચક્રવર્તિપણું મૂકી દે અને ભીખારી, ભીખારીપણું મૂકી દે એટલી.

**પ્ર.૧૮૧ જૈન શાસન હાથમાં ક્યારે આવે ?**

ઉ. (લાલન-ધર્મ ચક્રીપણાની ઇચ્છા તો ખરીને ?) અલબત્ત, મૂકીએ છીયે તેના કરતાં શ્રેષ્ઠ અને સાધક વસ્તુની ભાવના તો ખરીજ. ચક્રવર્તિ ચક્રવર્તિપણાની ભાવના, તથા ભીખારી ભીખારીપણાની ભાવના મૂકી દે એટલે સમજો કે જૈનશાસન હાથમાં આવ્યું.

**પ્ર.૧૮૨ ખરો સુખી કોણ ? શાથી ?**

ઉ. ખરો સુખી તે કે જે આ તીર્થને પામે. ન એને બીમારીમાં દુઃખ કે ન મરતાંયે દુઃખ. આપત્કાલે પણ એને દુઃખ નહિ, કારણકે દુઃખ આવે ત્યાં પણ સુખની કલ્પના કરી લે, કારણકે આપત્તિને એ અશુભકર્મનો ઉદય માને છે. અને એ અશુભના ઉદયને શાંતિ પૂર્વક સહવામાં આત્માનું શ્રેય સમજે છે. એટલે એ દ્રષ્ટિએ તો આત્મા આપત્તિમાં સંપત્તિ માને છે. વધુમાં પૌદ્ગલિક સંપત્તિને, એ ભયરૂપ અને હાનિરૂપ સમજે છે. એમાં લીનતા ન થઇ જાય એટલુંજ નહિ પણ જલદી કેમ છુટે એજ તેના મનોરથો હોય છે. આ શાસન આવે એટલે એને બહારની શ્રીમંતાઇ, ઠકુરાઇ, સાહ્યબી ખટકે છે, મુંઝાવનારી લાગે છે. અત્યારે વિસ્તારથી કહેવાનો વખત નથી.

**પ્ર.૧૮૩ શું કહેનારા નીકળ્યા છે ? શું ચીજ જૂદી છે ?**

ઉ. એવું પણ કહેનારા નીકળ્યા છે કે બધાને ભીખારી બનાવવા બેઠા છે. પણ તેઓએ સમજવું જોઇએ કે ભીખારીપણું, એ ચીજ જુદી છે અને દુનિયાની ચીજની ઇચ્છાનો અભાવ, એ જુદી ચીજ છે. દુનિયાદારીની કામના તજી કેવલ સ્વપરના કલ્યાણની સાધનામાંજ લીન થનાર આત્માને ભીખારી કહેનારા એજ ખરેખરા ભીખારી છે.

**પ્ર.૧૮૪ જૈન સાધુ એટલે ? શેનો પ્રભાવ કેવો છે ? ક્યારે ?**

ઉ. જૈન સાધુ એટલે તો દુનિયાના શિરતાજ ગામમાં ઘર નહિ,

સીમમાં ખેતર નહિ, અને જેને એ વિગેરે કોઇ વસ્તુની પરવા નથી : માટે જ તે શાસનની સેવા સારી રીતે કરી શકે. તીર્થનો પ્રભાવજ જુદો છે, પણ હૃદયમાં-હૈયામાં એ સ્થિત થવું જોઇએ.

**પ્ર.૧૮૫ તીર્થ કેવું ? કોણ શું માને છે ? છતાં કેવા છે ?**

ઉ. તીર્થ કેવું ? 'अनुपमं' પણ શબ્દની સામ્યતાને લઇને કોઇની પણ આની સાથે સરખામણી કરવાની મહેનત કરતા ના. આત્મા, સ્વર્ગ કે નર્ક-એ તો જૈનદર્શન પણ માને છે અને ઇતર દર્શન પણ માને છે : પણ એ બેયની માન્યતામાં આભ-જમીન જેટલુજ અંતર છે. આજ કારણે કલિકાલસર્વજ્ઞ ભગવાન્ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ ફરમાવે છે કે:-

"त्वच्छासनस्य साम्यं, ये मन्यन्ते शासनान्तरः । विषेण तुल्यं पीयूषं, तेषां हन्त हतात्मनाम् ।। १ ।।"

શાસનાન્તરની સાથે તારા શાસનને જે આત્માઓ સમાન માને છે, તેઓ હણાઇ ગયા છે, કેમકે વિષયની સાથે અમૃતની સરખામણી કરે છે. 'अनुपमं' અનૂપમનો હેતુ શો ? અનુપમ કેમ ? લોકની માન્યતાથી તદ્દન વિપરીતપણું નહિ આવે તો અનુપમતા શી ? અહિં લોકની પૌદ્‌ગલિક ઇચ્છાઓને પોષણ નથી. અહીં લોકના તેવા તુચ્છ મનોરથને સ્થાન નથી. અહીં સ્થાન લોકવાસનાથી જુદાને છે. આર્ત્ત અને રૌદ્રથી છોડાવી ધર્મ-શુક્લમાં જોડનારૂ આ શાસન છે.

**પ્ર.૧૮૬ આર્ત્ત અને રૌદ્ર કોને કહેવાય ?**

ઉ. આ લોકનાં પૌદ્‌ગલિક સુખોની અભિલાષા એ આર્ત્ત છે : અને તેના રક્ષણની ભાવના, એ રૌદ્ર છે.

**પ્ર.૧૮૭ આ શાસનનો કાયદો શું ? કોને મેળ ન ખાય ?**

ઉ. બેયનો અભાવ એટલે આર્ત્ત-રૌદ્રનો અભાવ, ત્યાર પછી ધર્મધ્યાન, તે પછી શુક્લધ્યાન, પછી કેવળજ્ઞાન અને પછી મુક્તિ, આ શાસનનો કાયદો ! આર્ત્તરૌદ્રને ન છોડવું હોય તેને આ શાસન સાથે

મેળ ન ખાય.

**પ્ર.૧૮૮ આર્ત્ત-રૌદ્ર બંધ થાય એટલે નારકી-તિર્યંચ બંધ થાય ?**

ઉ. નરક અને તિર્યંચગતિનો વાસ્તવિક ભય લાગવો જોઇએ. તેના સ્વરૂપમાં પણ જેને સંપૂર્ણ શ્રદ્ધા ન હોય તેનું શું ?

**પ્ર.૧૮૯ શું જામી જાયતો કયા વાયરા ચાલ્યા જાય ?**

ઉ. પરમ ઉપકારી શ્રી સર્વજ્ઞદેવોએ વર્ણવેલા તિર્યંચ અને નરકગતિના સ્વરૂપમાં અને તે ગતિયો પમાડનાર કારણોમાં સાચી શ્રદ્ધા જામી જાય તો નાસ્તિક્તાના બધા વાયરા આપો આપ ઉડી જાય.

**પ્ર.૧૯૦ શેનાથી શું થઇ જવાતું હોત તો ? શું આવી જાય તો આનંદ મનાવે જ કેમ ?**

ઉ. આત્મા, પુણ્ય, પાપ વિગેરે વિગેરે છે-એમ બોલવા માત્રથીજ જો સમ્યગ્દ્રષ્ટિ થઇ જવાતું હોત તો તો બધા એવા થઇ જાત, પણ તેમ નથી. પુણ્ય, પાપ, સ્વર્ગ, નરકનો સાચો ખ્યાલ થઇ જાય તો તો આત્મા ડગલે અને પગલે પાપથી કંપતો રહે. દુર્ગતિનું કારણ પાપ છે, એમ માન્યા પછી તે પાપમાં આનંદ માને કે મનાવેજ કેમ ?

**પ્ર.૧૯૧ કોણ વાસ્તવિક નથી ? કોને પહોંચાય કોને ન પહોંચાય ? એવાઓની ક્રિયા કેવી છે ?**

ઉ. પાપનાં કારણોને ઉપાદેય તરીકે મનાવનાર કદાચ, આત્મા આદિને માનવાની શેખાઇ કરતો હોય તો પણ તે માત્ર નામનોજ આસ્તિક છે : પણ વાસ્તવિક આસ્તિક નથી. આત્મા, પરલોક, પુણ્ય, પાપ વિગેરે વિગેરે નથી, એમ જે કહી દે તેને પહોંચાય : તેનાથી જગત્‌ને બચાવી લેવાય : બચવાની ભાવનાવાળા બચી શકે : પણ છે, છે, કહી ડોકું હલાવે અને કાર્યવાહી જુદી કરે તેને કોઇ રીતિએ પહોંચાય ? એવાની તો વ્રતાદિક ક્રિયા, એ શુદ્ધ ક્રિયા નથી, પણ દાંભિક ક્રિયા છે.

**પ્ર.૧૯૨ એવાઓ માટે ઉપા.યશોવિ.મ. શું કહે છે ?**

ઉ. એવા દાંભિક વ્રતધારિયો માટે તો ન્યાયવિશારદ ન્યાયાચાર્ય

મહામહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી ગણિવર લખે છે કે :-

**"दम्भेन व्रतमास्थाय, यो वांच्छति परमपदम् ।**

**लोहनावं समारुह्यसोऽब्धेः पारं पियासति ।। १ ।।"**

જે આત્મા દંભપૂર્વક વ્રતનો સ્વીકાર કરીને પરમપદની વાંછા રાખે છે, એ ખરેખર લોઢાની નાવ ઉપર ચઢીને સાગરના કાંઠે જવાની ઇચ્છા કરે છે. વિચારો કે લોઢાની નાવમાં બેસનારો સમુદ્રના પારને પહોંચે ? કે સાગરને તળીએ જાય ? ન જવું હોય તો પણ પેલું લોઢું જ એને તળીએ લઇ જાય.

**પ્ર.૧૯૩ કોને કહો અને જે કહે એનાથી ઉલ્ટું જ કહે તો ?**

ઉ. જેનું હૃદય આસ્તિક નથી, જેને પાપનો ભય નથી, જે આરંભ-સમારંભની વાતથી કંપતો નથી, એનાથી આઘો રહે તો નથી, જગત્‌ને એનાથી બચાવવા પ્રયત્ન કરતો નથી, સ્વપરના આત્માને આરંભ-સમારંભના માર્ગથી રોકતો નથી પણ ઉલટો પુષ્ટિ આપે છે, તેને કહો, ભાગ્યવાન્ ! આસ્તિક કોણ કહે ? કદાચ કર્મયોગે પોતે છૂટી ન શકતો હોય પણ તે કહે તો એમજ કેઃ- 'હું પામર ! કે જેથી છુટી શકતો નથી.' પણ ઉલ્ટો જે એમ કહે કે :- 'આરંભ-સમારંભ વિના તે ચાલે ? તો તે આસ્તિક ક્યાંનો ? ભલે પછી મોટાં બોર્ડ આસ્તિક્તાનાં ચીતરાવે પણ એમાં વળે શું ?'

**પ્ર.૧૯૪ આત્માને રોજ શું પૂછવાનું ? વીતરાગ ક્યાં મોકલી ન આપે ? શાથી ?**

ઉ. જરા આત્માને પૂછો ! શાસ્ત્ર કહે છે કે, ધર્મ જેમ દેવસાક્ષીએ, ગુરૂસાક્ષીએ તેમ આત્મસાક્ષીએ પણ કરવાનો છે. રોજ આત્માને પૂછો, કે હૃદયમાં કંઇ આવ્યું ? કે બધું બહાર ? સમ્યક્ત્વની તમને માત્રા તો આપી પણ એની ખાત્રી માટે રોજ આત્માને પૂછો કે, તારો અભ્યાસ સંસાર તરફ વધુ ઢળે છે કે જ્ઞાનીએ કહ્યા તરફ ? જો જ્ઞાનીના કહ્યા તરફ ઢળતો હોય તો તો માનવું કે કંઇક પામ્યો અને સંસાર તરફ

ઢળતો હોય તો આત્માને કહેવું કે હજી ઠગ લાગે છે. શ્રી જિનેશ્વરદેવને ચાંલ્લા વિગેરે કરીને ફ્લાદિક મૂકનારને તેઓ પારસલથી મુક્તિનગરમાં મોક્લી આપે, એમ માનવાનું નથી. આતો વીતરાગ ! ન ભક્તિથી તોષાયમાન થાય કે ન નિંદાથી રોષાયમાન થાય. ભક્તિ કરનાર પોતાની મેળે તરે અને નિંદા કરનાર આપો આપ ડૂબે વીતરાગ પોતે ન તારે કે ડૂબાડે. પૂજા, ભક્તિ લાંચ માટે નથી. આપણા દેવ અને ગુરૂ લાંચ ન લે.

**પ્ર.૧૯૫ સાધુવંદન લેતા શું વિચારે ? નહિ તો ?**

ઉ. સાધુ વંદનાને પણ મહા વિઘ્ન માને : આથી તમારે ન કરવી, એમ નહિ હો ! જ્યારે જ્યારે ગૃહસ્થ વંદના કરે ત્યારે ત્યારે સાધુ વિચારે કે, આ વંદના મ્હને નહિ પણ આ સંયમને છે. જેને જગત્ વંદે તેને મારે કેમ સેવવું જોઇએ ? એ વિચારે તો તો એ આત્મા સન્માર્ગમાં ટક્યો રહે, મુંઝાય નહિ, પણ જો તે પોતામાંજ બધું માની લે તો ગબડતાં વાર પણ લાગે નહિ.

**પ્ર.૧૯૬ શું સહન કરવું કઠીન છે ? શાથી ? વસ્તુ કેવી છે ? આ બધી ભાવના ક્યારે આવે ?**

ઉ. સત્કાર અને સન્માન સહન કરવાં બહુ કઠીન છે. સત્કાર અને સન્માને તો કેઇનાં સમ્યક્ત્વ છીનવી લીધાં : કદી રહ્યાં તો નામ માત્ર. વાહવાહની ભાવનાથી કેઇનાં સમ્યક્ત્વ ચાલ્યાં ગયાં. ત્યાં ટકે એજ કસોટી : બધાય ત્યાગનું પરિણામ ત્યાં આવી ઉભું રહે, પણ ગભરાશો મા ! ચઢતાં ચઢતાં પડી પણ જવાય. પડી ન જવાય માટે સાવધ રહેવું. કોઇ પડી ગયા માટે વસ્તુ ખોટી નથી. ચઢે એ આશ્ચર્ય, ચઢીને સીધો પહોંચે એ આશ્ચર્ય. પડે એમાં નવાઇ શી ? ચીકણી જમીનમાં ન લપસે એ આશ્ચર્ય, લપસે તેમાં આશ્ચર્ય શું ? માર્ગ ચૂકાય તેમાં નવીનતા નથી. પડનારને સાંભળી માર્ગ પર ગુસ્સો ન કરો. કોઇ તમને કહે કે :- 'ફ્લાણા પડી ગયા' તો કહેજો:- 'ચઢ્યા ત્યારે ને ! પામર ! તું ને હું તો ચઢ્યા પણ નથી.' તમારાથી બને તો પડનારને આશ્વાસન દો. સમજાવો

કે:- 'મહાનુભાવ ! આટલું બધું પામીને આ દશા ?' જે કહે કે:- 'ફ્લાણો પડ્યો !' તેને કહો કે :- એ તો ચઢ્યો તો હતો, પણ તું કોણ ? આ બધી ભાવના ક્યારે આવે ? હૃદયમાં વસ્તુ પરિણામ પામે તો !

**પ્ર.૧૯૭ તીર્થ શું આપે ? કોની પાસે શું મગાય ?**

ઉ. अनूपमं -તીર્થ અનૂપમ શાથી ? जिनेश्वरैः आदिनत જિનેશ્વરોથી શરૂઆતમાં નમાયેલું શાથી ? અનુપમ. અનુપમ શાથી ? જે જોઇએ તે બધું એનાથી મળે. મોક્ષ પણ આનાથી મળે અને દુનિયાનાં સ્વર્ગાદિક સુખ પણ આનાથી મળે. ઉપરાન્ત દુનિયાની સુખ સંપત્તિ અને શાંતિ પણ આ તીર્થને આભારી છે : પણ દુનિયાની કાર્યવાહી માટે એની સેવા કરવાની નથી. ચિંતામણી આટો માગનારને આટો આપે, પણ માગનારથી મંગાય શું ? (સભામાંથી- મોક્ષ) બરાબર જવાબ છે, પણ વિચારીને દેજો. મોક્ષના અર્થિને, સંસાર છોડવાની વાતથી દુઃખ ન થવું જોઇએ, સંસાર છોડનાર પ્રત્યે હૃદયની ભક્તિ જાગવી જોઇએ, અને મુમુક્ષુ પ્રત્યે દયા ચિંતવનારા તરફ દયા આવવી જોઇએ. વીસમી સદીના જમાનામાં યથેચ્છ મ્હાલી રહેલાઓ ખરેખર મોક્ષના અર્થિની દ્રષ્ટિએ દયાપાત્ર જ દેખાવા જોઇએ. આસક્તિ આદિના યોગે ભલે કદાચ ત્યાગનો સ્વીકાર ન કરી શકાય, પણ ત્યાગની વૃત્તિમાં તો વાંધો નજ આવવો જોઇએ.

**પ્ર.૧૯૮ કૃષ્ણ મહારાજા અને શ્રેણિક મહારાજા કેવા ?**

ઉ. શ્રી કૃષ્ણ મહારાજા અને શ્રી શ્રેણિક મહારાજા ભલે ત્યાગ માર્ગનો સ્વીકાર ન કરી શક્યા, પણ તેઓની વૃત્તિ તે માર્ગ પ્રત્યે કેવી હતી ? શ્રી શ્રેણિક મહારાજા કે શ્રી કૃષ્ણ મહારાજાને તો અવિરતિનો ઉદય છે, એમ પ્રભુ જેવાએ કહ્યું હતું : પણ આજના કેટલાક કે જેઓ વિરતિને પામવાના શક્ય પ્રયત્નો પણ નથી કરતા, તેઓ પોતાને અવિરતિના ઉદયવાળા કયી રીતિએ કહેવરાવી શકે છે ? આપણો મુદ્દો એ છે કે, અવિરતિના ઉદયવાળા ભલે ત્યાગ ન કરી શકે, પણ તેઓનું

વલણ કર્યું હોય ? શ્રી જિનેશ્વરદેવના શાસનમાં જન્મેલો, જૈન નામ ધરાવનારો, કદાચ ત્યાગી ન બની શકે, પણ કોઇ ત્યાગી થાય ત્યારે તો તેની રોમરાજી વિકસ્વર થાય ! ત્યાગ એને રોમ રોમ રમ્યો હોય : ત્યાગની સામે-ત્યાગની સામે એના હાથ ભેગા થાય. વીતરાગનો ભક્ત વૈરાગ્યનો વૈરી બને ? વૈરાગ્યનો સંગી ન હોય, એ ચાલે : પણ વૈરી બને એ નિભાવાય ? શ્રી જિનેશ્વરદેવના શાસનમાં રહેલો દાતાર ન હોય તે નિભે. પણ એ કૃપણતાને વખાણે, એ કેમ નભે ? કૃપણ, અશીલવાન્ અને અતપસ્વી નભે, પણ એ પ્રત્યે ભાવના કયી ? ક્યારે દાન દઉં ? ક્યારે શીલ પાળું ? ક્યારે તપ કરૂં ? બધાએ સર્વ વિરતિ લઇ ન શકે, એ માટે તો પ્રભુને ઇતર ધર્મો કહેવા પડે છે.

**પ્ર.૧૯૯ સર્વથા શું આવ્યા વિના કોઇ શું કહેતો ?**

ઉ. સર્વથા નિર્ગ્રંથતા આવ્યા વિના- મન, વચન, કાયાના યોગોને રૂંધ્યા વિના, શૈલેશીકરણ કર્યા વિના મુક્તિ નથી. પણ કોઇ કહે કે છઠ્ઠે ગુણઠાણે રહેલા મહાત્માઓએ પણ ચૌદમા ગુણસ્થાનકે રહેલા પરમર્ષિઓની માફક હાલવું જ નહિ. એ બને ? એ તો ચૌદમા ગુણસ્થાનકે બને : છતાં પણ છઠ્ઠા ગુણસ્થાનકે રહેલા મહર્ષિઓ ઇચ્છે તો એજ. ભાવના એજ કે, સર્વથા અહિંસક બનું, મન, વચન, કાયાને સર્વથા રૂંધું. એ સર્વથા કાબુમાં ન આવે ત્યાં મુક્તિ નથી.

**પ્ર.૨૦૦ ગુણ પ્રાપ્તિનો ક્રમ કયો ?**

ઉ. (સભામાંથી. માર્ગાનુસારી, સમ્યક્ત્વ, દેશવિરતિ, સર્વવિરતિ, સૂત્રકરણ, અર્થકરણ, તદુભયકરણ, વિનિયોગકરણ આ ક્રમ બરાબર ?) આ ક્રમે પણ પમાય અને વગર ક્રમે પણ પમાય. ઉભય રીતિએ પમાય, એમાં કશી જ હરકત નથી. આમ જ પમાય એમ નથી. સમજો, માર્ગાનુસારીનો પહેલો ગુણ ન્યાય સંપન્નવિભવ, એમાં નીતિ તો ખરી જ ને ? હવે દેશવિરતિ શ્રાવકનાં પાંચ અણુવ્રત પૈકીના બીજા અણુવ્રતમાં મોટા અસત્યનો ત્યાગ છે. ત્રીજામાં મોટી ચોરીનો ત્યાગ છે.

મોટું અસત્ય અને મોટી ચોરીનો ત્યાગ : બાકીનો નહિ, શાથી ? થઇ જાય છે એથી. એ નીતિ કે અનીતિ ? એ વ્રત લેનારમાં માર્ગાનુસારીપણું ખરૂં કે નહિ ? હવે કોઇ એમ કહે કે, અનીતિનો અંશ હોય ત્યાં સુધી દેશવિરતિ આવે જ નહિ, તો એ ચાલે ? આ ક્રમનો હેતુ એ છે કે, દુનિયામાં અનેક પ્રકારના જીવો છે : એક પ્રકારના નથી. પંદર લિંગે સિદ્ધિ કહી : એમાં અન્યલિંગે પણ કહી. અન્યલિંગે કેવલ થાય પણ ક્યારે ? વસ્તુ પમાય ત્યારે ! વસ્તુ પામ્યા પછી-કેવળ થયા પછી, આયુષ્ય બાકી હોય તો કયા લિંગે રહે ? સ્વલિંગે કે અન્યલિંગે ? અન્યલિંગમાં કેવલ થવાનો વસ્તુના યોગે સંભવ છે, માટે કોઇ કહે કે, એ લિંગ પણ પ્રમાણ તો ચાલે ? શાસ્ત્ર સૌથી ઉંચી વિધિ પહેલી કહે. તીર્થંકર થઇને મુક્તિ જવું. એ ઉત્તમ પણ એવા કેટલા ? બહુ થોડા, જ્યારે ગુણ વર્ણવવા બેસે ત્યારે ઉંચામાં ઉંચી કોટિના-છેલ્લામાં છેલ્લા, કે જેને પામનારા થોડા જ હોય. શ્રી આનંદ અને શ્રી કામદેવ જેવા શ્રાવક કેટલા ? શ્રી ગૌતમ ભગવાન્ જેવા સાધુઓ કેટલા ? વર્ણનમાં કમીના ન રાખે, પણ વર્ણન કરનારે બધા ભેદો ધ્યાનમાં રાખવા જોઇએ.

**પ્ર.૨૦૧ ઉદાયન મંત્રીની છેલ્લી અવસ્થા કઇ છે ? આંસુ શાથી આવ્યા ?**

ઉ. શ્રી ઉદાયન મંત્રી છેલ્લી અવસ્થામાં યુદ્ધમાં ગયા છે : શ્રી સિદ્ધગિરિની યાત્રા તથા ઉદ્ધારની અભિલાષા છે. નિયમ છે, અભિગ્રહ છે કે, ઉદ્ધાર ન થાય ત્યાં સુધી એકાસણું કરવું. એમજ કરે છે. યુદ્ધમાં જીત્યા તો ખરા, પણ શરીર પરના પ્રહારોથી પાછા વળતાં એમના જીવનની છેલ્લી ઘડી આવી. વેદના સહન થતી નથી. અટવીમાં છે. એમના મનમાં બે વાત ખટકે છે. શ્રી સિદ્ધગિરિનો ઉદ્ધાર ન કર્યો તથા આ અંતિમ સમયે નિર્યામણા કરાવનાર કોઇ નથી. આંખમાંથી આંસુ આવ્યાં. પાસેના મંત્રીયોએ પૂછયું:- 'મંત્રીશ્વર ! કયા કારણે આપને આ પ્રસંગે આંસુ આવે છે ? આપે કરવાનું બહુ કર્યું છે. અન્યાય, અનીતિ કરી નથી. આંસુનું પ્રયોજન ?'

ઉદાયન :- 'મ્હને બે દુઃખ છે. એક તો શ્રી સિદ્ધગિરિનો ઉદ્ધાર ન કર્યો-ન થયો અને આ વખતે નિર્યામક કોઇ નથી.'

મંત્રીઓ કહે છે કે 'મંત્રીશ્વર, આપના દીકરાઓ, આપના વચનાનુસાર શ્રી સિદ્ધગિરિનો ઉદ્ધાર જરૂર કરશે પણ આ અટવીમાં નિર્યામક મુનિ ક્યાંથી લાવવા ? છતાં તપાસ કરીએ છીએ. મંત્રીયો સમયસૂચક હતા. વિચાર્યું કે:- 'મંત્રીશ્વરના જીવનની છેલ્લી ઘડી છે. મુનિદર્શન વિના-નિર્યામણા વિના, મંત્રીશ્વરનું હૃદય સ્થિર નહિ થાય.'

એક શાણો સુભટ ભવ્ય આકૃતિવાળો-જેટલું શીખવીએ તેટલું બરાબર બોલે તેવો હતો. તેને સામંતોએ કહ્યું :- 'તું મુનિના કપડાં પહેર અને નીચે જોઇને ઇર્ષ્યાસમિતિ પાળતો, હાથમાં મુહપત્તિ રાખી, મંત્રીશ્વર પાસે આવ : અને મંત્રીશ્વર વંદન કરે એટલે ધર્મલાભ કહેજે. પછી સંભળાવજે :- મંત્રીશ્વર, સમાધિમાં રહો, જન્મે તે મરે, તમે પુણ્યવાન્ છો : દુનિયામાં કોઇ કોઇનું છે નહિ : આત્મા એકલો છે. પાપનો પશ્ચાત્તાપ કરો ! અને મંત્રી પચ્ચખ્ખાણ માગે ત્યારે અભિગ્રહ પચ્ચખ્ખાઇ, અન્નથણભોગેણં, સહસ્સાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિ આગારેણં વોસિરે કહેજે. મતલબ, મંત્રીયોએ આ સુભટને તમામ જરૂરી પાઠ ભણાવી દીધાં. આ વખતે મુનિનાં કપડાં પહેરવા છતાં, સુભટના હૃદયમાં કાંઇ પરિણામશુદ્ધિ નથી-માત્ર એકજ ઇરાદો કે હું રાજ્યનો નોકર છું, એ કહે તેમ મારે કરવાનું. અને મ્હારા નિમિત્તે મંત્રીશ્વરને શાંતી થતી હોય તો મ્હને વાંધો શો ? મંત્રીશ્વર પાસે તેઓ આવીને કહે છે કે:- મંત્રીશ્વર ! અહોભાગ્ય ભાગ્યયોગ ફળ્યો : મહાત્મા મળ્યા ! મંત્રીશ્વર ઉદાયન ખુશી થાય છે : વિચારે છે :- પુણ્ય જાગતું છે. અટવીમાં પણ મુનિ મળ્યાં મંત્રીશ્વર ઉદાયન તે મુનિને ભગવાન્ ગૌતમસ્વામિજીની માફક વંદે છે અને યથાયોગ્ય નિર્યામણ કરી મંત્રીશ્વર સમાધિથી સ્વર્ગસ્થ થાય છે. હવે મુનિવેષ ધરનાર પેલો સુભટ વિચારે છે કે:- જે વેષને, આખી દુનિયાને માન્ય એવો ઉદયન મંત્રીશ્વર નમે, જે વેષને નમવામાં

એ મહાત્મા પોતાની સદ્‌ગતિ માને, એ વેષ નહિ છોડું-નહિ મૂકું : યાવજ્જીવં ભવતુ । એ સુભટ જીંદગી પર્યંત સંયમ પાળી સ્વર્ગે ગયા. કહો કયી યોગ્યતા હતી ? આત્માની યોગ્યતા આવી ગઇ. નવકાર આવડતો હતો ? ઇર્યાસમિતિ, ઇરિયાવહિ જાણતા હતા ? કશુંએ નહિ. એકજ વાત કે જેને મંત્રીશ્વર જેવા નમે, તે વસ્તુ જરૂર કીંમતી : એ ન મૂકાય.

**પ્ર.૨૦૨ જ્ઞાનીઓ શું કહે છે ?**

ઉ. દ્રવ્ય વિના ભાવ હોય ? બેશક, ભાવ વિના દ્રવ્યની સફલતા નહિ, પણ દ્રવ્ય વિના પ્રાયઃ ભાવ પણ નહિ. જ્ઞાની કહે છે કે, મનશુદ્ધિ વિના, ક્રિયા (દ્રવ્ય) અનુષ્ઠાન ફળતાં નથી એ વાત સાચી, પણ દ્રવ્ય શુદ્ધિ વિના, બાહ્ય આલંબન વિના, ભાવ શુદ્ધિ પણ પ્રાયઃ અશક્ય છે.

**પ્ર.૨૦૩ બાહ્ય સામગ્રી પણ શુ઼ કરે છે ? કઇ રીતે ?**

ઉ. અનંતી ઉત્સર્પિણી-અવસર્પિણીએ મરૂદેવા માતા જેવું દ્રષ્ટાંત બને. શ્રીમતી મરૂદેવી માતાએ પ્રથમ કશોજ ધર્મ કર્યો નથી, પણ ત્યાંએ એ બન્યું શાથી ? ઉંચામાં ઉંચા આલંબનથી દુવિહં તિવિહેણંનું પચ્ચખ્ખાણ, એમાં મન છૂટુ : મન તો બહુ પાપ કરે છે છતાંય કહે છે કે, ભલે હાલ ઠેકાણે ન હોય પણ આ બાહ્ય આલંબનો એને ઠેકાણે લાવશે. જ્ઞાની બહારનાં ઉપકરણો બહુ શુદ્ધ રાખવાનું કહે છે, એનો હેતુ એજ છે. મંદિરની આટલી બધી શોભા રાખવામાં પણ એજ હેતુ પ્રધાન છે કે, જેથી ત્યાં આત્મા તન્મય બને. દેવતાઓ શ્રી તીર્થંકરદેવનું સમવસરણ કેવું સુંદર રચે છે ? દેશના તો સાંભળે ત્યારે-પામે ત્યારે, પણ સમવસરણ એવું રચે કે કોશો દૂર પર રહેનારાને પણ એમ થાય કે-જરૂર, જોવા તો જવું. જોવા જાય તે બેસી પણ જાય, પછી તો પ્રભુના અતિશય કામ કરવાના છે, અતિશયો પાસે આવે એને કામના ! પણ પાસે આવે ત્યારેને ! ત્યારે પાસે લાવવાનું કામ બાહ્ય સામગ્રી બહુ કરે છે. અતિશયોના યોગે અનેક આત્માઓ આવે : એને દર્શન કરતાંજ ભાવ જાગે. પરમ

તારક શ્રી તીર્થંકરદેવની પાસે આવ્યા પછી ભાગ્યેજ પામ્યા વિના જાય.

**પ્ર.૨૦૪ કોના સિવાય કોણ પામીને જાય ?**

ઉ. પાખંડીયો, અભવ્યો તે દુર્ભવ્યો વિગેરે શિવાય કંઇક ને કંઇક પામીને જ જાય.

**પ્ર.૨૦૫ તીર્થંકર કેવલી અને સામાન્ય કેવલીમાં શું ફરક હોય ?**

ઉ. સામાન્ય કેવલિને કેવલજ્ઞાન સરખું પણ શ્રી તીર્થંકરની વાત જુદી. કેવલજ્ઞાન બેયને સમાન : પણ ઓછામાં ઓછા એક ક્રોડ દેવતા તો સેવામાં રહેજ. પ્રભુ પાસે ગમે તેવા કષાયોવાળા આવે તે પણ શાંત થઇ જાય. આ પ્રભુનો અતિશય-જાતિવૈરવાળાં પ્રાણીયો પણ ત્યાં મિત્ર બને. પ્રભુવાણીનો મધુર ધ્વનિ એ છંટકાવ કરે. વાણી એક રૂપી પણ પરિણામે સર્વરૂપી. વાણીનો પણ કેવો અગાધ મહિમા ! એક જાતની ભાષા બોલે, પણ સૌ પોતપોતાની ભાષામાં સમજે, આ બધું કોને ? શ્રી તીર્થંકરદેવને. સંસારસાગરમાં ભટકનારા પ્રાણીયો માટે બાહ્ય આલંબન ઘણું મહત્ત્વનું છે. અહિં આ સ્થાનમાં આવીને અધર્મી કેટલા થાય અને કસાઇખાને જઇ ધર્મી કેટલા થાય ? જેટલા અહિં આવી સ્વધર્મી થાય તેટલા તહિં જઇ ધર્મી થાય ? ધર્મપ્રાપ્તિનું સ્થાન કયું ? આ સારી જગ્યામાં ખોટું અને ખોટી જગ્યામાં સારૂં હોયજ નહિ. ક્વચિત્ કોઇ કારણવશાત્ હોય તો તેની ગણના પણ નહિ.

**પ્ર.૨૦૬ સભામાંથી પ્રશ્ન-આટલું છતાં ભગવાન્‌ના શ્રાવક દોઢ લાખ અને ગોશાળાના ૧૧ લાખ એનું કારણ ?**

ઉ. અનાદિકાલની વાસના જીવોની સાથે છે. આજે નાટકમાં ઘણા ભેળા થાય, પણ તત્ત્વજ્ઞાનની વાતોમાં કેટલા થાય ? શાસ્ત્ર કહે છે કે, અનાદિની દુષ્ટ વાસના એ કારણ છે.

**પ્ર.૨૦૭ ગોશાળાનો મત કયો ?**

ઉ. યદ્ ભાવિ તદ્ ભવતિ જે થવાનું છે તે થાય છે. ગમે તે ખાવું, પીવું, બોલવું, ચાલવું એમાં વાંધો નહિ, આ કોને ન ગમે ? એમ કહેવામાં

આવે કે ઉપવાસ કરો પણ ભૂખ લાગે તો ખાઇ લેવાય : એ ઉપવાસ કોણ ન કરે ? શ્રી જિનેશ્વરદેવના ઉપવાસ કરનાર થોડા અને ફ્લાહારના ઉપવાસ કરનારા ઘણા એનું કારણ ? લાલસા. ગોશાળો જીવોને ગમતું તે આપતો.

**પ્ર.૨૦૮ તમે શું કહો તો લોક શું કરે ?**

ઉ. ભગવાન્ તો ગમતું તે મૂકવાનું કહેતા. તમે એમ કહો કે, પૂજા સામાયિક, થાય તોયે ભલે, ન થાય તોયે ભલે, વ્યાખ્યાન સંભળાય તોયે ભલે, ન સંભળાય તોયે ભલે, તોયે જૈન ગણાશો: તો બધા જૈન કહેવડાવવા આવે. પણ તમે કહો કે જૈન કહેવરાવવા પૂજા તો કરવી પડે, એટલે ઝટ કહે કે ઉભા રહો, વિચાર કરૂં.

**પ્ર.૨૦૯ ઓછી સંખ્યા ક્યાં હોય ?**

ઉ. જ્યાં દુનિયાની ચીજો છોડવાનું જ કહેવાય ત્યાં ઓછી સંખ્યા હોય.

**પ્ર.૨૧૦ પ્રભુની દેશનાનો અતિશય શું કરે ? પણ બહાર જઇને શું કરે ?**

ઉ. પ્રભુની દેશનાનો અતિશય એવો કે દેશના સમયે તો સાંભળનારા નાચતા. પાખંડી પણ ડોલતા. પણ પાખંડીયો બહાર જાય કે તરત ઉલ્ટુંજ કરતા.

**પ્ર.૨૧૧ ખરા ઉપદેશક કોણ અને કોણ નથી ?**

ઉ. ટોળું વધારવું હોય તો તો આજે વધારાય. મુક્તિના રસીયા બનાવનાર ખરા ઉપદેશક છે-સંસારના રસીયા બનાવનાર ખરા ઉપદેશક નથી.

**પ્ર.૨૧૨ શું જોઇતું હોય તો શું આપવું જોઇએ ?**

ઉ. માગો તે આપીને લાખ્ખોને ભેગા કરનાર, તે તો ભાટ કે ભવૈયા છે. ન ગમતું હોય ત્યાં એ, ખીંચાઇને આવે એ પ્રભુની વાણીનો પ્રભાવ છે. જેને સંસારજ જોઇતો હોય, તેણે આ શાસનમાંથી રાજીનામું આપવું જોઇએ.

**પ્ર.૨૧૩ ધ્યેય શું ? દાંભિકતા ક્યારે કહેવાય ?**

ઉ. ભલે મુક્તિ ગમે ત્યારે મળે, લાખો ભવે-અરે અનંત ભવે. પ્રબળ પ્રયત્ન કરશું ત્યારે મુક્તિ જાશું, આજને આજ મળવાની નથી, પણ ધ્યેય શું ? પ્રભુના શાસનમાં રહેવાનો દાવો કરવો અને સંસારને સારો માનવો અને મનાવવો તથા રસપૂર્વક સંસારમાં રહેવું, એ ભયંકર દાંભિકતા છે.

**પ્ર.૨૧૪ ક્રોડ દેવતા છતાં ગોશાળો ઉપસર્ગ કેમ કરી ગયો ?**

ઉ. જો કે પ્રભુ માટે તો એ બનાવ આશ્ચર્યરૂપ બન્યો છે, છતાંય કર્મના સ્વરૂપની ગમ પડી જાય તો આ પ્રશ્ન રહે નહિ. સુભૂમ ચક્રવર્તિનું ચર્મ રત્ન પકડનાર ચોસઠ હજાર દેવતાને, જ્યારે સુભૂમનું આવી બન્યું ત્યારે, એક સાથે વિચાર થયો કે હું એકલો મૂકી દઉં, તેમાં શું વાંધો ? આ બધાને સાથે વિચાર શાથી આવ્યો ? સૂભુમના કર્મ યોગે. તિવ્ર કર્મનો ઉદય આવે ત્યારે સાથે રહેનારાઓની બુદ્ધિમાં વિભ્રમ થાય. ભગવાન્ પાસે જ્યારે ગોશાળો આવ્યો ત્યારે જો કે ભગવાને ખૂદે બોલવાની ના કહી હતી, છતાં સુનક્ષત્ર અને સર્વાનુભૂતિથી-એ બે મુનિઓથી ન રહેવાયું : શું એમણે ભૂલ કરી ? એ આજ્ઞા ભંજક ? શાસ્ત્ર કહે છે કે- 'નહિ એમાં આજ્ઞા ભંજનનો ઇરાદો નથી, પ્રભુની ભક્તિ છે.' અને એવી બુદ્ધિ થઇ એનું કારણ પણ ભવિતવ્યતાજ એવી છે, અને એ રીત્યા એમનું મૃત્યુ સરજાયું છે. જ્ઞાનીની દ્રષ્ટિએ જે વસ્તુ નિયત છે, ત્યાં પ્રશ્ન ન હોય.

**પ્ર.૨૧૫ કોઇ પૂછે કે ?**

ઉ. કોઇ પૂછે કે ભગવાન્ ખૂદ કોઇનું બુરૂં નહોતા ઇચ્છતા છતાં ગોશાલો ઉપસર્ગ કરવા કેમ આવ્યો ? ભાઇ ! દુર્જનનું એ કામ છે. સજ્જનો સામે કાદવ ઉડાડવો, સજ્જનોને યેન કેન પ્રકારેણ સંતાપવા, એ દુર્જનોનું કામ છે. સારૂં ખોટું જુએ તો એ દુર્જન શાનો ? દુર્જનનું કામ એ કે, ન વિચારે, ન માને, એ તો લાખ ફેંકે-વાગે એટલા ખરા. અશુભ

કર્મના ઉદય વખતે જીવો સારાને સારા તરીકે સમજી શકતા નથી.

**પ્ર.૨૧૬ કલિકાલ સર્વજ્ઞ હેમચન્દ્ર સૂ.મ. શું ફરમાવે છે ?**

ઉ. **"धर्मध्वंसे क्रियालोपे, स्वसिद्धान्तार्थविप्लवे ।**
**अपृष्टेनापि शकेन, वक्तव्यं तन्निषेधितुम् ।। १ ।।"**

ધર્મના નાશ સમયે, ઉત્તમ ક્રિયાનો લોપ થયો હોય તે વખતે અને સ્વસિદ્ધાંત એટલે શ્રી જિનેશ્વરદેવે પ્રરૂપેલા સિદ્ધાંતના અર્થનો વિપ્લવ થતો હોય ત્યારે, તેને રોકવા માટે નહિ પૂછાયેલા એવા પણ સમર્થ આત્માએ અવશ્ય બોલવું જોઇએ. ત્યાં બનાવટી અને નાશક શાન્તિના જાપ ન જપાય. ખોટી શાંતિ અને સમતાના પાઠ ભણવાથી વસ્તુને ગુમાવી દેશો, એ પાઠ ભણાવનારા કોઇ હોય તો તે સુગુરૂ નથી ! સન્માર્ગનો લોપ થતો હોય ત્યારે શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી જેવા પણ કહે છે કે, સામર્થ્યવાન્ પૂછયા વગર પણ નિષેધ કરે. 'કરશે તે ભરશે' તો તમે શું કરશો ? આવા પ્રસંગે ઘરના ખૂણે બેસવા કરતાં ખપી જવું સારૂં છે. જ્ઞાની કહે છે કે, સત્યનો રાગી ઉત્તમ ક્રિયાઓના લોપ વખતે મુંગો ન રેહ. જો છતી શક્તિએ મુંગો રહે તો પરિણામે આસ્તિક્તા ચાલી જાય અને નાસ્તિક્તા આવે. તમારૂં સામર્થ્ય ન હોય તો 'કોઇ બોલે, કોઇ સમર્થ જાગે, કોઇ ઉન્માર્ગીઓને રોકે' -એવો કોઇ જાગે તો ખૂશ થવું જોઇએ. 'એવો કોઇ જાગે તો સારૂં' -એમ હૃદયમાં થયા કરવું જોઇએ. સાચો માર્ગપ્રેમ ત્યાં છે. શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજાના ગુરૂવર્ય્ય આચાર્યદેવ શ્રીમદ્ દેવચંદ્રસૂરીશ્વરજી મહારાજા પણ પોતાની અમૂક અશક્તિનો પશ્ચાત્તાપ કરી ક્યારે કોઇ પ્રભાવક જાગે ? -એવા મનોરથ કરતા હતા.

**પ્ર.૨૧૭ તીર્થનું બીજું વિશેષણ કયું છે ?**

ઉ. તીર્થં જયતિ તીર્થ હંમેશ જયવંતુ વર્તે છે. તીર્થ તે કહેવાય છે કે, જેના યોગે આત્માઓ આ સંસાર સાગર તરી જાય. એ તીર્થ પણ શ્રી જિનેશ્વરોથી આદિમાં નમસ્કાર કરાયેલું ! શાથી ? એ તીર્થના યોગે એ

પણ તીર્થપતિ બન્યા : અને એટલા માટે જ એ અનૂપમ છે. જગત્‌માં બીજી કોઇ પણ એને બંધ બેસતી ઉપમા નથી. અનૂપમ શાથી ? 'अनादिनिधनगतम्' અનાદિ અને અનંત. જેની આદિ નથી અને જેનો અંત નથી, એવું આ તીર્થ છે.

**પ્ર.૨૧૮ તીર્થંકરો અને ગણધરો કેવું કહે છે ?**

ઉ. શ્રી તીર્થંકરદેવો પણ જેવું હોય તેવું જ કહે છે : શ્રી ગણધર દેવો પણ તેજ કહે છે : બીજું કાંઇ નવું કહેતા નથી. દુનિયામાં જે વસ્તુ નથી, તે વસ્તુ શ્રી તીર્થંકરદેવો કહેતા નથી : અને શ્રી ગણધર દેવો રચતા નથી.

**પ્ર.૨૧૯ તીર્થ કેવું છે એમાં શું થતું નથી ? જો એમાં કાંઇ થાય તો શું થાય ?**

ઉ. માટે જ આ તીર્થ અનાદિ અને અનંત છે. ધ્યાનમાં રાખજો કે, તીર્થમાં કદી પરિવર્તન થતું નથી : એ શાશ્વત છે, એમાં કશો ફેરફાર નહિ. જો એ ફરી જાય તો સારી દુનિયા ફરી જાય.

**પ્ર.૨૨૦ સાધન પોલું થઇ જાય તો ?**

ઉ. હું કહી ગયો છું કે, સાધક ઢીલા હોય તો સાધના કરતાં વાર લાગે : એક ભવે ન કરે તો ઘણા ભવે સાધના કરે. સાધક જો બહુ પોલો હોય તો સાધના વિના રહી જાય, પણ જો સાધન પોલું થઇ જાય તો તો સાધના જ રહી જાય. માટે સાધન તો અખંડિત જ જોઇએ. તીર્થ, એ સાધન છે. આપણે બધા સાધક છીએ. આપણે પોલા હોઇએ એટલા માટે- આપણા પોલાણની પુષ્ટિ માટે સાધનને પોલું કરીએ તો શું થાય ?

**પ્ર.૨૨૧ આજે શું તકરાર છે ? શું ચાલે અને ન ચાલે ?**

ઉ. આજે એજ મોટી તકરાર છે. 'અમે પોલા છીયે માટે મજબૂતપણે એ તીર્થને સેવી શકતા નથી.' એ બચાવ ચાલે પણ 'જેવા અમે પોલા છીએ તેવાં સાધન પણ પોલાં થાઓ' એમ કહેવું કે ઇચ્છવું તે ન ચાલે.

**પ્ર.૨૨૨ આજના સ્વચ્છંદાચારિઓ શું કહે છે ? એની સામે શાસ્ત્ર શું**

**કહે છે ?**

ઉ. આજના સ્વચ્છંદાચારિયો કહે છે કેઃ- 'આ જમાનામાં આ સાધન કામેં ન લાગે' -તો તેવાઓ માટે તો શાસ્ત્ર કહે છે કેઃ- 'એવા જમાના વાદીયોને શ્રી જૈનશાસનમાં સ્થાન પણ નથી.' પોતાની અશક્તિનો આરોપ આમાં (સાધનામાં) કરવા માગે-સાધનનેજ શિથિલ કરવા મથે તેવા, શાસનમાં હોય તોયે શું અને ન હોય તોયે શું ? કદાચ એવા તો બીજાને પણ નુકશાન કરે.

**પ્ર.૨૨૩ શું કહેવાય ? શું ન કહેવાય ? કોની જેમ ?**

ઉ. કલ્યાર્થી આત્માએ તો ઉલટી પ્રાર્થના કરવી જોઇએ કેઃ- 'તારી આ ક્ષુદ્ર સેવાના યોગે એવું સામર્થ્ય પ્રાપ્ત થાઓ કે જેથી હું ઇચ્છિત સેવા કરી શકું' : પણ તેને બદલે એમ કહેવાય કેઃ- 'અમે કમતાકાત છીએ માટે સાધન વધુ ઢીલાં બનાવો' -તે ચાલે ? ઉંચો માળ હોય, નીસરણી મોટી હોય, અને પગથીયાં ચઢવાની તાકાત ન હોય તો ચઢવાની તાકાત મેળવાય, કે ન ચઢી શકો માટે નીસરણીના નાશનો પ્રયત્ન કરાય ? તેમ તેઓને પણ કહેવું પડે કે- 'તમે જો કમભાગી હો અને ન ચઢી શકો તો કંઇ નહિ, પણ જેઓ ચઢી શકે છે, તેઓનાં સાધનોનો નાશ કરવાનો પ્રયત્ન ન કરતા. 'अनादिनिधनगतं' વસ્તુ તરફ આંગળી ન ચીંધાય : જેને શ્રી જિનેશ્વરદેવો નમે ત્યાં ચેડાં કરો, એ ન ચાલે. 'पुरुषविश्वासे वचनविश्वासः' તો નક્કી છેને ? પશ્ચાનુપૂર્વી ક્રમ આ માટે લીધો છે. યાદ રાખો કે, શ્રી જિનેશ્વરદેવ જેને નમે, જિનેશ્વરદેવો માટે પણ જેને નમવાનો કલ્પ નિયત થયો, ત્યાં તમારી અને અમારી એ સત્તા નથી કે આડી આંખે જોઇએ. સેવા ન થાય તો દૂર રહી હાથ જોડો, પગે લાગો, સેવા કરનારને વંદન કરો, પણ એક પણ અક્ષર આની સામે અનુચિત બોલવો, તે પોતાની જાત માટે ભયંકર છે. એવો પણ કાળ હતો કે, આની સામે આંખ કાઢનારને જમીન ઉપર ઉભા રહેવું ભારે પડતું, આની સામે અક્ષર બોલનારને લે-મેલ થતી ને ધર્મીની સામે વિરોધીને

પગલું માંડતાં કંપ થતો ! આજે એ પણ જમાનો છે કે, આનીસામે આંખો કાઢનાર, યદ્વાતદ્વા બોલનાર. છચોક મરજીમાં આવે તેમ ફરી શકે છે. એ પણ જમાનો છે, એવો પણ જમાનો કદી હોય, પણ આ બધું માત્ર વર્તમાનમાં જ ! બાકી એ યથેચ્છવાદિયોનું ભવિષ્ય તો ભુંડું જ નિર્માણ થઇ ચૂક્યું છે. ધર્મીયોનું, ધર્મી હૃદય શિથિલ થાય ત્યારે ત્યારે આમ થાય : નહિ તો શાસનની સામે આંખ કાઢનાર ધર્મિની સમક્ષ કદી જ સફ્લમનોરથ નથી થઇ શકતા.

**પ્ર.૨૨૪ અસહિષ્ણુતા કઇ નથી ?**

ઉ. ધર્મી સ્ત્રીપુરૂષો તો સમજે છે કે:- 'આ તીર્થ તો દુનિયાનું તારક : એનો નાશ કરવા પ્રયાસ કરે એના માટે યદ્વાતદ્વા બોલે, એ સહન ન થાય' એ અસહિષ્ણુતા નથી. વિશ્વ તારક તીર્થના અવર્ણવાદને ન સહાય, એને અસહિષ્ણુતાનો દુર્ગુણ કહેનારા બીચારા પામર છે. એમને ગુણની ખબર જ નથી-ગુણને સમજી શકતા નથી. ગુણ અને ગુણાભાસને સમ્યગ્દ્રષ્ટિ બરાબર સમજે : અનુમોદના તથા પ્રશંસાના સ્વરૂપને સમ્યગ્દ્રષ્ટિ બરાબર જાણે !

**પ્ર.૨૨૫ ક્યાં શું ટકી શકે નહિ ?**

ઉ. ગુણ અને ગુણાભાસનો ખીચડો એ ન કરે, અનુમોદનાના યોગને પ્રશંસાપાત્ર યોગ કહે ત્યાં પ્રશંસા કરે તો, સમ્યક્ત્વ હોય એનો ઇરાદાપૂર્વક નાશ કરવાનો પ્રયત્ન કરવા બરાબર છે : ત્યાં સમ્યક્ત્વ ટકી શકે નહિ :

**પ્ર.૨૨૬ વાસ્તવિક સમ્યગ્દ્રષ્ટિપણું કોનામાં નથી ?**

ઉ. ત્યાં તો જે વસ્તુ જેટલી કીંમતી, તે મુજબ ક્રમ પ્રમાણે ગોઠવાય, ઝવેરી પાસે કેટલીય જાતનાં મોતી આવે, ઝવેરી યવ પ્રમાણે નોખાં કરે : બધું ભેળમભેળ ન કરે, સમ્યગ્દ્રષ્ટિ પણ હરેક ગુણને તેના તેના યોગ્ય સ્થાનમાં મૂકે : એ વિવેક કરે કે, આ ગુણ હૈયામાં જ રાખવા જેવો છે અને આ ગુણ જગત્માં ફેલાવવા જેવો છે. જેનામાં આ વિવેક નથી

અને જેને એ વિવેકની પરવા પણ નથી, તેનામાં વાસ્તવિક સમ્યગ્દ્રષ્ટિપણું પણ નથી.

**પ્ર.૨૨૭ સમકીત આવે એટલે કયી ભાવના આવે ?**

ઉ. અપૂર્વકરણના યોગે અનાદિ ગ્રંથિનો ભેદ થયો અને સમ્યક્ત્વની પ્રાપ્તિ થઇ, એટલે સર્વવિરતિની ભાવના આવી.

**પ્ર.૨૨૮ શેમાં ઘણું અંતર છે ?**

ઉ. ભાવના આવી પણ પરિણામ ન પણ થાય. દુનિયામાં ભાવના અને પરિણામ સામાન્ય દ્રષ્ટિએ લગભગ સરખાં દેખાય છે, પણ તેમાં ઘણું અંતર છે.

**પ્ર.૨૨૯ કયા ભેદને સમજો ? કોને માટે શું ન હોય ?**

ઉ. ભાવના, પરિણામ અને પ્રવૃત્તિ એ ગુણના ભેદ સમજો. આપણે પ્રવૃત્તિના પૂજારી અને પરિણામ તથા ભાવનાના પ્રશંસક. ભાવના અને પરિણામની પણ પૂજા ન હોય એમ નહિ, પણ જેવી પૂજા પ્રવૃત્તિની હોય તેવી પૂજા ભાવના કે પરિણામની ન હોય.

**પ્ર.૨૩૦ સમ્યગ્દ્રષ્ટિમાં શું હોય અને શું ન હોય ?**

ઉ. સમ્યગ્દ્રષ્ટિમાં સર્વવિરતિની ભાવના હોય, પણ પરિણામ, અને પ્રવૃત્તિ ન પણ હોય.

**પ્ર.૨૩૧ વ્યવહાર નય શું કહે છે ? શેને યોગ્ય નથી ?**

ઉ. પ્રવૃત્તિમાં ન આવે તો વ્યવહાર નય કહે છે કે, વંદન યોગ્ય નથી.

**પ્ર.૨૩૨ નિશ્ચય નયની વાત કેવી છે ? એ શું માને છે ?**

ઉ. નિશ્ચય નયની વાત તો વળી એનાથીય અતિ કઠીન કહે છે. નિશ્ચય નયનું તો સમ્યક્ત્વ જ સાતમે ગુણસ્થાનકે હોય છે.

**પ્ર.૨૩૩ એક મહર્ષિએ શું કર્યું ? શ્રી જિનેશ્વર પરમાત્માએ શું કહ્યું છે ?**

ઉ. એક મહર્ષિએ સાતે નયનો પરસ્પર વાદ કરાવી સમાધાન માટે ભગવાન્ શ્રી જિનેશ્વરદેવ પાસે મોકલ્યા છે. ભગવાને સમાધાન

કર્યું છે કે, એ બધાએ આગ્રહમાં જ પડી ગયા, તો તમારામાં સુનયપણું રહેવાનું જ નથી. પરસ્પરની અપેક્ષાને માન્ય રાખવામાં આવે તોજ નયમાં સુનયપણું રહે છે. અન્યથા તેજ નયો દુર્નય યા નયાભાસની ગણનામાં આવે છે.

**પ્ર.૨૩૪ શેમાં મોટુ અંતર છે ? વ્યવહાર નય શું માને છે ?**

ઉ. ભાવના, પરિણામ અને પ્રવૃત્તિ-એ ત્રણમાં મોટું અંતર છે. વ્યવહાર નય પ્રવૃત્તિને મુખ્ય માને છે.

**પ્ર.૨૩૫ શેની ઉપેક્ષા કરવાથી કોણ પૂજાવાના ? શાથી ?**

ઉ. પ્રવૃત્તિની ઉપેક્ષા કરીને કેવલ પરિણામ તથા ભાવના છે, એમ માની પૂજવા મંડી પડ્યા તો તો દુનિયાના દંભીયો પણ કહેશે કે, અમારામાં પરિણામ અને ભાવના છે એટલે દંભીયો પૂજાવાના એટલા માટે કહી ગયો છું કે વિષયનો વિરાગ, કષાયનો ત્યાગ અને ગુણનો અનુરાગ અને એ ત્રણેની ક્રિયામાં અપ્રમત્તાવસ્થા, જે ધર્મમાં હોય-જે ક્રિયાથી આવે તે મોક્ષ-સુખનો ઉપાય છે. વિષયનો વિરાગ, કષાયનો ત્યાગ અને ગુણનો અનુરાગ એટલું કહીને અટક્યા નહિ, પણ એ ત્રણેની ક્રિયામાં અપ્રમત્ત હોય તો-એમ જ્ઞાનીઓએ કહ્યું છે.

**પ્ર.૨૩૬ એમ ન હોય તો શું થાય ?**

ઉ. એમ ન હોય તો બધા કહે, હું વિષયનો વિરાગી, કષાયનો ત્યાગી અને ગુણોનો અનુરાગી પણ માનવો શી રીતે ?

**પ્ર.૨૩૭ મુશ્કેલી ક્યાં ઉભી થાય છે ?**

ઉ. જેનામાં વિષયનો વિરાગ પ્રગટે તેનામાં વિષયવિરાગની ક્રિયા ન હોય ? તે વિષયોમાં રાચીમાચીને કેમ પ્રવર્તે ? કષાયોની મંદતા થાય ત્યાં ક્ષમા આદિ પણ ન દેખાય ? ગુણોનો અનુરાગ જાગે ત્યાં સદઅસદ્‌નો વિવેક ન કરે ? બધા કહે કે સંસાર ખારો છે, પણ પોલ ક્યારે પકડાય ? જ્યારે તેને છોડવાનું અગર તેનાથી ડરતા ડરતા રહેવાનું કહેવાય ત્યારે ! ખરાબ માની ત્યાંથી ખસવાની વાત આવે, નિર્લેપ બનવાની-વિરક્ત બનવાની,

વાત આવે ત્યાંજ મુશ્કેલી ઉભી થાય છે.

**પ્ર.૨૩૮ ક્રિયા એ કેવી ચીજ છે ?**

ઉ. ક્રિયા, એ એવી ચીજ છે કે ત્યાંજ ભલભલાની કસોટી થાય છે.

**પ્ર.૨૩૯ વિધાનો શેને ઉદ્દેશીને છે ? શેના ઘોતક છે ? આત્માને કેવો બનાવવા શેનું વિધાન છે ?**

ઉ. ભાવના, પરિણામ અને પ્રવૃત્તિને એકાકાર ન કરો. વિધાનો પ્રવૃત્તિને ઉદ્દેશીને છે. વિધાનો પ્રવૃત્તિનાં ઘોતક છે. આત્મા પ્રવૃત્તિમાન બને તે માટે વિધાન છે.

**પ્ર.૨૪૦ કોણ કેટલી ક્રિયા કરે ? કઇ રીતે જાણવું ?**

ઉ. જે ભૂમિકાએ જેટલી યોગ્યતા હોય, તેટલી જ ક્રિયા કરે અને તેટલી જ જાહેરાત આપવી જોઇએ. મુનિ આચારે સર્વવિરતિ છે, અને સમ્યગ્દ્રષ્ટિ શ્રાવક હૃદયથી સર્વવિરતિને ઇચ્છનારો છે : પણ તેથી એનામાં સર્વવિરતિ આવી ગઇ છે એમ નહિ એની ભાવના સર્વવિરતિ તરફ ઢળેલી છે.

**પ્ર.૨૪૧ જો એમ ન હોય તો ?**

ઉ. જો એમ ન હોય તો એ શ્રાવક નથી અને સમ્યગ્દ્રષ્ટિ નથી : માર્ગાનુસારિ આત્માને પણ સંસાર પ્રત્યે બહુમાન ન હોય.

**પ્ર.૨૪૨ વિચારે તો સાધુ થયોને ? શું ન કહેવાય ? જો કહે તો એ શું કહે ?**

ઉ. સાધુ થવાની ભાવનાવાળો-પણ એને સાધુ કહેવાય નહિ. એને ભાવ જાગે, એને મનોરથ થાય કે ક્યારે છૂટું ક્યારે આ પામું. જ્યારે જ્યારે છૂટો થાય, પ્રમાદમુક્ત થાય ત્યારે એજ ચિંતા કરે. સમ્યગ્દ્રષ્ટિને જો કોઇ સાધુ કહે તો એતો એમજ કહે કેઃ- 'ભાઇ ! મારામાં સાધુપણું ક્યાં છે ? જ્યારે તે આવશે ત્યારે જ હું મારા આત્માને પૂર્ણ ભાગ્યશાલિ માનીશ.' પણે તે એમ ન કહે કેઃ- 'હું હૃદયથી મુનિ છું

માટે મને પણ મુનિ તરીકે વંદના કરવામાં હરકત નહિ.'

**પ્ર.૨૪૩ કૃષ્ણ મહારાજા કયા સમકીતી હતા ? છતાં કોને વંદન કરતાં ? અંતરમાં શું નહિ ?**

ઉ. શ્રી કૃષ્ણમહારાજમાં ક્ષાયિક સમ્યક્ત્વ હતું. એમણે ભગવાન્ શ્રી નેમીનાથ સ્વામિના અઢાર હજાર મુનિને વાંદ્યા છે : બધામાં ક્ષાયિક સમ્યક્ત્વ હતું ? નહિ. પણ એ ક્ષાયિક સમ્યગ્દ્રષ્ટિ, એક પણ મુનિને-નાનામાં નાના પણ મુનિને વંદન કર્યા વિના રહ્યા ? નહિ જ : કારણ કે સમકિત જુદું જ છે અને વિરતિ જુદી છે, એમ તેઓ સારી રીતિએ સમજતા. ક્ષયોપશમ સમકિત વાળાને, હું ક્ષાયિક સમકિતવાળો માટે ન વાંદુ. એમ તો નહિ ને ?

**પ્ર.૨૪૪ ક્ષાયિક સમ્યક્ત્વ એટલે ? ક્ષયોપશમ સમકીત એટલે ? ઘણાંને શું થાય છે ?**

ઉ. ક્ષાયિક સમ્યક્ત્વ એટલે જવાનો ભય નથી. મિથ્યાત્વના પુદ્ગલોના આવાગમનનો ભય નથી. આત્માને મુંઝવણ થવાનો સંભવ નથી. ભયનું કારણ નષ્ટ થયેલ છે. ક્ષયોપશમ સમકિતવાળાને તે ભય છે, તે કારણે આત્માને મુંઝવણ થવાનોય સંભવ છે, અને તે ગુણ ચાલ્યા જવાનો ભય પણ છેજ અને ઘણાને વખતો વખત ચાલ્યું પણ જાય છે.

**પ્ર.૨૪૫ પણ ક્ષાયિક સમકીતમાં શું નથી ?**

ઉ. પણ ચારિત્રયમોહનીયના ક્ષયોપશમનો જે ગુણ મુનિમાં છે, તે પણ ક્ષાયિક સમ્યગ્દ્રષ્ટિમાં ક્યાં છે ?

**પ્ર.૨૪૬ અહીં શું ચાલે ? અને કોને સ્થાન નથી ?**

ઉ. અહીં તો, જો શ્રી જિનેશ્વરદેવનો માર્ગ, પ્રવૃત્તિ વિગેરે બધું સમજે તો ચાલે : પણ મનગમતી વાતો કરનારને અહિં સ્થાન નથી, અને એવાની શરમ રાખવાનું કામ પણ ઉપકારી પુરૂષોનું નથી.

**પ્ર.૨૪૭ ઉપકારી મહાપુરૂષો શું જોયા કરે ?**

ઉ. ઉપકારી પુરૂષો પોતાની જાત ઉપર આવતા ખોટા આરોપોનો

બચાવ કરવાની ભાવનાજ નથી રાખતા. તેઓએ તો પોતાનું જીવન શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાને-આગમને સોંપેલું છે, એટલે તે દરરોજ પોતાના આત્મામાં એજ જોયા કરે કે-ભૂલેચૂકે પણ પોતાથી આજ્ઞા વિરૂધ્ધ વર્તિ ન જવાય : તેવો સમય આવે તે પહેલાં તેઓ પોતાના પ્રાણોનો પણ પરિત્યાગ કરતાં ન અચકાય : પણ શાસ્ત્રાનુસારિ પ્રવૃત્તિ કરતાં કદાચ સારી દુનિયા સામે હોય, તે છતાં પણ તેનું એક રોમ પણ ફરકવું ન જોઇએ.

**પ્ર.૨૪૮ ક્ષાયિક સમકીતી શું નજ માને ? શું કરે ?**

ઉ. ક્ષાયિક સમકિત જવાનો ભય નથી, ક્ષયોપશમ સમકિતવાળાને એ ભય છે. આથી ક્ષાયિક સમકિતવાળો એમ માને કે મારૂં સમકિત ઉંચું છે માટે ક્ષાયિક સમકિત જેનામાં ન હોય એવા સંયમધરને ન વાંદુ, તો ? પણ ક્ષાયિક સમ્યક્ત્વને ધરનાર પુણ્યાત્મા એમ માનેજ નહિ : એ તો હૃદયના બહુમાનપૂર્વક સંયમધરના ચરણોમાં ઝુકે.

**પ્ર.૨૪૯ કૃષ્ણ મહારાજા કેવા બળવાન છતાં પોતે શું માનતા હતા ? કઇ ભાવના હતી ?**

ઉ. વાસુદેવના સમયમાં, સારીયે દુનિયામાં, શારીરિક બલમાં એમના જેટલું બલ શ્રી તીર્થંકરદેવ આદિ સિવાય અન્ય કોઇનામાં ન હોય. શ્રી કૃષ્ણમહારાજ ભગવાન્ શ્રી નેમીનાથ સ્વામિના નાનામાં નાના સાધુને માટે પણ વંદન કરતા અને વિચારતા કે હું પામર-બહાદૂર તે. જે શ્રી કૃષ્ણ મહારાજા લાખ્ખો સુભટો વચ્ચે અડગપણે નિર્ભયતાથી ઉભા રહી શકતા, એ કહેતા કે લાખ્ખો સુભટો વચ્ચે ઝુઝવું તે બહાદૂરી કરતાં, સંસારના વિષયોની સામે નિર્વિકાર રહેવું. તે સાચી બહાદૂરી છે : ન તજી શકાય એ તજવામાં બહાદૂરી છે. મારૂં બળ પૌદ્ગલિક : એમનું બળ આત્માને એકાંત લાભદાયી અને માટે એ ત્યાગી, વંદનીય, પૂજનીય અને સેવનીય છે. શ્રીકૃષ્ણ મહારાજના હૃદયની આ ભાવના. એ મહાન્ ભાવનાના યોગે તો તે પુણ્યવાનમાં સર્વવિરતિ રોમરોમમાં વ્યાપી રહી છે.

અનુત્તરવિમાનવાસી દેવોના કષાયો કેટલા ક્ષીણ. એટલા બધા મંદ કે જ્ઞાનીએ એમને વીતરાગપ્રાય કહ્યા ત્યાં જાય પણ કોણ ? જેમનું આયુષ્ય સાત લવનું બાકી હોય. જો સાત લવ વધુ આયુષ્ય હોત તો તો કેવળ થાત. માટે તો એ દેવોને સાત લવીયા કહ્યા. આવાને પણ ગુણઠાણું કયું ? ચોથું. અહીં એમના કરતાં કેઇ ગુણા કષાયો હોય, અહિં એવી વીતરાગતા ન હોય, છતાં પાંચમું-છઠ્ઠું ગુણઠાણું પણ હોય, શાથી ? વિરતિ માટે.

**પ્ર.૨૫૦ તીર્થને નમવાનો હેતુ ?**

ઉ. તીર્થે છોડાવ્યા માટે. અનંતા શ્રી તીર્થંકરદેવોએ એનું એજ કહ્યું. અને એજ તીર્થની સ્થાપના કરી, તોયે છૂટ્યા કેટલા ? થોડા, ઘણાજ થોડા : એક નિગોદનો અનંતમો ભાગ. જ્યારે જ્યારે જિનેશ્વરદેવને આ પ્રશ્ન પૂછાય, ત્યારે ત્યારે આ એકજ ઉત્તર કે એક નિગોદનો અનંતમો ભાગ મુક્તિએ ગયો. બીજો ઉત્તર નહિ. મોક્ષમાર્ગને કહેનારા અનંતા થઇ ગયા, તોયે હજી સંસાર જીવતો ને જાગતો રહ્યો, માટે ગભરાવું નહિ.

**પ્ર.૨૫૧ શાસ્ત્ર શું કરે ? દુનિયામાં શું બનવું આદિ ચાલુ જ છે ? કોણ શું કહે છે ?**

ઉ. શાસ્ત્ર પાપનો નિષેધ કરે, એથી કાંઇ પાપના રસિયાઓ ઓછાજ પાપ બંધ કરવાના છે ? પણ શાસ્ત્ર તો પાપનો નિષેધ જ કરવાનું : પાપને પાપજ કહેવાનું. અઢારે પાપસ્થાનકો દુનિયામાંથી બંધ થાય, એ કદી બન્યું નથી-બનતું નથી અને બનશે પણ નહિ. પણ તેથી શાસ્ત્ર કાંઇ પાપનો નિષેધ ન કરે ? પાપથી થતી દુર્ગતિ ન બતાવે ? સહવાસીયોને શાસ્ત્ર તથા મુનિઓ તો એજ કહે કે, પાપથી દુર્દશા થવાની. શાસ્ત્ર તથા મુનિઓ શું સામા આત્માને વિષયમાં જોડવાની દયા ચિંતવે ? (એતો ઝેર) ભગવાન્ શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા કહે છે કે, ધર્મ બહુ સૂક્ષ્મદ્રષ્ટિએ વિચારવાનો છે.

**પ્ર.૨૫૨ કયી દયા નથી જ ?**

ઉ. વિષયની સામગ્રી ચાલી જાય છે, -આમ કહી લોકોને તેમાં જોડવા એ દયા છે ? નહિ જ.

**પ્ર.૨૫૩ કોણે કયા વિચાર કર્યા ? એનાથી શું થયું ? કયો કાયદો અહીં નથી ? કોણ ક્યાં પહોંચે ? આજના જમાનાનું શું છે ?**

ઉ. લક્ષ્મણા સાધ્વીએ ચટક યુગલની મૈથુનક્રીડા જોઇ વિચાર્યું કે:- 'કેવું સુખ. અવેદી જિનને વેદના દુ:ખની શી ખબર ?' આ વિચાર આવતાંની સાથેજ વિચારમાં પરિવર્તન થયું. 'હું ભૂલી. જિન અવેદી ખરા, પણ વેદના સ્વરૂપથી કંઇ ઓછાજ અજ્ઞાત છે ? વેદનો એમને ઉદય નહિ, પણ કાંઇ વેદનું સ્વરૂપ નથી જાણતા ? આ પાપનું પ્રાયશ્ચિત લેવું જોઇએ.' જ્ઞાની પાસે પ્રાયશ્ચિત લીધું, ત્યાં પણ એમ પૂછયું કે:- 'કોઇ આવો વિચાર કરે તો શું પ્રાયશ્ચિત ?' પોતાનું શલ્ય કાઢ્યું નહિ. ઘોર તપશ્ચર્યા કરી. સંસાર વધાર્યો. શલ્યનાં કારણે પ્રાયશ્ચિત્તથી શુદ્ધિ ન થઇ. (પ્ર. જ્ઞાની તો શલ્ય જાણેને ?) બરાબર. બધું જ્ઞાની જાણે અને કોને શું કહેવું, શું આપવું, શું થવાનું છે, કોણ તરશે-ડૂબશે શાથી, આ બધું જાણે માટે એમની દ્રષ્ટિમાં હોય તેમ એ વર્તે ત્યાં પ્રશ્નજ ન હોય, આટલો વિચાર શ્રીમતી લક્ષ્મણા સાધ્વીએ કર્યો તો આ દશા. આટલાય વિચારનો જૈનશાસનમાં નિષેધ છે. સાધ્વીએ પ્રાયશ્ચિત માટે તપ કર્યું તોયે શુદ્ધિ ન થઇ. પોતે પ્રભુને પોતાનું સ્વરૂપ ન કહ્યું. પોતાનું હૃદય પણ પોતાને ડંખે. દોષિત બહાર કહે કે, હું શુદ્ધ છું : પણ હૃદય તો તેનું પણ ડંખેજ. પાપ કરો નહિ : કરો તો આમ છુપાવો નહિ : નહિ તો મરતાં સુધી એ પાપ ડંખશે-સદ્‌ગતિને બદલે દુર્ગતિએ લઇ જશે. બહાર સારો કહેવાતો પણ મહિનો પાપી તરી જાય, એ કાયદો અહીં નથી. દુનિયાની છેવટની હદે પહોંચે, એતો પાપને પણ પુણ્ય માને : એના તો નિસ્તારની બારીજ રહેતી નથી. તે તો પાપને વ્યાજબી કહે. વધુમાં એમ પણ કહે કે:- 'પાપ કરીએ તોજ રહેવાય. -પાપ વિના ચાલેજ નહિ. જો પાપ કરવાની શાસ્ત્ર

ના કહે તો એ શાસ્ત્ર ન જોઇએ.' આનો નિસ્તાર કયી રીતિએ થાય ? આજના જમાનાની તકરાર તો આ છે ને !

**પ્ર.૨૫૪ કોને કેવા બનાવવા એ કોના હાથમાં છે ? આજે ક્યાં શેનો ઘોંઘાટ છે ?**

ઉ. બાલકને જે માર્ગે લઇ જઇએ તે માર્ગે લઇ જવાય. બાલકને શાહુકાર કે ચોર બનાવવા, તે વાલીના હાથમાં છે. પુણ્યવાન હોય તો ચોરનો દીકરો પણ શાહુકાર થાય ને પાપોદયે શાહુકારનો દીકરો પણ ચોર થાય : પણ એ અપવાદ, બાકી મોટા ભાગે માબાપ લઇ જાય ત્યાં બાલક જાય. જન્મના સંસ્કાર પડે તે મરતાં સુધી ભાગ્યે ભુંસાય. તીવ્ર કર્મના ઉદયે ફરે, કે પલટો થાય તે વાત જુદી. એતો આઠ વર્ષના બાળકને પણ થાય : પચાસ વર્ષનાને પણ થાય : એંસી વર્ષના બુઢ્ઢાને પણ થાય : ચાલીસ કે ત્રીસ વર્ષના જુવાનને પણ થાય: એનો પ્રતિબંધ ન હોઇ શકે. ભીલ્લનાં છોકરાં જન્મથી જીવોને મારતાં શીખે છે : શ્રાવકનાં છોકરાં જન્મથી કીડીને મારવાથી કંપે. આ કોણે શીખવાડ્યું ? શ્રાવકના દીકરાને, કોઇ પણ પ્રાણીના પ્રાણ લેવાનું-કોઇ પણ પ્રાણીને કાપવાનું કે દુઃખી કરવાનું મન થાય ? શ્રાવકના દીકરાને તો ત્યાં ઉલટીજ થાય. ભૂલથી પગે ચગદાઇ જાય અને દેખાય તો ચક્કર આવે. જૈનકુલના આ જન્મના સંસ્કાર. એ સંસ્કાર ભુંસાઇ જાય ત્યારે તો માનો કે પરિણામે શ્રાવક તરીકે ઓળખાતા પણ કસાઇ પેદા થવાના છે. ન માનતા કે સ્વચ્છંદપણે સેવાયેલી પ્રવૃત્તિ આત્માને કઠોર બનાવ્યા વિના રહે ! આજ તો પશ્ચિમમાં પણ ઘોંઘાટ છે કે, મનુષ્યને મનુષ્ય રહેવા દેવા હોય તો હાલતા ચાલતા પ્રાણીઓ પર તકલીફના પ્રયોગો ન થવા જોઇએ. એ થાય તો મનુષ્યનું હૈયું મટી હેવાનનું હૈયું થાય છે. ભાવના પરિણામ અને પ્રવૃત્તિના રૂપકને સમજો : ભાવના એ પરિણામની પૂર્વાવસ્થા છે. ભાવના ઉત્તમ કોટિની થાય ત્યારે પરિણામના અંકુરો ફૂટે અને એ યોગે પ્રવૃત્તિ થાય.

**પ્ર.૨૫૫ અતિક્રમ-વ્યતિક્રમ-અતિચાર અને અનાચાર કઇરીતે સમજવા ?**

ઉ. કોઇ વ્રત લીધું કે, આ ચીજ ન ખાવી. હવે એ ખાવાની ઇચ્છા થાય, એ અતિક્રમ. માત્ર ઇચ્છા. એ અતિક્રમ. જ્યાં સુધી ખાવા ઉઠે નહિ ત્યાં સુધી અતિક્રમ અને ખાવાને માટે ઉઠે એટલે વ્યતિક્રમ. ખાવાની ચીજ હાથમાં લે નહિ, ત્યાં સુધી વ્યતિક્રમ અને હાથમાં લે એટલે અતિચાર. જ્યાં સુધી મુખમાં જાય નહિ, ખાય નહિ ત્યાં સુધી અતિચાર : જાય અને ખાય એટલે અનાચાર.

**પ્ર.૨૫૬ વ્રતભંગ શેમાં ? આવી રીતે શું સમજવું ?**

ઉ. અનાચાર થયો એટલે વ્રતભંગ. અતિક્રમ, વ્યતિક્રમ તથા અતિચારમાં વ્રતભંગ નહિ : જોકે એમાં મન આવ્યું તોએ શાસ્ત્ર કહે છે, વ્રતભંગ નહિ. વ્રતભંગ તો અનાચારે થાય. આવીજ રીતે ભાવના, પરિણામ અને પ્રવૃત્તિ. સામાન્ય ઇચ્છા, તે ભાવના. ઉત્કટ ઇચ્છા, તે પરિણામ. પરિણામ થાય તો પ્રવૃત્તિ થયા વિના રહે નહિ.

**પ્ર.૨૫૭ સમ્યગ્દ્રષ્ટિને શું કહ્યું ? તે શું ન કરી શકે ? પ્રવૃત્તિ એ શું છે ? કોના માટે ?**

ઉ. સમ્યગ્દ્રષ્ટિને સર્વવિરતિની ભાવનાજ કહી. ભાવનાના યોગે સીધા પ્રવૃત્તિના રૂપકને પકડી ન લો. ભાવનાવાળો, પ્રવૃત્તિવાળા જેટલી આજ્ઞા ક્યાં પાળે છે ? શાસ્ત્ર કહે છે કે, પ્રવૃત્તિવાળાને જે આજ્ઞા કહી તે ભાવનાવાળાને કરાય તો તે તેનો અમલ ન કરી શકે. પરિણામમાં પણ, પ્રવૃત્તિ વિના એજ દશા. પ્રવૃત્તિ પછી તો લગામ છે-અંકુશ છે. મુનિવરો માટે મુનિપણાના વેષ, એ અંકુશની ગરજ સારે છે. નિર્લજ્જ, નફ્ફટ અને જાતહીન નિવડે તેની વાત જવા દો પણ જાતવાનને તો અંકુશજ છે. હાથીના પગલામાં બધા પગલાં સમાય.

**પ્ર.૨૫૮ બે ઘડીની સામાયિક સાચી ક્યારે ? પુણીયા શ્રાવકની સામાયિકની કિંમત શાથી ?**

ઉ. જીંદગીના સામાયિકની વાતમાં બે ઘડીની સામાયિક તો આવીજ

જાય : બે ઘડીની સામાયિક સાચી ક્યારે ? જીંદગીના સામાયિકની ભાવના હોય તો, એજ ઇચ્છે કે ક્યારે તે સુદિન આવે કે, યાવજજીવિત આ સામાયિક કરૂં. પુણીયા શ્રાવકની સામાયિક કિંમતી શાથી ? આત્મા તન્મય બનતો માટે.

**પ્ર.૨૫૯ કઇ વિધિને શું કરો ?**

ઉ. સામાયિક લેતી વખતે કયી ભાવના અને પાળતી વખતે કયી ભાવના ? સંવત્સરી પ્રતિક્રમણ પુરૂં થાય કે તરત પાળવાની કેવી લ્હેર ! વહેલો તે પહેલો, હા-આ-શ, પત્યું, આ ક્યાંથી નીકળે છે ? કોનો પ્રતાપ ? જે ભાવના જીવનમાં ઓતપ્રોત થવી જોઇએ, તે વિધિને વિચારો.

**પ્ર.૨૬૦ સામાયિક લેતા-પાળતા વિધિને વિચારો તો શું થાય ?**

ઉ. સામાયિક લેતી વખતે તો આદેશ માગતાં 'સામાયિક મુહપત્તિ પડીલેહું' એમ કહેવાય છે, તેનું કારણ વિચારો તો ઘણું સમજાઇ જાય. પાળવાના શબ્દોથી આત્માને આનંદ ન થાય. હૃદયમાં તો એમજ થવું જોઇએ કે, આ સામાયિકમાંજ પરમ આનંદ છે. જીંદગી સુધી સામાયિકમાં રહેવાય તો કેવું સારૂં ? પણ શું કરૂં કે દુનિયાના આરંભસમારંભમાં ફસાયેલો છું માટે રહેવાતું નથી.

**પ્ર.૨૬૧ સામાયિક પાળતા કયા આદેશ માગે ? ગુરૂ ભગવંત શું કહે ? પાળવાનું સૂત્ર બોલે તેમાં શું છે ?**

ઉ. હવે જ્યારે તે આદેશ માંગે કેઃ- 'इच्छाकारेण संदिसह भगवन् सामायिक पारुं ? ' ઉત્તરમાં ગુરૂ 'પાર' એમ કહે ? નહિ જ. ગુરૂ તો એમજ કહે કેઃ- 'पुणोवि कायव्वं ' અર્થાત્ ફરી પણ કરવા યોગ્ય છે : પણ કર એમ ન કહે, કારણ ગુરૂ જાણે છે કે-એ પારવાનો છે. આજ્ઞા કરે તોય ભાગે, આજ્ઞા પળાવનારે આજ્ઞા માગનારને, એ સ્થિતિમાં ન મૂકવા. જેમ બીડી પીતાં છોકરાને જોઇ મોભો સાચવવા ઇચ્છનાર બાપ આંખ ખીંચી લે. જો જોવાઇ જાય તો છોકરો પછી નફ્ફટ થઇ જાય : મોભો તુટી જાય. શ્રી જિનેશ્વરદેવના મુનિયો ઉપદેશ કરે પણ આદેશ

નહિ. 'કરવા જેવું છે' -આ આજ્ઞાનું પાલન થાય. કદાચ તાકાત હોય તો શ્રાવક ફરીને પણ સામાયિક કરે તાકાત ન હોય તો યથાશક્તિ કહી, ફરીને કરવા જેવું છે, એ ગુરૂના વચનનો સ્વીકાર કરે કે યથાશક્તિ કરીશ. ફરીને કર, એ આદેશ કરે તો ફરીને કરનારા બધા આજ્ઞા પાલક લાવવા ક્યાંથી ? માટે વસ્તુ પર પ્રેમ જીવતો જાગતો રહે માટે ઉપદેશ કરે, પણ આદેશ ન કરે. પછી બીજા આદેશમાં 'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ સામાયિક પાર્યું' -આથી ગુરૂ મહારાજ પણ સમજે કે, હવે આ પારવાનોજ : એટલે ગુરૂ કહે કેઃ- 'आचारो न मुत्तवो' આચાર મૂકવા યોગ્ય નથી. આ કથનનો શ્રાવક 'तहत्ती' કહીને સ્વીકાર કરે. પછી સામાયિક વયજુત્તો બોલે. આ પારવાના સૂત્રમાં પણ કેવી ઉમદા વસ્તુ ભરી છે ? પારતાં પણ એજ વાતને એ વિચારે છે કેઃ- 'સામાયિક વ્રતમાં યુક્ત એવો આત્મા જ્યાં સુધી મન નિયમસહિત હોય ત્યાં સુધી જેટલી વાર સામાયિક કરે, તેટલી વાર અશુભ કર્મનો નાશ અને સામાયિક કરતી વખતે શ્રાવક સાધુના જેવો થાય છે, આ કારણથી ઘણીવાર સામાયિક કરવું જોઇએ. પછી મન, વચન અને કાયાના તથા અવિધિના દોષની ક્ષમા માંગી ઉઠે.' પારતાં પારતાં પણ સામાયિકની વિચારણા : સામાયિક લેતાં જે ભાવ તેજ પારતાં થાય કે, સામાયિક વારંવાર કરવું જોઇએ. આવું અનુપમ તીર્થ તે અનાદિ અનંત છે.

**પ્ર.૨૬૨ વળી તીર્થ કેવા પ્રકારનું છે ?**

ઉ. તીર્થ જયવંતુ છે. શાથી ? શ્રી જિનેશ્વરોથી શરૂઆતમાં નમસ્કાર કરાયેલું છે. અને એથીજ તે અનુપમ છે. દુનિયામાં આ તીર્થની કોઇ જોડી નથી, કારણકે તે- "अनादि निधनगतं" અનાદિ અને અનંત છે. કોઇ પણ કાળે આ વિશ્વમાં તે તીર્થનો અભાવ નથી હોતો. કારણ કે ભરતક્ષેત્રમાં અમૂક કાળે તે તીર્થનો અભાવ હોય છે. પણ શ્રી મહાવિદેહક્ષેત્રમાં તો તે તીર્થનો કદીજ અભાવ નથી હોતો. વળી તીર્થ- 'बहुविधभडिङ्ग सिध्धसिद्धान्त विधूनितमल मलीमसं' અનેક

પ્રકારની અપેક્ષાઓથી સિદ્ધ એવા સિદ્ધાંતો દ્વારા પાપરૂપ મલને નાશ કરનારૂં આ તીર્થ છે. અર્થાત્ આ તીર્થમાં એવા સિદ્ધ, સિદ્ધાંતો વર્તે છે કે જે સિદ્ધાંતોમાં આત્મા ઉપર લાગેલા એવા કર્મરૂપ મલોને દૂર કરવાનું સામર્થ્ય છે. અને તેથીજ તે તીર્થ- "विहितैकेकतीर्थनयवादसमूह वशात्प्रतिष्टितम्" વિહિત કરાયેલા એક એક તીર્થના નયવાદના સમૂહના વશથી પ્રતિષ્ઠિત થએલ છે. આથીજ વિશ્વના એક પણ સુંદર વિચારને આ તીર્થમાં સ્થાન નથી, એમ નથી. અર્થાત્ વિશ્વમાં ફેલાયેલા સઘળા સુંદર વિચારોની ઉત્પત્તિ ભૂમિ, એ આ તીર્થ છે. અને એજ કારણે- "समस्त-वस्तु-पर्याय-विचारापास्ततीर्थकं" સમસ્ત વસ્તુઓના સમસ્ત પર્યાયોના વિચારથી સર્વ તીર્થિકોને અપાસ્ત કરનારૂં આ તીર્થ છે. આ તીર્થની સમક્ષ વિશ્વનો એક પણ અસુંદર વિચાર પોતાનું અસ્તિત્વ ટકાવી શકે તેમ નથી. આવી આવી અનેક વિશેષતાઓથી વિશિષ્ટ બનેલું તીર્થ સદા સ્થાયિ હોય, એમાં આશ્ચર્ય શું છે. આવા તીર્થની અનુપમતામાં શંકા પણ કયા વિવેકી અને વિચક્ષણને હોય. શ્રી જિનેશ્વરોથી નમસ્કાર કરાયેલા તીર્થમાં આવી વિશિષ્ટતાઓ ન હોય તો અન્યત્ર હોય પણ ક્યાં ? આવા તીર્થની જયનશીલતામાંજ કલ્યાણાર્થિ આત્માઓનો વિજય છે. માટેજ ટીકાકાર મહર્ષિ ફરમાવે છે કે, આ તીર્થ સદાને માટે જયવંતુ છે. પરમ ઉપકારી શ્રી જિનવિજય, મહારાજા પણ ભગવાન્ શ્રી મહાવીરદેવના સ્તવનમાં કહે છે કેઃ-

"જૈનાગમ શ્રોતા ને વક્તા, સ્યાદ્વાદ શુચિ બોધજી;
કલિકાલે પણ પ્રભુ તુજ શાસન, વર્તે છે અવિરોધજી."

**પ્ર.૨૬૩ આપણે કેવા ? જો ન સેવીએ તો કેવા ?**

ઉ. આપણે કેટલાં ભાગ્યશાળી કે આવા તીર્થને પામી શક્યા. આવા તીર્થને પામી તેની આરાધનામાં કચાશ કરીએ, આપણી સંસારરસિકતા એની એ જાળવી રાખીએ, તો આપણા જેવા કમનસીબ કોણ ? ભાગ્યયોગે આવા તીર્થની પ્રાપ્તિ થઇ, પછી પણ જો આરાધનામાં,

એની સેવામાં, આજ્ઞાપાલનમાં, એક એક સિદ્ધાંતોના સમર્થનમાં, આપણી શક્તિ તથા બુદ્ધિનો વ્યય ન કરીએ, તો આપણા જેવા કમનસીબ દુનિયામાં બીજા કોઇ પણ નહિ.

**પ્ર.૨૬૪ મહાપુરૂષોએ અને તીર્થંકરોએ તીર્થ માટે શું શું કર્યું ?**

ઉ. આવા સિદ્ધાંતોના પાલન માટે મહાપુરૂષોએ શું શું કર્યું છે, તે જાણો છો ! આવા સિદ્ધાંતો બતાવવા માટે તીર્થંકરોએ પણ તકલીફ વેઠવામાં જરા પણ કમીના રાખી નથી. સંયમ લીધુંત્યારથી કેવળજ્ઞાન થયું નહિ ત્યાં સુધી છદ્મસ્થકાલમાં એક દિવસ પણ જમીનપર બેઠા નહિ, આ બધું શા માટે ? તીર્થની સ્થાપના માટે.

**પ્ર.૨૬૫ શા માટે તીર્થ સ્થાપે ?**

ઉ. તીર્થના સ્થાપક તીર્થપતિયો શા માટે તીર્થ સ્થાપે ? જગત્‌ના પ્રાણીયો આધિ, વ્યાધિ અને ઉપાધિરૂપ આ સંસારમાંથી છૂટાં થાય, તે માટે : સંસાર વધારવા કે સંસાર ખીલવવા કે સંસારની મોજમજાહ વધારવા માટે તીર્થસ્થાપના નથી.

**પ્ર.૨૬૬ જ્યાં સંસાર છે ત્યાં શું છે ?**

ઉ. જ્યાં સંસાર છે-ત્યાં શાંતિ, સુખ કે આનંદ નથી. અજ્ઞાન આત્માને સુખ, આનંદ, શાંતિ દેખાતી હોય, તો તે પણ ઝાંઝવાનાં નીર જેવી છે. એ સુખ, શાંતિ ને આનંદ, પરિણામે અનેકગુણી અશાંતિ, તકલીફ અને દુઃખને લઇ આવનાર છે. શાસ્ત્ર સંસારમાં સુખ નથી, એમ કહે છે તેનો આશય આ છે : નથીજ એમ નહિ. છે, પણ એ પરિણામે દુઃખને લાવનારૂં છે માટે નથી જ, -કહેવું સારૂં ને ! એક દિવસ નામના અને બીજાજ દિવસથી જીંદગી સુધી ભીખ માગવી પડતી હોય તો તેવી નામના કોણ કરે ? આજે શેઠની વાહવા થતી હોય અને કાલે રાખ ઉડી જતી હોય તો એ વાહવાને કોઇ માને ! લક્ષ્મીનો એવો વ્યય કોઇ કરે કે, બીજા દિવસથી ભીખ માગવી પડે ? ચાર દિવસ-આઠ દિવસ-પંદર દિવસ, એક મહિનો-છ મહિના-વરસ-બે વરસ-પાંચ, પચાસ સો, હજાર

વરસ-લાખ, ક્રોડ કે અબજ વર્ષ -અરે પૂર્વો સુધી અને દેવતાના જીવનમાં પલ્યોપમ સુધી ભલે એ બધું હોય પણ પછી શું ? પરિણામ શું ?

**પ્ર.૨૬૭ જ્ઞાનીઓ શું કહે છે ?**

ઉ. જ્ઞાનીયો કહે છે કે, દેવતાઓનું સુખ અનુપમ છે. પૌદ્‌ગલિક ઉમદા સુખ-સામગ્રીની કમી નથી. પણ જ્યારે ચ્યવનનો સમય આવે. ત્યારે છ માસ પહેલાં પુષ્પમાલા કરમાય અને એ જાણે કે હવે આયુષ્ય પુરૂં થવા આવ્યું-ત્યારે એ છ મહિના એ એટલી વેદના ભોગવે કે પેલા સાગરોપમનાં સુખ ભૂલાઇ જાય, અને છ મહિના શી રીતે પસાર કરે તે તો તે જાણે. જ્ઞાની કહે છે કે, સારી ચીજ પણ જો જવાવાળી હોય તો બહેતર છે કે-ન મળે, જીંદગીના ભીખારીને ભીખ માંગવામાં-ભીખારીપણું ભોગવવામાં વાંધો નહિ. શ્રીમંત બન્યા પછી, હજારોના હાથમાં આપ્યા પછી, હાથ ધરવાની દીનતા સહેવી, બહુ ભયંકર છે. માટે જ્ઞાની કહે છે કે, સંસારમાં સુખ છે તો નહિ પણ માનો કે હોય તો તે કારમું છે. માટે એમાં લીન ન થાઓ.

**પ્ર.૨૬૮ શેમાં ન મુંઝાતા શેની ચિંતા કરો ? શેનો અમોને નિષેધ કર્યો છે ?**

ઉ. આ લોકમાં ન મૂંઝાતા. પરલોકની સારી રીતે ચિંતા કરો. શેઠ, શાહુકાર અને લોકોના પૂજ્ય પણ ગણાતા, જો આ લોકમાં તણાઇ ગયા તો ભયંકર પરિણામની આગાહી તૈયાર છે. આ રજોહરણ-ઓઘો અમે એ પરલોક માટે લીધો છે. તમને બતાવવાનો તે એટલા માટે જ. તિલક કરનારા પણ, ધર્મક્રિયા કરે અને પરલોકમાં દુઃખી ન થાઓ એટલા માટે આ બધી મહેનત છે. તમારી પરલોકની જેટલી ચિંતા અમને છે, તેટલી આ લોકની ચિંતા નથી. તમારી આ લોકની ચિંતા કરવાનો અમને શ્રી જિનેશ્વરદેવોએ નિષેધ કર્યો છે.

**પ્ર.૨૬૯ કયા જીવોને કયા સુખમાં શું થાય છે ?**

ઉ. જે આત્માને પરલોકનો ખ્યાલ આવે છે, જે સમજે છે કે-બધી સામગ્રી મૂકી જવું છે, જે જાણે છે-માને છે કે, પરલોક જેવી ચીજ છે, એ

આત્માને તો આ લોકનાં સુખ સુખ તરીકેજ ભાસતાંજ નથી. એને તો એ સુખમાં મુંઝવણ થાય છે. માટે અહીં કહી રહ્યા છે કે, આ તીર્થ પ્રભાવસંપન્ન છે, ઘણું મજેનું છે, જેવો મહિમા ગાયો તેવું છે, જેના મહિમાનો પાર નથી, જે તીર્થની આગળ એક પણ અયોગ્ય વિચાર ટકી શકતો નથી, કોઇ વિચાર એમાં સમાતો નથી એવું નથી, અયોગ્ય વિચારને અહીં સ્થાન નથી. આ તીર્થની દુનિયામાં જોડી નથી. એને સ્થાપનારા પણ એને નમે છે. કેટલું મહિમાવંતુ એ તીર્થ ? એ આપણને મળ્યું.

**પ્ર.૨૭૦ આ શું થયું ? હવે શેની વાત ? તેનાથી શું થઇ જાય ?**

ઉ. યોગ તો થયો, હવે ક્ષેમની વાત ! વ્યવહારથી મળ્યું કહીએ, બાકી જો આ તીર્થ રોમરોમ પરિણમી જાય તો કામ થઇ જાય. જેટલા જેટલા અંશે આપણામાં શિથિલતા કે પામરતા દેખાય તેટલા તેટલા અંશે આના પરિણામનો અભાવ. આ તીર્થ પામીને, આ લોકમાં પડી જઇ જો પરલોકને ભૂલી જવાય તો એના જેવી કમનસીબી બીજી એકેય નથી.

**પ્ર.૨૭૧ આજે વીંટબણા શેની થઇ રહી છે ?**

ઉ. જેટલી આજે આ લોકની ચિંતા થાય છે, એટલી પરલોકની ચિંતા થાય તો માગો છો, તે બધું મળી જાય. આ લોકના પૌદ્‌ગલિક સંયોગો ગળા સુધી વળગેલા છે, આત્મા એમાં એટલો બધો લીન બની ગયો છે કે, એને પરલોક યાદ નથી આવતો. પરલોકનો ખ્યાલ નથી. પરલોકમાં શું થશે, તેનું ભાન નથી રહેતું, એ યોગે આ બધી ભયંકર વિટંબણા થઇ રહી છે.

**પ્ર.૨૭૨ શેના વખાણ કરીએ છીએ ? આત્માને પૂછો તો શું જવાબ મળે ?**

ઉ. તીર્થનાં જે વખતે વખાણ કરીએ. ત્યારે છાતી પર હાથ મૂકી પૂછો અને કહો કે:- 'ભાઇ, તીર્થ પામ્યો છું ? જો તું તીર્થને પામ્યો હોય તો તને દુનિયાનો આટલો રંગ હોય નહિ જ.'

**પ્ર.૨૭૩ કુમારપાલ મહારાજા ગુરૂનો યોગ કઇ રીતે પામ્યા ? પરમ**

**શ્રાવક કેવી રીતે બન્યા ?**

ઉ. કુમારપાળ મહારાજે સીત્તેર વર્ષની વયે શ્રી સિધ્ધગિરિજીનો સંઘ કાઢ્યો, પરમશ્રાવક એ, એ વયે બન્યા, પ્રાયઃ પચીસ વર્ષની વયે એકવાર સિદ્ધરાજની સભામાં શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજનો એકવાર યોગ થયો હતો. એ વખતે કુમારપાળને એટલી છાપ પડી હતી કે, આ કોઇ મહાત્મા છે. એ વખતે સૂરીશ્વરજીએ કુમારપાળને એક ગુણ સમર્પણ કર્યો હતો અને તે પરનારીસહોદરપણાનો. ચોપન વર્ષે રાજગાદી મળી, પછી ધીમે ધીમે વસ્તુ પામ્યા. એમનું સમકિત ચળાવવા ઘણીયે ઘાંઘલ મચાવવામાં આવી. પાટણની પ્રજાની તે વખતે એ સ્થિતિ હતી કે, એક દિવસ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી તરફ, તો એક દિવસ સામા પક્ષ તરફ હીંડોળાની જેમ લોકો ડોલતા. કોઇ કાળે બધા લોક સમાન હોય એવું નથી, ફક્ત સિદ્ધના આત્મામાં એમ છે-પણ તેવા થવા માટે તો આ બધું મૂકી દેવું પડશે. વાંધા માત્ર ત્યાં છે. પાટણના લોક તે વખતે એક દિવસ હેમચંદ્રસૂરીશ્વરજીની જય બોલાવતા, તો એક દિવસ સામી પાર્ટીની જય બોલાવતા. કુમારપાળ જેવા પણ મુંઝાઇ જતા કે- इदं किं આ શું ? પણ એક વાસના એમના હૃદયમાં એટલી મજબૂત ઠસેલી હતી કે:- "જે શ્રી જિનેશ્વરદેવે કહ્યું તે સાચું, બીજું નહિજ" આ વાતના સુયોગે, કદી એ મુંઝાતા તો પણ હેમચંદ્રસૂરીશ્વરજી એમને સ્થિર બનાવતા હેમચંદ્રસૂરીશ્વરજી તો કહેતા હતા કે, આ સર્વ નાટક છે, રમત છે. ભોળાને ભમાવવાની નીતિ છે. શું કરીએ ? સામી પાર્ટી કરે તો કર્યા વિના છુટકો નથી. શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી આ બધું સમજાવતા. મહારાજા કુમારપાળ આ રીતે દિવસે દિવસે મક્કમ બનતા ગયા. ગાદી મળ્યા પછી કેટલો વખત તો શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મળ્યા નહોતા એમ ગયો અને મળ્યા પછી પણ આ રીતે સમય ગયો. સીત્તેર વર્ષની વયે કુમારપાળ પરમ શ્રાવક બન્યા. શાસ્ત્ર કહે છે કે, પરમ શ્રાવક શી રીતે બન્યા ? લોક હેરીને તજી તો. જો આત્મા લોક હેરીમાં પડી જાય, તો શાસનની પ્રાપ્તિ

અને એ પાલના અશક્ય થાય છે.

**પ્ર.૨૭૪ આવા તીર્થ માટે આપણી જાતને કેવી બનાવવી પડે ? ક્યાં શું શું કરાય છે ? અહીં ?**

ઉ. આવા સુંદર મહિમાવંત તીર્થ માટે આપણે આપણી જાતને પણ તેવી બનાવવી પડે. સારા સ્થાનમાં જવું હોય તો વ્યવહાર કહે છે કે, ઠીકઠીક થવું પડે. શ્રીમંતને ત્યાં, ઓફીસરને ત્યાં, રાજસભામાં જવું હોય તો છાજતી રીતે જવું, કેમ સલામ ભરવી. કેમ ઉભા રહેવું, કેમ બેસવું, આ બધું જાણો. વાતચિત કરવામાં સામાનો પ્રકૃતિ સ્વભાવ જાણવાની કાળજી રાખવી પડે, રખે છેડાઇ ન જાય-રખે માન આપતાં અપમાન ન લાધે, ત્યાં આ બધા વિચાર કરો છો. આપી દેવાનો કાંઇ નથી તોયે આ બધા વિચાર કરો છો અને તીર્થમાં આવવા માટે કાંઇ વિચાર નહિ ?

**પ્ર.૨૭૫ કોને વાંચો-સાંભળો તો શું જાણવા મલે ?**

ઉ. તમારા પૂર્વજોને વાંચો, સાંભળો, યોગ્ય રીતિએ વિચારો તો માલૂમ પડશે કે, જૈનશાસનમાં આવવા ઇચ્છનારા, જૈન શાસનને પામેલા તથા સેવવાની ઇચ્છાવાળાની વૃત્તિ અને પ્રવૃત્તિ કેવા હોય ?

**પ્ર.૨૭૬ કુમારપાલ મહારાજા જન્મે કેવા હતા ? એમનું જીવન કેવું હતું ? કોનાથી કેવા બન્યા ?**

ઉ. કુમારપાળ મહારાજા કંઇ, જન્મના જૈન નહોતા. શ્રી હેમચંદ્રસૂરીશ્વજીના સહવાસથી કુમારપાળનો આત્મા રંગાઇ ગયો, પણ પૂર્વે તો એ માંસાહારી હતા, ક્ષત્રિય હતા, જૈન સંસ્કાર હતાજ નહિ. એક દિવસ ઘેબર ખાવા બેઠા. ખાતાં ખાતાં કાંઇક પૂર્વની સ્મૃતિ થવાથી ઝટ છોડી દીધું. ઘેબર ભક્ષ્ય છે, ખાવા યોગ્ય છે, અભક્ષ્ય નથી છતાં ખાતાં ખાતાં કાંઇક પૂર્વ સ્મૃતિ થવાથી ઝટ આઘું મૂક્યું. શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી પાસે જઇને પૂછ્યું કે:- 'મહારાજ ઘેબર ભક્ષ્ય કે અભક્ષ્ય ?' સૂરીશ્વરજી કહે છે કે- 'કુમારપાળ ! તારે માટે અભક્ષ્ય.' કુમારપાળ- 'ખવાઇ ગયું,

પ્રાયશ્ચિત આપો.' ભક્ષ્ય ચીજ, ખાવા યોગ્ય ચીજ છતાં સૂરીશ્વરજીએ એમને માટે અભક્ષ્ય કહી અને એવી ઉમદા ચીજને કુમારપાળ મૂકી દેવા તૈયાર થયા. શ્રી જિનેશ્વરદેવના કહેલા સિધ્ધાંતના પાલનમાં વાંધો આવે એવી તો કોઇ ચીજ ન જોઇએ. સર્વસ્વ જાઓ, પણ આજ્ઞાપાલન ન જાઓ. કહેવાય છે કે, કુમારપાળ મહારાજાએ ગણધરગોત્ર બાંધ્યું. શ્રેણિક મહારાજા પહેલા તીર્થપતિ અને કુમારપાળ મહારાજા તેમના પહેલા ગણધર થવાના. આ ગણધર ગોત્ર કયી રીતે બાંધ્યું. એ નહિ વિચારો ? દેવ, ગુરૂ અને આગમ પર કેટલી બધી આસ્થા ? કંટેશ્વરી દેવીએ રાત્રે આવીને કુમારપાળને કહ્યું નહિ છોડું, મારી નાખું, પરંપરાથી ચાલ્યો આવતો ભોગ કેમ ન આપે ? આખું રાજ્ય, પ્રજા, મંત્રીમંડળ, બધા નારાજ હતા. કુમારપાળે એ સ્થિતિમાં પણ એ દેવીને સમજાવી કે, શ્રી જિનેશ્વર જેવા દેવ અને હેમચંદ્ર સરખા ગુરૂ તથા તેમના કૃપાધર્મને પામેલો હું તારી આ માગણીને તાબે નહિ થાઉં. જો તું કુળદેવીનો હક્ક કરતી હોય, તો હું કહું છું કે મારા ધર્મમાં તું સહાયક થા. એમ ન બનતું હોય ને એથી ઉલટી ભાવના થતી હોય, તો તારે જે કાંઇ કરવું હોય તે સર્વ કરવાની છૂટ છે, પણ હું શ્રી જિનેશ્વરદેવની આજ્ઞા આઘી મૂકીને એક કદમ પણ નહિ ભરૂં.

**પ્ર.૨૭૭ આપણે શું કહીએ છીએ ? એ કવું ?**

ઉ. આપણે કહીએ કે તીર્થ પામ્યા, તીર્થ પર રાગ બરાબર, પણ એ રાગ કયા ખૂણામાં, કયી જગાએ છે તે નહિ બતાવો ? નહિ વિચારો ? બે-પાંચ લાખ રૂપિયાની ખોટ જાય, જાતને દુઃખ થાય, ત્યાં તમે બધું કરો : પણ પ્રભુમાર્ગની વાત આવે, પ્રભુમાર્ગ વિરૂધ્ધ થઇ રહ્યું હોય ત્યાં-ફરજ બજાવવાની વાત આવે ત્યાં હશે-હશે, તો સમજવું કે તીર્થ હજી અહીં (હૈયે) નથી આવ્યું. માત્ર મોંઢે કહેવાય છે-હૈયે નથી.

**પ્ર.૨૭૮ શેને માટે શું બોલનારા મલે ? પણ ધર્મ ખાતર ન મલે તો ?**

ઉ. ઘરનો એક કરો પડી જાય, એક માણસ ચાલ્યું જાય, બાર મહિનામાં

બે પાંચ હજારની ખોટ આવે તેવે વખતે ઘણાને રોતા જોયા છે. વારંવાર આંખમાંથી આંસુ નિકળે અને કહે કે, મહેનત કર્યા છતાં ચાલ્યું ગયું. પણ ધર્મ ખાતર રોતો હોય તેવો આદમી જો ન મળે તો શું કહેવાય ?

**પ્ર.૨૭૯ શું માનીને બેસી રહેવાનું નથી ?**

ઉ. પણ શાસનને માટે આંસુ સારનારા જગત્‌માં જીવે છે. નથી જીવતા, એ ન માનતા. જ્યાં સુધી શાસન જીવે છે, ત્યાં સુધી પ્રભુના શાસન માટે પણ આંસુ સારનારા અખંડપણે જીવતા રહેનારા છે. ભગવાન્ શ્રી મહાવીરદેવે કહ્યું છે કે, પાંચમા આરાના અંત સુધી શાસન જવાનું નથી પણ મુદ્દો એ છે કે, એમ માનીને તમારે અને અમારે બેસી રહેવાનું નથી, પ્રભુમાર્ગની રક્ષા ખાતર જે કાંઇ કરવું ઘટે, તે કરી છૂટવું જોઇએ.

**પ્ર.૨૮૦ કુમારપાળના અંતરમાં દરકાર શેની હતી ?**

ઉ. મહારાજા શ્રી કુમારપાળે દેવીને સ્પષ્ટરૂપે ધ્વનિત કર્યું કે કરવું હોય તે કર, પણ મારા હૃદયની માન્યતા ફેરવવાની તાકાત તારામાં નથી. એ વસ્તુ પામેલા આત્માઓને આ લોક કરતાં પરલોકની દરકાર કેટલી બધી હતી ?

**પ્ર.૨૮૧ તમને બધાને કેવા માનીને કહું છુ ?**

ઉ. તમે બધા પરલોક, પુણ્ય, પાપ, પાપના ફળ તરીકે સ્વર્ગ, નર્ક માનો છો, માટે તમારી સાથે પરલોકના ઉદ્દેશથી વાત કરૂં છું.

**પ્ર.૨૮૨ નેમનાથ ભગવાને કૃષ્ણ મહારાજાને શું કહ્યું ?**

ઉ. ત્રણ ખંડના સ્વામી શ્રીકૃષ્ણ મહારાજ જેવાને શ્રી નેમનાથસ્વામિએ કહી દીધું કે, તેં કાર્યવાહી એવી ભૂંડી કરી છે કે, તારા માટે એ કાર્યવાહીના યોગે એક વાર તો નરકે ગયા સિવાય છૂટકો નથી.

**પ્ર.૨૮૩ શ્રેણિક મહારાજા નરકે શાથી ગયા ? ભગવાન મહાવીરના ભક્ત કઇ રીતે થયા ?**

ઉ. શ્રેણિક મહારાજે એકજ પાપ કર્યું, ત્યાં નરકનું આયુષ્ય બાંધ્યું. પછી ક્ષાયિક સમ્યક્ત્વ મેળવ્યું, ભગવાન્ શ્રી મહાવીરના ભક્ત બન્યા,

અરિહંતપદની એવી અનુપમ આરાધના કરી કે, જેના યોગે તીર્થંકર-નામકર્મ નિકાચ્યું. તો પણ નર્કે ગયા વિના ન ચાલ્યું. એક વખતે શિકારે ગયા હતા. ગર્ભવતી હરણીને પોતે બાણ માર્યું. ગર્ભિણી હરણીનું પેટ ચીરાયું, ગર્ભ બહાર નીકળ્યો અને બન્ને તરફડી તરફડી મુઆ. આ વખતે શ્રેણિક મહારાજા કહે છે કે-મારૂં બાણ કેવું અમોઘ છે ! હું કેટલો પરાક્રમી અને કલાકુશળ ! એક બાણે બે જીવોનો નાશ કરી શક્યો. કેવો બહાદૂર ! શાસ્ત્ર કહે છે, એ ભાવનાના યોગે નિકાચિત નર્કાયુ બાંધ્યું અને પછી તીર્થંકર નામકર્મ નીકાચ્યા છતાંયે નરકે જવું પડ્યું. ભગવાન્ શ્રી મહાવીરદેવે કહ્યું કે, તારે નર્કે ગયા વિના છૂટકો નથી. પાપ અને પાછી પાપની પ્રશંસા ? એનું પરિણામ શું ?

**પ્ર.૨૮૪ જ્ઞાની શું કહે છે ?**

ઉ. જ્ઞાની કહે છે કે, પરલોક માનતા હો તો પાપ ન કરો, થઇ જાય તો પણ તેના પ્રશંસક તો નજ બનો. જ્યાં પાપનાં વખાણ કર્યે જવાં અને પરલોકને માનનારો આસ્તિક છું, એમ કહેવું એ બને ?

**પ્ર.૨૮૫ શેને માટે બહુ કહેવાયું છે ?**

ઉ. કોઇ માણસ પોતાને બાદશાહ કહેવરાવે, તો કોઇ ના નથી પાડતું-પણ દુનિયા તો ત્યારેજ માને કે, જ્યારે ત્યાં બાદશાહી જુએ. પાપ કરનાર પાપ કરે, ઉપરથી પાછાં વખાણ કરે, અને પરલોકને માનવાનું કહે, એ મેળ કેમ મળે ? પરલોકને માનનારા રાજીથી પાપ કરે ? પ્રાણાતિપાત, મૃષાવાદ, ચોરી, સ્ત્રીસંગ અને પરિગ્રહ વિગેરે રાજીથી કરે, કરાવે અને અનુમોદે ? આ સારૂં કર્યું, એમ બહાર જઇ બોલે ? હૈયું પણ એમ કહે ? આ માટે પહેલાં બહુ કહેવાયું છે.

**પ્ર.૨૮૬ કુટુંબમાં કોઇને રાખો ? શા માટે ? નહિ તો શું થશે ?**

ઉ. કુટુંબમાં વિચારની હારમાળા ચાલવી જોઇએ. જો તમારાથી ન થાય તો બહારનો એક આદમી સ્મરણ કરાવવા રાખો. કુટુંબમાં એવો આદમી રાખો, કે જે મરતાં સમાધિ સમર્પે. એમ નહિ કરો તો લક્ષ્મીવાન્

મરશે ત્યારે તેનાં કુટુંબીયો તો વીલમાં પડી જશે. ગરીબનાં કુટુંબીયો રોશે. મરનારની તો બૂરી હાલતજ થવાની. શ્રીમંત મરે ત્યારે બધા ભેગા થઇ શું કરે ? વીલ કરાવે, સીલ કરે, ક્યાં મૂક્યું એ પૂછે, ગાછે, માંગી લે, સંતાડાય તે સંતાડે, ચૂલા તળે દાટે. ગરીબ મરે ત્યારે 'હવે શું થશે' -એમ કહી પાછળનાં રોવા માંડે. મરનારની હાલત તો બૂરી જ.

**પ્ર.૨૮૭ પ્રભુ શાસનની સાચી સેવા ક્યારે થાય ? પ્રભાવક કેટલા કહ્યા છે ?**

ઉ. મદમાં, નશામાં, મોટાઇમાં, હું અને મારાપણામાં ઘણું ગુમાવ્યું. પોતાની પ્રભાવના ઇચ્છનારો જૈનશાસનનો સેવક નથી. 'હું' અને 'અમે' એ ન ભૂલાય ત્યાં સુધી પ્રભુના શાસનની સાચી અને વાસ્તવિક પ્રભાવના થઇ શકતી નથી. આઠ જાતના પ્રભાવક કહ્યા છે તે -શાસન પ્રભાવક પણ જાત પ્રભાવક નહિ. પોતાની શક્તિનો ઉપયોગ તે શાસન માટે કરતા, જાત માટે નહિ. તમે શાસન માટે કરવા માંગો છો કે જાત માટે ? શાસન માટે કરો છો, કે જાત માટે ? જાત તો એક દિવસે સળગી જવાની છે. લગાવવું હોય તો અત્તર લગાવો, મઢવી હોય તો સોને મઢો, અભક્ષ્ય ખાઇ ખાઇ ફૂલાઇ જાઓ, પણ એ જાતની એક દિવસે રાખ જ થવાની છે.

**પ્ર.૨૮૮ બાળી આવીએ છીયે ને ?**

ઉ. અરે ભાઇ ! એ તો બીજાની કે તમારી ? છો તો જ્ઞાની. છો તો સમજદાર. બાળનારા પણ ખોપરી આખી ન રહે તેમ વાંસડેથી ફોડી બાળવાના. છાતીપર બંધ બાંધે કે રખે ઉઠી ઘેર ન આવે. આગળ હાંલ્લીવાળાને કહે કે, તારે પાછું ન ભાળવું. બધું ઢબસર જ કામ. છાતીના બંધ છોડતી વખતે પણ છાતી પર વજન મૂકવાનું. આ જાતની તો દશા થવાની છે. છતાં એના માટે પ્રપંચ કર્યે જાઓ અને ધર્મની દરકાર ન કરો તો પરલોક હૃદયના કયા ખૂણે વસે છે, તે તો કહો !

**પ્ર.૨૮૯ હું કહું છું એ કેવું લાગતું હશે ?**

ઉ. કહું છું તે કડવું લાગતું હશે. ભલે કડવું લાગે, તમે પરલોક માનો, પરલોકની વાતોમાં હાજી હા ભણો, અને જરાય અમલમાં ન જણાય, એ કેમ ચાલે ? તમને ભય નથી લાગતો ? આવા નિર્ભય ! જ્ઞાનીએ નિર્ભય બનવાનું કહ્યું છે તે આવી જાતના નહિ, નિર્ભય એવા બનો કે જેમાંથી નિર્ભયતાના આત્મગુણો પ્રગટે-આજની કહેવાતી નિર્ભયતાએ નઘરોળ બનાવ્યા છે : પાપના ભીરૂ મટાડી દીધા છે.

**પ્ર.૨૯૦ આ પાટ ઉપરથી શું ન બોલાય ? શું બોલાય ?**

ઉ. પાપથી ભયવાન બનવાનું કે નિર્ભય ! ધર્મનો અધિકારી કોણ ? પાપમાં રાચનાર કે પાપથી ભીરૂ ? આ પાટ પરથી એક પણ પાપની પુષ્ટિ થાય, તેવી વાત કહેવાની હોય નહિ. દુનિયાની એક પણ કાર્યવાહીને પુષ્ટિ મળે તેવું આ પાટ ઉપર બેસનાર ન ઇચ્છે. એક દિવસમાં નવ વાર બોલનાર મુનિવરો પાપની પુષ્ટિ થાય, આરંભ સમારંભ વધે અને જગત્‌ની અર્થ કામની લાલસા મજબૂત થાય તેવી વાત કરે જ શાના ?

**પ્ર.૨૯૧ જૈન શાસનમાં પ્રભાવક કોણ થઇ શકે ?**

ઉ. ખરેખર શ્રી જૈનશાસનમાં પ્રભાવક તેજ થઇ શકે છે, કે જેઓ પ્રભુની આજ્ઞા મુજબ અંગીકાર કરેલી પ્રતિજ્ઞાઓને વળગી રહેવામાં કોઇની પણ શરમથી ન અંજાય : સન્માર્ગની રક્ષા માટે પોતાના માનાપમાનની દરકાર ન રાખે : અને પ્રભુના શાસનની સેવામાં જ પોતાનું સર્વસ્વ સમજે.

**પ્ર.૨૯૨ કમનસીબી કઇ ગણાય ?**

ઉ. જે દીક્ષાને અનંત શ્રી તીર્થંકરદેવોએ અને ગણધરદેવોએ સેવી જેની સેવાના યોગે અનંત આત્માઓ મુક્તિપદના ભોક્તા થયા અને એ ઉપકારી પુરૂષોએ, એજ ફરમાવ્યું કે દીક્ષા વિના આત્માને ઇષ્ટ એવા એકાંતિક અને આત્યંતિક સુખની પ્રાપ્તિ જ નથી, તે દીક્ષા જો આ આત્માને ન રુચે તો એ કેવી કમનસીબી ગણાય ? એ વિચારો.

**પ્ર.૨૯૩ શેમાં બેદરકાર ન બનો ? શું ન બને ?**

ઉ. આત્માના ઉદ્ધારની વાતોમાં બેદરકાર ન બનો. શું બે ઘડીની સામાયિક કરનાર આત્માને જીંદગીના સામાયિકની ભાવના ન હોય, એ બને ?

**પ્ર.૨૯૪ જૈન શાસનની સ્થાપના શેના માટે ?**

ઉ. જૈનશાસન દુનિયાના પરલોક સુધારવા સરજાયેલું છે. આલોકને નિયમિત કરવા, પરલોકને સુધારવા, વિશુદ્ધ કરવા જ આ શાસનની સ્થાપના છે : પણ અનીતિ, પ્રપંચ, જૂઠ, પાપ, વિષયવાસના, આરંભ-સમારંભ, વધારવા, ખીલવવા કે અનુમોદવા આ શ્રી જૈનશાસનની સ્થાપના નથી.

**પ્ર.૨૯૫ શાસન સ્થાપનારાઓએ પહેલા શું કર્યું ?**

ઉ. શાસન સ્થાપનારા પણ પહેલાં કહ્યું તેમ સ્થાપવા માટે, સંયમ લીધા પછી, કેવળજ્ઞાન ન થયું ત્યાં સુધી, જમીન પર બેઠા નહિ. ઉભાને ઉભા. સુવાની તો વાત નહિ. ભૂમિ ઉપર તો બેઠા જ નહિ. કદી બેઠા તો વીરાસને, ઉત્કટાસને કે તેવા જ કોઇ આસને. શ્રી ઋષભદેવસ્વામીને છદ્મસ્થાવસ્થાનાં હજાર વર્ષમાં આવી ગયેલી જુદી જુદી નિદ્રાને ભેળી કરો, તો એક અહો રાત્રિની. ભગવાન્ શ્રી મહાવીરદેવની છદ્મસ્થાવસ્થાનાં સાડાબાર વર્ષમાં નિદ્રા અંતર્મુહૂર્તની. તપશ્ચર્યા, મહિનાના, બે માસના, ચાર માસના, છ માસના ઉપવાસ. પારણે પણ એક જ વાર. જ્યાં ગયા ત્યાં, હાથમાં દાતાર નાખે તે લઇ લે, વાપરે ને ત્યાંથી જ બંધ : ને પાછી તપશ્ચર્યા શરૂ થાય. ભગવાન્ શ્રી મહાવીરદેવને એ સાડાબાર વર્ષમાં પારણાના દિવસ ત્રણસો ઓગણપચ્ચાસ-વર્ષ પૂરૂં નહિ.

**પ્ર.૨૯૬ છત્રીશ કલાકનો ઉપવાસ કરનારો પારણા વખતે મોડું થાય તો શું બોલે ?**

ઉ. છત્રીસ કલાકના ઉપવાસ કરનારો શ્રાવક, પારણા વખતે પા કલાક મોડું થાય તો તેના મુખમાંથી કયા શબ્દો નીકળે ? 'સારૂં થયું કે પા કલાકની તપશ્ચર્યા વધી.' આ ભાવના જોઇએ.

**પ્ર.૨૯૭ તપશ્ચર્યા શેને માટે ઉપકારી છે ?**

ઉ. તપશ્ચર્યા તો પરલોક માટે જેટલી ઉપકારી છે, તેટલી આ લોક માટે પણ છે : પણ આ લોકના ઉપકાર માટે મારે તમને તપસ્વી નથી બનાવવા, માટે બોલતો નથી. આ લોક માટે તો તમે બધું કરવા તૈયાર છો.

**પ્ર.૨૯૮ તમે કોની ગુલામીમાં રહો છો ? કઇ ગમતી નથી ?**

ઉ. વૈદની, ડૉક્ટરની, ઘરની, બજારની, કેવી ગુલામીમાં રહેવું પડે છે, તે સમજે છે, ફક્ત ધર્મની, શાસ્ત્રની, ગુલામી નથી ગમતી.

**પ્ર.૨૯૯ જગ્તમાં ગુલામ કોણ ?**

ઉ. તમે કોના શેઠ છો એ તો કહો ! ખોખાના, ઝુંપડીના શેઠ છો ? શેઠ હોતો તમને શાસ્ત્રને નમતાં શરમ આવે ? તમે ત્યાં ગુલામ છો, માટે જ આની ગુલામીમાં શરમ આવે છે. હું ખાત્રીથી કહું છું કે, દુનિયાદારીની ગુલામી સ્વીકારો છો, ત્યાં ઝૂકો છો, માત્ર ત્રણ લોકના ધણીની ગુલામી નથી ગમતી ? ખરેખર શ્રી જિનેશ્વરદેવની એટલે કે પરમ વીતરાગદેવની આજ્ઞા, સેવા અને શ્રી વીતરાગે ઉપદેશેલો ત્યાગમાર્ગ જેના હૃદયમાં જચ્યો નથી, તેના જેવો આ જગત્‌માં બીજો કોઇ ગુલામ નથી. અરે તમે જેની ગુલામી કરે છો, એને તમે કહો છો કે હું તારો, પણ પેલા ના કહે છે, અમે તમારા નહિ. કદી કોઇ કહે કે, અમારા તો એ શાને માટે ગુલામી કરો છો, એ તો બોલો ! સ્વાર્થ માટે.

**પ્ર.૩૦૦ હું કેવો ? તમે કેવા ? એજ રીતે અહીં પણ શું થાય ? અખતરા શેના ન હોય ? અખતરા વાળા કેવા છે ?**

ઉ. હું તો બીન અનુભવી અને તમે બધા અનુભવી, પણ શાના ? સંસારરૂપ કર્દમના કે બીજાના ? અરે કહોને કે ફસેલા. અનુભવી આવા હોય ? અનુભવના અર્થની તો ખબર નથી. વિષ પ્રાણનો નાશ કરે, એ શાથી જાણ્યું ? ખાઇ જોઇને જાણ્યું કે જાણકારના કહેવાથી જાણ્યું ? તેજ રીતે શિષ્ટ પુરૂષોના અનુભવે અહિં બી ત્યાજ્ય વસ્તુ તજાય. ત્યાજ્યના

અખતરા ન હોય. -ત્યાજ્યના અખતરા કરનારા વીરના શાસનના સ્વરૂપથી અજ્ઞાત છે.

**પ્ર.૩૦૧ શું વિચારે તો ક્યાં ઝૂક્યા વિના ન રહે ?**

ઉ. ત્રણ લોકના નાથની ગુલામી નથી ગમતી અને ક્ષણિક વસ્તુની ગુલામી કેમ ગમે છે ? બજારમાં, ઘરમાં શેઠ છો ? શરીરના તમે શેઠ છો ? જો શરીરના શેઠ હોત, લક્ષ્મીના માલિક હોત તો આવા હોત ! ત્યાં બધે તમારી શી સ્થિતિ છે ? તે વિચારો ફક્ત ધર્મમાંજ તમે અક્કડ. આ બધું વિચારો તો તો તરતજ આ ધર્મધ્વજ સામે નજર જાય. આ વિચારો તો શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાને શિર ઝૂક્યા વિના ન રહે.

**પ્ર.૩૦૨ ખરી વાત શું છે ?**

ઉ. ખરી વાત છે કે- પંચમકાળ, હુંડાવસર્પિણી, કૃષ્ણપક્ષીયા જીવ અને ધર્મધ્વજ બતાવવો ત્યાં પ્રેમ કરાવવો, આપવો એ કાંઇ નાના સુના ખેલ છે ! ત્યાં કોઇ મસ્તક નમે ? નાટકની પરીયો આગળ મસ્તક નમે, સીનેમામાં આવતા ચોરટાઓ-ઉઠાઉગીરો સામે આંખ ફાડી ફાડી જોવાય, ચ્હાના ગરમાગરમ ઘુંટડા ઉતરે, ફક્ત શાસ્ત્ર તરફ આંખ કરડી રહે ! ખરેખર, કેવી ભયંકર દશા છે ? પરમોપકારી શ્રી મુનિસુંદરસૂરીશ્વરજી મહારાજા તો કહે છે કે, પંચમકાળના જીવો જેવા ચોથા કાળમાં નહોતા.

**પ્ર.૩૦૩ ક્યારે કામ થઇ જાય ?**

ઉ. દુનિયાદારી માટે જીવી રહેલા પ્રાણીઓની જે ઉદારતા, ક્ષમા, શાંતિ, ઉદ્યમ, પ્રયત્ન, મહેનત, ગુલામી વિગેરે દુનિયા માટે છે, તે શ્રી જિનેશ્વરદેવના શાસનમાં આવી જાય, તો તો આજે કામ થઇ જાય.

**પ્ર.૩૦૪ તમને ક્યાં શું ખાતા આવડે છે ? અહીંયા ?**

ઉ. દુનિયાદારીના માણસોને, ગમ ખાતાં કેવી સરસ આવડે છે ? માથે પાઘડી ભલે, પણ તમારાથી મોટો કોઇ આવે અને કહે કે બેસો ! - તો તરતજ નીચી મુંડીયે નમી જાય. ને અહિં સાધુ કંઇક કહે તો તરતજ બોલી ઉઠે કે:- 'સાધુ અમને કહે ? અમે કોણ ? જેન્ટલમેન.'

**પ્ર.૩૦૫ માનો કે નમાનો પણ અહીં શું નથી ?**

ઉ. પણ અહિં કંઇ પોપાબાઇનું રાજ્ય નથી. કર્મસત્તા ભયંકર છે. માનો કે ન માનો, સદ્દહો કે ન સદ્દહો, જે દિવસે એ સત્તા ઉદયમાં આવશે -એના સકંજામાં પકડાયા પછી ઇંચભર ચસી શકાશે નહિ.

**પ્ર.૩૦૬ શું સંભળાય છે ?**

ઉ. સંભળાય છે કે, પંચમજ્યોર્જ-હિંદુસ્તાનના માલીક પણ કર્મસત્તાથી રીબાય છે : બહુ માંદા છે : ડૉક્ટરો નાડ પકડી તપાસ્યા કરે છે : કર્મસત્તા કોને છોડે છે ? કહેવાનું તાત્પર્ય એ છે કે, દુનિયાના મહાન્‌માં મહાન્ સમ્રાટને પણ કર્મની સત્તા છોડતી નથી. બાકી આપણે કે જેમને સમસ્ત વિશ્વનું જ કલ્યાણ ચાહવાનું હોય તે તો એમજ ઇચ્છે કે, દર્દીની હાલત જલ્દિ સુધરો. આખરે જ્યારે આયુષ્ય આવી રહેશે, ત્યારે કોઇનું કાંઇ ચાલે એમ છે ? ઉંધે રસ્તે ચાલનારાને કહો કે મરીને કયા કાકાને ઘેર જવાના ? કોઇ આડતીયો, બાડતીયો છે ? સાધુને ગાળો દો, પ્રભુના શાસન સામે, સિદ્ધાંતો સામે, છડેચોક ફીટકાર કરો, -એમ કરતા શરમ નથી આવતી ? પણ પરિણામે મરી જશો, અને રોમ રોમ કીડા પડશે. શ્રી વીરવિજય મહારાજ શું કહે છે ?

તીરથની આશાતના નવ કરીયે,<br>
આશાતના કરતાં થકી ધનહાનિ,<br>
ભૂખ્યા ન મળે અન્નપાણી,<br>
કાયા વળી રોગે ભરાણી,<br>
તીરથની આશાતના નવ કરીએ.

એ બધુ વાંચો. એ લખનાર તમારા હિતસ્વી હતા. દુનિયાની સત્તા પૂરે પૂરી જ્ઞાની ન હોવાથી તેની શિક્ષામાંથી, હુંશિયારીના યોગે યા બનાવટી પૂરાવા વિગેરેના યોગે કદાચ બચી જશો, પણ કર્મસત્તા તો ક્ષણેક્ષણના મનના વેગને પણ જાણી સત્તામાં દબાવશે. ત્રીજી મીનીટે કાનપટ્ટી પકડી ઢસડી જશે. કાકા, મામા, ફુઆ, ગાડી, વાડી, લાડી નહિ બચાવે.

પાઘડીના રંગમાં ન રંગાઓ. રાતા પીળામાં ન મુંઝાઓ. દુનિયાની વાયડી વાતોમાં વાયડા ન બનો. અણસમજુના પ્રલાપને આધીન ન થઇ જાઓ.

**પ્ર.૩૦૭ અનંતજ્ઞાનીના વચન ઉપર કેવા બનો ? કોણ શું કરી ગયા ? સ્વાર્થ ખાતર શું ?**

ઉ. અનંતજ્ઞાનીના વચન પર વધુ વિશ્વાસુ બનો. એ મહાત્માઓ તો તમારા-અમારા ભવિષ્યના ભલા માટે રાજઋદ્ધિ તજી, ત્યાગ સ્વીકારી આ બધું લખી ગયા, મહેનત કરી લખી ગયા. તરવાનો રસ્તો એ આ આપી ગયા. ત્યાં કહેવું કે, શાસ્ત્રને આઘાં મૂકો એમ ? કયા શબ્દોમાં કહું તો તમને અસર થાય કે જેથી પરિણામે તમે પાપથી બચો. જરા વધુ કરડા શબ્દો કહું. તો કહે છે કે- મહારાજ ઘણું કહે છે. પણ ભાઇ આતો બચાવના રસ્તા છે. શાસ્ત્રમાં આવે છે કે, સ્વાર્થ ખાતર પતિએ પત્નિને મારી અને પત્નિએ પતિને માર્યો, બાપે દીકરાને માર્યો અને દીકરાએ બાપને માર્યો. એવી સંભાવના હોવા છતાં પણ ત્યાં વિશ્વાસ મૂકવામાં વાંધો નહિ અને આ અનંત જ્ઞાનીની આજ્ઞામાં વિશ્વાસ મૂકવામાં તમારૂં લૂંટાઇ શું જાય છે ? એ તો કહો !

**પ્ર.૩૦૮ આ તીરથ કેવું છે ?**

ઉ. જે તીર્થને પામ્યા છો તે હિંસા, મૃષા, ચોરી, વ્યભિચાર, લોભ, ક્રોધ, માન, માયા, પ્રપંચ, ઇર્ષ્યા, કલહ, કજીયા, આ બધા પાપથી બચાવનારૂં છે. દુ:સહ્ય પાપથી બચાવનારૂં છે. ભૂંડું કરનારનું એ ભલું કરવાની સલાહ આપનારૂં છે. પ્રાણ લેવા આવનારનું એ હિત ચિંતવવાની સલાહ આપનારૂં છે. તીર્થ પામ્યા તો છો, હવે ન આરાધાય તો એના જેવી કમનસીબી બીજી કોઇ નથી, એ નક્કી માનજો !

**પ્ર.૩૦૯ તીરથ કેવું છે ? તેને માટે શું કરવું જોઇએ ?**

ઉ. तीर्थं जयति તીર્થ જયવંતુ વર્તે છે, શાથી ? એનામાં એક પણ અયોગ્ય વિચારને સ્થાન નથી. એક પણ યોગ્ય વિચારનો એમાં તિરસ્કાર નથી. એ તીર્થના સિદ્ધાંન્તો એવા તો સિદ્ધ થએલા છે, કે જેની સેવાથી

સેવકનાં સઘળાં પાપરૂપ મલો દૂર થઇ શકે એમ છે. એટલા જ માટે એ શાશ્વત રહેવાને સરજાયેલું છે. જેની ઉપમામાં કોઇ જોડી નથી અને એટલાજ માટે સઘળા જિનેશ્વરોથી શરૂઆતમાં એ નમસ્કાર કરાયેલું છે. જે તીર્થને સાક્ષાત્ જિનેશ્વરો નમે છે, તે તીર્થની આપણને પ્રાપ્તિ થાય તો એ તીર્થની સેવા માટે આપણે જેટલું શક્ય હોય તેટલું કરવું જોઇએ.

**પ્ર.૩૧૦ શાસ્ત્રે શું કહ્યું છે ?**

ઉ. શાસ્ત્રે જેમ શક્તિ ગોપવવાનો નિષેધ કર્યો છે, તેમ શક્તિના અતિરેકનો પણ નિષેધ કર્યો છે. જેમ શક્તિ છુપાવવી નહિ તેમ શક્તિથી આગળ પણ જવું નહિ શક્તિ છુપાવીએ તો ગુન્હેગાર બનીએ, અમલ ન કરીએ તો વંચિત રહીએ, અને શક્તિથી આગળ વધી જઇએ તો કરી શકતા હોઇએ તે પણ ગુમાવી બેસીએ. માટે આવું અતિશય મુસીબતે મળી શકે તેવું તીર્થ પામ્યા પછી એની આરાધનામાં જીંદગીનો જેટલો સમય વ્યતીત થાય તેટલો કરવો જોઇએ.

**પ્ર.૩૧૧ સમ્યગ્દ્રષ્ટિ આત્મા શું ન ચિંતવે ? શાથી ?**

ઉ. સમ્યગ્દ્રષ્ટિ આત્મા તે છે કે જે અપરાધીનું પણ ભૂંડું ન ચિંતવે. આ ભાવનાને રોમરોમ પરિણમાવવી જોઇશે. કારણ કે શ્રી જિનેશ્વરદેવના શાસનને પામ્યા પછી, એની આરાધનામાં એટલાં બધા વિઘ્નો છે કે એ વિઘ્નોની સામે જે આત્મા અડગ રહે-એ વિઘ્નોને જીતે, તેજ આત્મા આ તીર્થને આરાધી શકે.

**પ્ર.૩૧૨ શું ન હોય તો શું થાય ?**

ઉ. જેનામાં આ કૌવત ન હોય, તે તીર્થને હારી પણ જાય. આ જીંદગીમાં હારી જઇ તીર્થ ગુમાવ્યું, તો અનંતા કાલે મળેલ માનવ જીંદગી વ્યર્થપ્રાયઃ બની જાય.

**પ્ર.૩૧૩ આપણો ઇરાદો શું છે ? આરાધ્યે જવાનું છે ?**

ઉ. આપણો ઇરાદો એ છે કે, અનંતકાલે મળેલ માનવ જીંદગી નિષ્ફળ ન જાય. આપણા સાથીયો, આપણા પરિચયમાં આવનારાઓ,

સહવાસમાં આવનારાઓ, આપણા પર વિશ્વાસ રાખનારાઓની પણ માનવજીંદગી નકામી ન ચાલી જાય, એજ ઇરાદો છે. એ ઇરાદાની સફ્લતા માટે આપણામાં જેટલી તાકાત હોય, તે મુજબ શ્રી જિનેશ્વરના શાસનને આરાધ્યે જવાનું છે.

**પ્ર.૩૧૪ ટીકાકાર મહર્ષિ શું નિર્દેશ કરે છે ?**

ઉ. હવે ટીકાકાર, મહર્ષિ આ આચારશાસ્ત્રના કહેનાર પરમર્ષિનો નામનિર્દેશ કરવા સાથે તે કહેવાનો હેતુ અને પોતાની આજ્ઞાધીનતા આદિ દર્શાવવા ફ્રમાવે છે કે:-

**"आचारशास्त्रं सुविनिश्चितं यथा,**
**जगाद वीरो जगते हिताय यः ।**
**तथैव किञ्चिद्रदतः स एव मे,**
**पुनातु धीमान विनयार्पिता गिरः ।। १ ।।"**

'જે ભગવાન્ શ્રી મહાવીરદેવે સુવિનિશ્ચિત આચારશાસ્ત્રને જગત્‌ના હિત માટે જે રીતિએ ફ્રમાવ્યું, તેજ રીતિએ કંઇક કહેતા એવા મારી વિનયાર્પિત વાણીને તેજ ધીમાન્ ભગવાન્ પવિત્ર કરો. આથી ટીકાકાર મહર્ષિ પોતાની કેટલી આજ્ઞાધીનતા બતાવે છે, એ શોચો. ખરેખર, આવી જાતની આજ્ઞાધીનતા વિના કલ્યાણ થવું જ નથી. શ્રી જિનશાસનના જ્ઞાતા અને રસીક આત્માઓએ આજ્ઞાધીનતાને તો મૂર્ત સ્વરૂપજ સમર્પ્યું છે, અને એમાંજ તે મહર્ષિયોની ભવભીરૂતા અને મુક્તિની કામનાનું અનુપમ દર્શન થાય છે. યથેચ્છચારિયો માટે આ શાસન નથી, એ આમાંથી ધ્વનિત થાય છે. પોતાની મહત્તામાં માનનારા પણ આ શાસનના સારને નથી પામી શકતા, એ પણ આમાંથી ફ્લિત થાય છે.'

**પ્ર.૩૧૫ આચાર શાસ્ત્રનું વિધાન શું છે ?**

ઉ. ટીકાકાર મહર્ષિના એ કથનદ્વારા સમજી શકાય તેમ છે કે- આ શ્રી આચારાંગશાસ્ત્રના કહેનાર ભગવાન્ શ્રી વીર છે. એમાં કહેલા આચાર અતિશય નિશ્ચિત છે. જેનાથી જગત્‌નું ભલું થાય એવા એ

આચાર છે. જગતનું ભૂંડું થાય, જગતનું કોઇ પણ પ્રાણી દુ:ખી થાય, જગત્‌ના કોઇ પણ આત્માને ક્લેશ થાય, જગત્‌નાં પ્રાણીયો આધિ-વ્યાધિ અને ઉપાધિના ફંદમાં ફસે, તે માટે આ શાસ્ત્ર નથી પણ સઘળાનું ભલું થાય, કલ્યાણ થાય, સારૂં થાય, આ લોક અને પરલોકમાં સુંદર થાય, અહિં કે તહિં કોઇ દુ:ખી ન થાય ને સદાને માટે અનંત શાંતિના ભોક્તા થાય, માટે આ આચારશાસ્ત્રનું વિધાન છે.

**પ્ર.૩૧૬ આચારોને અમલમાં મૂકવા શું કરવું જોઇએ ?**

ઉ. એ ભાવનાવાળાએ આ આચારોને અમલમાં મૂકવા માટે, અનાદિકાલથી વળગેલી કુવાસનાઓને છોડવી જ જોઇએ.

**પ્ર.૩૧૭ જે વસ્તુ કલ્યાણ માટે કહી તે વસ્તુ ખટકે તો દોષ કોનો ?**

ઉ. જે વસ્તુ કલ્યાણ માટે કહી, તે વસ્તુ જો આપણને ખટકે, એના પાલન માટે આપણો આત્મા શૂરવીર ન બને, તો સમજી રાખવું ઘટે કે-એ દોષ, આ શાસ્ત્રના કહેનાર ભગવાન્ શ્રી મહાવીરદેવનો કે શ્રી ગણધરદેવનો કે ટીકાકાર મહર્ષિ શીલાંકસૂરિજીનો નથી, પણ એ દોષ આપણી જાતનો છે.

**પ્ર.૩૧૮ કઇ રીતે વિચારણા કરીએ તો શું ફળે ?**

ઉ. હરેક આત્માએ પોતાના આત્માનો, આત્માની શક્તિનો, આત્માની નિર્બળતાનો, આત્મામાં રહેલા દોષોને બહુજ ગંભીરપણે વિચાર કરવાની જરૂર છે અને તોજ આચારાંગશાસ્ત્ર ફળે.

**પ્ર.૩૧૯ રોજ શેનો વિચાર કરવો જોઇશે ?**

ઉ. આ આચાર એટલો બધો કઠીન, એટલો મુશ્કેલીથી બની શકે એવો, જીવનમાં ઉતારવો એટલો તો અગવડભર્યો છે, કે પૂરતી મક્કમતા કેળવ્યા વિના, આત્માને મજબૂત બનાવ્યા વિના, આ આચાર-આ કથન-આ શ્રી વીરની વાણી હૃદયમાં ઉતરે તેમ નથી. આપણને બધાને એ વાણી હૃદયમાં કેટલા પ્રમાણમાં ઉતરી છે ? એ વીરની વાણીના સેવન માટે-રોમરોમમાં વાણીના પરિણમન માટે બને તેટલું

સંરક્ષણ કરવા માટે આપણામાં કેટલા પ્રમાણમાં તૈયારી આવી છે, તેનો રોજ વિચાર કરવો જોઇશે.

**પ્ર.૩૨૦ વર્તમાનમાં શું થઇ રહેલું છે ?**

ઉ. આ શ્રી જિનવાણીની આરાધનાથી અનંતા આત્મા મુક્તિએ ગયા છે. સંખ્યાબંધ આત્મા મુક્તિએ જાય છે, અને અનંતા આત્મા મુક્તિએ જશે. જે રીતે આરાધના કરીને તે આત્માઓ મુક્તિમાં ગયા, જાય છે અને જશે તે રીત બતાવવા પણ, સમજવા પણ, સમજાવવા પણ, જાણે આ સમય ન હોય એવી જાતિના દેખાવ વર્તમાનમાં થઇ રહ્યા છે.

**પ્ર.૩૨૧ આજે શું ખડું કરવામાં આવે છે ?**

ઉ. જે ભગવાન્ શ્રી મહાવીરદેવે કહેલું અને તે તારણહારના માર્ગે ચાલતા મુનિપુંગવોએ યથાશક્તિ આચરેલું તે સાંભળવું, વિચારવું અને બતાવવું, એમાં પણ મોટી મુશ્કેલીયો ખડી કરવામાં આવે છે.

**પ્ર.૩૨૨ શું આશ્ચર્યજનક નથી લાગતું ?**

ઉ. જે ચીજ, જે આત્માને જીવનમાં ઉતરતાં મુશ્કેલ ન પડી, જે વસ્તુ જે આત્માઓએ આનંદપૂર્વક હૃદયમાં ઉતારી, જે વસ્તુને જે આત્માઓએ અમલમાં મૂકી, જે વડે સ્વપર કલ્યાણ સાધી, જગત્માં દ્રષ્ટાંતભૂત બન્યા, તે ચીજને વાંચવી, તે ચીજને જીવનમાં ઉતારનાર મહાપુરૂષોના જીવનને સાંભળવું, એમાંય મુશ્કેલી ઉભી થાય એ આશ્ચર્યજનક નથી લાગતું ?

**પ્ર.૩૨૩ આજ સન્મુખ શું રાખવાનું ?**

ઉ. આજ્ઞાનો અમલ કરવા નહિ ઇચ્છતા કેટલાક કહે છે કે:- શ્રી તીર્થંકરદેવોએ કર્યું તેજ કરવું, પણ એ કાયદો નથી. મહાપુરૂષે કર્યું તે ન કરી શકીએ : જે રીતે તીર્થપતિના આત્માએ પણ તીર્થમાર્ગ આરાધ્યો, તે રીતે નહિ આરાધી શકાય તો મુક્તિ મળે, એવું તમારૂં અને મારૂં અંતર સાક્ષી પૂરે છે ? અંતર તો કહે છે કે, જે રીતે તીર્થપતિના આત્માએ આરાધ્યું તે રીતે આરાધાય તોજ મુક્તિ થાય, આથીજ કહેવું પડે છે કે,

શ્રી જિનેશ્વરદેવની આજ્ઞારૂપ આદર્શને બરાબર સન્મુખ રાખો !

**પ્ર.૩૨૪ શું વ્યર્થ છે ?**

ઉ. ભગવાન્ શ્રી મહાવીરદેવે પ્રરૂપેલા સિદ્ધાંતોને આઘા મૂકી યથેચ્છપણે વર્તવું અને સાધુ કે શ્રાવક તરીકે ઓળખાવવાની ઇચ્છા રાખવી, એ વ્યર્થ છે.

**પ્ર.૩૨૫ કઇ તાકાત જોઇએ છે ?**

ઉ. તે તાકાત જોઇએ છે કે જેના યોગે આ શાસ્ત્રને અખંડપણે સેવી શકીએ. સેવા ભલે આપણાથી થોડી થાય, ભલે સઘળી આજ્ઞા જીવનમાં ન ઉતારી શકીએ, પણ સઘળા આજ્ઞાના આદર્શ તો સામે કાયમ ખાતે રહેવા જ જોઇએ. તૈયારી ન હોય તો કયે રસ્તે જવું, તે અત્યારે મોટો ભયંકર અને વિકટ પ્રશ્ન છે. હું એકલોજ આ વિચાર કરૂં, તે થાય નહિ.

**પ્ર.૩૨૬ આ આગમમાં શું તાકાત છે ?**

ઉ. આ આગમમાં તે તાકાત છે કે ચોવીસે કલાક અરે સારીયે જીંદગી શાંતિમાં રાખે : પણ વિનિયોગ, તમને પણ આના સ્વાદના બિંદુઓ દેવાં એના અંગેના વિચાર ચાલે છે. તમે તમારી કરણીનો, ફરજનો વિચાર ન કરો તો સામો આદમી એકલો વિચારે તેનું પરિણામ શું ? આ વિચાર કરવાં બધું ભૂલી જવું પડશે. આ શાસ્ત્રનેજ હૃદયમાં સ્થાપવું પડશે. હૃદયમાં સો વસ્તુ બીજી અને એક આ તો એ ન ટકે. સો વસ્તુનો હુમલો આ એક પર ! એમાં એક દબાય એમ નવાઇ શી ? બધી વસ્તુ કરતાં આ કીંમતી છે, એ તમારા જીગરમાં બરાબર કોતરાઇ જવું જોઇએ ! તોજ માર્ગ સહેલો થાય.

**પ્ર.૩૨૭ હાજી-હાજી કોનું નામ ?**

ઉ. માત્ર 'હાજી-હાજી' કરો તો માર્ગ સહેલો ન થાય હાજી તેનું નામ કે આ વાત રગેરગે પરિણામ પામવી જોઇએ-જીવનમાં નિયત થવી જોઇએ. 'જીવતાંએ આનું શરણું અને મરતાંએ આનુ શરણું' એમ

હૃદયપૂર્વક મનાવું જોઇએ.

**પ્ર.૩૨૮ આત્મા ઉપર નિર્બળતાએ ઘર શાથી કર્યું છે ? શું ગોઠવ્યું છે ? શાથી ?**

ઉ. દરરોજ 'જય વીયરાય' માં પ્રભુ પાસે શાની પ્રાર્થના કરો છો ? આ 'જય વીયરાય' જે શ્રાવક રોજ બોલે છે, તે દરેકના હૃદયમાં પ્રાર્થનાસૂત્રનું રહસ્ય ઠસી જાય, દરેક જો એ પ્રાર્થના સૂત્રના મર્મને સમજી જાય, તો આ શાસ્ત્ર સમજતાં-સમજાવતાં આટલી બધી મહેનત પડેજ નહિ. એ સૂત્ર દ્વારા કરવામાં આવતી પ્રાર્થના નથી સમજાતી, વીતરાગ નથી ઓળખતા. એ સમજાઇ નથી-એ ઓળખાયા નથી. જેની આટલી આટલી સેવા કરો તેનું સ્વરૂપ નથી ઓળખાયું. ઓળખવાની ભાવના પણ તેવી નથી જાગી. એથી જ આટલી બધી નિર્બલતાએ ઘર કર્યું છે. એ નિર્બલતાએ છાતી પર મોટી શિલા ગોઠવી છે કે, જે શિલા ઉઠાવવાની અત્યારે તાકાત રહી નથી.

**પ્ર.૩૨૯ જય વીયરાય બોલતા શું થવું જોઇએ ?**

ઉ. એક 'જય વીયરાય' દ્વારા કરવામાં આવતી પ્રાર્થના, જો બરાબર વિચારાય તો શું બાકી છે ? 'જય વીયરાય જગગુરુ' -હે જગદ્ગુરૂ વીતરાગ તું જય પામ ! જે વીતરાગને જગત્‌ના ગુરૂ માનીએ, તે પુણ્ય પુરૂષની આજ્ઞા સિવાય બીજે કેમ જઇએ ? તે તારકની આજ્ઞા વિના જીવાતા જીવનમાં આનંદ કેમ રહે ? એની આજ્ઞાના એકે એક શબ્દે તમારાં કાળજા કોરાવા જોઇએ. જે વખતે જયવીયરાય બોલાય, ત્યારે જો એ બરાબર વિચારાય-મનન પૂર્વક, હૃદયમાં વિચારાય, હાથ ઉંચા રાખી સામી દ્રષ્ટિથી બોલાય, તો ખરેખર આંખમાંથી આંસુ ટપકે.

**પ્ર.૩૩૦ મારો ક્ષય ક્યારે ?**

ઉ. હે વીતરાગ ! તું જયવંતો રહે. તું જયવંતો છે, ત્યાં સુધી જ હું જીવતો છું. જે દિવસથી તારો જય ગયો ત્યારથી મારો ક્ષય.

**પ્ર.૩૩૧ આપણી અનિવાર્ય ફરજ શું ? શાથી ?**

ઉ. એમનો જય જવાનો નથી : એમનો ક્ષય નથી, એતો પહોંચી ગયા, પણ એના શાસનની, એની આજ્ઞાની જયવંતી સ્થિતિ બરાબર જીવતી રાખવાની આપણી ફરજ છે. જો આપણે જીવવું હોય તો આપણી એ અનિવાર્ય ફરજ છેજ.

**પ્ર.૩૩૨ જે બોલો છો એમાં આપણી ભાવના શું ?**

ઉ. જે દિવસથી એની જય બંધ થઇ, તે દિવસથી આપણે જીવતાં છતાં ન જીવતા જેવા જ છીએ. તમે તો રોજ કહી રહ્યા છો, હે જગદ્‌ગુરૂ વીતરાગ ! જયવંતા હો ! આ કથનમાં ભાવના તો એજ ને કે તારા જય વિના અમારો જય કોઇ કાળે થવાનો નથી.

**પ્ર.૩૩૩ અહીં મુક્તિ, મુક્તિનો માર્ગ છે અને બીજે નથી એનું કારણ શું ?**

ઉ. ત્રીસ અકર્મ ભૂમિમાં, છપ્પન્ન અંતરદ્વીપમાં, મનુષ્યોની કાયા મોટી, બલ ઘણું, આયુષ્ય લાંબું, કષાયો થોડા, તોય તેમની મુક્તિ નથી થતી, અને અહિં શરીર નાનું, આયુષ્ય નાનું, કષાયો ઘણા, તોય મુક્તિ થઇ શકે છે. ત્યાં અસિ, મસિ, કૃષિં નથી તોય મુક્તિ નહિ, અહિં એ ત્રણે છતાં સિદ્ધિપદે જઇ શકાય. આનું કારણ શું ? માત્ર વીતરાગ જ્યાં જયવંતા વર્તે છે, ત્યાં મુક્તિ અને મુક્તિનો માર્ગ. જ્યાં તે નથી ત્યાં મુક્તિ પણ નથી, અને મુક્તિનો માર્ગ પણ નથી.

**પ્ર.૩૩૪ આથી શેના કરતાં પહેલા શું ઇચ્છજો ?**

ઉ. ત્રીસ અકર્મભૂમિમાં છપ્પન્ન અંતરદ્વીપમાં મનુષ્યો મોટી કાયાવાળા ઘણા બળવાળા, અસંખ્યાત વર્ષોના આયુષ્યવાળા, કષાયો મંદ, જ્યાં અસિ, મસિ, કૃષિનો વ્યાપાર નથી, ત્યાંથી બહુ બહુ જાય તો દેવલોકે જાય : જ્યારે આ કર્મભૂમિમાં મસિ, અસિ ને કૃષિના વ્યાપાર છે, કષાયો ધોધમાર છે, ત્યાંથી અમૂક કાળે ઠેઠ સિદ્ધિપદે પણ જઇ શકાય છે : અને આજે પણ મુક્તિમાર્ગને આરાધવાની સામગ્રી મળી શકે છે એનું કારણ શું ? એજ કે- જગદ્‌ગુરૂ વીતરાગ જયવંતા વર્તે છે. માટે

ભાગ્યવાનો ! જાત કરતાં પણ વીતરાગના જયને પહેલો ઇચ્છજો. એના જય આગળ, આ જાતની કિંમત બહુ ન ગણજો.

**પ્ર.૩૩૫ તમારી શક્તિ વગેરે કઇ બાજુ છે ? એ શક્તિ ક્યાં આવી જાય તો શું થાય ?**

ઉ. હૃદયના ભાવને સમજી શકો છો ને ? બજારમાંથી કાપડ લેવું હોય તો તે પરીક્ષા શક્તિ તમારામાં છે, શાક તાજું છે કે વાસી છે વિ. ની પરીક્ષા કરતાં આવડે છે. દુનિયાદારીના પદાર્થો ખરીદવાની આવડત છે. એ જાતની બુદ્ધિ અને આવડત આ કામમાં આવી જાય તો કામ થઇ જાય. એક દિવસ હડતાળ પડે અને ગામમાં શાક-દૂધ આદિ ખાદ્ય પદાર્થો ન મળે તો તમે શું કહો ? અમારાથી જીવાય નહિ ! તો પછી આના વિના, આ શાસ્ત્ર વિના, આ આજ્ઞા વિના, કેમ જીવાય ? નહિજ જીવાય. જીવવું હોય તો ખરી ચીજ તો આ છે. પેલી બધી ચીજો જેમાં તમારી પરીક્ષા શક્તિ વિગેરે છે, તે કાંઇ જીવાડનારી નથી. બહુ તો ખોખું રહે ત્યાં સુધી ખોખાને પોષનારી છે. કોણ જાણે, ખોખાને પણ પોષશે કે નહિ એની શી ખાત્રી ? જીવવા માટે તો એક આજ ચીજ છે.

**પ્ર.૩૩૬ હૈયામાં શું અંકિત થાય તો શું થાય ? બીજાપદમાં શું કહો છો ?**

ઉ. આ વાત હૈયામાં અંકિત થઇ જાય તો 'जय वीयराय ' સૂત્રમાં કરવામાં આવતી પ્રાર્થના સાર્થક થાય. એમાં જય વીયરાયમાં તમે તો બહુ કહ્યું. વીતરાગ પાસેની તમારી માગણીનો પાર નથી રહેતો. જય કહીને અટક્યા નથી. બીજા પદમાં તમારી ભાવના વ્યક્ત કરો છો.

**"होउ ममं तुह पभावओ भयवं !"**

'હે ભગવન્ ! મને તારા પ્રભાવથી હો. ભગવાન્ના પ્રભાવથી શું માગો છો, તે કહેશો !'

**પ્ર.૩૩૭ કોણ શું સાંભળી કેવા થયા હતા ?**

ઉ. નારદ-વસુ અને પર્વત એ ત્રણેના ગુરૂ ઉપાધ્યાયે, જ્યારે ચારણમુનિના મુખમાંથી એમ સાંભળ્યું કે, આ ત્રણ શિષ્યો માંથી બે

નરકગામી છે, ત્યારે એ ઉપાધ્યાય ખિન્ન થયા હતા.

**પ્ર.૩૩૮ ખિન્ન થઇને શું કર્યું હતું ?**

ઉ. જેનો હું પાઠક, જે મારાં વિદ્યાર્થી, જેને હું ભણાવું, તે નરકે જાય ? આ વિચારથી તે ઉપાધ્યાય ખિન્ન થયા અને પરિણામે એને નિર્વેદ થયો, શિષ્યોની પરીક્ષા કરી, યોગ્યની પીઠ થાબડી પોતાનું ઉપાધ્યાય પદ તજી, સંસારને તજી એ ઉપાધ્યાય સંયમધર બની ગયા. વસુ એ રાજપુત્ર હતો-પર્વત એ ખૂદ પોતાનો પુત્ર હતો અને નારદ એ ઋષિપુત્ર, સિદ્ધપુત્ર હતા. ચારણમુનિના શબ્દો સાંભળી ઉપાધ્યાય મુંઝાયા. મુનિયો ખોટું કહે નહિ. જેને હું ભણાવું તે નરકે જાય ? -આ વિચારે ખિન્નતા આવી, હૃદય દ્રવિત થઇ ગયું અને એના પરિણામે સંસાર વર્જી ત્યાગ સ્વીકાર્યો. સાચું બોલો તમારે માટે અમને શું લાગવું જોઇએ. તમે સંસારમાં, વિષય કષાયમાં, દુનિયાના રંગરાગમાં લીન થાઓ તેથી અમને આનંદ થાય ? તમારી સદ્ગતિની, તમારી મુક્તિની અમને ભાવના હોય. તમે સંસારમાં રવડી મરો, એવી અમારી ભાવના ન હોય. હવે તમારે ખુલ્લા એકરાર કરવા પડશે : તમારે જાહેર કરવું પડશે કે ધર્મગુરૂઓની જરૂર તમારે શા માટે છે ? આટલા માટે ધર્મગુરૂની જરૂર છે એમ ખુલ્લું જણાવવું પડશે. ધર્મગુરૂ કોના થવાય ? સંસારના રંગરાગમાં લીન થવા માગે એના ? વિચાર કરજો, માતા-પિતા, સ્નેહી વિગેરેને પૂછી નક્કી કરજો કે ધર્મગુરૂ શા માટે જોઇએ ? ભવ નિવૃત્તિ માટે. કહી દો તેથી સંતોષ ન થાય. નિશ્ચયપૂર્વક કહો, બીજી વાતોનો તો તમે નિશ્ચય કરીજ ચૂક્યા છો. ઘર શાને માટે ? રહેવા માટે ? દુકાન બાર માસના રોટલા માટે. નોકરી ? સુખેથી જમવા માટે. મુડી ? પ્રસંગ નિવારવા માટે-ગૃહસ્થાઇની પોઝીશન સાચવવા માટે. સ્નેહી વિગેરેને કે પોતાને આપત્તિમાં સહાય કરનાર થાય તે માટે : તેમ ધર્મગુરૂ શા માટે ? એનો એકરાર, એનો નિશ્ચય કરો. ઉતાવળ ન કરો. મનન કરો-ચિંત્વન કરો. કહી રહ્યો છું કે, દિવસે દિવસે મિથ્યાત્વનો વાયુ, વિષય કષાયનો વાયુ, દુનિયાના

રંગરાગનો વાયુ વધતો જાય છે-હવા ઝેરી બનતી જાય છે.

**પ્ર.૩૩૯ મારે કઇ ઔષધ આપવી છે ? અમારે માથે શું છે ?**

ઉ. તમને મારે એવી ઔષધિ આપવી છે કે જેથી ઝેરી હવા અસર ન કરે. તમને એ ઝેરી અસર થાય એનો અમને પણ આઘાત થાય. તમને થતી ઝેરી અસરનું દુ:ખ અમને જરૂર થાય છે. એ દુ:ખનો બોજો મોટો ખડો થાય છે. અમારી પાસે આવનારાને સુખી કરવાની ફરજનો બોજો અમારા પર મોટો છે.

**પ્ર.૩૪૦ એમ શું ન માનતા ? શાથી ?**

ઉ. એમ ન માનતા કે, તમારે આધારે વીતરાગદેવ અને નિર્ગ્રંથ ગુરૂ તથા તેમનો કહેલો ધર્મ જીવે છે. વીતરાગ એની વીતરાગતાના પ્રતાપે જગત્માં જયવંતા વર્તે છે. નિર્ગ્રંથો એની નિર્ગ્રંથતાના પ્રતાપે જગત્માં જયવંતા વર્તે છે. આગમ એની નિર્દોષતાના પ્રતાપે જગત્માં જયવંતુ વર્તે છે. ધર્મ જગતનું ભલું કરવાના ભાવથી ભરેલો હોઇ જયવંતો વર્તે છે : કાંઇ તમારા મારાથી જયવંત વર્તતો નથી. તમે અને હું તો એની સેવા કરીએ તો વિજય છે, નહિ તો નહિ. એના યોગે આપણે છીયે. આપણા યોગે એ નથી, આ વાત વિચારજો, અસ્થિમજ્જા બનાવજો-તો દરેક જગ્યાએ જ્યાં જશો ત્યાં સામાને વસ્તુ ઠસાવી શકશો. સામાને પણ જરૂર એમ થાય કે આનામાં કાંઇક છે. જરૂર મૂળ ઉંડા છે. આની ભાવના ઝળહળે છે. સામાને આવું દેખાય, તમારી વાણી, વર્તાવ, પ્રવૃત્તિ જરૂર શ્રી જિનેશ્વરદેવના અનુયાયીને છાજતીજ દેખાવી જોઇએ.

**પ્ર.૩૪૧ સામાના અંતરમાં શું થાય ?**

ઉ. શ્રી જિનેશ્વરદેવના અનુયાયી એટલે કે સેવનાર તરીકે નિર્ગ્રંથના ઉપાસક તરીકે, તમારે જગત્માં જરૂર દેખાવું જોઇએ. તમને આજે દબાઇ ગયેલા જોઉં છું, તમે તમારા સ્થાન પર સ્થિર નથી. તમારૂં હૃદય સ્થિર રહેતું નથી. તમે એવા સ્થિર બનો કે સામો ઝૂકે અને કહે કે:- ના, ના, આમાં કાંઇક છે.

**પ્ર.૩૪૨ કોના માટે આ મહેનત છે ? કોની જેમ ?**

ઉ. હે ભગવન્ ! તારો જય હો ! રોજ એમ કહો છો, અને પછી એની પાસે જે માંગણી કરો છો, તે બધા માટે આ મહેનત છે. સરજન પાસે જે વાત રજુ કરી, એની પાસે જે લખાવી લાવો, તેજ કમ્પાઉન્ડર આપે-સરજને કહેલુંજ અપાય છે. બાપ, મા, બધું, સર્વસ્વ એ વીતરાગ-તે શિવાયનું બધુંજ ભૂલી જવું જોઇએ. એક એક પૂર્વ પુરૂષને યાદ કરજો.

**પ્ર.૩૪૩ હવે શું કરવાનું છે ? કોની જેમ અહીં આવવાનું છે ? ન હોય તો શું કરવાનું ?**

ઉ. ફલાણા તરી ગયાં, ફલાણા તરી ગયાં, પણ એમ ને એમ તરી ગયા ? તમે ઘણું સાંભળ્યું, સંભળાવનારે ઘણું સમજાવ્યું, હવે તો સાંભળેલાનો અમલ જોઇએ છે. વિચાર કરો, આ ચીજ હૃદયમાં આવી જાય તો ધાર્યું કામ પસાર થાય. જે તમે માગો છો, તેજ જ્ઞાનીએ આગમમાં લખ્યું છે. તમારી માંગણીયો બહુ છે. ડૉક્ટર પાસે જાઓ તો નાડ બતાવો, આખું શરીર બતાવો, ભુંગળું મૂકે તો મૂકવા દો, શરીર પર ટકોરા મારે તો મારવા દો, ઉંધા ફેરવે તો ફેરવાઓ, પેટમાં હાથ ઘાલે તો ઘાલવા દો, આંખો ફાડે તો ફાડવા દો, જીભ બહાર કઢાવે તો કાઢો, મોટો ડૉક્ટર જેમ કહે તેમ કરો અને પછી તમે કહો કે:- 'ભાઇ સાહેબ ! મને મટે એમ કરો.' એ લખી આપે તે કમ્પાઉન્ડરને આપવું પડે. બાટલો નાનો કે મોટો, જે હોય તે આપે. એમાં કમ્પાઉન્ડરનો ગુન્હો નહિ. કેસ કઢાવી ચીઠ્ઠી લાવ્યા તે મુજબ અપાય. અહીં પણ શ્રી જિનેશ્વરદેવની આજ્ઞા મુજબ અપાતું ન લાગે તો ઉઠીને ચાલ્યા જવું. એક સેંકડ પણ થોભવું નહિ. ખોટું અપાતું હોય છતાં પણ સભા શોભાવવા, મહત્તા ખાતર, કે ભલું લગાડવા ખાતર બેસવું એ બુદ્ધિમત્તા નથી.

**પ્ર.૩૪૪ હવે તમે શું માંગ્યું ?**

ઉ. હવે તમે શું માંગ્યું છે, તે જુઓ :-

**"भवनिव्वेओ मग्गाणुसारिआ इट्ठफलसिद्धी ।।**
**लोगविरुद्धच्चाओ गुरुजणपूआ परत्थकरणं च ।**
**सुहगुरुजोगो तव्वयणसेवणा आभवमखण्डा ।।"**

૧. ભવનિર્વેદ, ૨. માર્ગાનુસારિતા, ૩. ઇષ્ટફલસિદ્ધિ, ૪. લોકવિરૂદ્ધ કાર્યોનો ત્યાગ, ૫. ગુરૂજનની પુજા, ૬. પરાર્થકરણ, ૭. શુભગુરૂનો યોગ અને ૮. આ સંસાર પર્યંત તે શુભ ગુરૂના વચનની અખંડ સેવા. તમે ઓછું માગ્યું છે ? કેટલો મોટો ખજાનો માગ્યો છે ? સૌ પ્રથમ તમે શું માગ્યું ? ભવનો નિર્વેદ કહો, આ આગમ દ્વારા એજ અપાય છે કે બીજું ? કહો, એ ભવનિર્વેદ કયી રીતે અપાય ? આ વસ્તુને ખૂબ વિચારો. માંગણી કરવામાં જે ભવનિર્વેદ માગ્યો છે, તેમાં કાંઇ પોલ તો નથી ને ? સમજપૂર્વક માગો છો કે એમને એમજ ! સમજપૂર્વક માગી આવ્યો હો તો, એમનીજ આજ્ઞા મુજબ-એજ ભવનિર્વેદ કરાવવાના પ્રયત્ન થાય, એમાં ગભરામણ શી ? એ ભવનિર્વેદ હૃદયમાં ઠસી જાય તો વાત આગળ ચાલે ને ?

**પ્ર.૩૪૫ તીર્થ કેવું છે ?**

ઉ. તીર્થ ચિંતામણી તુલ્ય છે. તીર્થ હંમેશ માટે જયવંતુ વર્તે છે. એની સામે ગમે તેટલા વિપ્લવ જાગે, હલ્લાઓ થાય, ચાહ્ય તેવા પ્રયત્નો થાય, પરંતુ એ તીર્થ જે સ્વરૂપમાં છે, તે સ્વરૂપમાં રહેવાનું છે, કારણ કે એમાં સદ્‌વસ્તુના પર્યાયોનો એવી રીતિનો વિચાર કરવામાં આવ્યો છે, કે તેમાં એક પણ દુષ્ટ વિચારને સ્થાનજ મળ્યું નથી, દુનિયામાં વિહિત કરાયેલા એક એક વિચારને આ તીર્થમાં પૂરેપુરૂં સ્થાન છે, જેમ અયોગ્ય વિચારને અહીં સ્થાન નથી, તેમ એક પણ સુયોગ્ય વિચારનો અભાવ પણ નથી. એક એક સિદ્ધાંતોને એવી રીતે સિદ્ધ કર્યો છે, કે તેને સેવનારમાં કર્મનો મલ રહેવા પામેજ નહિ. માટેજ તીર્થ શાશ્વતું છે. એની સામે કોઇના વિનાશના પ્રયત્નો ચાલી શકે તેમ નથી. શાશ્વતું છે માટે જ અનુપમ છે, અને માટેજ સઘળા જિનેશ્વરોથી શરૂઆતમાં નમસ્કાર

કરાયેલું છે. આવા તીર્થની પ્રાપ્તિ થવી, એ જેવું તેવું સદ્ભાગ્ય નથી. તીર્થ પામ્યા પછી પણ એમાં મક્કમ ટકવું એ મારૂં સદ્ભાગ્ય છે. સદ્ભાગ્યના યોગે આવું તીર્થ મળ્યા પછી જો એ તીર્થની આરાધના ન થાય, જોઇતી રીતે પરિણામ ન પામે તો એના જેવી બીજી એક પણ કમનસીબી નથી. જેને ચિંતામણી મળે, તેને ભીખ માંગવાનું કાયમ રહે ? જો કાયમ રહે તો કહેવું જોઇએ કે તે આદમી કમનસિબ છે, પણ ચિંતામણી પ્રભાવહીન નથી. જેમ જેને ચિંતામણી મળે તે આદમી ભીખ માગતો ન રહે, તેમ આ તીર્થ પામે તે પણ સંસારમાં રખડતો ન રહે. તીર્થ મળે અને સંસાર ખસેજ નહિ, એ કદી બને ? આ તીર્થનો જે જાતિનો મહિમા છે, તે બરાબર હૃદયમાં કોતરાઇ જવો જોઇએ. ખાલી તીર્થની પ્રશંસા કર્યેથી વળે નહિ. સારૂં મળે તેને સાચવવાની જોખમદારી બહુ મોટી છે. જેને એ મળી જાય તે તેની જો રક્ષા કરતો નથી, તો મળેલ વસ્તુની કિંમત એ સમજી શક્યો નથી એમજ કહેવાય.

**પ્ર.૩૪૬ તીર્થ એ શું કરે છે ?**

ઉ. તીર્થ એ યોગક્ષેમ કરે છે. જે વસ્તુ મળી નથી, તેની પ્રાપ્તિ કરાવવી તે યોગ : અને પ્રાપ્ત થએલી વસ્તુનું સંરક્ષણ કરવું તે ક્ષેમ.

**પ્ર.૩૪૭ મોટું સદ્ભાગ્ય કયું ? પણ ખરી કસોટી શેમાં ? ક્યારે સફળ થાય ?**

ઉ. સારામાં સારી ચીજ મળી, ઉંચામાં ઉંચી વસ્તુ મળી, એ મોટામાં મોટું સદ્ભાગ્ય. મળેલાને સાચવવામાં અને સેવવામાંજ ખરી કસોટી છે. જેને તીર્થ મળે એને ઘરની, બહારની, કુટુંબની, પરિવારની, દુનિયાની સાહ્યબીની અપેક્ષા રહેતી નથી. બધાથી એ આત્મા, પર હોય છે. સર્વથી પોતાને એ પર તરીકે જુએ છે. દુનિયાથી પોતાને ન્યારો સમજે છે. દુનિયાથી ન્યારા થવામાં પોતાનું શ્રેય જુએ છે. કેમ ન્યારા થવાય, એની કાર્યવાહી કરે છે. મળેલું અખંડપણે કેમ જળવાઇ રહે, તેની તેને હંમેશ ચિંતા હોય છે. આ બધું હોય તો તો તીર્થ મળ્યું તે સફળ થાય.

**પ્ર.૩૪૮ કોઇ શું કહે ? એ કેવું છે ? કોની જેમ ?**

ઉ. કોઇ કહે સંપૂર્ણ આરાધવાની તાકાત આવે, શરૂઆતથીજ તેવી તાકાત હોય, ત્રુટી શરૂઆતથીજ ન થાય, તોજ આરાધવું, તો એ બને ? શાસ્ત્ર કહે છે કે ભાવના જરૂર એવી હોય કે સંપૂર્ણ તાકાત ક્યારે આવે અને જરાપણ ત્રુટી, શરૂઆતથી ન થાય એવી યોગ્યતા ક્યારે આવે ! પણ કોઇ કાળે એવું બન્યું નથી કે શરૂઆતથીજ સંપૂર્ણ આરાધના થાય અને ત્રૂટી ન આવે. ભણવા જનારો પહેલેથી જ એમ માને કે એકવાર સાંભળવાથી યાદ આવે તોજ ભણવું તો તે ભણી શકે ? પચીસવાર કહે તોયે યાદ ન રહે. સો વાર ઘૂંટે તોયે ભૂલે, નક્કી કરેલામાંએ ચૂકે, તો પણ કહે કે ભૂલાય, ચૂકાય પણ ઉધમ કરીએ તો એક્કા હુંશીયાર થવાય. ચાલવા પણ એમ ને એમ શીખ્યા હતા ? ટીચાઇને, અથડાઇને, પછડાઇને શીખ્યા હતા. જન્મ્યા કે તરત તો નહિ ને ! બાળકના પગ જમીન પર ગોઠવવામાંએ ઘણી મુશ્કેલી પડે છે. ચાલવાની વાત તો વેગળી છે, પણ જમીનપર પગ ઠરાવવામાં, અરે ગોઠવવામાં કેટલી મુશ્કેલી ! ચાલતાં શીખતાંએ પછાડો ખાવી પડે, ડાચું, નાક, ઢીંચણ, છુંદાઇ જાય : આ બધું બન્યું તો આજે કેવા ચાલી શકો છો ! પડવાની કે વાગવાની બીકે ચાલ્યાજ ન હોત, હિતૈષીયોએ તમને ચલાવવાની તૈયારીજ ન કરી હોત, તમારી દયા ખાધી હોત તો તમે જીવત કે મરી જાત ? હિતૈષીયો સમજે છે કે, ભલે પડે, ભલે વાગી જાય, ભલે રડી પડે, પણ મારે એને એક વાર જમીન પર પગ ગોઠવીને ચાલતો તો કરવો છે. ચાલતાં શીખવતાં પણ આંગળી આપે અને વળી ખેંચી લે, વળી આંગળી આપે અને ખેંચી લે. (સભા. બધાને અનુભવ છે.) એ અનુભવ અહીં તમે ભૂલી જાઓ છો, માટે યાદ કરાવું છું. હવે કોઇ કહે કે, આંગળી છોડી દીધી તે બાળકને પટકવા, રોવરાવવા, તો તે ન્યાય કે અન્યાય ? શરીરની સુખશાંતિ માટે જે જે સાધનોનો ઉપયોગ કરો છો, હિતૈષીયોની ક્રિયાના જે અર્થ કરો છો, તે અર્થ અહીં કરો તો કદીયે

વિપરીત ભાવના પણ નહિ થાય. પૂરો વિચાર કરી, સમજી, વસ્તુને સ્થિર કરી, મક્કમ બનાવો કે તેમાં પરિવર્તન ન થાય. હિત માટેના પ્રયત્નોને વ્યવહારમાં યોગ્ય માનો છો. માતા, પિતા, કુટુંબીયો, વડીલો, બજારના હિતૈષીયો જે સલાહ આપે, શીખામણ માટે કટુ શબ્દો પણ કહે, આળસુ છો એમ કહે, કાનપટ્ટી પણ પકડે, ધોલ પણ મારે, અપમાન પણ કરે, તમે નાલાયક છો, એમ પણ કહે, આ બધામાં તમે તરત માનો છો. અહીં આવો ત્યાં બધી ભાવના પલટાય. શાથી ? શરીર પર પ્રેમ છે. આત્મા પર પ્રેમ નથી. માટે-કહેવું જોઇએ કે હજી આત્માને સંપૂર્ણ ઓળખ્યો નથી.

**પ્ર.૩૪૯ ક્યાં કયી મુંઝવણ છે ?**

ઉ. શરીરની સેવા લગભગ ચોવીસે કલાક કરો છો. આ સેવામાં એક બે કલાક કાઢો તેમાંએ શરીરની સેવા પહેલી, આ દશા ? આ બધી વસ્તુ તમારા હૈયામાં પ્રવેશ પામે, તે માટેની આ વાત છે. શરીરમાંજ સર્વસ્વ માન્યું, શરીરની સારવાર માંથીજ પરવારો નહિ, ત્યાં શું થાય ? તમે બધાને ખવરાવો, પીવરાવો, સાચવો, કુટુંબીઓનું ભલું કરો, તે તમારા પોતાના શરીરની રક્ષા માટે, એમાંથી પરવારો, ત્યારે અહિં આવોને ! શરીર પરના મમત્વ તમે ખસેડી નથી શકતા ત્યાં સુધી આત્મા પ્રતિના મમત્વને કયી રીતે જગાડી શકાય ? સેવા કરવાની છે આત્માની, અને ચાલે છે શરીરની : મુંઝવણ અહીં છે. અહીંજ મતભેદ થાય છે.

**પ્ર.૩૫૦ ક્યાં કાપ ન મૂકાય ત્યાં સુધી શું ન બને ? આ શું છે ?**

ઉ. શરીર પોતાનું કે આત્મા પોતાનો ? એમાંએ શંકા. એ બને ? તમારા, શરીર પરના મમત્વ પર કાપ ન મૂકાય ત્યાં સુધી ભગવાન્ શ્રી મહાવીરદેવની આજ્ઞા હૈયામાં કયી રીતે ઘુસે એ બતાવો. જે આદમી શરીરને પારકું સમજે તે એની સેવામાં ચોવીસે કલાક સમર્પે ? આ તો કહે છે કે ભગવાન્ શ્રી મહાવીરદેવનો ધર્મ સંભળાવો. તે એ તે કંઇ મુઠીમાં પકડી મ્હોંમાં ઘલાય એવો છે ? આગમમાંથી મુઠી ભરી ખીસામાં

નખાય એમ છે ? મુઠી અનાજ બનાજ છે ? રસબસ છે કે પવાય ? ધર્મ સંભળાય કયી રીતે ? ક્યારે ? ભગવાન્ શ્રી મહાવીરદેવનો ધર્મ કંઇ સામાન્ય નથી. ત્યાં સંસારરસિકો સ્થિર ન થઇ શકે. ભાગાભાગજ થાય. દોડાદોડી અને અથડાઅથડી પણ થાય. સમજ્યા ! હસવું ભૂલી જાવ. હસીને બગાડ્યું. હસાયજ નહિ. ગંભીર બનો. વિચાર કરો. હસીયે ક્યારે ? આપણું અકબંધ હોય ત્યારે. ઘેર લગ્નોત્સવ હોય, મંડપ બંધાયો હોય અને એક બાજુ લાહ્ય લાગે તે વખતે આંસુ આવે કે હસાય ? રોશો બી નહિ, મુંઝાશો બી નહિ, હસશો બી નહિ. ગંભીર બનો. રોવાનું પામરોને, આપણે રોવાનું નહિ. આપણે તો બહુ કરવું પડશે. મોક્ષમાર્ગ આરાધવો એ કાંઇ નાના છોકરાના ખેલ નથી. આરાધન કરતાં કરતાં ખપી જઇએ તો દુઃખ કે આનંદ ? આનંદ હોવો જોઇએ.

**પ્ર.૩૫૧ કોણ કેવા છે એમ કહેવાય છે ?**

ઉ. ખપવાના તો છીએજ ને ! ઘર-કુટુંબ-મારૂં કરતાં મરો એ ઠીક, કે ભગવાન્ શ્રી મહાવીરદેવનો માર્ગ, એની આજ્ઞા એને પોતાનું કરતાં મરો એ ઠીક ? સમાધિકરણ કોને ? આનું ચિંતવન કરતાં કરતાં મરે તેને. આના શિંવાય આના તરફની સદ્ભાવના જીવતી ને જાગતી રહે અને મરી જવાય તો મુઆએ જીવતા : પણ જો બીજી ભાવના ઘર કરી ગઇ તો જીવતાંય મુએલા જેવાજ છીએ.

**પ્ર.૩૫૨ કોને માને એને શું હોતું નથી ? અસાધ્ય દર્દીને પણ ડોક્ટરો શું કહે છે ?**

ઉ. ગઇ કાલે 'જય વીયરાય' સંબંધી કહ્યું હતું. તમે ત્યાં જે પ્રાર્થના કરો છો, જે લખાવી આવો છો, તેજ અપાય છે. અમે તમારા નથી, એના છીયે. આ જીવનની બધી આબાદી, શાંતિ, એ બધું એનામાં રહીએ તો. આજ્ઞામાં ન રહીયે તો આબાદી દૂર થાય. તમે કહો ગમે તેમ, પણ અમે ઓછા માનીએ એવા છીયે ! અમારે જીવવું છે. જીવવું છે. એટલે શ્વાસની દરકાર નથી. જે શ્રી જિનેશ્વરદેવને માને તેને કશાની દરકાર

હોતી નથી. એણે અશાંતિ કે મુંઝવણ હોતીજ નથી. એને તો સ્વપરનો વિવેક હોય. ઉભયના હિતની ભાવના હોય. રૂચે એણે માનવું, ન રૂચે એને મનાવવા આગ્રહ નથી. અસાધ્ય દરદીઓને ભલભલા ડૉક્ટરો કે ધન્વંતરી વૈદ્યો પણ સારા નથી કરી શકતા.

**પ્ર.૩૫૩ જ્ઞાનીઓ શું કહે છે ?**

ઉ. જ્ઞાનીયો કહે છે કે-અસાધ્ય દરદીના દરદ મટાડવાની પંચાતમાં પડતાજ નહિ. જેને રૂચે તેને કહું છું. ન રૂચે તેને કંઇ કહેવાપણું હોતું નથી. વ્યવહારમાં પણ માબાપ એકવાર, બેવાર, પાંચવાર કે પચીસવાર પુત્રને સમજાવે અને ન સમજે તો કહી દે કે ભાઇ તું તારૂં ફોડી લે. તેવીજ રીતે જ્ઞાનીયો કહે છે કે અસાધ્ય વ્યાધિનો ઉપાય નથી.

**પ્ર.૩૫૪ ભગવાનની સેવા કેવી છે ? એટલી જ શું છે ?**

ઉ. કાલે "જય વીયરાય" માં શી પ્રાર્થના કરી ગયા ? જય વીયરાયમાં જે ત્યાં બોલો છો તે સાચું કે બનાવટી ? હૃદયથી કે બહારથી છે ? ઠગવાની ક્રિયા કે આત્મસાક્ષીની ? અહિં છઠ્ઠું ધૂનન અધ્યયન વાંચવાનું છે. પહેલાં ભૂમિકાશુદ્ધિની જરૂર છે. જય વીયરાય બોલતી વખતે એ ત્રણ લોકના નાથને ઓળખવા જોઇએ. ધ્યાન પર આવવું જોઇએ કે એની સેવા જેટલી લાભ કરનારી છે, એટલીજ એની આશાતાના હાનિ કરનારી છે. સાચા હૃદયથી થયેલી સેવા લાભ કરનારી છે. ત્યાં દંભ કેળવાય તો ભયંકર હાલત બને છે. મંદિરમાં દુનિયાદારીની વાતચિત ન થાય. હાંસી-મશ્કરી કજીયા વિગેરે ન થાય.

**પ્ર.૩૫૫ કઇ દેવીએ કોને શું કર્યું ?**

ઉ. કંટેશ્વરી દેવીએ શ્રી કુમારપાળ મહારાજાને ત્રિશૂળ માર્યું અને શરીરમાં કોઢ રોગ થયો. શરીર બળવા માંડ્યુ કે કુમારપાળને એમ થયું કે શરીરની ચિંતા નથી, પણ કોઢ રહી જાય, મને કોઢી તરીકે જગત્ જુએ, તો દુનિયામાં જૈનશાસનની નિંદા થાય. લોકો કહે "લ્યો, ધર્મ પામ્યા, ફળ કાઢ્યું !" માટે ઉદાયન મંત્રીને કહે છે કે, અત્યારે ને

અત્યારે ચિતા ખડકાવી મને સળગાવી દો. ઉદાયન મંત્રી કહે છે કે, રાજન્ ! જીવતા હશો તો ઘણો ધર્મ થશે, જીવવા ખાતર દેવીનું માનો અને બલિદાન આપો. કુમારપાળ કહે છે કે-શરીરની રક્ષા માટે હિંસા કરૂં તો કાલે દયાનો પ્રચાર કરીશ એ શી ખાત્રી ! લોકો પણ કહેશે કે, આપના શરીર ખાતર તો હિંસા કરવા તૈયાર થયા હતા અને પારકે ઘેર શાના ડહાપણ કરવા આવો છો !

**પ્ર.૩૫૬ વીતરાગનો જય શા માટે ?**

ઉ. જય વીયરાય ! ત્વં જય ! શું કામ ? તમે જયવંતા રહો એ માટે એની જયમાં આપણી જય છે માટે ને ! આપણે કંઇ ગાંડા બાંડા છીયે કે જેની તેની જય બોલીએ. એની જયમાં આપણી જય ન હોત તો જય બોલત ? એ કેવા છે ? વીતરાગ. તમારા આત્માને પૂછો કે એ કોણ છે ? તું કેમ આવ્યો છે ? અને શા માટે હાથે પગે તિલક કરે છે ? રોજગાર ધંધો મૂકી શ્રી વીતરાગ પાસે આવવાનું શું કારણ ? ‘એ કોણ છે અને તું એમની પાસે કેમ આવ્યો ?’ એ વિચાર કરવામાં આવે તો ચક્કર પલટાઇ જાય. એ એવી વ્યક્તિ છે કે જેણે સર્વસ્વ મૂક્યું, ઘોર ઉપસર્ગ-પરિસહ સહ્યા, ભયંકર તકલીફ વેઠી, આત્માના કર્મમલને દૂર કર્યા, અનંતુ જ્ઞાન પેદા કર્યું. આખા જગત્‌ને જોયું ને આપણા ભલા માટે હતું તેટલું બતાવ્યું, માટે એને ઓળખનાર આત્માની દશા ફર્યા વિના રહેજ નહિ.

**પ્ર.૩૫૭ કઇ રીતે કરે તો શું પામ્યા વિના રહે નહિ ?**

ઉ. “ઇચ્છામિ ખમાસમણો” ના દેનાર આજ્ઞા વિરુધ્ધ ચાલતા બાપનો પણ ન રહે. સૂત્રના જો એક એક શબ્દ પર વિચાર કરવામાં આવે, શ્રી જિનેશ્વરદેવના શાસનના એક એક સૂત્રનું રહસ્ય સમજીને તેના એક એક પદનો જાપ કરવામાં આવે, તો આત્મા જરૂર સિધ્ધિ પામ્યા વિના રહે નહિ. હૃદયપૂર્વક થવું જોઇએ.

**પ્ર.૩૫૮ અમે તમારા માટે કેવા ગુરૂ સગીમા જેવા કે ઓરમાન માતા**

**જેવા ?**

ઉ. ન થતું હોય તો ગભરાશો નહિ, પ્રયત્ન કરજો પણ જે કાંઇ કરતા હો તે મૂકી ન દેતા, ત્યાં જવું ન છોડતા, નહિ તો છો તેવાય નહિ રહો. જતા આવતા છો તો આટલાયે ધ્વનિ કાનમાં પડે છે. આજે કડવા લાગે છે તે કાલે મીઠા લાગશે. વેલણ ઘાલીને પણ પાયેલી દવા કામ તો કરે. હૃદયના આનંદથી પૂરેપૂરી પીવાય તો જલદી અસર કરે, રોઇ રોઇને અરધી-પડધી પીવાય તો ચાર દિવસ મોડી અસર કરે પણ અસર તો થાય. બાલકની છાતી પર પગ મૂકી, મોઢું ફાડી વેલણથી દવા પાવામાં બાળકની લાતો, ગાળો, શ્રાપ, તિરસ્કાર, ખાવાની કેટલી તાકાત કેળવવી પડે છે, એ વાત માતાને પૂછો. માતાનો ઇરાદો તો એજ કે દીકરો જીવતો રહે. એવી રીતે, બળ જબરાથી માતાના હાથે દવા પવાયેલા બાળકો આજે નિરોગી અને બળવાન થઇને ફરે છે. જે માતા એવી ફીકર ન કરે તે માતા નહિ. કહેવાતી હોય તો ઓરમાન માતા, પણ સગી માતા નહિ. અમે સગા ગુરૂ કે ઓરમાન ગુરૂ ? અમે તમને પારકા નથી માનતા તમે ગાળ દો, હોહા કરો, ધાંધલ કરો, તોયે અમે તો જે દેવાનું છે, તે દઇશુંજ. "મારા"ને સારા બનાવવા એ સહેલું નથી પણ મારાને સારા બનાવવાના પ્રયત્ન તો કરૂં ને ? મારા એટલે એમના (વીતરાગના) જે એમના નહિ તે મારા નહિ. એમના ન હોય તેમને મારા કરવા માગતો નથી ! એમના મટી મારા થવું હોય તો મહેરબાની કરી આઘા રહેજો. એમના થવું હોય તો આવજો. એમણે બધું છોડી દીધું હતું ને સંસારથી ચાલી નીકળ્યા હતા. તમારે પણ એવા બનવું હોય તો આવજો. જે ઔષધ માગી આવ્યા તે લેવું હોય તો આવજો. એના મટીને આવો તો એક સેંકડ પણ મેળ નહિ મળે. જો તમે હૃદયમાં એને ચાહતા હો, એ જે પદે ગયા, તે સિદ્ધિપદ મેળવવાની ભાવના હોય, તો તો તમારી ગાળો, તિરસ્કાર, ધાંધલો સહીને પણ તમને હું આ કહેવાનો, કહેવાનો તે કહેવાનો જ.

**પ્ર.૩૫૯ આપણે શું મહેનત કરવી ? કોના માટે ?**

ઉ. (સભા. સપૂત ગાળો દે !) હમણાં સપૂત કપૂતની વ્યાખ્યા ભૂલી જાઓ. હાલ તો ગાંડા-ઘેલાં બધાને આપણા માની વાત કરો. લાત મારનાર બાળકને પણ મા સોડમાં સુવાડે. મુતરે તોય બાળકને ખોળામાં બેસાડી ખવડાવે. અરે ભાણામાં મૂતરના છાંટા પડ્યા હોય તોય મા ગુસ્સે ન થાય. મૂતરશે માટે તળાઇમાં ન સૂવાડે એમ ? તળાઇમાં જ સુવાડે, પણ ભોંય ન સુવાડે. માતા સમજે છે કે, બાળકમાંથી બાળકપણું ગયા પછી કહેવાપણું નહિ રહે. માબાપની પણ ફરજ છે કે કપૂતને સપૂતની જેવા બનાવવા મહેનત કરવી.

**પ્ર.૩૬૦ જ્ઞાનીઓ શું કહે છે ?**

ઉ. અભવિ જેવા લાગે ત્યારે વાત જુદી, પણ અનંત જ્ઞાની કહે છે કે, તમે હૃદયના જ્ઞાતા નથી વાત વાતમાં મુંઝાતા નહિ, કરૂણા ભાવના જીવતી રાખજો અને અપકારી ઉપર પણ ઉપકાર કરવાના પ્રયત્ન કર્યે જવા. ગમે તેમ બોલે, વર્તે, પણ ગભરાવું નહિ. ફરજ બજાવ્યા વિના રહેવું નથી. ગમે તે સંયોગમાં આ કરૂણામય ધોધ અખંડપણે ચાલુ રાખવો છે. મરકીથી બચાય, પ્લેગની ભયંકર હવાથી બચાય, પણ ધર્મથી વિરૂદ્ધ જતી હવાથી બચવું કઠીન છે. એ હવા સ્પર્શી ન જાય, એની કાળજી રાખવાની ખાસ જરૂર છે. ગમે તેવાને પણ પોતાના બનાવવાની ભાવના છે. પોતાનાને સારા બનાવવાનું કામ મારૂં પણ છે. એ બનાવતાં ગાળ, શ્રાપ, લાત, તિરસ્કાર ખમવાની ધીરજ જોઇએ. વાત એટલી કે સગપણનો સંબંધ જોઇએ.

**પ્ર.૩૬૧ દુનિયામાં શું કહેવત છે ?**

ઉ. દુનિયામાં કહેવત છે, કે બાલ્યકાળમાં સગી મા મરશો મા. ઓરમાન માના પનારે કોઇ પડશો મા. ઓરમાન માના પનારે પડેલા જીવે તે પણ મરવાની આળસે. કોઇ ઓરમાન મા સારી પણ હોય, પણ તે અપવાદ. ઓરમાન માની નિશ્રાએ પડેલાં છોકરાનાં મોં પર નૂર નહિ-

એને કોઇ પૂછે કે કેમ છે ? કહે કે જેમ છે તેમ છે. મા ગઇ તે કંઇ વેચાતી લેવાય ! તમે પણ સગી માને વશ પડજો. ઓરમાન માને વશ ન પડજો. સગી મા, તમારા મોં કે આંસુ તરફ નહિ જુએ, પણ ભલા તરફ જોશે. બાળકનું ભલું કરતાં બાળક ઉછળે બી, પણ મા સમજે, હોય, બાળક છે, સમજદાર થશે, હાલતો ચાલતો થશે, બોલતો થશે, ઠીકઠાક થશે એટલે આપોઆપ પગે માથું મૂકતો આવશે અને તે વખતે જેટલું કહીશું તેટલું સાંભળશે.

**પ્ર.૩૬૨ હજી શું ચાલે છે ? અમે તમારા માટે શું કરીએ એ કહો ?**

ઉ. હજી તો શ્રી જિનેશ્વરદેવના અનુયાયીને શ્રી જિનેશ્વરદેવની ઓળખ કરાવવાનું ચાલે છે. આ એવું સ્થાન નથી કે પેઠા ને નીકળ્યા; પેઠેલાને બહાર નીકળતાં પગ ન ચાલે. પેસતાં જોસબંધ આવે પણ નીકળતાં પગ ન ઉપડે. નીકળતાં તો આત્મા અહિં હોય ને ખોખું ત્યાં જાય. પણ જે આત્માને ઘર મૂકી ખોખું અહિં લાવે તેનું શું થાય ? કેટલું પરિવર્તન ! એવી દશા ફેરવશોને ! એ ફેરવવા માટે જરૂરી પ્રયત્ન કરવા જોઇએને ! જય વીયરાયમાં પછી બીજા પાદમાં તમે શું કહ્યું ? તમારો અને અમારો સંબંધ નિકટનો છે. મા બાપ તમારી ખાવાપીવાની વેપાર વિગેરેની ચિંતા કરે, અમે તમારા માટે શું કરીએ તે કહો.

**પ્ર.૩૬૩ શું કરશો તો શું થશે ? ભગવાન પાસે શું માંગ્યું ?**

ઉ. होउं मम तुह पभावओ भयवं । અને ત્યાર પછી કેટલું બધું માગ્યું ! આ કહ્યા પછી બહાર અવળા ચાલો તો તમારી કિંમત નાશ પામે છે. હે ભગવન્ તારા પ્રભાવથી હો ! શું હો ? માગણીનો ધોધ ચાલ્યો ! પણ માગતાં પહેલાં હૈયાને પૂછ્યું કે સાચું માગે છે, કે ઠગવિદ્યા કરે છે ? વીતરાગે તો કહ્યું, આવો અને આજ્ઞા પાળો તો સિદ્ધિપદ મળે. ન પાળો તો સંસારમાં રહી જાઓ. આજ્ઞાને ઠોકારે મારો તો રખડી જાઓ. પાળે તે તરી જાય, ન પાળે તે રહી જાય અને ઠોકરે મારે તેનું શું થાય, એ જાણો છો ? અનંતકાળ સંસારમાં રખડવું પડશે અને ધર્મની પ્રાપ્તિ

દુર્લભ થશે. ન પળે તો કાંઇ નહિ પણ આજ્ઞાને ઠોકરે મરાય !

**પ્ર.૩૬૪ શું નહિ બનો તો નભશે ? પણ ?**

ઉ. દાતાર નહિ બનો તે શાસનમાં નભશે, પણ ઝુંટવી લેનારા બનો તે નહિ ચાલે !

**પ્ર.૩૬૫ શું ન થાય તો ભલે ? પણ શું ન કરતાં ?**

ઉ. શ્રી જિનેશ્વરદેવની પૂજા ન કરે તે કહે કે- લાચાર, નથી કરી શકતો, પણ એમ કહે કેઃ- 'કરી કરી હવે, પૂજામાં શું પડ્યું છે ?' તો કયી હદ ? તમારાથી, વડીલોની, માલીકની સેવા ન થાય તો થાય ત્યારે કરજો, પુણ્યોદય જાગે ત્યારે કરજો, આવતે ભવે કરજો, ભવાંતરે કરજો, પણ તેની સામે યથેચ્છ પ્રલાપ ન કરતા.

**પ્ર.૩૬૬ મેમાન ઘેર આવે તો ? શું ન થાય તો ન કરતાં પણ ?**

ઉ. મેમાન ઘેર આવે એને ન બોલાવો તે ભલે, પાટલા પર બેસી ઘીની વાટી ઉંધી ઢોળી ન જમાડો તે ભલે, પણ અપમાન તો ન કરતા. મેમાન સમજશે કે એની ભાવના અગર સ્થિતિ નથી પણ અપમાન કરો તો, એ એને ન સહાય. મેમાનને આવતો રાખવો હોય તો બેસો તો કહેવું પડે. ધક્કો મારો તો ઘરે ફરી પગ મૂકે ?

**પ્ર.૩૬૭ શ્રી જિનેશ્વરદેવ શું કહે છે ?**

ઉ. સેવા ન થાય તો ભવાંતરે પણ કરવાની ભાવના છે ને ! કે કેવા રહેવું છે ? શ્રી જિનેશ્વરદેવનું શાસન શું કહે છે ? દુનિયાની જેટલી ચીજો છે તે તમારી નથી, તમે વળગી રહો તોયે એ તમારી સાથે આવવાની નથી. તેની પૂંઠે પાયમાલ થઇ જાઓ તોયે આપત્તિ વખતે તમને એ શાંતિ આપનારી નથી.

**પ્ર.૩૬૮ જિનશાસને છેલ્લી હદે શું કહ્યું ?**

ઉ. જે ચીજ શાંતિ આપનારી છે ત્યાં નમતા થાઓ. સેવાય તો સેવો-ન સેવાય તો હાથ જોડો, પણ વિરૂદ્ધ બનતા નહિ. આ વાત છેલ્લી હદે શ્રી જિનશાસને કહી. આટલું એ નહિ કરો તો ભવાંતરમાં બહુ

ભયંકર હાલત થવાની. તમે જુઓ છો કે દુ:ખી ઘણા છે. કોઇને ખાવાપીવાનું મળતું નથી, કોઇની એવી દશા છે કે સામે જોવું ગમતું નથી, અને તમે બધા ઘરબાર કુટુંબ પરિવારવાળા છો. તમે આવા બન્યા તેનું કારણ કહો ? પૂર્વે કર્યું છે માટે ને ! જેના યોગે આ મળ્યું છે, એ મળેલામાં લીન થાઓ-એવા લીન થાઓ કે મૂળને ભૂલી જાઓ ? દીકરો બાપને ભૂલી જાય એવી વાત થઇ.

**પ્ર.૩૬૯ કયો ન્યાય ક્યાંનો ?**

ઉ. નામ કેમ આખું લખાવો છો ! બાપ મરે તોય નામામાં બાપનું નામ લખાવો છો ને ! બાપને ન ભૂલો અને બાપના બાપને ભુલી જાઓ એ ક્યાંનો ન્યાય !

**પ્ર.૩૭૦ હું ભૂલો બતાવું છું એનું શું કારણ છે ?**

ઉ. તમારી ભૂલો બતાવવાને મને કારણ છે દુનિયામાં બધા તમને સારૂં કહેનારા છે. દુનિયા એવી છે કે ગાંડાને પણ ડાહ્યા કહે-મનમાં સમજે કે અમારા બાપનું શું જાય !.એનું બગડવાનું છે. તમને તમારી ભૂલ વીણી બતાવનાર કોઇ નથી. મને વિચાર થાય છે કે એવી ભૂલોમાં પડ્યા રહ્યા અને પેલાઓના ફુલાવ્યા ફુલાઇ રહ્યા તો આખરે પોલ ફુટવાની છે અને પીડા પામવી પડશે. એ વખત ન આવે માટે શોધી શોધી ને હું ભૂલ બતાવું છું. ભૂલ ન બતાવું અને તમને દાનવીર, શૂરવીર, ધર્મવીર, કહ્યા કરૂં એમાં તમારૂં કલ્યાણ છે ? તમને ભૂલની ખબર કહ્યા વિના પડે શી રીતે ? બજારમાં પણ સાચા હિતૈષીઓ કોણ ? અણીને વખતે આવીને કહે કે, બહુ ચઢ્યા છો પણ બજાર જોઇને કામ કરજો, તેજીમાં ભરાઇ ગયા છો પણ બજાર મંદી તરફ જાય છે. ડાહ્યાઓને પૂછીને કામ કરજો નહિ તો નળીયાં વેચવાં પડશે, અને લાખની તે કાખની થવાની ! જેને લાગણી હોય તે આ બધું કહે.

**પ્ર.૩૭૧ અમે શું કરીએ ?**

ઉ. અમે શું કહીએ ! લાલ પીળામાં, દુનિયાના રંગરાગમાં ન

ફસતા, દહાડા ભરાઇ રહ્યા છે. તૈયારીયો થઇ રહી છે. ભીંત પડશે, વીજળી પડશે, ઉલ્કાપાત થશે, જ્વાલામુખી ફાટશે, ખપી જેશો, પત્તો નહિ લાગે. ક્યાં જશો તેનું ઠેકાણું નથી. તમે ખાઓ, પીઓ, બંગલા, બગીચામાં રહો, મોટરો ફેરવો, નાટકચેટક : જુઓ, એમાં અમને દુઃખ થવાનું કાંઇ કારણ ? અમને એ થાય છે કે આમાંને આમાં ફસી ગયા તો ભયંકર દુર્દશા થશે. આ બધું ઘેર વિચારવા કહું છું. મનન કરજો. એમ લાગે કે એ બધું ભયંકર છે, આત્માને મલીન કરનારૂં છે તો છોડજો. તમે રંગરાગ ભૂલો નહિ અને તમને કોઇ છોડવાનું બતાવે પણ નહિ તો થાય શું !

**પ્ર.૩૭૨ ધર્મગુરૂની હદ કેટલી ? કોના કરતાં કેવી ?**

ઉ. ધર્મગુરૂની હદ, શાસ્ત્રે માબાપ કરતાં ઉંચી કહી છે. માબાપ ગમે તેવાં તોયે મોહવશ અને સ્વાર્થવશ. ગુરૂ તો નિર્મોહી. એજ સાચી ભૂલો બતાવશે. જુઠું બોલીને આવશો તો માબાપ હાથ ફેરવશે પણ ધર્મગુરૂ નહિ ફેરવે. અનીતિ કે અન્યાયથી પાંચસે કમાઇને આવે તો માબાપ એનો સ્વીકાર કરી હુશીયાર કહેશે, ગુરૂ નહિ કહે. બાયડી પરણો તો માબાપ ખૂશ થાય, ગુરૂ ન થાય. પાટલે બેસી માલ પાણી જમો તો માબાપ ખૂશ જ થાય. ગુરૂ તો કહે, ભોળા ઇંદ્રિયોમાં ન ફસાતો. રસમાં ન લીન થા. ઇન્દ્રીયોના રસમાં લીન થયો તો બધું ગયું-પૂર્વની કમાઇનું ફળ ચાલ્યું કે પછી ભયંકર દશા આવે છે. રંગરાગ, વિષયકષાય, ઇન્દ્રીયો પર જેમ બને તેમ વધારે અંકુશ મૂક કે જેથી ભવિષ્યમાં રૂડું બને. તમે ગમે તેમ કહો પણ જ્યાં સુધી મારી પાસે આવવાના ત્યાં સુધી આવનારને આ વસ્તુ કહ્યા વિના રહેનાર નથી. ઇરાદાપૂર્વક લેવા આવનારને ન બતાવું તો ગુન્હેગાર ખરોને !

**પ્ર.૩૭૩ તમે શું પ્રાર્થના કરી અહીં આવ્યા ? હું શું કહું તો ઓઘો લાજે ?**

ઉ. તમે શું માગી આવ્યા ? ભવનિવ્વેઓ. સંસારમાં આત્મા એટલો લીન બન્યો છે કે છટકતો નથી : હે ભગવાન્ ! તારા પ્રભાવે, મ્હને ભવ

પ્રત્યે નિર્વેદ થાઓ. તમે જેમાં રહ્યા છો, તે પ્રત્યે નિર્વેદને ! તમે જે સંસારમાં રહ્યા છો તે સંસાર ખરાબ છે કે નહિ ? ખરાબ છે છતાં રહ્યા છો એમને ! રહેવાની ઇચ્છા નથી માટે પ્રાર્થના કરીને અહિં આવો છે ને ! તમે જેને ખરાબ કહો, તેને હું સારો કહું તો ઓઘો લાજે કે નહિ !

**પ્ર.૩૭૪ શું લાવ્યા વિના છૂટકો નથી ? ક્યારે પણ શું લાવવાનું ?**

ઉ. આ સંસાર તજવાની ભાવના લાવ્યા વિના છૂટકો નથી. ભવાંતરે પણ લાવવાની તો છેજ. નથી રૂચતું તેને માટે પણ આ કથન લાભદાયી છે, કે દુર્ગતિમાં પણ નિમિત્ત પામીને કદાચ યાદ કરી શકાશે કે સાધુ તો ઘણુંએ કહેતા હતા, સંસાર છોડો પણ ન છોડ્યો. શાસ્ત્ર કહે છે કે સ્વયંભૂરમણ સમુદ્રના મત્સ્યો ત્યાં રહેલા બીજા શ્રી જિનેશ્વરની મૂર્તિના આકારના મત્સ્યોને જોઇ સમ્યક્ત્વ પામે છે. એ સમુદ્રમાં દરેક આકારના મત્સ્યો હોય છે. શ્રી જિનેશ્વરની દેવમૂર્તિના આકારના મત્સ્યો જોઇ ખ્યાલ કરતાં જાતિસ્મરણના યોગે એમ થાય, કે આવા દેવ પામીને પણ હારી ગયા. ત્યાં સમ્યક્ત્વ પામી દેવાદિગતિએ જાય.

**પ્ર.૩૭૫ તમે ગમે તેવા થાઓ પણ હું શું કરવાનો ? શાથી ?**

ઉ. તમે ઉંચા, નીચાં, વાંકા, ચૂંકા, આડાઅવળા થાઓ. બબડો, પણ હું તો મારૂં આપવાનો. હું કમ્પાઉન્ડર શ્રી જિનેશ્વરદેવસ્વરૂપ સરજ્યનનો. મારૂં કામ એની લખેલી દવા આપવાનું. તમે પહેલીજ દવા ભવનિવ્વેઓ લખાવી લાવ્યા, ભવ ખરાબ છે, તે ધ્યાન ખીંચ્યું. એ સરજ્યને કહ્યું કે, આ દવા દો અને હાથેજ પાઓ. કેટલાક દરદી એવા છે, કે ઘેર જઇ દવા ઢોળી દે.

**પ્ર.૩૭૬ તમે અહીં શા માટે આવ્યા છો ?**

ઉ. દુનિયાના કમ્પાઉન્ડર તો પગારદાર-એ એટલી મહેનત ન કરે. અમે પગારદાર નથી. અમારે તો વાટવું, ઘોળવું, પીવું, બધુંય અહિં. ઉલટી કરો તો હાથ પણ ધરીએ. પણ ઉલટી અહિં કરજો. કેટલાકને ઉલટી થાય ને કેટલાક આંગળા ઘાલીને ઉલટી કરે. અહીં ઉલટી કરશો

તો ઝટ દવા મળશે. અહિં ભવનિર્વ્વેઓ માટે આવ્યા છો. નિર્વેદ-એટલે સંસારને કારાગાર સમજે. કેદખાનું ! તમે સંસારને કેદખાનું સમજો છો ? મુદત નહિ પાકી હોય માટે પડ્યા રહ્યા હશો ? મારા જેવો તમારી સીફારસ કરી, મુદત કપાવે તો તમે તૈયાર છો ? તમે એટલું કહો કે તમારા વચન ખાતર તૈયાર છીયે તોયે બસ.

**પ્ર.૩૭૭ કેટલાક કેદી કેવા હોય છે ? તમે કેવા નથી પણ ?**

ઉ. કેટલાક કેદી પણ એવા રીઢા હોય છે કે બહાર કાઢે તોયે ના કહે. એને તો કેદમાંજ મજા આવે. તમે એવા તો રીઢા નથી. માગો છો બરાબર પણ અવસ્થા રીઢા જેવી બની ગઇ છે. ખસવું વસમું લાગે છે.

**પ્ર.૩૭૮ ભગવાન આગળ આપણે કેવા માનીને જઇએ ?**

ઉ. શ્રી જિનેશ્વરદેવ આગળ જઇએ, આપણને હીનકોટિના માનીએ, કહીએ કે તારક-હું ડુબેલો, એ શુદ્ધ-હું મલીન, એ કર્મ રહિત-હું કર્મથી આવરિત, એની હયાતિમાં મારી હયાતિ. એના અભાવમાં મારો નાશ. વીતરાગ ! આ સ્વરૂપે પણ નિરંતર તું જયવંતો રહે. ભગવન્ ! તારા પ્રતાપે મ્હારે સંસારનો નિર્વેદ હો.

**પ્ર.૩૭૯ મૂળ પાયો કયો ? પાયા વિનાનો મહેલ કેવો ? શું ન કરતા ?**

ઉ. સંસારને કારાગાર સમજી નીકળવાને તાકાતવાન બનું, એ મારી દશા કરો. ભવનિર્વ્વેઓ, આ દશા આવ્યા વિના આગળનો એક પણ ગુણ આવે તેમ નથી. મૂળ પાયો જોઇએ જ. પાયા વિનાનો મહેલ ટકે ? પાયા વિનાનો મહેલ, બેસનારને, રહેનારને અને એની છાયામાં ઉભા રહેનારને પણ ભયંકર છે. એ લોભ ન કરતા કે, એ રૂપાળો, રંગીલો, સુંદર દેખાતો, દેવવિમાન જેવો છે. એવા મહેલમાં પણ પાયાવગરનો હોય તો કોઇ બેસવાનું કહે તો કહેજો કે ના ભાઇ ! નહિ બેસું. ક્યારે ગબડે એની શી ખાત્રી ! મને શું કહેવાનું છે ? ધર્મપ્રસાદનો પાયો ભવનિર્વ્વેઓ જોઇએ ને !

**પ્ર.૩૮૦ કોઇ શું કહે તો શું કરશો ? પણ ?**

ઉ. ભવ, કારાગાર ન લાગે તેને આ ન જચે. ઔષધ પાનારને, જેને ભવ મીઠ્ઠો લાગતો હોય તેનો ઉધમાત તો સહન કરવો પડે. હું કહી ગયો છું કે તમારી પાસે કોઇ શ્રી જિનેશ્વરના માર્ગ વિરૂદ્ધ બોલે તો સમજાવજો, ના માને તો નવકાર દેજો. કોઇ કહે કે આપણાથી બુરૂ ન ચિંતવાય-એમના ભેગા ડૂબાય પણ નહિ !

**પ્ર.૩૮૧ જમીન એવી હોય તો કાઢનારે શું શું કરવું પડે ?**

ઉ. જમીન એવી છે કે ભૂલે તે લપસે. કાઢનારે સાવચેત રહેવું જોઇએ. સામાનું કાંડુ પકડવું ને પગ ન ખસવા દેવો. એ પડે તોયે અક્કડ રહી, ઉભો કરવો. સૂઇ જાય તોયે ખસ્યા વિના ઉભો કરવો. ઉંચકીને લઇ જવો. લાતો ખાવી પણ ગભડવું નહિ. સામાનું કલ્યાણ કરવું, એ નાનાં છોકરાંની રમત નથી. મુંઝાયા વિના શ્રી જિનેશ્વરદેવના માર્ગમાં અડગ રહી, માર્ગને પ્રચારવા, ખીલવવા, એને વધુ આરાધક અને રક્ષક બનવા-બનાવવા, કાર્યવાહી કરવાની જેમ અમારી ફરજ તેમ તમારી પણ છે.

**પ્ર.૩૮૨ આપણો નાતો કયો ? બેયના તારક કોણ ?**

ઉ. આપણો નાતો સગો છે, -ઓરમાન નથી. અમે સગા ગુરૂ, તમે સગા શ્રાવક. આપણા બેયના તારક શ્રી જિનેશ્વરદેવ.

**પ્ર.૩૮૩ દૂધમાં ઘી જેમ છે એમ આત્મામાં શું છે ? કઇ રીતે ?**

ઉ. જેમ દૂધમાં ઘી તેમ આત્મામાં સિદ્ધિપદ છે. માખણ કાઢવાની ગોળીમાં રવૈયો ક્યારે ફરે ? દૂધનું દહીં કેવું લીસું થાય ત્યારે ! રવૈયા ખીંચનારા કેવા હોય ? મજબૂત, પેસીને ઝેબેઝેબ થાય તેવા ખીંચનારા હોય ! ખીંચતા એવો ઘોંઘાટ થાય કે ઉંઘતા જાગે. ખીંચવાની વાત તો દૂર છે. હજી તો ગોળીમાં દૂધ નાખવાની વાત છે, ત્યાં તો પંચાત છે. પોષક દૂધની સાથે નાશક દૂધ પણ હોય છે. ગોળીમાં તો પોષક દૂધજ નખાય. એ દૂધને ઓળખવા માટે યંત્રો કાઢવા પડશે.

**પ્ર.૩૮૪ તીર્થ કેવું ? એના માટે શું કરવું જોઇએ ?**

ઉ. મહર્ષિએ તીર્થની પ્રશંસા કરીને એમ બતાવ્યું કે આ તીર્થ સદાને માટે જયવંતુ છે અને અમૂક ક્ષેત્રમાં જ્યાં સુધી એ રહેવાનું છે ત્યાં સુધી જયવંતુ જ રહેવાનું છે : કારણ કે એનામાં એક પણ અયોગ્ય વિચારને સ્થાન નથી, તેમજ એક પણ યોગ્ય વિચારનો બહિષ્કાર પણ નથી. તેના સિધ્ધાંતો અનેક રીતિએ એવા સિદ્ધ થયેલા છે; કે જેને સેવનારો જરૂર સંસારથી મુક્ત થાય જ-માટે જ તે તીર્થ આ વિશ્વમાં શાશ્વત કાળ સુધી રહેવાનું છે. દુનિયામાં એની સરખામણીમાં ઉભું રહી શકે, એવું કોઇ તીર્થ નથી અને માટે સઘળા જિનેશ્વરોએ શરૂઆતમાં નમસ્કાર કરાયેલું છે. એ તીર્થ પામેલાઓએ પોતાની જાતના ભલા માટે, આત્માના કલ્યાણની ખાતર એને અખંડિતપણે સેવવા, સાચવવા માટે જેટલી શક્તિ હોય તેટલી વેડફી નાખવી જોઇએ.

**પ્ર.૩૮૫ આ તીર્થમાં એકાંતે શું સમાયેલું છે ?**

ઉ. આ તીર્થમાં પોતાના ભલાપણાની ક્રિયામાં સામાનું ભલું પણ એકાંતે સમાયેલું છે, એમાં કશો શક છેજ નહિ.

**પ્ર.૩૮૬ પાંચ મહાવ્રતનો વિચાર કરો તો તેમાં પણ ?**

ઉ. એક એક વ્રતનો વિચાર કરો, આપણે અહિંસક બનીએ, તે એટલાજ માટે, કે કોઇપણ પ્રાણીને ઇજા ન થાય, આપણે મૃષાવાદનો ત્યાગ એટલા માટેજ કરીએ, કે કોઇને પીડા ન થાય. કોઇ ચીજ, અનુમતિ વિના ન લેવી, કારણ કે લઇએ તો સામાને દુઃખ થાય. અબ્રહ્મમાં તો અનેક જીવોનો સંહાર બેઠેલો છે, માટે એનો ત્યાગ ન કરીએ, તો એ સંહારના ભાગીદાર થઇએ. પરિગ્રહ યોગે અનેક આત્માને તકલીફમાં મૂકવા પડે છે, તે ન મૂકવા પડે માટે પરિગ્રહનો ત્યાગ.

**પ્ર.૩૮૭ બધી ક્રિયાઓમાં શું સમાયેલું છે ?**

ઉ. જે જે ક્રિયાઓ પોતાના કલ્યાણ માટે યોજાએલી છે, તે બધી ક્રિયાઓમાં પોતા સાથે પારકાનું ભલું નિયત છે. સામાને પાપથી રોકવાના પ્રયત્નમાં પણ ભાવના એ, કે એ દુર્ગતિએ ન જાય. જૈન શાસનમાં એવી

કયી ક્રિયા છે, કે જેમાં પોતાના ભલા સાથે પારકું ભલું ન હોય ! વાત એ છે, કે વસ્તુ વસ્તુ તરીકે જચવી જોઇએ.

**પ્ર.૩૮૮ તીર્થમાં જરૂરનું શું ? કોની સાથે ? શાથી ?**

ઉ. શરૂઆતમાં ટીકાકાર મહર્ષિ તીર્થનો મહિમા ગાતાં બતાવી ગયા, કે એક પણ સુવિચાર માટે બહિષ્કાર નથી અને એક પણ અયોગ્ય વિચારને સ્થાન પણ નથી. જેણે વસ્તુની સુંદરતા જાળવવી હોય, તેણે કચરો ન પડે તેની કાળજી રાખવી જોઇએ. ચિત્રકાર ચિત્ર દોર્યા કરે, પણ તેના પર ધૂળ પડે તો ચિત્ર રદ થાય, માટે બારી બંધ કરે તેમાં વાંધો છે ? એની ભાવના ચિત્ર મલીન ન થાય એ છે. એક પણ અયોગ્ય વિચારને શાસન ન નિભાવે, તે શાસનની સુંદરતા માટે જરૂરનું ખરૂં ને ?

**પ્ર.૩૮૯ કોઇ શું કહે ? છતાં તમો શું કરો કે નહિ ? અને છેલ્લે ?**

ઉ. કોઇ કહે, કે જીવનાર હશે તો જીવશે : આયુષ્ય નહિ હોય તો જીવનાર નથી. એમ માની અગ્નિથી બચાવ ન કરે, અગ્નિની ચિતામાં પડે, અગ્નિની જ્વાળા આવે તોયે ખસે નહિ, અગ્નિ બુઝાવવાના ઉપાયો ન કરે, તો એ યોગ્ય છે ? ધર્મમાં રહેલી મિલ્કતને પાણીથી તણાતી, અગ્નિથી બળતી, ચોરથી ચોરાતી-બચાવો કે નહિ ? વિશ્વાસઘાત કરી કોઇ લઇ ન જાય તેની કાળજી રાખો કે નહિ ? સાચવવાના પ્રયત્ન કર્યા પછી જાય તો કહો કે પ્રયત્ન કર્યો, પણ ગયું તેનો ઉપાય નહિ. પ્રયત્ન ન કરો ને જાય તો દુનિયા તમને ડાહ્યા કહે કે મૂર્ખા ?

**પ્ર.૩૯૦ શાસન ક્યાં સુધી રહેવાનું ? કોનાથી ? શું ફેરવવું પડે ?**

ઉ. શ્રી મહાવીરદેવે કહ્યું, કે શાસન એકવીસ હજાર વરસ ચાલવાનું એ નક્કી : પણ સાથે એ પણ કહ્યું, કે સાચવનાર યુગપ્રધાન પણ ૨૦૦૪ થવાના. એ થશે જ. મ ટે એ રહેશે જ. પેઢીને ચલાવનારા હશે તો પેઢી રહેશેને ? યંત્રથી ચાલનારી ચીજોની ચાવી તો ફેરવવી પડે ને !

**પ્ર.૩૯૧ કોઇ શું કહે તે ક્યાં સુધી કેવો છે એ વિચારો ?**

ઉ. કોઇ કહે કે શાસન ટકવાનું છે માટે મહેનત કરવાની જરૂર

નથી, તે ક્યાં સુધી સાચો છે તે વિચારો.

**પ્ર.૩૯૨ શું બનવાનું છે ? છતાં કોની શું ફરજ છે ? શું ન જચ્યું હોય તો શું વિચાર આવે ?**

ઉ. અનંતજ્ઞાનીયોએ જે જોયું છે, તે બનવાનું તો છેજ. એમાં પરિવર્તન કોઇ કરી શકે તેમ નથી-પરંતુ અલ્પજ્ઞાની આત્માઓની ફરજ છે, કે એની રક્ષા માટે ઘટતો પ્રયત્ન કરવો જોઇએ. જેઓ શું જરૂર છે એમ કહે છે, એ સૂચવે છે કે તેઓને હજી વસ્તુની મહત્તા ઠસી નથી. જે વસ્તુ માટે પૂરો પ્રેમ હોય, તે વસ્તુ માટે અસદ્‌ભાવના જાગતી નથી.

**પ્ર.૩૯૩ આત્મા ક્યાં નારાજ નથી બનતો ? કોની જેમ ?**

ઉ. શ્રી કુમારપાલ મહારાજાને મરણાંત કષ્ટમાં પણ એ ભાવના ન થઇ, કે ક્યાં આ ધર્મ સ્વીકાર્યો કે જેથી દુર્દશા થઇ જે વસ્તુ પ્રત્યે સદ્‌ભાવ હોય, પ્રેમ હોય, મમત્વ હોય, એની રક્ષા માટે ચાહ્ય તેવાં સંકટો આવે તો પણ આત્મા નારાજ નથી બનતો.

**પ્ર.૩૯૪ ગૃહસ્થાવસ્થામાં મુશ્કલીઓ કેટલી ? છતાં કંટાળ્યા ? કેમ ? એવી રીતે મારાપણું ન આવે તો જૈન શાસન શું કહે છે ?**

ઉ. ગૃહસ્થાવાસમાં તમને ઓછી મુશ્કેલીયો આવે છે ? કોઇ દિવસ કંટાળ્યા ? પ્રેમ છે : મારૂં છે, એમ નક્કી કર્યું છે. ઘર ચલાવવામાં કમ જોખમદારી નથી. જુદા જુદા સાથે કેમ બોલવું, ચાલવું, આ બધું તમારે શીખવું પડે છે : પણ ત્યાં કંટાળો આવે છે ? મૂકી દઉં, એમ ભાવના થાય છે ?इदं मदोयं -આ મારૂં, એ અંકાઇ ગયેલી વાત છે. કદાચ મૂકવું પડે, તો હૈયામાં ઘણી પીડા થાય. શરીરમાં સહજ ફેરફાર થાય કે ચિંતા થાય, કે શરીર બગડ્યું, સુધારવા પ્રયત્ન એકદમ કરવો જોઇએ. એટલું મારાપણું જ્યાંસુધી તમને શાસન પ્રત્યે ન આવે ત્યાંસુધી તમે આત્માને ઓળખ્યો એ માનવાને જૈનશાસન ના પાડે છે.

**પ્ર.૩૯૫ શું ગમે છે ? શું ગમતું નથી ? તો તમે કેવા છો ?**

ઉ. ધર્મિ કહેવરાવવું ગમે છે, કોઇ અધર્મિ કહે એ ગમતું નથી,

પણ ધર્મી બનવાનો પ્રયત્ન થતો નથી. કોઇ તમને જુઠ્ઠા કહે તે ખમાય નહિ, ત્યારે તમે સાચા જ છો ? એમ પણ નથી. સાચો છો નહિ, જુઠ્ઠા કહે તે ખમાતું નથી, એ કેમ ચાલે ? સાચા બનવા કેટલો પ્રયત્ન કરવો જોઇએ ? ધર્મિ કહેવરાવવું સહેલું છે, એથી ધર્મી બનવું એ કંઇ ગુણુ કઠીન છે.

**પ્ર.૩૯૬ બલનો ઉપયોગ શેના માટે થવો જોઇએ ? પૂર્વ પુરૂષોએ શું કર્યું ?**

ઉ. પૂર્વ પુરૂષોએ અનેક આપત્તિઓ સહીને પણ આ આગમને સાચવ્યું તે કયી ભાવનાએ ? એ બધા પુષ્પની શય્યા પર સુઇ રહેતા હતા એમ ? એમને આવેલા સમય આપણા પર આવ્યા હોત, તો આજે શું થાત ? આપણી કેટલી નિર્બળતા છે તે જુઓ. બલનો ઉપયોગ, ઉત્તમમાં ઉત્તમ વસ્તુના સંરક્ષણ માટે થવો જોઇએ ! બલવાન કે ધીર બને તે શા માટે ? કોઇનું ભુંડું કરવા, બગાડવા કે ખરાબ કરવા ? નહિ.

**પ્ર.૩૯૭ બલ અને ભાવના કેવી છે ? જયવંતા શાસનને રાખવા શું કરવું પડશે ?**

ઉ. શાસનમાં જેટલા બળીયા બન્યા, તે બધાએ બીજાનું ભલું જ કર્યું. અહીં બલ તથા ભાવના જુદી જાતિનાં જોઇએ છે. જેટલા પ્રમાણમાં હૃદયમાં વસ્તુ ઉતારી શકાય, તેટલા પ્રમાણમાં ભાવના જાગ્રત કરો. ભગવાને પણ કહ્યું, ગણધરોએ પણ કહ્યું અને આચાર્યોએ પણ કહ્યું, કે શાસન જયવંતુ છે : પણ એને જયવંતુ રાખવા આપણી શક્તિ ખરચવી પડશે ને ! આપણેજ જયવંતુ રાખી શકીએ છીએ, એવું અભિમાન લાવવાની જરૂર નથી : પણ આપણે કાળજી તો રાખવી પડશે ને !

**પ્ર.૩૯૮ આ મહાત્માઓએ શું લખ્યું છે તે વાંચો ?**

ઉ. આ મહાત્માઓએ લખેલું વાંચો તો ખબર પડે, કે કેટલો શ્રમ સેવ્યો છે. સાચા ખોટાના વિવેક માટે કેટલી મહેનત લીધી છે. સમ્યક્ત્વ અને મિથ્યાત્વ, વિરતિ અને અવિરતિ, પ્રમાદ અને અપ્રમાદ, સત્ય

અને અસત્ય આ બધાનું પૃથક્કરણ કરવા કેટલી મહેનત કરી. ફાવશે તે કરશે એમ માન્યું હોત તો ? તમે દુનિયાના પ્રવીણ બનવા માટે જેટલો અભ્યાસ કર્યો છે. તેટલો તીર્થના રક્ષક બનવા માટે કરવો પડશેને ! આજ સુધી તો કર્યો દેખાતો નથી. આ મહાપુરૂષોને ઓળખ્યા નથી. તેઓની કાર્યવાહી જાણવાની દરકાર કરતા નથી.

**પ્ર. ૩૯૯ કુમારપાલ મહારાજાના ચરિત્રમાં કયો પ્રસંગ આવે છે એ વિચારો ?**

ઉ. શ્રી કુમારપાલ મહારાજાએ પોતાના રાજ્યમાં અમારી પ્રવર્તાવી, શ્રી કુમારપાલના સંસ્કાર રાજ્યમાં કુટુંબમાં, પ્રજામાં કેટલા પડ્યા હતા તે વિચારો, કુમારપાળનાં બેન તથા બનેવી રાત્રે ચોપાટ ખેલે છે : ચોપાટમાં સોગટી મારી. રાણીએ બાજી ઉખેડી નાખી. કુમારપાલની બ્હેને કહ્યું કે, 'મારી' એ શબ્દ પાછો ખેંચી લ્યો, માફી માગો, પશ્ચાત્તાપ કરો, કુમારપાળના રાજ્યમાં 'મારી' શબ્દ બોલી શકાતો નથી. રમત ખતમ થઇ. ઘરના ખૂણે મારવાના ઇરાદા વિના માત્ર સોગટીમાં 'મારી' શબ્દનો પ્રયોગ હતો, બોલનાર પણ પતિ હતો ! સ્ત્રી માટે તો પતિ સર્વસ્વને ! ભાઇ કરતાં પતિનો સંબંધ નિકટનો ને ! પણ ત્યાંએ કુમારપાળની બેન ખુલ્લું કહે છે કે, 'મારી' શબ્દ ન બોલાય. એ શબ્દો પાછા ન ખીંચો, 'ભૂલ થઇ ગઇ' -એમ ન કહો, એ ન ચાલે ! શ્રી કુમારપાળનો બનેવી કહે છે કે:- 'કુમારપાલની વિરૂદ્ધ થઇ ઇરાદા પૂર્વક કંઇ બોલ્યો નથી. સહજ બોલ્યો છું, છતાં શબ્દો પાછા ખીંચવાનું તથા માફી માંગવાનું કહે છે તો એ નહિ બને, કુમારપાળ કોણ ?' કુમારપાળની બેન કહે:- 'આ રાજ્યસત્તાનો સવાલ નથી, ધર્મ વ્યવસ્થાનો સવાલ છે. કુમારપાલ કોણ તે તો તે બતાવશે. હવે તમારો અને મારો સંબંધ ન ટકે.' રાજાએ કહ્યું, તો જા તારે ઘેર. રાણી ચાલી ગઇ. પતિ પ્રત્યે દુર્ભાવવાળી પણ હતી નહિ ! પણ જે શબ્દ પાપને પેદા કરે, અધર્મને પેદા કરે, તે શબ્દને એ ન ઇચ્છે.

**પ્ર.૪૦૦ આપણો મુદ્દો શું છે ?**

ઉ. આપણો મુદ્દો એ છે કે ધર્મિ કુલના ધર્મ સંસ્કાર રોમ રોમ પ્રસરવા જોઇએ. શ્રી કુમારપાળની બેનને પતિપર, રાજ્યપર, દુનિયાના સુખપર પ્રેમ હતો. રાણીપદે બિરાજવાની ઇચ્છા નહોતી, એમ નહિ- પણ ધર્મ આગળ એ ભાવનાઓ મૂકી દેવાનું કૌવત તો હોવું જોઇએ. એમાં કોઇનું ભુંડું ઇચ્છાતું નથી. કોઇ કહે કે ધર્મની વાતમાં બોલવાની શી જરૂર ? -એમ બોલનારની મતિ ઠેકાણે નથી, એમ મને લાગે છે. જાતની રક્ષા કરો, જે વસ્તુ મુકી જવાની તે વસ્તુ પાછાળ ગાંડા ઘેલા થઇને ફરો, જવાની વસ્તુ જાય તે વખતે આંખમાંથી પાણી નીકળે, દિવસો સુધી શોક ન શમે, હૃદયમાં દુઃખ થાય, ડુમો ભરાય, શોકનાં ચિહ્નો ધારણ કરે, ખાવું પીવું ન ભાવે, આ બધું થાય, અને ધર્મ માટે કાંઇ નહિ ! ત્યાં મારાપણું છે. અહિં મારાપણું નથી, તો કલ્યાણ કયી રીતે થાય ?

**પ્ર.૪૦૧ શું જોઇતું હોય તો શેના વિના છૂટકો નથી ?**

ઉ. જો મોક્ષ સુખ જોઇતું હોય, આપત્તિમાંથી છૂટવું હોય તો આ શાસન, આ તીર્થ પર મારાપણું પેદા કર્યા વિના છુટકો નથી.

**પ્ર.૪૦૨ કુમારપાલ ચરિત્રમાં બીજો પ્રસંગ કયો છે ?**

ઉ. ત્રિશુળ બતાવી દેવી કહે છેઃ- 'માન' ત્યારે કુમારપાળ કહે છેઃ- 'તું કુલદેવી છો માટે માતા છો. માતાની ફરજ છે કે, બાળકને ધર્મરક્ષામાં સહાય કરે. માતા પ્રાણીના ઘાતને ન ઇચ્છે. આ કબૂલ રાખતી હોય તો ભલે, છતાં હઠ પર આવી હોય અને તારૂં ધાર્યું કરવું હોય તો તારી એક પણ હિંસક વાતને હું માનતો નથી. સૂજે તે કર-' કુમારપાલને રાજ્ય પ્રિય હતું, અઢાર દેશની માલીકી મૂકી દેવા તૈયાર ન હતા, છતાં પણ આ પ્રસંગે એ ન આવ્યું કે ક્યાં આ ધર્મ સ્વીકાર્યો ? આવું થાય તો કહો કે હૈયામાં ધર્મ ઉતર્યો જ નથી. દેવીએ કોપાયમાન થઇ ત્રિશુળ માર્યું. કોઢ થયો, શરીરમાં બળતરા થવા માંડી કે આથી ધર્મની ગ્લાનિ થશે. મને શું થશે એની ચિંતા નથી. બળી મરૂં જેથી લોક જુએ નહિ અને ધર્મને કલંક લાગે નહિ. ગુરૂદેવ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી

મહારાજા સમર્થ હતા. બચાવ કર્યો. બચાવ થતા. રક્ષણ થતું. પણ મુદ્દો કુમારપાલની મનોભાવનાનો છે.

**પ્ર.૪૦૩ કયા નિશ્ચયવાદી હોતો શું કરવાનું ?**

ઉ. કોઇ કહે, કે બનનાર વસ્તુ બનશે. નાહકની માથાકૂટ શી ? એવા નિશ્ચયવાદી હો તો ખાવાનું શું કામ ? શરીરને ટકવું હોય તો ટકશે. નાહકના લોચા વાળવા અને કાઢવા એ શું કામ ? ત્યાં તો બરાબર વર્તવાનું ! અહિં જ થવાનું હશે તે થશે !

**પ્ર.૪૦૪ ખરૂં મમત્વ ક્યાં ? કેવું ?**

ઉ. ખરૂં મમત્વ ક્યાં ? જેને મારૂં માનો એ ચોવીસ કલાક યાદ પણ ન આવે તેના માટે વિચાર પણ ન થાય, મનમાં કંઇ થાય નહિ, તો એ મારૂં શાનું ! જ્યાં મારૂં માન્યું છે, તે માટે શરીરની દરકાર પણ કરતા નથી, એટલુંજ આને (આ તીર્થને) મારૂં માનો !

**પ્ર.૪૦૫ કયી ભાવના પેદા કરવી છે ? શાથી ?**

ઉ. તમારૂં આ નથી તો કોનું છે ? મહાવીરનું શાસન આપણું નહિ, કે ખરૂં ? અમારે તો એ જાતિની મારાપણાની સદ્‌ભાવના પેદા કરવી છે, કે એ યોગે જેટલી હોય તેટલી બધીએ અયોગ્ય વાસના આપોઆપ ચાલી જાય. આ તીર્થ પર મારાપણું જાગશે, તે ઘડીએ જે સામાનું ભલું કરવાની ભાવના અને સાચી દયા આવશે, તે કોઇ અપૂર્વજ આવશે. ત્યારે તો તીર્થ રોમ રોમ પરિણમશે. આને આઘું મૂકી કાંઇ નહિ કરી શકાય. એમ કર્યું તો છે તેને પણ ગુમાવી દેશો.

**પ્ર.૪૦૬ કયા શબ્દ બોલતાં શું થવું જોઇએ ?**

ઉ. 'जय वीयराय' દ્વારા કરેલી માગણીમાં પ્રથમ માંગ્યું શું ? 'भवनिव्वेओ' આ શબ્દ બોલતાં સંસારમાં આસક્ત થયેલા આત્માઓને શું થવું જોઇએ ? ખરેખર આંખમાંથી આંસુ આવવાં જોઇએ કે હૃદય ભરાઇ આવવું જોઇએ, અને આ ભયંકર પીડારૂપ સંસારથી કંપારી છુટવી જોઇએ.

**પ્ર.૪૦૭ દરદથી રીબાતો દરદી ડોક્ટર પાસે શું બોલે ? અમને શું આવે છે ? માટે શું બોલીએ છીએ ?**

ઉ. દરદથી રીબાતો દરદી ડૉક્ટર પાસે શું બોલે, તે તો તમે જાણો છો ને ! જાણવા છતાં પણ જેને આત્માની ચિંતા જ ન હોય તેને શું ? દયા આવે છે તેથી બોલ્યા વિના રહેવાતું નથી. તમે એમને એમ ચાલ્યા કરો અને અમે જો કલ્યાણકારી સલાહ ન આપીએ તો ધારેલી સિદ્ધિ કેમ થાય ? તમે પહેલું માગ્યું શું ? ભવનો નિર્વેદ રોજ એમની પાસે શું માગો છો ? એજ. મ્હેં ઘણી વખત કહ્યું છે, કે જેવા હો તેવા બહાર આવો. નહિ આવો તોય ભગવાન્ તો ઓળખે છે. અહીં દંભ ન ચાલે. આ જગ્યા જુદી છે. તીર્થસ્થાને બંધાયેલ કર્મ વજ્રલેપ સમાન છે. કપટપ્રપંચ અહીં ન ચલાવાય.

**પ્ર.૪૦૮ ભવનિવ્વેઓ બોલતી વખતે એ ભાવના ન હોય તો ?**

ઉ. 'ભવનિવ્વેઓ' -બોલતી વખતે એ ભાવના ન હોય તો આ સર્વજ્ઞ છેતરાશે નહિ. આ તો સર્વજ્ઞ છે. હરેકના વિચાર જાણે છે. ભોળાને ભમાવવા જતા હો તો ઠીક, પણ શ્રી સર્વજ્ઞદેવ આગળ ? તમે આટલા બધા દિગ્મૂઢ, વિચારશૂન્ય કેમ બન્યા છો ? વિચારમય બનો. વિચારની ધૂન ચોવીસે કલાક જીવતી જાગતી રાખો. તમને હિતૈષી લાગે તેને પૂછો કે અમારૂં સુખ કલ્યાણ ક્યાં ? આધિ, વ્યાધિ અને ઉપાધિ ન જોઇતી હોય તો ક્યાં જવું ? કયી કાર્યવાહી કરવી જોઇએ ? વિચારવાની તાકાત વિના, સત્યને સમજવાની તાકાત વિના, ક્યાં સુધી બેસી રહેશો ? તમે જે ચીજ માગી આવ્યા, તે તો બતાવીએ ને ? અમે તો એ દેવના સેવક છીએ, કાંઇ તમારા ઓછા જ છીયે ! અમે તો જે હોય તે દવા નાખીએ. અમે તો કંપાઉન્ડર. કોઇ કહે, કે કડવી દવા ન નાખશો. તો અમારાથી ફેરફાર થાય ? અમે ફેરફાર કરીએ અને નવાજુની બને તો શું થાય ? અમે કહીએ કે દરદી રોયો હતો, માટે આપી તો કામ આવે ? જયવીયરાય એ તો પ્રાર્થનાસૂત્ર છે.

**પ્ર.૪૦૯ ક્યાં કોનું કામ નથી ? કઇ રીતે બોલવું પણ પડે ? શાથી ? કોની જેમ ?**

ઉ. ચૈત્યવંદન તો ઘણાએ કરો છો, પણ જંકિંચિ શું ? નમુથ્થુણં શું ? બે જાવંતિ શું ? એ વિગેરે સારી રીતિએ તમે પ્રાર્થના કરી માગી આવ્યા છો, તે તો આપવું પડશે એમાં નહિ ચાલે. સંસારની વાસના ઢીલીઢબ કરવી હોય, ત્યાં કાચાપોચા શબ્દોનું કામ નથી. દેવાદાર પાસે લેણું લેવા વેપારી જાય, ત્યાં પહેલાં તો શેઠસાહેબ, ભાઇસાહેબ, મહેરબાન બંધુએ કહે, દાઢીમાં હાથ ઘાલે, પગપંચી પણ કરે, બધું કરે પણ જ્યારે જાણે કે આ કાંઇ સીધું માને તેમ નથી, ત્યારે વેપારી શું કરે ? તે ઘડી વેપારી એક એક શબ્દ એવા કાઢે, કે જાણે તીર ભોંકાય ? પેલો સમજે કે, શેઠનો પીત્તો ઉકળ્યો, હવે આપવું પડશે. ત્યાં તો લોભની ભાવના-એટલે ખરાબ ભાવના પણ આવે, પણ અહીંતો કેવળ ઉપકારની જ ભાવના, સામાના ઉત્તમ પ્રકારના હિતની જ ભાવના છે. માટે જે જે શબ્દો નીકળે તે ભલે કડવા પણ હોય છતાં તેમાં હિતના ફૂઆરા જ હોય. ભગવાન્ શ્રી હરિભદ્રસૂરીશ્વરજી વિગેરે પુણ્ય પુરૂષોએ પણ સમયે સત્ય કહેતાં અણુભર સંકોચ નથી રાખ્યો. જેવાને તેવા તરીકે બરાબર ઓળખાવ્યા છે. એ પ્રસંગે તો વિકટ સ્થિતિ હતી. આજે સંયમમાં કંઇ તેવી તકલીફ નથી. એ વખતની દ્રષ્ટિએ આજની સ્થિતિ સંયમ માટે અનુકૂળ છે. એમને હતી તે સ્થિતિ હોત તો આપણે ધર્મિ રહેત કે કેમ તે પણ શંકા થાય છે. એમનાં કામ એ જ કરે. આ ભાવ નિર્વેદ વિગેરે શબ્દો એમને જે રીતે હૈયે વસ્યા હતા, તે રીતે આપણને વસવા જોઇએ. ભવનિવ્વેઓ તમે સાચા દીલે માગો છો કે એના સેવક કહેવરાવવા પૂરતું માગો છો ? ભવનિવ્વેઓનો અર્થ શો ? આટલું સમજો તો રસ્તો સાફ થઇ જાય. હું તો રોજ એ જ કહું છું અને સ્થળે સ્થળે હરેક અર્થિ આત્માને એ જ કહેવાની ઇચ્છા છે. તમારી પહેલી માગણી પણ એ છે, અમને આજ્ઞા પણ પહેલી એજ, એટલે કે સંસારની અસારતા અને

દુઃખમયતા સમજાવવાની છે. કારણ કે ભવનિર્વેદ વગર આગળનું આવી શકતું નથી. અમને આજ્ઞા એ છે, કે જે આવે તેને પહેલો ભવનિર્વેદ જગાડવો. પ્રાર્થના સમજી જાઓ. ભવ કેવો ? અનાદિથી આત્મા સાથે જોડાયેલો, અજ્ઞાની આત્માઓને પ્રેમ પણ એનો અને પરિચય પણ એનો જ. સલાહકાર પણ સંસારના રસીઆ, જોડીદાર પણ તેવા. તમે સંસારમાં બરાબર રહી શકો, એની સંભાળ લેનારા પણ ઘણા. આ સ્થિતિમાં ભવનિર્વેદ કરવો, તેના માટે સંયોગ વિપરીત છે કે અનુકૂળ ? પ્રતિકૂળ છે. જે સાથીયો તમારા વગર મજેથી ચલાવી લે, તે તમને સારૂં લગાડવા કહે છે કે તમારા વિના નહિ ચાલે, અને તમે બધા ભોળા એવા કે માની લો છો. એ તમારા વગર એક દિવસ પણ ભુખ્યા રહે એવા નથી, છતાં એ કહે કે તમારા વગર ન ચાલે, તો તે પણ તમે માની જાઓ. આજે શાસનનું શું થઇ રહ્યું છે, તેનો કાંઇ વિચાર આવે છે ?

**પ્ર.૪૧૦ આજે શેની ચિંતા છે ? શેની નથી ? ભાવ દયાના અંકુરાથી મહાપુરૂષોએ ક્યાં શું કહ્યું ?**

ઉ. આટલી ઝુંપડીની ચિંતા અને જગતનું શ્રેયઃ કરનાર શાસનની ચિંતા જ નહિ. જાતની ચિંતા કરો એટલી તો શાસનની કરો ! ધર્મપ્રેમ કેવો જોઇએ ? દુનિયાની વસ્તુ માટે ખુવાર થઇ રહ્યા છો. ખરેખર કલિકાલસર્વજ્ઞ ભગવાન્ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ એક પુણ્યપુરૂષની ભાવના લખતાં ફરમાવે છે કેઃ-

**"तुल्ये चतुर्णा पौमर्थ्ये, पापयोरर्थकामयोः ।**
**आत्मा प्रवर्तते हन्त, न पुनर्धर्ममोक्षयोः ।। १ ।।"**

ચારે પુરૂષાર્થમાં પુરૂષાર્થપણું તુલ્ય હોવા છતાં ખેદની વાત છે કે-આત્મા પાપરૂપ અર્થ અને કામ-પુરૂષાર્થની સિદ્ધિ માટે પ્રવૃત્તિ નથી કરતો. અને ખરેખર એ વાત સાક્ષાત્ અનુભવાય છે. શ્રી યશોવિજયજી મહારાજે સીમંધર સ્વામીને વિનંતિ દ્વારા અહીંનાં દર્દ કહ્યાં અને કહી દીધું કે મારે તો હે નાથ ! તારા સિવાય બીજો કોઇ આધાર નથી. અહિં

તો આ હાલત છે. ન રહેવાયું એટલે ત્યાં કહ્યું. ભાવ દયાના અંકુરો ફૂટે છે, ત્યારે ધોધ દાબ્યો રહેતો નથી. બહાર નીકળે જ. નથી નીકળતો એટલે ખામી છે.

**પ્ર.૪૧૧ બપ્પભટ્ટ સૂરિ કયી ઉંમરે શું તજે ? ખંધકસૂ. ના કેટલાં શિષ્યો શેમાં પીલાયા તો પણ ?**

ઉ. તાત્ત્વિક દયા પ્રગટે ત્યાં બીજી દયાનું રૂપક જુદું થાય. એ દયા જુદી જાતિની છે. શ્રી બપ્પભટ્ટી જેવા સોળ વર્ષની ઉંમરે ચઢતી જુવાનીએ છ વિગય તજે અને એ જોઇ ગુરૂ પ્રસન્ન થાય એ કયી દયા ? એમ ન થયું કે આ વયમાં છ વિગયનો ત્યાગ હોય ? વાસ્તવિક પ્રેમ હોય ત્યાં જ આ દયા આવે. શ્રી ખંધકસૂરિવરના પાંચસો શિષ્યો ઘાણીમાં પીલાયા. ચારસેં નવાણું પીલાઇ ગયા. એ આત્માઓને ખંધકસૂરિએ એવી કોટિના બનાવ્યા હતા કે આવા ઉપસર્ગોમાં પણ અડગ. ઉપસર્ગ પણ જેવો તેવો નહિ. પીલવાના યંત્રમાં પેસવાનું, ત્યાંએ તૈયાર, એક પણ ના નથી કહેતો. શાસ્ત્ર કહે છે કે, માસખમણને પારણે માસખમણ કરે, પણ ગુરૂ આજ્ઞાભંજક હોય તો તે અનંત સંસારી થાય. પાંચસો પૈકીના એક પણ ના નથી કહેતા. યંત્રમાં પીલાય છે. પીલાવું, એ કંઇ નાની સૂની વાત છે ! પીલાય, લોહીના ફુવારા ફુટે, હાડકાં તૂટે, નસો તૂટે, ખંધકસૂરીશ્વરજી પણ નિર્યામિણા કરાવે, પીલાનારા પણ ગુરૂ સામે આંખ તથા કાન રાખી હૃદયપૂર્વક કબુલ કરે કે કૃપાલો ! આપ કહો છો તે બરાબર છે. એવી રીતે ચારસેં નવાણુને નિર્યામિણા કરાવી, ક્ષપક શ્રેણિએ ચઢાવી, કેવળજ્ઞાન પમાડી, મુક્તિએ મોકલ્યા. (સભા. આનું કારણ ?) કારણ જાણવું છે ? પાલક મંત્રીએ ખંધકસૂરીની પરિષદમાં એકવાર નાસ્તિક્તાનું પ્રતિપાદન કર્યું હતું. આત્મા, પુણ્ય, પાપ, કશું નથી એમ કહ્યું હતું. શ્રી ખંધકસૂરીશ્વરજીએ ખંડન કરી તેને પાછો પાડ્યો હતો. આ વૈરનું કારણ હતું. પાલકે એક પ્રસંગ ઉભો કરી શ્રી ખંધકસૂરિશ્વરજી તથા તેમના શિષ્યોને રાજ્ય લેવા માટે યુદ્ધ કરવા આવેલા તરીકે ઓળખાવી, રાજા

પાસેથી ઘાણીમાં પીલવાનો હુકમ મેળવ્યો. દુર્જનો શું ન કરે ? શ્રી ખંધકસૂરીશ્વરજીએ એના મતનું ખંડન કર્યું હતું. એનો હેતું તો એ જ હતોને કે લોકો ઉન્માર્ગે ન જાય, સન્માર્ગે ચાલે. આ બનાવ ખૂદ ભગવાન્ શ્રી મુનિસુવ્રતસ્વામિની હયાતીમાં બન્યો હતો. શ્રી મુનિસુવ્રતસ્વામિએ પણ ઉન્માર્ગનું ખંડન કરનાર સૂરીશ્વરજીને ભૂલ કરનાર તરીકે નથી ઓળખાવ્યા. દુર્ગતિએ જનારા આત્માઓને સાચા અને પુણ્યશાલિ આત્માઓ સાથે જાણે વૈર જ ન હોય, એવો અનુભવ તેઓ અત્યાર સુધી કરાવતા આવ્યા છે, માટે આજે તેવું દેખાય તેમાં કાંઇ નવાઇ નથી. (સભા. બધાને સાથે આવું વેઠવું પડ્યું ?) વેઠવું પડે. સામુદાયિક કર્મ હોય તો એમ પણ થાય: માટે તો શાસ્ત્ર કહે છે, કે પાપથી બચો, પાપનો ઉદય સમકાળે પણ આવે. શ્રી ખંધકસૂરીશ્વરજીએ ચારસેં નવાણુંને કેવળ જ્ઞાન પમાડ્યું, પાંચસોમા એક બાલ મુનિ હતા. ચારસેં નવાણુંને નિર્યામણા કરાવનાર પુણ્યપુરૂષને આ બાળ મુનિપર મોહ થયો, એનું દુ:ખ એ જોઇ ન શક્યા. ખંદકસૂરિ પહેલાં પોતાને પીલવાનું કહે છે. જ્ઞાની કહે છે કે આવા સમર્થ જ્ઞાની મોહના ઉદયના યોગે ભૂલ્યા. ચારસેં નવાણુની નિર્યામણા વખતે એમને પોતાની હાજરીની જરૂર લાગી. અને પાંચસોમા બાલમુનિ વખતે જરૂર નહિ લાગી, એ મોહ હતો પણ દયા નહિ. પાલક તો શ્રી ખંધકસૂરિશ્વરજીને વધુ પીડા થાય, એ જોવા ઇચ્છતો હતો-એટલે એણે માન્યું નહિ. ગુરૂએ બાલમુનિ સામું જોયું. બાલમુનિ પણ સજ્જજ છે જૈન શાસનની દયા જુદી છે. બાલમુનિ પણ પીલાઇ કેવળજ્ઞાન પામી મુક્તિએ ગયા. પાંચસોને કેવળજ્ઞાન પમાડી મુક્તિ અપાવનાર કેટલા સમર્થ જ્ઞાની અને એમનો વિરાગ કેવો ઉત્કટ હશે ! કોઇ કહે, કે પીલાતા તેને બહુ વજન નથી આપતા, આત્મા ન પીલાવો જોઇએ. આત્માની ભાવનાઓ ન ફરી જાય, એને માટે જ પ્રબંધ થવો જોઇએ.

**પ્ર.૪૧૨ અહીં ભવ નિવ્વેઓમાં શું છે ? શું આવશે ?**

ઉ. અહીં ભવનિર્વેદઓમાં પણ ભાવ દયાની ચિંતા છે. દ્રવ્યદયાની નથી. ભવનિર્વેદઓ નહિ થાય ત્યાંસુધી ભવરૂપ ઘાણીમાં પીલાવાથી છૂટવાના નથી. આત્માના દયાળુ બનો, કે તરત બીજાની વાસ્તવિક દયા આવશે.

**પ્ર.૪૧૩ શાસન સેવા કરવાની શા માટે ?**

ઉ. શાસનસેવા કરવાની શા માટે ? આત્માની દયા માટે. તારક આ છે એ તો ખાત્રી છે ને ! આજ્ઞા પર પ્રીત ધરો તો આત્માની દયા થાય. પાંચસેને કેટલો આજ્ઞાપ્રેમ એ માનતા કે ગુરૂની આજ્ઞામાં જ કલ્યાણ.

**પ્ર.૪૧૪ અનંત ઉપકારીઓને ખબર નહોતી ?**

ઉ. અનંતજ્ઞાનીને શું એ ખબર નહોતી કે તમે બધા દુનિયાના ભોગમાં, લીન થયેલા છો, માટે છોડવું કઠીન પડશે ? એમનામાં દયા નહોતી ? છતાં કેમ છોડવાનું કહ્યું ? જાણતા હતા, કે કલ્યાણ છોડવામાં જ છે. વૈદ જાણે છે, કે ઉકાળો પીતાં દરદીને દુઃખ થાય છે : પાનાર માબાપ પણ એ જાણે છે, કે છોકરાથી શી રીતે પીવાશે, ગંધ પણ લેવાતી નથી એવો ઉકાળો શી રીતે પીવાય ! છતાં મોઢું પહોળું કરી, વેલણ ઘાલીને પણ પાય છેને ! બચ્ચાંને સુવાડીને માતા, બાળકનું મોં પહોંળું કરી વેલણથી દવા પાતી વખતે, બાળકની ગાળો, લાતો, તિરસ્કાર વિગેરેને ગણતી નથી. કેવી તાકાત કેળવી છે ! જેની મા જીવતી હોય એ બધા માને પૂછજો. મા કહેશે કે એ લાતો ન ખાધી હોત તો આજે તું આ સ્થિતિમાં ન હોત. મા ને તો એ લાતમાં આનંદ આવે. મા તો હસે કે દવા ઉતરી. લાતને ન ગણે. સંસારના જીવો પર ઉપકાર કરનાર પણ ગાળો, તિરસ્કાર ખમવાની તાકાત કેળવે. એ એવી ગાળો વિગેરેની દરકાર ન કરે. જેને અમારા માનીએ, તેને સુધારવા પૂરતો પ્રયત્ન કરવો જોઇએ કે નહિ ? છોકરાની લાતો વિગેરે ખાવાની તાકાત કેમ કેળવી તે મા જાણે. માના ઉપકારની અવધિ નથી. મૂતરે તોય છોકરાને ખોળામાં લે. ભાણામાં મૂતરના છાંટા પડે તોય ગુસ્સો ન કરે. એ સમજે છે કે મૂતરવાની બુદ્ધિએ

મૂતર્યું નથી, પણ મૂતરાઇ ગયું છે. માને ગ્લાનિ ન થાય અણસમજુને પણ માતાએ એવા બનાવ્યા, કે જુઓ તમે બધા કેવા ડાહ્યા થઇને બેઠા છો આ માતાનો પ્રતાપ. માતાએ તો આવા બનાવ્યા. અમારે કેવા બનાવવા, એ પ્રશ્ન બાકી રહે છે. તે વખતે તો પગ નાના હતા તે લાત નાની મારતા, હવે મોટા થયા એટલે તેવાઓની લાતો પણ ભયંકર ! પણ તે લાતો ખાઇને પણ જેવા બનાવવા હોય તેવા બનાવવા જોઇએ કે નહિ ? કેવા બનાવવા ? એનો ઉત્તર 'भवनिव्वओ' આ શબ્દ આપે છે. ભવની ભયંકરતા બતાવવામાં આવે, તે વખતે જેને ભવ મીઠો લાગે તે કૂદે, ઉછળે પણ તેથી ગભરાયે પાલવે ? ડરી ઓછું જ જવાય ? અમારે તમને કેવા બનાવવા એ નક્કી કરો. માયે તો ખાતાં, પીતાં, ઉઠતાં, બેસતાં, બોલતાં શીખવ્યું, અમારે તમને શું શીખવવું એ તમે કહેશોને ? તમને શું શીખવીએ તો અમારૂં સ્થાન દીપાવી શકીએ. (સભા. સાધુ બીજું આપે તો ?) અરે ભાઇ ! તમે નક્કી થાઓ, તો સાધુ બીજું આપીજ ન શકે. આપે તો પણ પકડી પાડો. દવા લેવા વૈદ્યને ત્યાં જાઓ પણ ન મટે તો બીજો વૈદ્ય કરોને ! પથારીમાં સુવાડી રાખે, એ તો વૈદ્ય કામનો નહિ ને ! વેપારી ગમે તેવો ઉઠાઉગીર હોય, પણ ગ્રાહકને માલૂમ પડે કે, એ ઉઠાઉગીર છે તો પેલો કહે પાંચ તો આ કહે બાર આના. દોઢ રૂપીયે લેવું હોય તોયે બાર આના કહે. એને ત્યાંથી લેવું હોય તોયે ઉઠવાનો ડોળ કરે, ઉઠે, પણ પેલો હાથ પકડે. પેલો વેપારી ઠેકાણે આવે ત્યારેજ પૈસા કાઢે. ગ્રાહક ભોઠ થાય તો વેપારી બેના બાર પણ લે. તમે નક્કી કરો કે કેવા બનવું છે કે જેથી કોઇ ઠગી શકે નહિ. હૈયું બાળવા કરતાં હાથ બાળવા સારા, એ કહેવત છે. નોકર શાક વાસી લાવે અને કહે, કે આપ્યું તેવું લાવ્યો તો શું કહો ? તમે કેવા બનવા માગો છો, તમારે ધર્મગુરૂ શા માટે જોઇએ, એ નક્કી કરો. તમે જે માગો છો, તે ભગવાન્ પાસે એકરાર કરો છો કે બનાવટ તે નક્કી કરજો. સાંભળનાર એ પ્રભુ સર્વજ્ઞ છે. ત્યાં કપટ ન કરતા. દુનિયાની સત્તા, શબ્દજાળમાં આવી જાય

પણ એ દેવ ન આવે. સત્યના અર્થિ બનવું હોય તો ભોળવવાની વાત ભૂલી જાઓ. અહીં પણ જૂઠું બોલે, તે બહાર શું ન કરે ! જે બોલો તે સાચું બોલજો. હિંસાથી કે જુઠથી નથી જીતવું. અઢારે પાપસ્થાનકથી છુટા થશો ત્યારે એમના ભેગા થવા જોગા થશો. એમની પેઠે વર્તશો તો મુક્તિ મળશે. આજ્ઞા મુજબ મુક્તિ જવું છે, એમાં તો શંકા નથી. તમારી પહેલી માગણી પણ ભવનિવ્વેઓની છે : અમને પહેલી આજ્ઞા પણ ભવનિવ્વેઓની છે, એજ અમે આપીએ છીએ.

**પ્ર.૪૧૫ તીર્થને પામેલો તીર્થ માટે શું કરે ?**

ઉ. તીર્થ છે ત્યાં સુધી હંમેશ જયવંતુ છે. એનો કદી પરાજય થયો નથી, થતો નથી અને થવાનો પણ નથી. એકે એક યોગ્ય વિચારને ત્યાં સ્થાન છે અને એકે એક અયોગ્ય વિચારનો એમાંથી બહિષ્કાર છે. ખરાબ વિચાર એમાં એક પણ નથી અને કોઇ પણ સારો વિચાર એમાં નથી એમ પણ નથી, તેના સિદ્ધાંતો અનેક રીતિએ એવા સિદ્ધ થયેલા છે, કે એને સેવનારો જરૂર સંસારથી મુક્ત થાયજ. એટલા માટેજ એ તીર્થ સદાકાલ રહેવા માટે સરજાયેલ છે. એની જગત્માં જોડી પણ નથી, અને માટેજ સઘળા જિનેશ્વરોએ શરૂઆતમાં એને નમસ્કાર કરેલ છે. તીર્થંકરો પણ એને નમે છે : કારણ કે એ અનુપમ છે, શાશ્વત છે, એના સિદ્ધાંતો સેવનારના કર્મરૂપ મલને દૂર કરે તેવા છે. તેમાં એકેએક યોગ્ય વિચારને સ્થાન છે, એક પણ યોગ્ય વિચાર ત્યાં નથી તેમ નથી. એક પણ અયોગ્ય વિચારને ત્યાં સ્થાન નથી, માટે જ એ તીર્થ હંમેશ જયવંતુ છે. માટેજ વખતો વખત કહેવામાં આવે છે કે તીર્થ પામ્યા બાદ સાચવવાની, એનું રક્ષણ કરવાની જોખમદારી ઘણી મોટી છે. એ પામ્યા બાદ આત્માના આખા જીવનનો પલટો થવો જોઇએ. આ તીર્થના સેવકની ફરજ છે કે એક પણ અયોગ્ય વિચારને ટકવા ન દેવો, એક પણ યોગ્ય વિચારના સ્વીકારમાં આનાકાની ન કરવી. તીર્થ સદૈવ જયવંત છે એમાં તો શંકા નથી, ભલે જયવંત છે છતાં તીર્થનો સેવક એની રક્ષા માટે

પ્રયત્ન ન કરે ? જો પ્રયત્ન ન કરે તો શાસન જીવતે છતે પણ તીર્થનો સેવક તો રક્ષક નજ કહેવાય.

**પ્ર.૪૧૬ આ તીર્થના સેવકની ફરજ કયી ? શાથી ?**

ઉ. આ તીર્થના સેવકની ફરજ કયી ? એક પણ અયોગ્ય વિચારને પોતામાં ન આવવા દે, એક પણ સુયોગ્ય વિચારને જવા ન દે. એના સિદ્ધાંતોના સેવનમાં આત્માને ઢીલો પડવા ન દે, એમાં અસ્થિરતા આવે એવો વિચાર થવા ન દે. શ્રી તીર્થંકરદેવો કેવળજ્ઞાન થયા બાદ પણ તીર્થને નમે છે, એવા તીર્થને જે પામે તે પરમ પુણ્યવાન. આપણે પામ્યા માટે આપણે પણ પરમ પુણ્યવાન ! પરમ પુણ્યવાન કહેવરાવ્યા પછી જોખમદારી ઘણી મોટી છે. અધિકાર મેળવ્યા પછી અધિકાર સાચવવાની જોખમદારી ઓછી નથી. તીર્થ પામ્યા એમ કહીએ અને સાચવવાની જોખમદારી સમજીએ નહિ, તો ! તીર્થ પામ્યા કામનું શું ? ચિંતામણિ મળ્યા પછી ભીખ માગવા જાય, તો જોનાર તો એને મૂર્ખોજ કહેને; આ તીર્થ પામ્યા બાદ, આ તીર્થનો મહિમા હૃદયમાં ઉતર્યા બાદ, આત્મા, એકે એક અયોગ્ય વિચારથી હંમેશાં કંપતો રહે, જ્યારે અયોગ્ય વિચારને સ્થાન આપવાની ભાવના થઇ કે તીર્થ હારી જવાય. એક પણ સુંદર વિચારને હૃદયમાં સ્થાન આપવા પ્રયત્ન ન થાય, સિદ્ધાંતોથી ખસવાની ભાવના આવે, અને તેના શાશ્વતપણામાં શંકા થાય, તોયે તીર્થ હારી જવાય. શ્રી તીર્થંકરદેવોથી સેવાયેલા અને જગત્‌માં જેની જોડી નહિ એવા તીર્થને પામેલા આત્માને તીર્થના શાશ્વતપણામાં શંકા હોયજ નહિ : તેના સિદ્ધાંતોમાં શંકા લાવવાની ઇચ્છા પણ ન હોય : એક પણ સુંદર વિચારના સ્વીકારમાં આનાકાની ન હોય : એક પણ અયોગ્ય વિચાર લાવવાની મૂર્ખાઇ ન હોય.

**પ્ર.૪૧૭ ટીકાકાર મહર્ષિ શું કહે છે ?**

ઉ. આ તીર્થ પામેલા માટે આટલી બધી જોખમદારી છે. ટીકાકાર મહર્ષિ તો આગળ વધી એટલે સુધી કહે છે કે, આચારાંગ શાસ્ત્ર ભગવાન્

શ્રી મહાવીરદેવે સારાયે જગત્‌ના હિત માટે કહેલ છે. આપણે એ સૂત્રનું 'ધૂત' નામનું છઠ્ઠું અધ્યયન વાંચવું છે, તો તે પહેલાં ઘટતી તૈયારી કરવા જોઇએ. ધૂનન થાય ત્યાં તો મજબુત આદમી ટકે. તમારા હાથે અનાદિ કાળથી જે વિષયકષાદિના પાયા મજબૂત કર્યા છે, તેને તમારા હાથે જ ખોદાવવાના છે. તમારૂં બાંધેલું તમારે ખોદવાનું છે, ત્યાં મારાપણું રહી જાય તો તે ન બને.

**પ્ર.૪૧૮. કમ્મે શૂરા અને ધમ્મે શૂરાનો અર્થ શો ?**

ઉ. એનો આશય એજ છે, કે જે આત્મા કર્મમાં શૂરવીર હોય તેને કદાચ, સુગુરૂનો યોગ મળે, અને ધર્મ પામી જાય તો જરૂર એ આત્મા ધર્મમાં પણ કમાલ કરે. પણ ધર્મશૂર બનવાને ઇચ્છનારે કર્મશૂર બનવું જ જોઇએ, એ કાયદો શ્રી જિનશાસનમાં નથી. એક આત્મા અયોગ્ય ક્રિયામાં એટલો બધો ઉન્મત્ત બની ગયો છે, કે જેની સીમા નહિ, એને કોઇ મહર્ષિ મળી જાય, તેમનાં વચનો તેનામાં પરિણામ પામી જાય, તો એ આદમી, પોતાના જે બલનો ઉપયોગ દુનિયાના નાશમાં કરી રહ્યો છે, તે દુનિયાને તારવામાં કરી શકે. બળ કામમાં તો આવવાનું જ. મન, વચન, કાયાના યોગના વેદને ચૌદમે પહોંચ્યા શિવાય સંપૂર્ણપણે રોકી શકાય તેમ નથી. નદીના વેગબંધ વહ્યા આવતા પૂરને કોઇ રોકવા પ્રયત્ન કરે તો તણાઇ જાય. પાણીના પૂરમાં એ તાકાત છે કે મોટા પહાડના પહાડને પણ ભેદીને જગ્યા કરે, નદીના પૂરને રોકવાનો પ્રયત્ન ન કરતાં જો એની દિશા ફેરવી પાંચ સાત દશ નીકો કરી એના વેગને બધે જવા દે, તો નાશ કરનાર પૂરને કામ આપનારૂં બનાવી દે. એમાં કશીજ શંકા નથી. અહીં પણ તે હદ આવ્યા શિવાય મન, વચન અને કાયાના બલને રોકાય નહિ, પણ આશ્રવમાંથી સંવરમાર્ગમાં લવાય, સુગુરૂ યોગે એ થાય, પણ એ કાયદો નહિ કે સંવરમાર્ગે આવતાં પહેલાં આશ્રવમાર્ગ કેળવવો જોઇએ. વ્યવહારમાં જે બુદ્ધિમાન્ છે તે અહીં આવે તો મૂર્ખા બને એમ તો નથી ને ? જે બુદ્ધિનો ઉપયોગ ત્યાં કરે છે,

તે અહીં કરે. બુદ્ધિ ઉંધે જતી હતી, તે સીધે માર્ગે જાય તો કામ થઇ જાય. અહીં બુદ્ધિ કેળવનારે ત્યાં કેળવીને આવવું, એ કાયદો નથી.

**પ્ર.૪૧૯ મૂર્તિ પાસે જે બોલો છો તે શું સમજીને બોલો છો ? તેનું શું થવું જોઇએ ?**

ઉ. જયવીયરાય સાધુ તથા શ્રાવક રોજ બોલે છે. કોઇ સાતવાર બોલે તો કોઇ ત્રણવાર તો કોઇ એકવાર. સાતવાર નહિ, ત્રણવાર નહિ, પણ એકવાર તો બોલો છોને ! કોની પાસે બોલો છો ? પ્રભુની પાસે. મૂર્તિ એ શું ચીજ છે ? "જિન પડિમા જિન સારિખી" એટલે મૂર્તિને શ્રી જિનેશ્વરદેવ માનીને સેવીયે છીયે. જેઓ એમ ન માને તેને બાજુ પર મૂકો. અહીંની ક્રિયા વજનદાર હોવી જોઇએ કે પોલી ? જિનેશ્વરદેવ માનો છો માટે ક્રિયા ઢીલી પોચી ન કરો. દુનિયાનો વ્યવહાર સાચવવા વચનની જે કિંમત છે તે અહીં સમજો. વચનની કિંમત ત્યાં કરતાં અહીં કેઇ ગુણી અધિક આવવી જોઇએ. વ્યવહારમાં વચનથી ફરી જાઓ તો તમને કોઇ ધીરે નહિ, અને બહુ તો તમારો આ લોક સીધો ચાલે નહિ : પણ અહીં બોલીને ફરી જાઓ તો અનેક ભવ બગડી જાય. શ્રી જિનેશ્વરદેવની આગળ જેટલું બોલાય છે, તે બોલતાં રોમરાજી વિકસ્વર થવી જોઇએ. બધા વિચારની છાયા આત્મા પર પડવી જોઇએ. એક એક શબ્દ હૃદયને ભેદીને નીકળવો જોઇએ. પણ ફોનોગ્રાફની ચૂડી માફક નહિ. બરાબર અંતરને સ્પર્શીને બહાર આવવો જોઇએ. પ્રભુની આગળ બીજુ બોલો છો. તે હાલ બાજુ રાખો-પણ જયવીયરાયમાં તમે જે માંગણી કરો છો, તે એટલી બધી મોટી છે કે જેનો સુમાર નથી. એમાં છે તે ઔષધ એક વાર ખાઇ લ્યો, તો કામ થઇ જાય.

**પ્ર.૪૨૦ જે વસ્તુની માગણી કરીયે છીયે તે મેળવવા પ્રયત્ન ન કરીયે તો વિરાધકપણું ખરૂં ?**

ઉ. આનું સમાધાન તો કરૂં છું પણ એ સમાધાનથી શિથિલતા ન આવે તેની કાળજી રાખવાની સૂચના કરૂં છું. પ્રયત્ન ન કરવા માત્રથી

વિરાધકપણું આવે. કમતાકાતના યોગે કે હૃદયની વિશુદ્ધિના અભાવે, પ્રયત્ન ન કરાય એમાં વિરાધકપણું આવે તો તો જુલમ થઇ જાય, પણ એ પણ ખરૂં કે પ્રયત્નમાં બેદરકારી કરીએ તો એ છેટું ને છેટું જાય, અને જેમ છેટું જાય તેમ આપત્તિ આવે, માટે બેદરકારી પણ ન હોવી જોઇએ.

**પ્ર.૪૨૧ માગણી તો મોટી છે અને તાકાત ન હોય તો ?**

ઉ. જિનેશ્વરદેવના શાસનનો કાયદો છે, કે જે ચીજ શ્રી ગણધરભગવાન માગે તે બાળક પણ માગે. મેળવે ભલે શક્તિના પ્રમાણે પણ માગણી તો એકજ, માગણીમાં ભેદ નહિ અમલમાં ભલે ભેદ હોય. પ્રભુના શાસનમાં સર્વવિરતિ, દેશવિરતિ અને સમ્યગ્દ્રષ્ટિ આત્મા પણ રહી શકે છે. એકનો સર્વ ત્યાગ છે. બીજાનો થોડો ત્યાગ છે, ત્રીજાનો ત્યાગ નથી માત્ર ત્યાગની ભાવના જ છે : પણ બંધાયનું ધ્યેય એકજ છે. ત્રણેની માગણી એકજ. અમલની વાતમાં આ પ્રશ્ન સંભવિત. અહીં તો માન્યતાની વાત છે. જેટલાં દરદી આવે તેમાં કોઇનું દરદ ચાર મહીને મટે એવું હોય, કોઇનું છ મહીને મટે તેવું હોય ને કોઇનું અઠવાડિયે મટે તેવું હોય. એ બધા મનમાં સમજતા હોય પણ બધા ડોક્ટરને કહે શું ? ઝટ મટાડો. ભલે ક્ષય હોય, પેટમાં ભયંકર દર્દ હોય, નહિ જેવો તાવ હોય, પણ એ બધાય કહે, કે ઝટ મટાડો. કોઇએ એમ કહ્યું કે મોડું મટાડો ! મનમાં સમજે કે દરદ મોટું છે, ચૌદ દહાડે મટે એવું છે, તોય કહે કે ચાર દહાડે મટાડો. ડૉક્ટર કહે કે ઉતાવળ ન કરો, આ બીજાનું દરદ ચાર દહાડે મટે તેવું છે, પણ તમારા દરદને વખત લાગશે, તોય દરદી કહે કે:- એની પાસે પાંચ લેતા હો તો મારી પાસેથી પચાસની ફી લો, પણ મને બે દહાડે મટાડો. ભલે મટે ગમે ત્યારે પણ બધા દરદીઓની માગણી કયી ? આપણે માગણીના રૂપને નથી સમજ્યા. વ્યવહારમાં જુઓ કે એક માણસ પેઢી પર જઇ કલાક બેસી આવે અને પચાસ હજાર કમાય અને બીજો છ કલાક બેસે તોય માંડ રોટલા મળે, તો પણ એની

ઇચ્છા કયી ? એજ કે મારે પણ મોટર જોઇએ, મળે કે નહિ તે વાત જુદી. પ્રાર્થનાના ને પ્રાપ્તિના ભેદ સમજો. ચોથા આરાના જીવો મુક્તિની ઇચ્છા કરે અને પાંચમા આરાના જીવો શાની ઇચ્છા કરે ? (સભા. મુક્તિની) કારણ ? મુક્તિ અહીંથી અત્યારે મળે તેમ નથી. ચોથા આરામાંયે કોઇ જીવને ખૂદ જ્ઞાનીયે કહ્યું હોય કે મુક્તિ માટે પાંચ પચાસ ભવની વાર છે. છતાંય તે માગે તો મુક્તિજને ! મગાય તો એજ. દેવગતિ માગે તો તો આપત્તિ વધી જાય. માગવાની તો મુક્તિજ. બીજું મળે તોય માગણી તો એજ. પ્રાર્થના તો ઉંચી જ હોય. પ્રાર્થનામાં ભેદ, તો પરિણામે ભેદ થવાના અને પ્રાપ્તિ ફરી જવાની.

**પ્ર.૪૨૨ ભગવાને સંઘના પાયામાં કોને કોને રાખ્યા ? શાથી ? એકજ છે માટે ?**

ઉ. ભાવના, પરિણામ અને પ્રવૃત્તિ, આ ત્રણ ભિન્ન વસ્તુઓ છે, એ કહેવાઇ ગયું છે. ચૌદમે ગુણસ્થાનકે પહોંચવા જોગી પ્રવૃત્તિની તાકાત બીલકુલ નથી. ચૌદમે ગુણઠાણે પહોંચીએ તેવી દશાના તેવા પરિણામ પણ નથી થતા. સવારે રાઇ પ્રતિક્રમણ કરનારાઓ શું વિચારે છે ? ભગવાન્ શ્રી મહાવીરદેવે છ મહિનાનો તપ કર્યો. એ તપ છે ઉંચો, પણ થાય તેમ નથી. તાકાત નથી. પરિણામ પણ નથી. ભાવના જરૂર છે. ઉતરતે ઉતરતે જ્યાં સુધી તાકાત નથી ત્યાં સુધી આમ કહે : છ મહીનાનો તપ કરવાની ભાવના તો જરૂર કે હું પણ એ તપ કરૂં એવો વખત ક્યારે આવે પણ તાકાત નથી અને પરિણામ પણ તેવા થતા નથી. પરિણામ શક્તિને આધીન છે. પરિણામ પ્રકાશમાં આવે તે પ્રવૃત્તિ. સંસાર છોડવાની ભાવના છે કે છોડું, પણ એવા પરિણામ થતા નથી. જો જ્ઞાન થાય તો વ્યસની સમજે છે, કે વ્યસન ખરાબ છે, ભયંકર છે, વ્યસનની સામગ્રી ન મળતાં બેહાલ થાઉં છું. રોજ થાય છે કે છોડું તો સારૂં, પણ છોડું એવા પરિણામ થતા નથી. છુટી જાય તો સારૂં એ ભાવના છે. ખોટાને ખોટા તરીકે નહિ માનનારા જો ભણેલા કહેવાતા હોય તો

પણ તે ભણેલા નથી- કારણ કે તેમનું જ્ઞાન તે જ્ઞાન નથી પણ અજ્ઞાન છે. 'મૂકાય તો સારૂં' -ભાવના અને મૂકું -એ પરિણામ ! પરિણામ થયા બાદ કાર્ય. પરિણામ ચાલ્યા પણ જાય. માટે શાસ્ત્ર કહે છે કે શુભ પરિણામ આવે કે ઝટ કાર્ય કરો. શુભ પરિણામ દુર્લભ છે, માટે ઝટ અમલ કરો. પાપના પરિણામમાં વિચાર કર્યા વિના કદમ પણ ન ભરો અને શુભ પરિણામના અમલમાં વિલંબ ન કરો. ચોથા ગુણઠાણે પણ ભાવના તો ઉંચી : ભગવાને સંઘમાં ગૃહસ્થ અને સાધુનો યોગ સાથે કેમ રાખ્યો ? રીતિનીતિ તો ન્યારી છે. તમારૂં એક ગામ-અમારૂં કોઇ ગામ નહિ. તમારે ઘર છે-અમારે તે નથી, તમારે માથે પાઘડી અને અમારે તે નહિ. તમારામાં અને અમારામાં ભેદ છે, ખરો ને ! છતાં શાસનના ચાર અંગમાં તમે પણ ખરાને ? કારણ ? -ધ્યેય, પ્રાર્થના, ભાવના એકજ છે માટે.

**પ્ર.૪૨૩ તમારી ઇચ્છા શું ? તમે શું ઇચ્છો છો ?**

ઉ. અમો મોક્ષ ઇચ્છીએ છીએ અને તમે બીજું ઇચ્છો છો ? અમે અહિંસક ભાવને ઇચ્છીએ છીયે અને તમે હિંસકભાવ ઇચ્છો છો ? અમે સત્યવાદ ઇચ્છીએ છીએ અને તમે અસત્યવાદ ઇચ્છો છો ? અમે અચૌર્યભાવમાં રમીએ છીયે અને તમે ચોરી કરવા ઇચ્છો છો ? અમે સ્ત્રીસંગનો ત્યાગ ઇચ્છીએ છીયે અને તમે શું તેનો સંસર્ગ ઇચ્છો છો ? અમે નિર્ગ્રંથપણામાં માનીએ છીએ અને તમે પરિગ્રહપણું ઇચ્છો છો ? નહિજ. અહીં અત્યારે માત્ર ઇચ્છાની જ વાત ચાલે છે.

**પ્ર.૪૨૪ શેને ઢીલા કરવા માટે શું કરવાનું છે ? માટે કેવા બનો ?**

ઉ. બંધનને ઢીલા કરવા માટે ધૂનન કરવાનું છે : માટે ભાવનામાં, વિચારમાં ખૂબ મજબૂત બનો. મોહના મહેલના પાયાને મૂળમાંથી હલાવવાના છે. મોહમાં ફસી જે કાર્યવાહી કરો છો, તે કાપવાની છે : માટે આપણે પ્રાર્થનાનો વિચાર કરી રહ્યા છીએ.

**પ્ર.૪૨૫ જેની સલાહ લેવી હોય તે લો ? પણ સુખ ક્યાં છે ?**

ઉ. જની સલાહ લેવી હોય તેની સલાહ લો, જ્યાં વિશ્વાસ હોય ત્યાં પૂછો, અને સમજો કે "सुखं कुत्र वर्तते ?" સુખ ક્યાં છે ? અમને પણ તમે તોજ માનો, કે જ્યાં સુધી અમે ભગવાન્ શ્રી મહાવીરદેવના હોઇએ : એ ગેરંટી છે. અમને માનવા તમે બંધાયેલા નથી.

**પ્ર.૪૨૬ મિથ્યાત્વ કોને કહેલ છે ?**

ઉ. આજ્ઞાથી વિરૂદ્ધ બનેલી વ્યક્તિ પ્રત્યેના રાગને શ્રી જિનેશ્વરદેવના શાસનમાં મિથ્યાત્વ કહેલ છે.

**પ્ર.૪૨૭ તમારો અને અમારો યોગ ક્યારે ન બને ?**

ઉ. વ્યક્તિમાં રહેલી સદ્વસ્તુનો રાગ હોઇ શકે. જ્યાં એ વસ્તુ ન દેખાય ત્યાં રાગની જરૂરત નથી. બલ્કે ત્યાંનો ત્યાગજ હોય. ધ્યેય એક ન હોય તો તમારો અને અમારો યોગ બને ?

**પ્ર.૪૨૮ અમારી જય ક્યાં સુધી ?**

ઉ. जयवीयराय जगगुरु ! તારી જયમાં અમારી જય માટે, હે જગદ્ગુરૂ વીતરાગ ! તું જયવંત રહે. નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવથી તું જ્યાં સુધી જયવંતો, ત્યાં સુધી અમારી જય.

**પ્ર.૪૨૯ કયા ક્ષેત્રમાંથી મુક્તિ નથી ? શા માટે ?**

ઉ. તમારા કરતાં ઉંચા શરીરવાળા, ત્રણ ગાઉના શરીરવાળા, અસંખ્યાત વર્ષોના આયુષ્યવાળા, ત્રણ પલ્યોપમના આયુષ્યવાળા મનુષ્યો પણ અકર્મભૂમિમાં છે. છતાં તેઓની ત્યાંથી સીધી મુક્તિ થતી નથી, એનું કારણ ? ત્યાં વીતરાગ અને વીતરાગનું શાસન નથી માટે.

**પ્ર.૪૩૦ કોની જય બોલાવીએ અને કોની નહિ ?**

ઉ. જેની જયમાં આપણી જય તેની જય બોલાવીએ, દેવની, ગુરૂની, ધર્મની અને બહુ તો શાસનદેવની જય બોલાવીએ. પણ બીજાની નહિ.

**પ્ર.૪૩૧ જયવીયરાય બોલતા શું થવું જોઇએ ? પણ ક્યારે ? શું થઇ જાઓ છો એનું કારણ ?**

ઉ. જયવીયરાય બોલતાં ખરે હૃદયમાં ડુમો ભરાવો જોઇએ : પણ તે ક્યારે ભરાય ? વસ્તુ સમજાય તો ! ચલચિત્ત થઇ જાઓ છો તેનું કારણ ? ચિન્ત્વન કરતા નથી એજ.

**પ્ર.૪૩૨ જ્ઞાની ભગવંતોએ શ્રાવક કરણી કેવી ગોઠવી છે ? પણ લગભગ કરણી કેવી થયેલી છે ? કઇ રીતે ?**

ઉ. બાકી શ્રાવકની કરણી પણ જ્ઞાની પુરૂષોએ એવી ગોઠવી છે, એમાં એટલો બધો સમય નિયત કર્યો છે કે જો તેમ કરવામાં આવે તો આત્મા સંસારના કોઇ પણ પદાર્થ તરફ ઢળે નહિ. પણ કરણી લગભગ મૂકી દેવાઇ છે. ત્રિકાળ જિનપૂજનમાં એક કાલ આરાધો તેમાં પણ અધુરૂં.

**પ્ર.૪૩૩ પૂજાના ઉપકરણો વગેરે કેવા જોઇએ ? શાથી ?**

ઉ. પૂજાનાં ઉપકરણો પણ એવાં અનુપમ હોય કે જે જોઇ ઇતર પણ જોવા થંભે. પશ્ચિમના લોકો આબુ ઉપર શું જોવા આવે છે ? કોતરણી. પણ એ જોતાં, જોતાં કોને માટે આ કોતરણી કરાઇ, એ એમના હૃદયમાં વાસ કરી જાય છે. ભાવશુદ્ધિ માટે દ્રવ્યશુદ્ધિની બહુ જરૂર છે. દિવસે દિવસે સ્થિતિ વધે તેમ ઉપકરણો ઉત્તમ ઉત્તમ રાખવાં જોઇએ. વિચારો કે-અહીં જે મનોવૃત્તિ રહે છે, તે બજારમાં કેમ નથી રહેતી ? સ્થાન ફર્યું તેથી ? અહીં દ્રવ્યશુદ્ધિ છે. કોઇને ન થાય તે વાત જુદી. જ્યાં દ્રવ્યશુદ્ધિ ઉંચા પ્રકારની ત્યાં ભાવના પણ આ પ્રકારની થાય.

**પ્ર.૪૩૪ કુમારપાલ મહારાજા અષ્ટપ્રકારી પૂજા માટે કેટલો સમય કાઢતા ? શ્રીમંતોએ સામાયિક કરવા કેવી રીતે આવવું જોઇએ ? શાથી ?**

ઉ. મહારાજા કુમારપાલ મધ્યાહ્નકાલની પૂજા હરરોજ ત્રિભુવનપાલ વિહારના મંદીરમાં કરતા. ચતુરંગી સેના સાથે જતા. શ્રીમાનો તેમની ભેળા ભળતા, એમને પણ એમ થાય, કે મહારાજા કુમારપાલ જેવા આટલો આટલો સમય કાઢે, તો આપણે કેમ ન કાઢીએ ! મહારાજા

કુમારપાલ ઠાઠમાઠપૂર્વક અષ્ટપ્રકારી પૂજા કરતા. શાસ્ત્રમાં વિધિ છે, કે શ્રીમંત ઠાઠમાઠથી ઉપાશ્રયે સામાયિક કરવા આવે. ઋધ્ધિમાન ઋધ્ધિ લઇને આવે. સાહ્યબી સાથે આવે. જોનારાને થાય, કે શેઠ પણ સામાયિકનો વખત કાઢી સામાયિક કરવા જાય છે. બતાવવા માટે કાંઇ આ નથી, પણ એ ક્રિયાથી ઇતર આત્માને ભાવના જાગ્રત થાય, કે આટલી પ્રવૃત્તિમાં પણ આ શેઠ સામાયિક ભૂલતા નથી.

**પ્ર.૪૩૫ શું ન આવી જાય એની કાળજી રાખવાની ? ઉપદેશકે શું સાચવવાનું નહિ તો ?**

ઉ. અપ્રશસ્ત ગર્વ ન આવી જાય, તેની કાળજી રાખવી જોઇએ. પારકું ભલું કરતાં પોતાનું ઉંધું ન વાળે, એ બહુ સાચવવાનું છે. ઉપદેશકે પણ કલ્યાણની કામનાથી ઉપદેશ દેવો. કોઇને તે ન રૂચે એથી નારાજ નહિ થવું. ઉપદેશ એ અનુગ્રહ શિવાયની બીજી બુધ્ધિથી દેવાનો નથી, ખ્યાતિ, પૂજા, પ્રસિધ્ધિ માટે ઉપદેશ દે તો તે ધૂળ ઉપર લીંપણ જેવું છે.

**પ્ર.૪૩૬ મૈત્રી ભાવનાનું સ્વરૂપ લખતા શું કહ્યું છે ?**

ઉ. શ્રી જૈનશાસનમાં મૈત્રીભાવનાનું સ્વરૂપ લખતાં કહ્યું છે કેઃ-

**"परहितचिंता मैत्री"**

'પારકાના હિતની ચિંતા એ મૈત્રી ભાવના છે.' અમે તમને ઉપદેશ આપીએ કે આ ન ખાવું, તે ન પીવું તે શાથી ? અમે ન ખાઇએ અને તમે કેમ ખાઓ તેથી ? નહિ પણ કેવળ તમારા હિતને માટે.

**પ્ર.૪૩૭ તેર કાઠીયા ક્યાં સતાવે છે ?**

ઉ. શાસ્ત્રશ્રવણ દુર્લભ છે. તેર કાઠીયા ત્યાંએ સતાવે છે. ઘેરથી વ્યાખ્યાન શ્રવણ કરવા આવે, માનીને જ આવે કે મનુષ્ય જન્મ મળ્યો છે, દેવપૂજા, ગુરૂવંદન, વ્યાખ્યાનશ્રવણ, એ બધું થાય તેટલું ઉત્તમ છે, પણ પેલો મોહ ત્યાંએ પોતાના સુભટો મોકલે. મોહ વિચારે, કે ભાઇબંધ ભાવનાએ ચઢ્યા છે. પ્રયત્ન એવો કરો કે ત્યાંથી છટકે, આલસ વિગેરે કાઠીયાને તો દૂર કર્યા, પણ છેવટે વ્યાખ્યાનમાં પેલો માન કાઠીયો

આવીને ઉભો રહે. કહેતાં કહેતાં મુનિ કહે કે- 'તમે આવા.' તરત પેલો માન કાઠીયો ભાઇબંધને ઉશ્કેરે. તરત બોલે, કે સાધુનો આ આચાર ! આપણને આવા કહેનાર એ કોણ ? આવું શાથી બોલાય ? માનથી.

**પ્ર.૪૩૮ ધનાજીએ શાલિભદ્રને કેવા કહ્યા ? શાલિભદ્રે શું વિચાર કર્યો ?**

ઉ. ધનાજીએ શાલિભદ્રને કાયર કહ્યા હતા. શાલીભદ્રે એમ ન વિચાર્યું, કે મને કાયર કેમ કહ્યો ! કાયર છું માટે કાયર કહ્યો અને તે પણ મારી કાયરતા દૂર કરવા માટે ! મને કાયર કરવા માટે નહિ. મારામાં શૂરવીરતા આવે માટે મને કાયર કહ્યો, એમાં વાંધો શો ?

**પ્ર.૪૩૯ અહીં શું ? તમે કેવા બનો ? શાથી ?**

ઉ. અહીં શું ? મહારાજ કહે છે એ બધું ખરૂં, પંચ કહે તે માબાપ, પંચ પરમેશ્વર, પણ મારી ખીલી તો નજ ખસે. મહારાજ કહે તે ખરૂં પણ-પણ શું એ બોલો ? પણનો પાંચ મણીયો રાખો એ ન પાલવે. હું કહું છું કે મીઠા કરતાં કડવું સાંભળવાના વધુ રસીયા બનો. તમારી ખામી કહેનાર મળે ત્યારે તમારા ઉદ્ધારની તૈયારી થઇ એમ માનો. તમને સારા તો સૌ કહેશે. જેને તમારી ગરજ હોય તે કદી તેમને ખોટા કહે ? તમને કોઇ ખોડ ન બતાવે તો કયી તાકાત છે કે ખોડ જુઓ ! કોઇ દિવસ ખોડનો વિચાર કરો છો ? નિયમ કરો કે ખોડ જોવી. ખોડ જોવી નહિ, સાંભળવી નહિ, તો કલ્યાણ શી રીતે થાય ?

**પ્ર.૪૪૦ કોઇ ગામ જવું હોય તો ? અને અહીંયા શું ?**

ઉ. ગામ જવું હોય તો બધું પૂછો. ગાડી કયા ટાઇમે ઉપડશે, કયા પાટે આવશે, ટીકીટ ક્યાં મળે છે, પૈસા કેટલા, આ બધું નક્કી કરો, પણ અહીં કંઇજ નહિ. ગાડી પાંચને પાંચે ઉપડતી હોય તોયે ત્યાં ટાઇમ પહેલાં જઇને બેસો. ગાડી ટાઇમસર જ ઉપડે. કદાચ મીનીટ મોડું થાય. વહેલી તો ઉપડે જ નહિ, એવો મજેનો કાયદો છે તો વહેલા જઇ બેસો. ત્યાં સામાન્ય પટાવાળો કહે, કે કેમ અહીં ઉભા છો ? તો તરત કહે કે ભાઇશાબ ! આઘા ઉભા રહીએ ? સમજે છે કે દંડ થાય. અહીં જો સાધુ

કહે કે આ ભૂલ છે, ઠીક નથી તો ન ખમાય : સાધુ અમને ખોટા કહે ?

**પ્ર.૪૪૧ ભાષા સમિતિનો અર્થ શું ?**

ઉ. એમની ભાષાસમિતિ ક્યાં ગઇ ? ભાગ્યશાળી ! ભાષાસમિતિનો અર્થ સમજો. ઉન્માર્ગે જતી જનતાને જે શબ્દોથી રોકાય, તે શબ્દો બોલાય એજ ભાષાસમિતિ : પણ ઉન્માર્ગે જતા રોકવા નહિ અને મીઠું બોલવું, એ તો ભાષાસમિતિનો ભંગ છે.

**પ્ર.૪૪૨ કયા ટાઇમે મા શું કરે ?**

ઉ. છોકરો સાપને પકડવા જાય ત્યારે મા કેવી બૂમ મારે ? કારમી બૂમ મારે કે છોકરૂં ભડકી જાય. પટકાય પણ, હાથ મરડાય તો મરડાવા દે પણ બાલકને બચાવે. એ તો સમજો છો ને ? બચાવવાની ક્રિયાથી આપણું ચાલ્યું જાય કે રહે ?

**પ્ર.૪૪૩ ભય કોને નહિ ? અને કોને ભય હોય ?**

ઉ. અમારી દયા તમે ન ખાઓ. તમારા શ્રેયની ચિંતા કરી તમે આગળ ધપો. ગમે તેવા પ્રસંગે પણ ગભરાવ નહિ. ભય કોનો અને કોને ? હિંસા કરવી નથી, જુઠું બોલવું નથી, ચોરી કરવી નથી, સ્ત્રીસંગ કરવો નથી, પરિગ્રહ રાખવો નથી, તો પછી ભય શાનો ? ભય તો તેને કે જેને હિંસા કરવી હોય, કોઇને મારવા હોય, ઉંધુ ચતું બોલવું હોય, ગલ્લા ગેપ કરવા હોય, કોઇના ઘરમાં ઘુસવું હોય કે મારૂં તારૂં કરવું હોય. જેને કોઇનું ભુંડું કરવું નથી. એટલું જ નહિ પણ માત્ર ભલું જ કરવું છે, તેને ભય શો ? ભલું કરતાં છતાં પણ કદાચ આપત્તિ આવી પડે તો માનવું કે જરૂર પૂર્વે કાંઇ ન કરવાનું કર્યું હશે અને તેથી બંધાયેલ કર્મ ઉદયમાં આવ્યું હશે. તો તેથી ગભરાવાનું શું ? તે કર્મ ખપ્યું એટલો લાભ જ છે.

**પ્ર.૪૪૪ સુધર્મ ઇન્દ્રે ભગવાનને શું કહ્યું ? ભગવાને શું કહ્યું ? શાથી ?**

ઉ. સુધર્મા ઇંન્દ્રે ભગવાન્ શ્રી મહાવીરદેવને વિનંતિપૂર્વક કહ્યું હતું કે છદ્મસ્થકાલમાં આપને ભયંકર ઉપસર્ગો થવાના છે. તો અનુમતિ

આપો તો આપની સાથે રહું. ભગવાને કહ્યું, કે ઇંદ્ર એ કદી બન્યું નથી, બનતું નથી, બનવાનું નથી કે તીર્થંકરો કોઇના બળથી કેવળજ્ઞાન ઉપાર્જે. વાત પણ ખરી છે કે તેઓ તો પોતાના જ બળથી જ ઝૂઝે. શ્રી તીર્થંકરદેવો તો સઘળા અશુભ કર્મના ઉદયને પ્રસન્નતાથી ભોગવી લેવાને સજ્જ હોય છે. એમ ન હોય તો ગોવાળીયો ઉપદ્રવ કરી જાય ?

**પ્ર.૪૪૫ કેવલજ્ઞાન મેળવવામાં શું કરવું પડે ? ભગવાને ઉપસર્ગો કેવી રીતે વેઠ્યા ?**

ઉ. જેની આંખની ભ્રકુટી વાંકી થતાં ઇંદ્રોનાં સિંહાસનો કંપે, ભુવનો ઉથલપાથલ કરવાની જેમનામાં તાકાત છે, એમને ગોવાળીયો ઉપદ્રવ કરી જાય ? ગોવાળીયો કાનમાં ખીલા ઠોકી જાય ? તિર્યંચો કુતુહલ કરી જાય ? જેમની આંખનાં પોપચાં ઉંચાં થાય તો સામે ઉભા રહેવાની ઇંદ્રોની પણ તાકાત નથી એ પણ ધ્રુજે. જગત્‌નો નાશ અને રક્ષણ બેયનું બલ એમનામાં છે, પણ એ આત્મા એટલે પવિત્ર અને કરૂણામય બન્યો છે કે કોઇને હેરાન કરેજ નહિ. એતો એમ કહે છે, કે પૂર્વે જે જે કાર્યવાહી કરી છે. તે બધાનો બદલો ચૂકવવાનો છે. બધું બળ કેવળજ્ઞાન મેળવવામાં ખરચવાનું છે, નહિતો કેવળજ્ઞાન ક્યાં રસ્તામાં છે !

**પ્ર.૪૪૬ ભગવાનનો શું નિશ્ચય હતો ?**

ઉ. સાડા બાર વર્ષમાં ભગવાનને કેટલા ઉપસર્ગો ! પણ એનો નિશ્ચય હતો કે બળ કેવલજ્ઞાન ઉત્પન્ન કરવામાં વાપરવાનું છે-કોઇને ત્રાસ કરવામાં નહિ. બધાનું ભલું કરવામાં બલ વાપરવાનું છે-કોઇના ભૂંડામાં નહિ.

**પ્ર.૪૪૭ તમે શું ઇચ્છયું તો તમે કેવા છો ?**

ઉ. જો તમે બીજાનું ભુંડું ઇચ્છયું તો પહેલાં તમારૂં જ ભુંડું થવાનું. કદાચ દુનિયામાં જીત્યા તોયે આત્મદ્રષ્ટિએ હારેલા જ છો. હૃદયમાં કોઇના ભૂંડાની ભાવના પણ ન કરો. સર્વ સુખી થાઓ એજ ઇચ્છો.

દુશ્મનો પણ સુખી થાઓ. એમ ઇચ્છો. આ વાત જાત માટે છે.

**પ્ર.૪૪૮ જૈનશાસનની સમતા આદિમાં શું છે ? શાથી ?**

ઉ. સત્ય અને કલ્યાણકારી વસ્તુની રક્ષા માટે તો કરવા યોગ્ય સર્વ કરવાનું. આપણી સમતા ગાંડાની સમતા જેવી નથી. જૈનશાસનની સમતા, શાંતિ અને ક્ષમામાંએ ડહાપણ છે.

**પ્ર.૪૪૯ છોકરાની જીંદગી ક્યારે સુધરી જાય ?**

ઉ. છોકરાના ગુન્હાને જો માબાપ હસી કાઢે તો, શાસ્ત્ર, દુનિયા તથા નીતિકારો કહે છે કે એ માબાપ છોકરાનાં હિતૈષી નથી. છોકરો ચોરી કરીને આવે અને હાથ ફેરવે એ માબાપ છોકરાનાં હિતૈષી નથી. માબાપ તો કહે કે જ્યાંથી લાવ્યો ત્યાં મૂકી આવ, જેની ચીજ હોય તેને પાછી આપી આવ, માફી માગી આવ, કહી આવ કે મેં ચોરી કરી, હવે નહિ કરૂં. ફરી નહિ કરૂં એમ કહે તોજ ઘરમાં પેસ ! બસ આટલું થાય તો છોકરાની જીંદગી સુધરી જાય.

**પ્ર.૪૫૦ છોકરા પ્રત્યે શું હોવું જોઇએ ? પણ શું ન હોવું જોઇએ ? આજે શું છે ?**

ઉ. મા બાપ રૂપીઆની રૂપીંઆભાર ચીજ ખવરાવે, પણ છોકરો હઠ લે કે આપો તો ન આપે, રોવા દે, બાળકને એમ થવું જોઇએ કે માબાપ મારી ખોટી હઠને નહિ જ પોષે. પ્રેમ હોય પણ મોહ ન હોવો જોઇએ. જો કે આજનો તો પ્રેમ પણ મોહના ઘરનો છે. પ્રશંસા પાત્ર નથી. મારો બાલક મોક્ષમાર્ગે જાય અને પાપમાર્ગેથી અટકે એવું ક્યાં અને કેટલાં માબાપ ઇચ્છે છે ? તમારો પ્રેમ કેવો છે તે જાણું છું, ખેર ! પણ ત્યાંએ અનીતિ, જુઠ, પ્રપંચ તમારા બાળકને શીખવાડો, અગર તમારૂં બાળક તે તરફ જાય તો દરકાર ન કરો, તો કયી કોટિનાં મા બાપ કહેવાઓ ? આર્ય દેશ, કુળ, જાતિ, મહાવીરનું શાસન મળ્યું છે એ બધું વિચારો. અને તેને અનુસરતી કાર્યવાહી કરો.

**પ્ર.૪૫૧ શેમાં ખપી જવાય તો વાંધો નહિ ?**

ઉ. આ જીવનમાં એ નક્કી કરો કે શ્રી વીતરાગ અને વીતરાગના માર્ગની જયમાં જય જ. એ પ્રભુના માર્ગની રક્ષા કરતાં કાયા ખપી જાય તો પણ વાંધો નથી !(સભા. તાકાત હોય તો હુંકારો દેવાય ને !) તમારી સરલતા માટે ખૂશ થાઉં છું, કમતાકાત માટે પશ્ચાત્તાપ કરો. પશ્ચાત્તાપની અગ્નિમાં શિથિલતા બળીને ખાખ થઇ જશે, અને શૂરવીરતા આપોઆપ પેદા થશે.

**પ્ર.૪૫૨ તીર્થ શાથી નમસ્કાર કરાયેલું છે ?**

ઉ. તીર્થ હંમેશ જયવંતુ વર્તે છે-કારણ કે એમાં એક પણ અયોગ્ય વિચારને સ્થાન નથી, તેમજ એક પણ સદ્‌વિચારનો બહિષ્કાર નથી. એના સિદ્ધાંતો અનેક અપેક્ષાએ એવી રીતે સિદ્ધ થયા છે કે જેની સેવાથી નિયમા આત્મા નિર્મલ થયા વિના રહે નહિ : માટેજ એ શાશ્વત છે અને તેથીજ એની બીજી કોઇ ઉપમા નથી. એ અનુપમ છે અને એજ હેતુને લઇને સઘળા તીર્થપતિઓથી તે નમસ્કાર કરાયેલું છે.

**પ્ર.૪૫૩ શું પામ્યા બાદ શું થાય તો શું ગણાય ?**

ઉ. આવું તીર્થ પામ્યા, એ કાંઇ જેવું તેવું સદ્‌ભાગ્ય નથી. એ પામ્યા બાદ એનું પાલન કેમ અધિક પ્રકારે થઇ શકે, એ ચિંતા ન થાય તો ન પામેલા કરતાં પામેલા વધુ કમનશીબ ગણાય.

**પ્ર.૪૫૪ આત્મા સાથે શું કરવાનું રહ્યું ? શું કેવું ન હોવું જોઇએ ?**

ઉ. જ્ઞાનીએ કહેલી બધી વાતોનો વિચાર આત્મા સાથે એકાંતે કરવાનો રહ્યો. આત્મા પોતાની સાથે ઘટાવે તો જરૂર અમલ થાય. ક્રિયાઓ ઉપયોગહીન ન હોવી જોઇએ, પણ જીવતી-જાગતી હોવી જોઇએ. શબ્દો બોલાય ત્યારે ઇંદ્રિયો આડીઅવળી હોય, મોઢું ક્યાં હોય અને વચન ક્યાં જતાં હોય, આ સ્થિતિમાં વસ્તુ ન પમાય. જે પ્રાર્થનાસૂત્ર હંમેશાં બોલો તેમાંની વાતો તમને યાદ ન હોય ? તમે એ વાતોને વિચારો નહિ. મનન કરો નહિ અને કોઇ યાદ કરાવે તો ઉલટો ગુસ્સો થાય તો શું થાય ?

**પ્ર.૪૫૫ પરિણામ, પ્રવૃત્તિ વિના ભાવના હોય તો કેવી હોવી જોઇએ ?**

ઉ. મૂર્તિને શ્રી જિનેશ્વરદેવ કલ્પીને હમેશાં એ જિનેશ્વરદેવ સમક્ષ બોલીએ, પ્રાર્થના કરીએ અને પ્રાર્થેલી વસ્તુનું સ્મરણ પણ ન હોય, એટલું છતાં કોઇ સ્મરણ કરાવે તોયે કાંઇ કાંઇ થવા માંડે, એનું કારણ શું ? પ્રભુની મૂર્તિ સન્મુખ મુખ અને નેત્રો સ્થપાય અને શબ્દે શબ્દ હૃદયસ્થ કરી આજ્ઞા વિચારાય તો એ પ્રમાણે કરનાર આદમી મંદિરમાંથી બહાર નીકળે ત્યારે કેવો હોય ? એના વિચાર કેવા હોય ? ભલે પરિણામ, પ્રવૃત્તિ ન હોય પણ ભાવના તો જોઇએ ને ! પ્રવૃત્તિએ ન હોય, પરિણામે ન હોય, અને ભાવનાએ ન હોય ત્યારે હોય શું ? પ્રવૃત્તિ અને પરિણામ ન હોય, તે નિભાવાય, પણ ભાવના ન હોય એ કેમ નિભાવાય ? ભાવના થાય ત્યારે આત્મા એકાકાર થઇ જાય.

**પ્ર.૪૫૬ ઉત્તમ ભાવના વાળાથી શું થઇ જાય પણ હૈયું કેવું હોય ?**

ઉ. ઉત્તમ ભાવનાવાળાથી પાપ ક્રિયા થઇ પણ જાય પણ ત્યાં એ રાચેમાચે નહિ એ ક્રિયાની એ પ્રશંસા તો કરેજ નહિ. ચોવીસે કલાક હૃદય તો ડંખ્યા જ કરે.

**પ્ર.૪૫૭ ગૃહસ્થ સાધુનો યોગ શેને આભારી છે ?**

ઉ. ગૃહસ્થ અને સાધુની સ્થિતિ જુદીજ છે, પણ જે યોગ છે તે ભાવનાને આભારી છે. પ્રવૃત્તિ અને પરિણામ તો એક નહિ, પણ ભાવનાએ એક ન હોય તો મેળ મળે શી રીતે ? બે અલગ ચીજને જોડનાર કોઇ ચીજ જોઇએ કે નહિ ? કાગળ પર ટીકીટ ચોડવી હોય તોયે ગુંદર જોઇએ છે ને ! તમને અને અમને જોડનાર ભાવના ! તે ન હોય તો તમારે અમારે કાંઇ નાતજાતનો કે લેવડદેવડનો સંબંધ છે ? ભાવનાના યોગે આપણો સંયોગ ગોઠવાયો છે. જો ભાવના ખસી જાય તો કોઇ પણ ભોગે આપણા બેનો યોગ ન પાલવે. પ્રાર્થનાસૂત્રમાં એવી ગોઠવણી છે કે ત્યાં પ્રાર્થના કરી આવેલો અહીં એકતાન થયા વિના રહેજ નહિ. ધર્મ હૃદયમાં વસ્યા પછી, ધર્મ હૃદયમાં ઉતર્યા પછી બીજી ભાવનાઓ તો સ્વયં

નાશ પામે.

**પ્ર.૪૫૮ વાંધો શું છે ?**

ઉ. વાંધો એ છે કે વસ્તુનો ભાવ, જે પ્રમાણમાં હૃદયમાં ઉતરવો જોઇએ તે ઉતરતો નથી. કહેનારા કહે ખરા કે ધર્મ એજ શરણ, ધર્મ એજ આધાર, ધર્મ વિના જગત્માં બીજો આધાર નથી, પણ આ બધું પ્રાયઃ હોઠે રહે છે પણ હૈયે નથી ઉતરતું, એનીજ આ બધી વિટંબણા છે. ધર્મ વિના કોઇ સામગ્રી મળે નહિ, મળે તો ટકે નહિ, કદાચ ટકે તો તે સુખ આપતી નથી, માટે જીવતાંએ શરણ તો ધર્મજ અને મરતાંએ શરણ તો ધર્મજ એ સમજાય, એ બરાબર હૃદયમાં ઠસી જાય તો ધર્મ શિવાય બીજે જે પ્રેમ બંધાયો છે, તે બધો પ્રેમ ધર્મ તરફ ઢળે અને એમ બને તો આત્માની ઉચ્ચ દશા પ્રાપ્ત થાય.

**પ્ર.૪૫૯ શું થવું મુશ્કેલ ? શું ટકવું મુશ્કેલ ? માટે શું કરી લેવું ?**

ઉ. શુદ્ધ પરિણામ થવાએ મુશ્કેલ અને થાય તો ટકવા મુશ્કેલ, માટેજ શુદ્ધ પરિણામ થાય તો તરત તે પરિણામને અનુસરતી પ્રવૃત્તિ કરી દેવી.

**પ્ર.૪૬૦ પરમાત્મા બનવા માટે શું કરવું પડશે ?**

ઉ. બહિરાત્મા તથા અંતરાત્માના સ્વરૂપને સમજ્યા વિના પરમાત્મા શી રીતિએ બની શકાય ? બહિરાત્મ અવસ્થા મૂકવી નથી, અંતરાત્માવસ્થા પ્રાપ્ત કરવી નથી અને સીધું પરમાત્મા બનવું છે તે કેમ બનાય ? પરમાત્મા બનવા માટે તો બહિરાત્મદશા મૂકી અંતરાત્મદશા પ્રગટ કરવી પડશે. આત્માના ગુણોનો વિચારજ કરવામાં ન આવે ત્યાં થાય શું ?

**પ્ર.૪૬૧ આત્માના ગુણો પ્રગટ કરવા શું કરવાનું છે ?**

ઉ. આત્માના ગુણો કાંઇ બહારથી નથી લાવવાના, પણ છે તેને પ્રગટ કરવાના છે. એ પ્રગટ કરવાને બધા શુભ આલંબનો સેવવાનાં છે. અંતરાયભૂત વસ્તુઓથી આઘા રહેવાનું છે.

**પ્ર.૪૬૨ માટે શું ઉચિત નથી ?**

ઉ. ઉત્તમ આત્માઓને ઉત્તમ પરિણામ આવે તે પણ ક્વચિત્ અને તે પણ ચંચળતા માટે ઉત્તમ પરિણામ આવે ત્યાં ઉત્તમ પ્રવૃત્તિ કરવામાં વિલંબ કરવો એ આત્મકલ્યાણકાંક્ષી આત્માને માટે ઉચિત નથી.

**પ્ર.૪૬૩ ક્યારે આત્મા કેવો બને ? શાથી ?**

ઉ. વસ્તુ વસ્તુગતે જાણીએ અને સમજીએ તો ભાવના જીવતી જાગતી કેમ ન રહેવી જોઇએ ? પ્રાર્થનાસૂત્ર (જયવીયરાય) બોલતી વખતે આત્મા એકતાન બનવો જોઇએ. શ્રી જિનેશ્વરદેવ સમક્ષ બોલીએ છીયે, ત્યાં બોલીને ફરાય નહિ એટલું સમજવું જોઇએ; પ્રાર્થનાસૂત્ર બોલતી વખતે આટલી સાવચેતી હોય તો આત્મા કેવો અને કેટલો સુંદર બની શકે એ વિચારો.

**પ્ર.૪૬૪ મહાપુરૂષોને ક્યારે શું આવતું નહોતું ? શાથી ? શેમાં ઓતપ્રોત થયેલા હતા ? કોની જેમ ?**

ઉ. મહાપુરૂષોને પ્રાણાંત ઉપસર્ગોમાં પણ દુર્ભાવના ન્હોતી આવતી તેનું કારણ શું ? એ વિચાર્યું છે ? આ પ્રાર્થનાના ભાવથી તે મહર્ષિદેવો ઓતપ્રોત થયા હતા. રાજાના મારાઓ જ્યારે શ્રી ખંધક મુનિવરની ખાલ (ચામડી) ઉતારવા આવ્યા, ત્યારે તે મુનિવર આનંદ પામ્યા અને વિચાર્યું કેઃ-

"મુનિવર મનમાંહી આણંદ્યા, પરિષહ આવ્યો જાણી રે;
કર્મ ખપાવા અવસર આવો, ફરી નહિ આવે પ્રાણી રે.
અહો. ૧

એ તો વલીય સખાઇ મળીયો, ભાઇ થકી ભલેરોરે;
પ્રાણી કાયરપણું પરિહરજે, જેમ ન થાયે ભવફેરો રે.
અહો. ૨"

વિચારો, આ કેવી સુંદર વિચારણા છે ? કયી જાતની ભાવના છે ? ઉપસર્ગ કરનારને પણ ઉપકારી માનવા, એ જેવી તેવી ધીરતા

નથી. વધુમાં એ મહર્ષિ ફરમાવે છે કે-

"રાય સેવકને તવ કહે મુનિવર, કઠિન ફરસ મુજ કાયારે;
બાધા રખે તુમ હાથે થાયે, કહો તિમ રહીયે ભાયારે.
અહો. ૧"

**પ્ર.૪૬૫ ધીરતામાં શું છે ? એવું દુનિયામાં કાંઇ છે ? સાચો બળવાન કોણ ?**

ઉ. આ જાતિની ધીરતા ક્યારે આવે ? ચેતન અને જડનો વિવેક થાય ત્યારે. આ જાતની ધીરતામાં જેટલું બળ છે, તેટલું જગત્‌ની અન્ય કોઇ વસ્તુમાં નથી.જગત્‌માં સાચો બળવાન જ તે છે, કે જે આવા પ્રકારની ધીરતાને કેળવે.

**પ્ર.૪૬૬ ધર્મ શા માટે કરવાનો છે ?**

ઉ. નક્કી કરવું પડશે કે ધર્મ શા માટે કરવાનો ? શરીરથી છુટવા માટે કે શરીરની સાથે વળગી રહેવા ? સંસારની સાહ્યબી, એ ધર્મનું ધ્યેય છે કે સંસારથી મુક્તિ એ ધર્મનું ધ્યેય છે ? ખરેખર ખરી વાત તો એજ છે કે, આ બધા મહાત્માઓ પ્રાર્થનામાંના ભાવથી ઓતપ્રોત હતા.

**પ્ર.૪૬૭ તમે મંદિરમાં જયવીયરાય રોજ બોલો છતાં કેવા ? સંસારમાં કેવા ? સંસારમાં શું ? અહીં શું ? શાથી ?**

ઉ. મુદ્દો પ્રાર્થનાની એકતાનતાનો છે. રોજ જયવીયરાય બોલો, માગણીની હારમાળા ગોઠવો, પણ વસ્તુ તરફ પ્રેમ ન હોય, સદ્‌ભાવના ન હોય એ નભે ? માગણી તો ડાહ્યા વાણીયાની જેમ કરો છો. એ શબ્દો શ્રી ગણધર ભગવાને ગુંથેલા છે કેવી શાંતિથી, વિનયપૂર્વક અંજલિ કરીને માગો છો ! ત્યાંથી માગીને પછી અહીં (ગુરૂપાસે) આવો છો તે શા માટે ? એના અમલ માટે. અમલ ન થાય તો પશ્ચાત્તાપની અગ્નિ ચાલુ રહેવી જોઇએ. જે આત્મા પાપને પાપ તરીકે માને નહિ. પાપથી ધ્રુજે નહિ, પાપ કર્યે જાય અને પાપનો ભય નહિ, તે આત્મા મુક્ત કેવી રીતે થાય ? વ્યવહારમાં તમે જે કામ કરો છો, તેની તમને ચિંતા નથી

હોતી ? તમે આવા બુદ્ધિશાળી, લાખ્ખોનો વહીવટ કરનારા, છતાં મને એ થાય છે કે એ તમારી બુદ્ધિનો અહીં ઉપયોગ કેમ કરતા નથી ? ત્યાં ઇચ્છા છે, અહિં ઇચ્છા નથી, એમ છે ? ઇચ્છા નથી એમ ? કહેવું એ ભારે પડે છે, ઇચ્છા છે એમ કહેવામાંય પંચાત લાગે છે, ત્યારે છે શું ? પણે તો જે સમયે જે કામ નિયત થયાં હોય તે ટાઇમસર થયે જાય. અહીં તો એમ કહેવાય કે:- 'બને તેટલું કરીએ, થાય તેટલું કરીએ.' અને ત્યાં તો- 'આ કરવુંજ જોઇએ, આ કર્યા વિના તો ચાલેજ નહિ, છુટકો જ નહિ, વ્યવહારમાં રહીએ ને કર્યા વિના ચાલે ? ન કરીએ તો પોઝીશન ન રહે, શાખ રહે નહિ, આબરૂ રહે નહિ.' -આ બધું ત્યાં, પણ અહીં તો- 'બને તેટલું કરીએ, થાય તેટલું કરીએ.'

**પ્ર.૪૬૮ સાથે શું આવવાનું ? શેમાં ફેરફાર નથીને ?**

ઉ. પેલું બધું સાથે આવવાનું હશે કેમ ! સજ્ઝાયમાં તો બોલો છો કે પુણ્ય ને પાપ જ સાથે આવવાનું. ખરૂં ને ? જે વસ્તુ તમને આપવાનો પ્રયત્ન કરવામાં આવે છે, જે વસ્તુ તરફ તમને આકર્ષિત કરવામાં આવે છે, જે વસ્તુ તરફ તમારૂં ધ્યાન ખીંચવામાં આવે છે, તેમાં ફેરફાર હોય તો બોલો !

**પ્ર.૪૬૯ શાસ્ત્રે શ્રાવકને કેવા કહ્યા છે ? શાથી ?**

ઉ. શાસ્ત્રમાં શ્રાવકને સાધુનાં માબાપ કહ્યાં છે. શ્રાવકને માબાપ જેવા પણ કહ્યા છે અને સાપ જેવા પણ કહ્યા છે. તમે જો માબાપ બનો તો અમારૂં કામ થઇ જાય. માબાપ બનશો ? પણ જેઓને પોતાના છોકરાનાં માબાપ થતાં નથી આવડતું, તે સાધુઓનાં શી રીતે થશે ? મહાવ્રતધારીના માબાપ થવું એ સ્હેલું છે ? શ્રાવકો માબાપ જેવા થાય તો તો સાધુઓની બધી ચિંતા ટળી જાય, સાધુઓના સંયમની ચિંતા તેમને પેદા થાય. સાધુઓનું સંયમ કેમ વધે, કેમ ટકે, કેમ શુદ્ધ થાય, કેમ ફેલાય, એની ચિંતા શ્રાવકોજ કરે તો બાકી શી રહે ! વ્યવહારમાં દીકરો સારો કેમ થાય, લાખના ક્રોડ કેમ કરે, મોટરો કેમ ફેરવે, એ બધી ચિંતા

માબાપને થાય છે ને ! એમજ સાધુઓનાં સંયમ કેમ પળાય, કેમ વધે, કેમ જગત્માં તે સંયમનો ફેલાવો થાય. એ ચિંતા શ્રાવકો કરે એમાં અમને આનંદ કે દુઃખ ? માગણી કરૂં છું કે તમે તેવાં માબાપ બનો. તમે માબાપપણું મૂકી દીધું એની આ પંચાત છે. તમને આ વસ્તુ (તમારી પોતાની) લાગવી જોઇએ.

**પ્ર.૪૭૦ શ્રી જિનેશ્વરદેવનો સંયમ એટલે ?**

ઉ. શ્રી જિનેશ્વરદેવનો સંયમ એટલે આખા જગત્ને માટે શાંતિનો પયગામ, સુખનો ધોરી માર્ગ, દુઃખની જેમાં સંભાવના પણ નહિ, આ નાની સુની વાત છે ? શ્રી જિનેશ્વરદેવનો સંયમ જેના હાથમાં આવે તે અહિંસક બને, સત્યવાદી બને, કોઇની ચીજ ઉઠાવવાની ભાવનાથી મુક્ત બને, એનામાંથી વ્યભિચાર, અનાચાર, દુરાચાર નીકળી જાય, પૈસા ટકા સંસારના રંગરાગની મમતા છૂટતી જાય, એની ઉગ્રતા શમતી જાય, અક્કડતા ધીમી પડતી જાય, જાળ કપાતી જાય, લોભ નાશ પામતો જાય, પ્રપંચ ઇર્ષ્યા વિગેરે ટકવા ન પામે, કોઇના પર આળ મૂકતાં આત્મા કારમી રીતે કંપે. આત્મા પરનો સમ્યક્ પ્રકારનો કાબુ એટલે સંયમ ! ઇંદ્રિયો કાબુમાં આવે તે સંયમ !

**પ્ર.૪૭૧ શું કરતાં બનો ? વ્યાખ્યાન શ્રવણ શા માટે ?**

ઉ. વાસના અને ઇંદ્રિયો પર કાબુ મૂકનારો આત્મા જગત્ને ત્રાસ રૂપ હોય ! વાસના અને ઇંદ્રિયો પર કાપ મૂકો, શાસન સાથે ઓતપ્રોત થાઓ, તો ડગલે ડગલે જિનશાસનના ફુવારા છૂટે. વ્યાખ્યાન શ્રવણ પણ એટલા જ માટે કે આત્મા નાનામાં નાના જંતુની પણ હિંસા કરતો બચી જાય.

**પ્ર.૪૭૨ શું જોઇતું હોય તે દુનિયા માટે કેવા બને ?**

ઉ. અવ્યાબાધ પદ જેને જોઇતું હોય તે પોતે દુનિયા માટે અવ્યાબાધ બને. પોતે અવ્યાબાધ બને તે અવ્યાબાધ પદ મેળવે. જ્યાં વ્યાબાધા (પીડા) નથી તે સ્થાન અવ્યાબાધ પદ, જેને જોઇએ તેણે કેવા બનવું

જોઇએ ? એનાથી કોઇ પણ પ્રાણીને વ્યાબાધા (પીડા) ન થાય. એવા બને તે ત્યાં જાય. આમાં અશાંતિ હોય ? જગત્‌ના જીવો ઇંદ્રિયોની આધીનતામાં એટલા મજબૂત બન્યા છે, એ આધીનતાને એટલી કેળવી છે, કે છોડતાં ગભરામણ થાય છે. એ સંબંધ તોડાવવો હોય તો ધડાકો થાય. જેનું બંધન મજબૂત તેનો કડાકો મજબૂતઃ કડાકો મજબૂત તેમ ઘોંઘાટ મજબૂત : કડાકો ભયંકર થાય તો તણખા પણ ઝરે : બાજુમાં ઘાસ હોય તો સળગે પણ : બાજુમાં દારૂ કે ઘાસલેટના ડબા હોય તો શું થાય ? અનાદિનાં બંધનો તોડવાનો પ્રયત્ન ચાલે છે. બંધનમાં પડેલાંને ચિંતા થઇ પડી છે, કે બંધન તૂટે એ ઠીક નહિ : ત્યાં મમતા લાગી છે.

**પ્ર.૪૭૩ ભગવાન પાસે સાચા હૃદયથી શું પહેલું મંગાય ?**

ઉ. આપણે જયવીયરાયની માગણીમાં આવો. માગણીનું મૂળ કયું ? जय वीयराय ! जगगुरु, होउ ममं तुह पभावओ भयवं ! પછી શું ? ભવનિવ્વેઓ. પહેલું જ એ. ખરેખર શ્રી વીતરાગની પાસે સાચા હૃદયથી 'ભવનિવ્વેઓ' માગણી રૂપે ક્યારે બોલાય ? પહેલી આજ માગણી. કયો આત્મા કરી શકે ? ભવ એટલે શું ? ભવ એટલે સંસાર : આધિ, વ્યાધિ અને ઉપાધિનો પિંડ તે સંસાર. આધિ, વ્યાધિ અને ઉપાધિનું પોટલું તે સંસાર : આધિ એટલે માનસિક પીડા, વ્યાધિ એટલે શારીરિક પીડા, ઉપાધિ એટલે એ બેયની માતા. આ ગમે ? આધિ-વ્યાધિ ન જોઇતી હોય તો ઉપાધિ છોડવી પડે-ઉપાધિ છોડાય નહિ તો આધિ વ્યાધિ છૂટે નહિ અને ત્યાં સુધી સંસાર પણ છૂટે નહિ. આનાથી કંટાળ્યા હો તો ભવનિવ્વેઓ સાચા હૃદયથી મગાય. ઘરે, બજારમાં, સ્થળે એક એક આદમી એવો રાખો કે જે વખતો વખત તમારા કાનમાં આવાં બ્યૂગલ ફૂંકે. ખાતાં, પીતાં, સૂતાં, ઉઠતાં, બેસતાં, હરતાં, ફરતાં, ગમ્મત કરતાં, બધે કાનમાં આ બ્યૂગલો ફૂંક્યા કરે.

**પ્ર.૪૭૪ અમે કોણ ? અંતે તમે કોણ ?**

ઉ. અમે તો સાધુ. અમારી પાસે તમે કલાક બેકલાક આવો. એમાં એ તમારી દ્રષ્ટિ ઘડીઆળ તરફ. સ્હેજે ત્યાં દ્રષ્ટિ રહે. અંતે તમે કોણ ?

જવાનો નિર્ણય કરીને આવેલા આદમી. રહેવાનો નિર્ણય કરીને થોડાકજ આવો છો ! તમારી દ્રષ્ટિ ઘડીઆળ તરફેચ હોય. રસ આવે અને ઘડીઆળ તરફ દ્રષ્ટિ ન જાય તે વાત જૂદી પણ દ્રષ્ટિ ગઇ અને કાંટાને જરા આગળ ગયા દીઠા કે તમને એમ થાય કે હવે બંધ થાય તો ઠીક. કોઠીમાં અનાજ ભરવું હોય, તો મોઢું સીધું હોય તો ભરાય. વાંકે મોંઢે ભરાય ? તમારૂં મોઢું ઘડીઆળ તરફ, હું ઘાલું ક્યાં ? આ વાત વિચારવા જેવી છે. ઘરમાં, કુટુંબમાં, મિત્રોમાં ચોમેર આ સંસ્કાર ઘૂસવા જોઇએ.

**પ્ર.૪૭૫ પરિણામ સુંદર ક્યારે આવે ?**

ઉ. કોઇ તમને પૂછે કે શરીરે કેમ છે ? તો કહેજો કે જોની ભાઇ ! શરીરે ઠીક ન હોત તો નીકળત શાના, પૂછવાનું તે પૂછતો નથી અને બીજું પૂછે છે. તમારા આજના વ્યવહારો એવા ખોટા થયા છે, કે એ વ્યવહારે ભીંત ભૂલાવી દીધી. દીકરો બહારથી ઘેર આવે કે માબાપ પૂછે કે કેમ ભાઇ ! શું કરી આવ્યા ? કયી રીતે કમાઇ આવ્યા ? તમે વકરો ઘણો કર્યો છે, કમાણી કરી છે, તે જાણ્યું પણ કયી રીતે તે તો કહો. બાપાજી ડાહ્યા હોય તો કહી દે કે અનીતિથી કરેલી કમાણી તો મારી નાખનારી છે. એવી કમાણીના યોગે પાટલે બેસી મિષ્ટાન્ન ખાવા કરતાં જમીન પર બેસી સુક્કા રોટલા ખાવા મજાના છે. અમારા દીકરા થવું હોય તો હાથ જોડીને કહીએ છીએ, કે પાપ ન કરો, અન્યાય અનીતિ ન કરો, જૂઠ પ્રપંચાદિ ન કરો. આવી રીતે આ બધું મા દીકરીને કહે, બાપ દીકરાને કહે, ભાઇ ભાઇને કહે, દીકરો માબાપને કહે, પત્નિ પતિને કહે. પરસ્પર એક બીજાને કહે તો પરિણામ કેટલું સુંદર આવે ?

**પ્ર.૪૭૬ તમે કેવા છતાં તમારા ઘરમાં શું ન હોય ?**

ઉ. તમે ઘણા ઘણા સાધુઓના પરિચયમાં આવ્યાં છો, તમને જાતનો પણ અનુભવ છે. તમારી જાતનો અનુભવ પણ કહે છે કે આ બધાં બંધન છે. મને એ વિચાર થાય છે કે સાધુઓના પરિચયના ફળને, અરે તમારી જાતના અનુભવને પણ ઠોકરે મારી તમે તદ્દન આવા ભાનભૂલા

જેવા કેમ બન્યા છો, કેમ બનવા માંડ્યું છે, તે સમજાતું નથી. શામાટે આવું બધું કહેનારા તમારા ઘરમાં માણસો ન હોય ? એવા સંસ્કાર કેળવો.

**પ્ર.૪૭૭ યુગબાહુને કોણ ન મળ્યું હોત તો શું થાત ?**

ઉ. યુગબાહુ તરવારના ઘાથી મૂર્છિત થયા ત્યારે મદનરેખા ન મળી હોત તો શું થાત ! મોટા ભાઇ વિષયવાસનાને આધીન થયેલા, નાના ભાઇની પત્નિ પર કુદ્રષ્ટિ કરી નાના ભાઇને મારવાની પેરવીમાં પડેલા, સતીના શીયલને લુંટવાના ઇરાદાવાળા થયેલા : અને એ મહાસતી મદનરેખા પણ ભરયુવાનીએ ચઢતી, દુનિયા જેને વિષયનો સંયોગ કાળ કહે છે તે અવસ્થાવાળી, રાજકુળમાં ઉછરેલી, પેટમાં ગર્ભ છે, આ સંયોગોમાં મોટાભાઇએ નાનાભાઇને મારવાના ઇરાદાથી તરવાર મારી. મદનરેખા પોતાની જીંદગી જોખમમાં જુએ છે. જાણે છે કે પતિના મરણ બાદ શીલ લુંટવાનો. બળાત્કાર કરશે.

**પ્ર.૪૭૮ કહો, પતિની આ અવસ્થામાં મદનરેખાને શું થાય?**

ઉ. પણ, એ શ્રાવિકા હતી. શ્રી જિનેશ્વરદેવનો ધર્મ એને જચેલો હતો. સંસારના સ્વરૂપને એ સમજતી હતી. સતીપણાની એને કિંમત હતી. પત્નિની પતિ પ્રત્યેની ફરજ એ જાણતી હતી. પતિ ઘાયલ હતો. યુગબાહુ અત્યારે કષાયને ને આધીન થયેલ હતો : આંખો લાલ હતી : નક્કી મોટા ભાઇને મારી નાખું, એ એની ભાવના હતી. એવા વખતે બીજી પત્નિ હોય તો શું કહે ? મારૂં શું થશે ? તો તે વખતે પણે શું થાય ? આ તમારો ભાઇ જોયો ? એમ કહે તો ગુસ્સો બેવડો થાય. એ રૌદ્ર પરિણામે મરીને ક્યાં જાય ? મદનરેખા આ બધું જાણે છે. એ કહે છે કે- 'ક્ષત્રીય છો ! ક્ષત્રીયનો ધર્મ છે કે મરેલાને મારે નહિ. જેના પર તમે ગુસ્સો કરો છો, તે તો તેની પાપબુધ્ધિએ, એની પાપકાર્યવાહીથી મરેલોજ છે. મરેલા પર ગુસ્સો હોય ? સાચા ક્ષત્રીય હો તો ક્ષમા આપો. કહો કે તારૂં પણ કલ્યાણ થાઓ. અત્યાર સુધી જીંદગીમાં કરેલા એકે

એક પાપની આલોચના કરો. સમય ટુંકો છે : કાળ આવી લાગ્યો છે. ભાઇને**માર**વાના કે રાજ્યના આડાઅવળા વિચારો, તમને દુર્ગતિમાં લઇ જશે. પાપ કરનાર તો મરેલો પડ્યો છે : એને ક્ષમા આપો વીરતા હોય તો એનું પણ ભલું ઇચ્છો. ભાઇ પ્રત્યેના અત્યાર સુધી થયેલા દુષ્ટ વિચારોને કાઢી મૂકો, પ્રમાણિકપણે ભાઇનું ભલું ઇચ્છો, એની પણ માફી માગો, અરિહંત, સિદ્ધ, સાધુ અને શ્રી જિનેશ્વરદેવે કહેલા ધર્મનું શરણ લ્યો, ચારે આહારનો ત્યાગ કરો.' યુગબાહુ પલટાયો. એકદમ પલટાયો. હાથ જોડે છે : હૃદયથી નમે છે : વિચારે છે કે આવી પત્નિ ન મળી હોત તો મારી દશા શું થાત ? આ મહાસતી મદનરેખાએ, ભયંકર રૌદ્રધ્યાનમાં ચઢેલા પતિને એવો બનાવી મૂક્યો, કે એ મરીને પાંચમા દેવલોકે ગયો.

**પ્ર.૪૭૯ તમારે ત્યાં કેવી દશા છે તે વિચારો ? આવું કોઇ છે ?**

ઉ. તમારે ત્યાં છે કોઇ એવી સ્ત્રિયો ! એક અહીં છેડો વાળે, અને એક તહીં છેડો વાળે. આંખમાં પાણી લાવીને કહે કે અમારૂં શું થશે ? પેલો પથારીમાં પડેલો પણ એમ ન કહે કે જીવતાં સુધી મજુરી કરી, હવે તો જંપવા દો. મરવા પડેલો-પથારીમાં પડેલો, જો કોઇ ન રૂએ તો એમ વિચારે કે મારા માટે કોઇને લાગતું નથી, એટલે પેલાઓને ન લાગતું હોય તોયે લગાડવાનો ઢોંગ કરવો પડે. પાછળ રોનાર કૂટનાર છે, એમ રોતા જુએ તો મરનારને પણ શાંતિ વળે ! આ કેવી દુર્દશા છે. એ વિચારો.

**પ્ર.૪૮૦ મરનારે શું કહી દેવું જોઇએ ?**

ઉ. મરનારે કહી દેવું જોઇએ કે જીવ્યો ત્યાં સુધી મજુરી કરી, હવે દુનિયાની વાતો છોડી દો. એવું સંભળાવો કે મને કંઇ શુભ ભાવના જાગે. હું તમને ભલામણ કરૂં છું કે કુટુંબમાં આવા માણસો યોજો. સ્ત્રિયોને, બાળકોને આવાં બનાવો. એમનામાં આવા સંસ્કાર રેડો. એવી ભાવના પ્રેરો કે જે જીવતાંએ સમાધિ આપે અને મરતાંએ સમાધિ આપે. દુનિયામાં આપત્કાળ પણ આવે લાખોની મીલકતના સ્વામીને દુઃખદ

અવસ્થા ભોગવવાનો સમય પણ આવે. એ વખતે પણ આ સંસ્કાર હોય તો બધા કહે કે-હોય, પાપનો ઉદય છે. સમભાવે વેદવો જોઇએ. આવો ઉદ્‌ગાર કાઢનાર મેળવો. સારી સ્થિતિમાં ચિંતવે અને કહે કે આ બધું કંઇ કામનું નથી : ખરાબ વખતે સમજાવે કે પાપનો ઉદય છે. સાહ્યબી વખતે સમજાવે કે મુઝાવું નહિ. જીવતાં વારંવાર સમજાવે કે આરાધવાનું આરાધો. મરતાં સમજાવે કે મુંઝાઓ મા. આવું કહેનાર જોઇએ.

**પ્ર.૪૮૧ એ ક્યારે બને ? તમે કેવા બનશો ?**

ઉ. 'ભવનિવ્વેઓ' નક્કી થાય તોને ! ભવ તમને નથી ગમતો ? ભવ અને તમે, ત્યાં ન ગમે એ બને ? ભવ ન ગમે, તમને ? જે દિવસે ભવ નહિ ગમે, તે દિવસે દેવગુરૂ પ્રત્યે સાચી ભક્તિના ફુવારા ફુટશે. ભવની બહાર નીકળવાની ભાવના જાગશે, ત્યારે મનુષ્ય લોકમાં રહેવા છતાં દેવતા કહેવાશો.

**પ્ર.૪૮૨ દરદી શું સમજી જાય તો શું શું ન લાગે ?**

ઉ. દરદી સમજી જાય કે વૈદ પ્રમાણિક છે અને દવા જરુર વ્યાધિ કાઢનારી છે, તો પછી ગમે તેવા કડવા ઉકાળા પોતાના હાથે પી જાય, ગટગટાવી જાય. કોઇ કહે કે કડવી છે, તોય કહે કે જેવી છે તેવી પણ રોગ કાઢનારી છે માટે પીધા વિના ચાલે નહિ.

**પ્ર.૪૮૩ તમને પણ શું નક્કી થશે તો શું થશે ? શું જોઇએ ? નહિ તો શું થાય ?**

ઉ. તમને પણ 'ભવનિવ્વેઓ' નક્કી થશે, ત્યારે આ વાત કડવી નહિ લાગે. હૃદયમાં જે બીજું ભૂત ભરાણું છે, તે કાઢવા પ્રયત્ન કરવાનો છે. એ વાસના જાય તો ધાર્યું કામ થાય. કુટુંબને, સ્નેહીને એવાં બનાવો કે તમારા પર ચોકી રાખે, અંકુશ રાખે. જંગલી ઘોડા પર લગામ ઘાલ્યા વિના સ્વારી થાય ? જો સ્વારી કરે તો એ ઘોડો સ્વપરનાશક છે. સ્વારીને લાયક ઘોડો ક્યારે બને ? મોઢામાં ચોકઠું ઘુસે ત્યારે ! અંકુશ આવ્યો. તમારે પણ અંકુશ જોઇએ. બજારમાં જુઠું બોલો, અનીતિ કરો, કે તરત

તમારી સ્ત્રી તમને ઠપકો આપે, એવી સ્ત્રીને કેળવો. અરે સ્ત્રીને એવી બનાવો કે તમે કોઇને ઠગીને આવતા હો તો ઘરમાં જતાં જ તમારો પગ કંપે. તમને એમ થાય કે જો સ્ત્રીયે આ વાત જાણી હશે તો જરૂર તે ઉચિત શબ્દોમાં કહ્યા વિના રહેનાર નથી.

**પ્ર.૪૮૪ ધર્મિની વાણી વગેરે કેવા હોય ? કયું દ્રષ્ટાંત વિચારો ?**

ઉ. ધર્મિની વાણી, ભાવના, વિચારો, એવા હોય કે પાડોશીપર પણ એ સંસ્કારો પડે. પાડોશના આત્માઓ પણ ધર્મ પામે. શ્રી શાલિભદ્રજીના રબારીના ભવની વાત વિચારો. ખીરને માટે શાલિભદ્ર રૂએ છે, શાલિભદ્રની માતા રૂએ છે, એનું દુ:ખ પાડોશીઓને થાય છે. એ કહે છે કે અમારા સહવાસમાં તું રૂએ એ કેમ બને ? આતો આ લોકના દુ:ખની વાત છે.

**પ્ર.૪૮૫ કુટુંબમાં કયી સ્થિતિ ઉભી કરો ?**

ઉ. આપણે તો પરલોકના દુ:ખનો વિચાર કરવો છે. આ લોકનું તો સમજ્યા. કુટુંબમાં એ સ્થિતિ ઉભી કરો કે જે તમારા પરલોકની તપાસ રાખે.

**પ્ર.૪૮૬ પગમાં કાંટો વાગ્યો હોય તો તે કાઢવા કેટલું થાય ? અને આત્માને વિષે કાંટાઓની ચિંતા નહિ ?**

ઉ. પગમાં કાંટો વાગ્યો હોય તે કાઢવા કેટલું થાય ? સોય ઘાલે, ન નીકળે તો હજામને બોલાવે અને કઢાવે, કાંટો નીકળ્યા પછી દાબીને લોહી કાઢી નાખે અને પાક વિગેરે ન થાય તે માટે પથ્થરથી કુટે, ગરમ ગોળના ચપકા દે, વિગેરે. તમે ડામરની સડકો પર બૂટ પહેરી ફરનારા, એટલે તમને કાંટાની આ બધી વાતની ખબર ન હોય, પણ ગામડાવાળા જાણે. પૂછી જોજો શરીરમાં પેઠેલો કાંટો રહી જાય તો શરીર સડવે : પગ પાકે, શરીર સડે, કીડા પડે, વેદના ભોગવી મરી જવું પડે. આ સાડા ત્રણ મણના શરીરમાં એક કાંટો આટલું બધું કરે, ત્યારે આ આત્માને હિંસા, જૂઠ, ચોરી, વ્યભિચાર વિગેરે કાંટાઓ કાંઇ નહિ કરે ? શું ન કરે ? આ ભયંકર કાંટાઓની ચિંતા જ નહિ ? જરા તાવ આવે કે વૈદ્ય ડૉક્ટરની

દોડાદોડ, માબાપ કૂદાકૂદ કરી મૂકે. આ લાવો, તે લાવો, સારામાં સારો ડૉક્ટર લાવો. બીજી વાત નહિ. અને દીકરો જો અસત્ય આદિ દોષોથી દોષિત થઇને આવે તો શું ?

**પ્ર.૪૮૭ શું કયી રીતે બને એ કહો ?**

ઉ. સમ્યગ્દ્રષ્ટિ બનવું છે, નિર્ગ્રંથના અનુયાયી બનવું છે, વીતરાગના પૂજારી બનવું છે, પણ એક પણ વસ્તુને સમ્યક્ પ્રકારે વિચારવી નથી, ચાલતું હોય તે ચાલવા દેવું છે, એ કયી રીતે બને એ કહો.

**પ્ર.૪૮૮ શેમાં બેદરકાર છો ? મા બાપે દીકરાઓને શું કહેવું જોઇએ ?**

ઉ. આત્માને હાનિ કરનારાં ભયંકર વ્યસનો તરફ આટલા બધા બેદરકાર કેમ છો ? છોકરાં દુર્વ્યસની બને તો માબાપ ન રોકે ? ભલે આ લોકમાં છોકરાં ખુરશી પર બેસે, પણ પછી ? પરલોકમાં, મરીને ક્યાં જશે તેની ચિંતા નહિ કરવાની કેમ ? છોકરાઓએ બાપને કહેવું જોઇએ કે ઘણું કર્યું, હવે આત્મસાધન કરો. માબાપ પણ છોકરાને કહે કે અમે તો ફસ્યા, પાપમગ્ન બન્યા, પણ અમારો અનુભવ એ સૂચવે છે, કે એ અનુભવના અખતરા ન હોય. જે અટવીમાં પોતે ભૂલા પડ્યા, ત્યાંજ બચ્ચાંને ધકેલવા એ કેટલો ભયંકર જુલમ છે ! કેટલી ભયંકર ખરાબી છે !

**પ્ર.૪૮૯ શું કરવા પ્રયત્ન કરે એ કેવો કહેવાય ? એવું કોણ કરે ?**

ઉ. દોષથી બચવું છે, શાંતિ, સુખ, આનંદ જોઇએ છે, તે શી રીતે મળશે ? આપણે શાંતિ જોઇએ તો શાંતિનું પાલન કરવું પડે ને ! પારકાને દુઃખી કરવાની ભાવનાથી સુખી થવાય ? કોઇનું મોઢું કાળું કરવા ઇચ્છનારે હાથમાં કાદવ લીધો એટલે સામાનું મોઢું તો કાળું થશે ત્યારે થશે, પણ તે પહેલાં પોતાનું તો મન અને હાથ બન્નેય કાળા કરવા પડ્યા-એમાં તો જરાપણ શંકા નથી જ. સામો હુંશીયાર હોય તો ઠેઠ સુધી સામે જુએ અને એ વખતે મોઢું ફેરવી નાંખે તો બચી જાય. તો એવો

બેવકુફ કોણ હોય કે સામાનું મોં કાળું કરવા, કાળું થવાનું નક્કી નથી છતાં, પોતાના હૈયાને તથા હાથને કાળા કરે ! કોઇનું પણ કાળું કરવાની ભાવના હૈયામાં ન આવવી જોઇએ. સામાનું કાળું તો ભાગ્યને આધીન, સામો ભૂલે તો થાય. પણ પહેલાં પોતાનું તો કાળું થઇ જ જાય. સામાનું કાળું કરવાનો વિચાર આવે કે તરત પોતાનું તો બગડે.

**પ્ર.૪૯૦ જ્ઞાનીઓએ શું કહેલું છે ?**

ઉ. જ્ઞાની પુરૂષોએ બહુ બહુ શીખામણો દીધી છે. કોઇ તરફથી ખરાબ શબ્દ આવે તો ગુસ્સે ન થાઓ : જો એ કહે છે તે સાચું હોય તો તમે સુધારો કરો અને ખોટું હોય તો એની કિંમત ન આંકો.

**પ્ર.૪૯૧ શેના વિના શું થાય શી રીતે ?**

ઉ. મનુષ્યપણાની ભાવના નાશ પામી જાય ત્યાં જૈનત્વ આવે ક્યાંથી ? અને જૈનત્વ વિના ધૂનન થાય શી રીતે ?

**પ્ર.૪૯૨ શું ફેલાય તો આપોઆપ શું નાશ થાય ?**

ઉ. ધૂનન થાય ત્યારે તો બધું હાલે. સ્થિર જગ્યામાં એ ન ટકી શકાય તો ધરતીકંપ થાય ત્યાં શું થાય ? મજેના શાંત સ્થળમાં પણ મજબૂત ન રહી શકાય, તો પાયાનાં મૂળીયાં હાલે ત્યાં શું થાય ? ત્રણ લોકના નાથની પાસે જે જાતિની માગણી કરો છો, તેમાં એકતાન બનો. એ ભાવના, એ સંસ્કાર, ઘરમાં, કુટુંબમાં ફેલાય તો પાપ આપોઆપ નાશ થાય. આજે જ એ પાપ ચાલી જાય.

**પ્ર.૪૯૩ બધાય શું કહે ?**

ઉ. બધા એમજ કહે કે, જીંદગી નાની છે માટે પાપની જરૂર નથી. થોડું મળશે તો થોડું ખાઇશું, લુખું ખાઇશું. પણ પાપ નથી કરવું. સ્નેહી, માબાપ, શેઠ, નોકર બધા આમ કહે તો આત્મા-કોઇ કોઇ અપવાદરૂપ આત્માઓ બાદ કરતાં-અવશ્ય સુધરે. જમતાં સ્ત્રી પણ એજ કહે કે શા માટે પાપ કરો છો ? અનીતિ ન કરો, પ્રપંચ ન કરો, કાળાં ધોળાં ન કરો, મારે સાડી તથા અલંકાર ન જોઇએ. પાપમાં, પ્રપંચમાં પડી જીંદગી

ન બગાડો. પણ જેટલું મળે તેટલામાં સંતોષ માની પ્રભુના માર્ગની આરાધના કરી આત્મકલ્યાણ સાધો.

**પ્ર.૪૯૪ વિજય શેઠ વિજ્યા શેઠાણી કેવા હતા ?**

ઉ. વિજય શેઠ અને વિજ્યા શેઠાણી, એ દંપતીયુગલ કેવું પુણ્યવાન્. પુણ્યાનુબંધી પુણ્ય હોય તો એવો સુયોગ મળે ને ! વિજયશેઠને કૃષ્ણ પક્ષ માં શીયલ પાળવું એવો નિયમ હતો. ભવિતવ્યતાના યોગે પત્ની પણ એવી જ મળી કે જેને શુક્લ પક્ષમાં શીયલ પાળવું એવો નિયમ હતો. એ બેનો સંયોગ થયો એ બેનાં લગ્ન થયાં. વિજ્યા જ્યારે તૈયાર થઇ, પતિ પાસે ગઇ, ત્યારે વિજય શેઠ કહે છે કે:- 'મારે કૃષ્ણ પક્ષમાં શીલ પાળવું.' -એવો નિયમ છે અને તેના ત્રણ દિવસ બાકી છે, માટે મ્હારા નિયમમાં સહાયક થા. વિજ્યા શેઠાણી વિચારે છે, કે એમને ત્રણ દિવસ બાકી છે અને પછી મારે પન્દર દિવસ બાકી છે. પોતે ખિન્ન થાય છે. વિજય શેઠ ખિન્નતાનું કારણ પૂછે છે. કારણ જાણ્યા બાદ ખૂશી થાય છે. બેય પવિત્ર આત્મા છે. બેય પોતાને ધન્ય માની કહે છે, ભવતુ. સોનું અને સુગંધ મળ્યું. જોઇતું હતું ને વૈદે કહ્યું. ભાવના હતી તે ફળી. આમાં હાનિ શી ? અમારે બેયને સર્વદા સર્વથા બ્રહ્મચર્ય હો. બેયના વિચાર કયા ? વિષય ખરાબ છે, એમ બેય માનતાં હતાં માટે તો નિયમ લીધો હતો. સુયોગ મળ્યો એટલે માન્યું કે વિષયથી બચ્યા. નિર્ણય કર્યો કે અખંડ બ્રહ્મચારી રહેવું અને એ વાતની ખબર માતાપિતાને પડે કે ઘરબાર છોડી નીકળી જવું. બેયના આવી રીતના દરેક વાતમાં પુણ્ય વિચારો હોય એ ઘરસંસાર કેવો ચાલે !

**પ્ર.૪૯૫ રામાયણમાં શું વાત આવે છે ?**

ઉ. રામાયણમાં આવે છે કે ગાદી કોને આપવી, એનો રાજા દશરથને વિચાર થઇ પડ્યો હતો. કોઇ ગાદી લે નહિ. આજે ગાદી માટે શું થાય ? અરે ગાદીની વાત જવા દો ને ! પાશેર દુધ ઓછું વત્તું થાય તોય મારામારી. શ્રી જિનેશ્વરદેવના ત્યાગમાર્ગની છાયા નીચે, જે

પુણ્યાત્માઓ જીવે તે સ્થાનમાં ક્લેશ હોયજ નહિ.

**પ્ર.૪૯૬ શાલિભદ્રની માતની વાત વિચારો ? શું હતી ?**

ઉ.. શ્રી શાલિભદ્રજીની માતા, જ્યારે પેલો વેપારી સોળ રત્નકંબલ લાવ્યો ત્યારે કહે છે કે મારે વહુ બત્રીસ છે : તરત બત્રીસ ટુકડા કરી એકેક ટુકડો આપી દે છે. પોતાનું શું ? મોટું કોણ ? સાસુ કે વહુ ? સારી ચીજ પહેલું કોણ વાપરે ? સાસુ કે વહુ ? પણ કહેવાય છે કે આજની સાસુ તો ઘી દુધ પણ તાળામાં રાખે. છોકરો પોતાનો, સ્ત્રી પોતાના જ છોકરાની અને એનાથી ઘી દૂધ તાળામાં. પેલી વહુ પણ વિચારે કે લાગ આવવા દો, હાથમાં આવે ત્યારે પીવાય નહિ તો ઢોળી તો નાંખુજ. હાનિ થોડી : કજીયો ઘણો.

**પ્ર.૪૯૭ આ બધુ શાથી ?**

ઉ. આ બધું શાથી ? શ્રી જિનેશ્વરદેવના શાસનનો ત્યાગ અને પ્રભુમાર્ગને અનુસરતી ઉદારતા, પ્રેમ, વાત્સલ્ય નાશ પામ્યાં તેથી.

**પ્ર.૪૯૮ શાંતિ ક્યાંથી લવાય ?**

ઉ. તમે કહો છો, શાંતિ લાવો. ક્યાંથી લવાય ? જરા પણ ઉદારતા ન આવે, જરા પણ ત્યાગ ન રૂચે, તો શાંતિ આવે ક્યાંથી ? અશાંતિનાં કારણોથી શાંતિ મળે ? સાસુ એમ કહે, કે દીકરાની વહુ પહેલી તો ઝટ પેલી પણ પગે પડે કે ના, માજી, તમે પહેલાં હું પછી. આવડત જોઇએ, માણસાઇ જોઇએ, પણ આતો બધી ભાવનાજ જૂદી. શ્રી શાલિભદ્રજીની માતા બત્રીસની આટલી બધી ચિંતા કરતી હતી, તો બત્રીસે પણ એની મર્યાદામાં કેટલી રહેતી ! કેવલ સાસુજ નહિ, પણ માતા તરીકે માનતી અને પૂજતી.

**પ્ર.૪૯૯ શાલિભદ્રે દીક્ષાની રજા માગી તો શું થયું ? શાથી ?**

ઉ. જ્યારે શ્રી શાલિભદ્રે દીક્ષાની રજા માગી અને માતાએ હા કહી, ત્યારે બત્રીસમાંથી કોઇની તાકાત નહિ કે વચ્ચે બોલે. સમજે કે માતા જે કહે-કરે તે વ્યાજબીજ હોય.

**પ્ર.૫૦૦ પરિણામ સુંદર ક્યારે આવે ?**

ઉ. થોડી ઉદારતા કેળવાય, થોડો સદ્ભાવ રાખવામાં આવે, તો અપવાદ તરીકે કોઇ આત્મા અયોગ્ય હોય તેની વાત જુદી, બાકી પરિણામ ઘણુંજ સુંદર આવે.

**પ્ર.૫૦૧ ઉત્પાત ક્યારે થાય ?**

ઉ. શ્રી જિનેશ્વરદેવના માર્ગથી છેટા થવાય, ત્યાગને, ઉદારતાને વેગળી કરવામાં આવે, એટલે ઉત્પાત સિવાય બીજું શું થાય ?

**પ્ર.૫૦૨ બધી પંચાત ક્યારે મટે ?**

ઉ. માટેજ 'ભવનિવ્વેઓ'ની વાત કરીએ છીએ. હે પ્રભો ! અમે તારા સેવકપણાને યોગ્ય હોઇએ, તો ત્હારા પ્રભાવે અમને ભવ પ્રત્યે નિર્વેદ થાઓ. આ માગણી બરાબર હૃદયમાં ઉતરી જાય, ઠસે તો બધી પંચાત મટી જાય.

**પ્ર.૫૦૩ સંસારનો નિર્વેદ થાય એટલે ?**

ઉ. સંસારનો નિર્વેદ થાય એટલે બંગલાઓ કારાગાર લાગે, અલંકારો ભારભૂત લાગે અને ભોગ રોગ જેવા લાગે : સામાયિક લેતાં આનંદ આવે, પારતાં આંસુ આવે. વ્યાખ્યાન સાંભળતાં પ્રેમ થાય, ઉઠતાં મુંઝવણ થાય-પગ ન ચાલે.

**પ્ર.૫૦૪ જૈન શાસનનો સાચો આનંદ ક્યારે લૂંટાય ?**

ઉ. શ્રી જિનેશ્વરદેવના સાચા અનુયાયી બનો. શાંતિ જોઇતી હોય તો શાંતિના આપનાર બનો. કોઇના ભૂંડાની ભાવના ન રાખો. પારકાના ભલાની ભાવના રાખો. કોઇના ભલા માટે કોઇ યોગ્યને કાનપટ્ટી પકડીને પણ સમજાવવો પડે, તેમાં ગભરાઓ મા. વ્હાલામાં વ્હાલા દીકરાને એના ભલા માટે ધોલ મારવી પડે, તો માબાપ કોઇને પૂછે નહિ. એવી ધોલ લગાવી દે કે બાલકને પણ થાય કે આ માબાપ સામે આપણી અયોગ્ય કાર્યવાહી ચાલી શકે તેમ નથી. આટલું થાય તો જૈન શાસનનો સાચો આનંદ આજ લુંટી શકે.

**પ્ર.૫૦૫ ધૂનનની કાર્યવાહી સ્હેલી અને સુકર ક્યારે થાય ?**

ઉ. ધૂનન મૂળામાંથી કરવાનું છે. અનાદિકાળથી સંસારનાં જે મૂળીઆં મજબૂત થયેલાં છે, તેને મૂળમાંથી હલાવવાનાં છે. એ ધૂનન કરવું હોય તો એ ફરજ છે કે કરનારે તેમજ કરાવનારે એક ધ્યેય પર મક્કમ થવું જોઇએ. હંમેશાં શ્રી વીતરાગદેવ પાસે તમારી અને અમારી પ્રાર્થના કયી છે ? આપણે શું ઇચ્છીએ છીયે, શું માગીયે છીયે ? એ માગણીને અનુસરતી ભાવના થઇ જાય તો ધૂનનથી જે કાર્યવાહી કરવા માંગીયે છીયે, તે બહુ સ્હેલી અને સુકર થઇ જાય. કઠીનતા ન રહે.

**પ્ર.૫૦૬ ધૂનન એ શું છે ? પ્રવૃત્તિ પહેલા શું કેવી બનાવવી જોઇએ ?**

ઉ. અનાદિની વાસના પર કાપ મૂકવો, એને વર્જવી એ નાનું સુનું કામ છે ? ધૂનન તો કાર્ય છે. પ્રવૃત્તિ છે. પ્રવૃત્તિ પહેલાં ભાવના તો શુદ્ધ બનાવવી જ જોઇએ.

**પ્ર.૫૦૭ પ્રાર્થના એ શું છે ? કેવી બનાવવી જોઇએ ? કેવી થાય તો આત્મા ક્યાં ટકી શકે ?**

ઉ. ભાવના, પરિણામ અને પ્રવૃત્તિ એ ત્રણેનાં સ્વરૂપને ધ્યાનમાં રાખવાની જરૂર છે. પ્રાર્થના એ ભાવના રૂપની છે. પ્રાર્થના આત્મા સાથે એકાકાર થવી જોઇએઃ તોજ આત્મા શ્રી જિનેશ્વરદેવના માર્ગમાં ટકે, નહિ તો ખસી જાય.

**પ્ર.૫૦૮ શ્રાવકને પ્રાર્થના કેટલી વાર બોલવાનું વિધાન છે ? એ ન બોલાય તો એકવાર બોલાય ને ? કઇ રીતે ?**

ઉ. ચંચળ થવાનાં સાધનો એટલાં બધાં છે કે ટકી શકાય નહિ. વિધિપૂર્વક ત્રિકાળપૂજન વિગેરે વિગેરે શ્રાવકપણાની કરણી કરે તો સાત વાર ચૈત્યવંદન થાય પણ એ વાતને બાજુ રાખો, પણ એકવાર તો ચૈત્યવંદન થાય છે અને તેમાં પ્રાર્થના બોલાય છે ને ! એમાં એકવાર બોલવામાં. બોલનારનો આત્મા તો એકતાન થવો જોઇએ ને ?

**પ્ર.૫૦૯ પ્રાર્થના સૂત્ર ક્યારે કેટલા સૂત્ર પછી આવે ?**

ઉ. પ્રાર્થનાસૂત્ર (જયવીયરાય) તો આખા ચૈત્યવંદન બાદ છેલ્લું આવે છે. પહેલાં ઇરિયાવહિ, ચૈત્યવંદન, જંકિંચિ, નમુત્થુણં, જાવંતિ, ખમાસણા, ફેર જાવંત કેવી સાહુ, પછી સ્તવન જેમાં પ્રભુના ગુણગાન ને પોતાના દોષ પ્રકાશે, ત્યાર બાદ આ પ્રાર્થના સૂત્ર બોલે.

**પ્ર.૫૧૦ આત્માની દશા બોલતા કેવી બને ? અને શું વહેવું જોઇએ ?**

ઉ. આ બધામાં જે વસ્તુઓ યોજાઇ છે, તે બધી એવી તો અનુપમ છે, કે જો એ ભાવનાપૂર્વક બોલાય તો પ્રાર્થનાસૂત્ર વખતે એ આત્માની દશા એક બની જાય. પણ એ સમયે ભક્તિનાં પૂર વહેવાં જોઇએ.

**પ્ર.૫૧૧ લોકોક્તિ શું છે ? એની જેમ શું થાય ?**

ઉ. લોકોક્તિ છે કે ચંદ્રનાં દર્શનથી સાગરમાં કલ્લોલ આવે તેમજ શ્રી જિનચંદ્રના દર્શનથી હૃદયમાં ભક્તિસાગરના ઉછાળા આવવા જોઇએ.

**પ્ર.૫૧૨ જિનેશ્વરની ઓળખાણ માટે કયું સૂત્ર છે ? એમાં શું રાખ્યું નથી ?**

ઉ. એ શ્રી જિનેશ્વરદેવની ઓળખાણ માટે નમુત્થુણં (શક્રસ્તવ)માં એક એક વિશેષણ છે, તે વિચારાય તો આત્મા સમર્પાઇ જાય. શક્રસ્તવમાં પ્રભુની ઓળખાણ આપવામાં, સ્વરૂપ દર્શાવવામાં, હેતુ વિગેરે બતાવવામાં કમીના રાખી નથી.

**પ્ર.૫૧૩ આ બધા પછી કયું સૂત્ર આવે ? એની દૃઢતાથી શું થાય ? એનો વિચાર કેવો ?**

ઉ. આ બધું કર્યા પછી પ્રાર્થનાસૂત્ર આવે છે એમાંની માગણી સમજો તો આત્મા બહુ દૃઢ બની જાય અને દૃઢતા આવે તો ગબડી ન જવાય. ધૂનન પચે. આ બધી સ્થિતિ પ્રાપ્ત કરવા આ પ્રાર્થનાસૂત્ર પર જેટલો થાય તેટલો વિચાર કરવો જરૂરી છે.

**પ્ર.૫૧૪ શેમાં અમારૂં શું ? નહિ તો અમારી સ્થિતિ કેવી ?**

ઉ. હે ભગવન્ ! તારા જયમાં અમારો જય છે. તારા અભાવમાં અમારી દુર્દશા છે. તું ન મળે તો અમારી હાલત કફોડી.

**પ્ર.૫૧૫ કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજા શું કહે છે ?**

**આ પ્રમાણે માનનાર કેવો થાય ?**

ઉ. કલિકાલસર્વજ્ઞ ભગવાન્ શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજા તો શ્રી વીતરાગસ્તોત્રમાં ત્યાં સુધી કહે છે કેઃ-

**"यत्रारुपेतापि कालेन, त्वद्भक्तेः फलमाप्यते ।**
**कलिकालः स एकोऽस्तु, कृतं कृतयुगादिभिः ।।१।।"**

'હે વીતરાગ ! જે કાલમાં થોડા પણ સમયમાં તારી ભક્તિનું ફલ મેળવી શકાય છે, તે એક કલિકાલ હો : અમારે કૃતયુગાદિથી સર્યું.' આ પ્રમાણે માનનાર આત્મા પ્રાર્થનામાં કેવો એકાકાર થાય, એ વિચારો.

**પ્ર.૫૧૬ શ્રી આનંદઘનજી મહારાજાએ શું કહ્યું છે ?**

ઉ. શ્રી આનંદઘનજીએ કહ્યું કેઃ-

"ચિત્ત પ્રસન્નેરે પૂજન ફલ કહ્યું રે,
પૂજા અખંડિત એહ;
કપટરહિત થઇ આતમ અરપણોરે,
આનંદઘન પદ રેહ. ।।૧।।"

કપટરહિતપણે આત્મા અર્પાય ત્યાં ખરી ભક્તિ છે. જ્યાં કપટ અને પ્રપંચ હોય ત્યાં સમર્પણજ ન હોય. સમર્પણ થશે ત્યારે સાચી ભક્તિ થશે. એ નક્કી થવું જોઇએ કે મારૂં સઘળુ સુખ, શાંતિ, આબાદી, પ્રભુની આજ્ઞાના પાલનમાંજ સમાયેલી છે.

**પ્ર.૫૧૭ પહેલી માંગણી ભવનિર્વેદની કેમ ?**

ઉ. "होउ ममं तुह पभावओ, भयवं ! भवनिव्वेओ" હે ભગવન્ ! તારા પ્રભાવથી હો. તારો પ્રભાવ મારામાં પડી શકતો હોય, તારો પ્રભાવ ઝીલવાની મારામાં લાયકાત આવી હોય, હું લાયક બન્યો હોઉં, તો હે ભગવન્ ! ત્હારા પ્રભાવથી મને ભવનો નિર્વેદ થાઓ. પ્રભાવ તો પ્રભુમાં ઘણોએ છે, પણ સામાની એ લાયકાત તો જોઇએ ને ! દાતાર તો ઘણુંએ દે પણ હાથ કાણા હોય તો ? શ્રી જિનેશ્વરદેવે તો એટલું બધું

દીધું અને મૂર્તિરૂપે એટલું બધું દે છે, કે એવો દાતાર જગત્માં બીજો છે કોણ ? એ તો એજ દે. લેનાર યોગ્ય જોઇએ, લેનારમાં લેવાની તાકાત જોઇએ, લઇને પણ પચાવવાની શક્તિ જોઇએ. એ ન હોય તો ત્યાં દાતારનો શું દોષ ? પહેલી જ માગણી, ભવનિવ્વેઓ, ભવનો નિર્વેદ. પહેલી માગણી મજબૂત થાય તો, આગળનું બધું આવે, પણ પહેલી માગણીમાંજ પોલ હોય તો ? હે ભગવન્ ! મારો આત્મા ભવમાં એવો લીન છે કે એક પણ વાત વાસ્તવિકપણે હૃદયમાં ઉતરતી નથી. ભવની આસક્તિમાં પડેલો આત્મા નિર્વિણ્ણ ન થાય, ત્યાં સુધી એ મોક્ષ માટે પ્રયત્ન કરી નથી શકતો. એ વિના આગળની બધી વાતો ઉતરી શકતી નથી.

**પ્ર.૫૧૮ આ આત્મા કેવો છે ? એમાં કોણ શું ફરમાવે છે ?**

ઉ. આ આત્માજ સંસારરૂપ અને એજ મોક્ષરૂપ છે. કલિકાલ સર્વજ્ઞ ભગવાન શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ ફરમાવે છે કે-

આ આત્મા પોતેજ સંસાર છે અને પોતેજ મોક્ષ છે.

પંડિત પુરૂષો કહે છે કે કષાયો અને ઇંદ્રિયોથી જીતાઇ ગયેલો આત્મા સંસારરૂપ છે અને કષાય તથા ઇંદ્રિયો ઉપર જીવ મેળવનારો આત્મા મોક્ષરૂપ છે.

**પ્ર.૫૧૯ વાત પણ કેવી છે ? સંસારમાં પણ ક્યારે જીવને આનંદ નથી આવતો ? તેમ જ્ઞાનીની વાતમાં શું ?**

ઉ. વાત પણ ખરી છે કે, જ્યાં સુધી સંસારપર નિર્વેદ નથી ત્યાં સુધી મોક્ષની ક્રિયામાં મોક્ષના અનુષ્ઠાનમાં આનંદ ક્યી રીતે આવે ? કૈંક લોકો કહે છે કે, મંદિર અને ઉપાશ્રયની ક્રિયામાં અમને આનંદ નથી આવતો. પણ આનંદ આવે ક્યાંથી ? સંસાર પ્રત્યે નિર્વેદ ભાવ હોય તો અહીં આનંદ આવે ને ! શરીર સુસ્ત હોય, મોઢામાં મોળ છુટતી હોય, માથું દુઃખતું હોય, કળતર થતી હોય, પથારીયે પટકાયેલ હોય, તે લગ્નોત્સવ જુએ શી રીતે ! વરઘોડાનાં વાજાં વાગે તે સાંભળે તોયે

અકળાય અને બોલી જાય કે મને જપવા દો. તમે તમારે કરતા હોય તે કરો, પણ મને પડી રહેવા દો. તેમ સંસાર પ્રત્યે નિર્વેદભાવ આવ્યા વિના અહીં પણ એમજ કહે કે સાધુ તો કહે અને જ્ઞાની કહી ગયા એ બધી વાત ખરી પણ આપણાથી થાય ?

**પ્ર.૫૨૦ ભવનિર્વેદ પહેલો શાથી કહ્યો ?**

ઉ. આટલાજ કારણ માટે પહેલી માંગણી એ છે કે, હે ભગવન્ ! તારો પ્રભાવ હોય, તારો પ્રભાવ હું ઝીલી શકતો હોઉં, તારો પ્રભાવ મારા આત્માને સ્પર્શી શકતો હોય, મારામાં એ યોગ્યતા હોય, તો હે ભગવન્ તારા પ્રભાવની રૂઇએ હું માગું છું કે મને ભવનો નિર્વેદ હો. આ સૂત્રના કહેનારે અને રચનારે ધ્યાન કરી જોયું, કે જ્યાં સુધી આ વસ્તુ આવે નહિ ત્યાં સુધી મોક્ષનું સાચું અર્થિપણું જાગે નહિ.

**પ્ર.૫૨૧ કલિકાલસર્વજ્ઞ આચાર્ય ભગવંત શું કહે છે ?**

ઉ. કલિકાલસર્વજ્ઞ ભગવાન્ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ પણ 'શ્રી જયવીયરાય' નામના પ્રાર્થનાસૂત્રનું વિવરણ કરતાં લખે છે કે:-

"भवतु जायतां xx मम xx तव प्रभावतः तव सामर्थ्येन भगवन् ! xxभवनिर्वेदः संसार-निर्वेद नहि भवाद निर्विण्णो मोक्षाय यतते, अनिर्विण्णस्य तत्प्रतिबन्धोन्मोक्षे यत्नोऽडयत्न एव निर्जीवक्रियातुल्यत्वात् ।"

'હે ભગવન્ ! મને તારા પ્રભાવથી-તારા સામર્થ્યથી સંસાર પ્રત્યે નિર્વેદ થાવ, કારણ કે સંસારથી નિર્વેદને નહિ પામેલો મોક્ષ માટે યત્ન કરતો નથી. સંસારથી નિર્વેદ નહિ પામેલા આત્માને સંસારનો પ્રતિબંધ હોવાથી તેનો મોક્ષમાં જે યત્ન છે તે નિર્જીવ ક્રિયાતુલ્ય હોવાથી વસ્તુત: અયત્નજ છે.'

**પ્ર.૫૨૨ આ પ્રાર્થનાસૂત્ર શું સમજાવે છે ? આ વાત ઉપરથી કાંઇ સમજાય છે ?**

ઉ. સમજાય છે ? 'સંસાર ઉપર નિર્વેદ ન આવે ત્યાં સુધી મોક્ષ

માટે સાચો પ્રયત્ન જ નથી થતો. સંસારનો રાગ એ ભયંકર રોગ છે અને એ રાગની પ્રશંસા અને પુષ્ટિ કરનારા ત્યાગીયો, એ વસ્તુતઃ ત્યાગીઓ જ નથી.' આ વાત સમજવામાં હવે કંશી પણ હરકત આવે તેમ છે ! 'ત્યાગીના વેશમાં રહીને ધર્મના બ્હાને આરંભસમારંભના શિક્ષણ દ્વારા આત્મનાશક ઉન્માર્ગે ચઢાવનારા, એ વસ્તુતઃ ત્યાગી નથી.' -આ વાત તમને પ્રાર્થનાસૂત્ર સમજાવે છે. જેમ જેમ વિચારશો તેમ તેમ તમને આ પ્રાર્થનાસૂત્રમાંથી ઘણું ઘણું મળશે.

**પ્ર.૫૨૩ અપુનર્બંધક માર્ગાનુસારિપણાના વર્ણનમાં શું આવે છે ?**

ઉ. મિથ્યાદ્રષ્ટિ અવસ્થાના અપુનર્બંધક માર્ગાનુસારિપણાના વર્ણનમાં પણ એ વસ્તુ આવે છે, કે તે આત્મા પણ ભયંકર સંસાર પ્રત્યે બહુમાનવાળો ન હોય.

**પ્ર.૫૨૪ સમ્યગ્દ્રષ્ટિ કેવો ન જ હોય ? સમકીત નહિ પામેલા ને શું થયા કરે ?**

ઉ. સમ્યગ્દ્રષ્ટિ આત્મા તો સંસાર પ્રત્યે રૂચિવાળો નજ હોય, પણ સમ્યક્ત્વને નહિ પામેલા માર્ગાનુસારી આત્માને પણ એમ થયા કરે કેઃ- 'જરૂર સંસાર ભયંકર છે, વિકટ છે, ડગલે ને પગલે ભયંકરતા પ્રત્યક્ષ દેખાય છે, મને સત્ય ધર્મની પ્રાપ્તિ ક્યારે થાય ?'

**પ્ર.૫૨૫ મિથ્યાત્વમાં બેઠેલો આત્મા શેમાં વધતો વધતો કયી ભાવના અને વિચારવાળો હોય ?**

ઉ. મિથ્યાત્વમાં બેઠેલો આત્મા પણ ઉત્તમ વિચારોમાં વધતો વધતો એટલો બધો મધ્યસ્થ બને કે શાસ્ત્રગહન છે અને મતિ તો અલ્પ છે, શાસ્ત્રમાં આપણી ચાંચ ખુંચે તેમ નથી, માટે શિષ્ટ પુરૂષો કહે એજ પ્રમાણ હોય. આ ભાવનાવાળો, આ વિચારવાળો પછી એમ ન કહે કે મને આમ લાગે છે, અને મને તેમ લાગે છે. એ તો એમજ કહે, કે મારી મતિ ક્યાં ને આ ગહન શાસ્ત્ર ક્યાં ? મતિ અલ્પ છે માટે શાસ્ત્ર સમજવું કઠીન છે. માટે શિષ્ટ પુરૂષો કહે તેને પ્રમાણ રાખે છે. મતિ અલ્પ હોવાને લઇને

શાસ્ત્રની ગહનતા ન સમજી શકાવાથી મતિને આઘી મૂકી શિષ્ટ પુરૂષોનું કહેલું પ્રમાણ કરે. અર્થાત્ તે માને કે જ્ઞાનીનું કહેલું બુદ્ધિમાં ભાસતું નથી, માટે બુદ્ધિ મુજબ દોડવું કામ નહિ લાગે, પણ શિષ્ટ મહાજનો કહે તે બુદ્ધિમાં ઉતારવા પ્રયત્ન કરવો પડશે.

**પ્ર.૫૨૬ આ ધર્મ કેવો છે ? સામાન્ય બુધ્ધિથી ગ્રાહ્ય છે કે પર છે ?**

ઉ. જે વસ્તુ અનંતજ્ઞાનીયોએ કહી, તે સામાન્ય બુદ્ધિથી સર્વ પ્રકારે ગ્રાહ્ય હોય ? તીર્થંકરદેવો પણ કેવળજ્ઞાન થવા પૂર્વે ધર્મ તીર્થની સ્થાપના કરતા નથી. કેવળજ્ઞાન પેદા કરી, અનંતી શક્તિ મેળવી, ત્રણે જગત્‌ના અને ત્રણે કાલના સઘળા પદાર્થો-સઘળા પર્યાયોને સાથે એકી સમયે જોયા અને જાણ્યા પછી ધર્મતીર્થની સ્થાપના કરે.. હવે આ ધર્મ, સામાન્ય બુદ્ધિથી સર્વ પ્રકારે ગ્રાહ્ય હોય તે બને ? ધર્મ એ સામાન્ય બુદ્ધિથી પર વસ્તુ છે, તેમાં સમાઇ જાય તેવો નથી.

**પ્ર.૫૨૭ ઇન્દ્રભૂતિજી ક્યાંથી ક્યાં કેવી રીતે આવ્યા ? અને ક્યાં પલ્ટો થયો ?**

ઉ. શ્રી ઇંદ્રભૂતિજી ભગવાન્ શ્રી મહાવીરદેવ પાસે સમસરણમાં આવ્યા. જ્યાંથી નીકળ્યા ત્યાંથી તો પરિપૂર્ણ અભિમાનના યોગે નીકળ્યા હતા. એમના પાંચસે શિષ્યો ઉત્તમ બીરૂદાવળી બોલતા હતા અને એ સાંભળીને શ્રી ઇંદ્રભૂતિજી પોતામાં જે ન હતું તે માનીને ચાલ્યા આવતા હતા. સમવસરણમાં બેઠેલા ભગવાન્ શ્રી મહાવીરદેવને જોયા કે તરત પલટો થયો. ઇંદ્રભૂતિ મુંઝાયા. મનમાં થયું કે- 'હું ધારૂં છું તેવી આ વ્યક્તિ નથી.' અનેક પ્રકારના વિચારોને અંતે તેઓએ નિર્ણિત કર્યું કે અન્ય કોઇ નથી પણ સકલદોષરહિત અને સર્વગુણસંપન્ન એવા છેલ્લા તીર્થપતિ છે. આ રીતિએ તે મહાપુરૂષને શાસ્ત્રનું વાંચન ફળ્યું.

**પ્ર.૫૨૮ શું લાગ્યા પછી શું સ્વીકાર્યું ? કેવું ?**

ઉ. બસ, અરિહંત છે એવી ખાત્રી થઇ અને પરિણામે શિષ્યત્વ સ્વીકાર્યું અને સ્વીકાર્યું કે તે પછી કદી પણ સામે મસ્તક ઉંચું નથી કર્યું.

સર્વસ્વ એ તારકના ચરણે જ ધરી દીધું અને એજ પોતાનો એક આદર્શ બનાવ્યો. કે- "तमेव सच्चं निस्संकं जं जिणे हिं पवेइयं" તે જ સાચું અને શંકા વિનાનું, કે જે શ્રી જિનેશ્વરદેવોએ પ્રવેદ્યું.

**પ્ર.૫૨૯ ઇન્દ્રભૂતિજીએ બુધ્ધિનો ઉપયોગ શેમાં કર્યો ? અને એનાથી સંઘ માટે એ વાત શેમાં ગુંથી છે ?**

ઉ. તે પુણ્ય પુરૂષોએ પોતાની બુદ્ધિનો ઉપયોગ શ્રી તીર્થંકર દેવના કથનને ઝીલવામાં અને ગુંથવામાં કર્યો છે. પ્રભુના કથન દ્વારા વસ્તુને વસ્તુરૂપે સમજી, તે સમજેલી વસ્તુને જ શ્રીસંઘ માટે દ્વાદશાંગીમાં ગુંથી છે.

**પ્ર.૫૩૦ આ વાત કોને કહેલી છે ?**

ઉ. આ વસ્તુને વર્ણવતાં શ્રુતકેવલી ભગવાન્ શ્રી ભદ્રબાહુ સ્વામિજી કહે છે કેઃ-

**"तव-नियम-नाणरुक्खं, आरुढो केवली अभियनाणी ।**
**तो मुपइ नाणबुट्ठिं, भवियजण विबोहणट्ठाए ।।१।।**
**तं बुद्धिमयेण पडेण, गणहरा गिण्हिउं निरवसेसं ।**
**तित्थरभासियाइ, गंथंति तओ पवयणट्ठा ।"**

'તપઃ નિયમ અને જ્ઞાનરૂપ વૃક્ષ ઉપર આરૂઢ થઇને અમિત જ્ઞાની શ્રી કેવલજ્ઞાની ભગવાન્ ભવ્ય જીવોના બોધ માટે જ્ઞાનરૂપ પુષ્પોની વૃષ્ટિને કરે છે.તેને સંપૂર્ણ બુદ્ધિમય પટ્ટ દ્વારા ગ્રહણ કરીને શ્રી ગણધરદેવો તે શ્રી તીર્થંકરદેવના કથનરૂપ પુષ્પોને પ્રવચન માટે ગુંથે છે.'

**પ્ર.૫૩૧ પોતાની બુધ્ધિને કોની આગળ કેવી સમજે છે ?**

ઉ. આ રીતિએ પ્રભુના કથનમાંજ સ્વશ્રેય માનતા તે મહર્ષિશ્રી જિનેશ્વરદેવની આજ્ઞા સમક્ષ પોતાની બુદ્ધિને યત્કિંચિત્જ સમજે છે.

**પ્ર.૫૩૨ એ પરમર્ષિઓની બુધ્ધિ કેવી હોય છે ? છતાંય એનો ઉપયોગ ક્યાં થતો નથી ?**

ઉ. તે પરમર્ષિની બુદ્ધિ એવી અજબ હોય છે, કે જેના બળે

"उप्पन्नेइ वा, विगमेइवा, धुवेइ वा" -આ ત્રિપદી માત્રથી એક અંતર્મુહૂર્તમાં આખી દ્વાદશાંગીની રચના કરી શકે છે, તે છતાં પ્રભુની આજ્ઞા સામે તે બુદ્ધિનો ઉપયોગ થતો નથી.

**પ્ર.૫૩૩ એક વખત ક્યારે ભગવાન ગૌતમ સ્વામિ મહારાજાને શું પૂછે છે ? શું કહે છે ?**

ઉ. એક વખત ખિન્ન થયેલા શ્રી ગૌતમસ્વામિજીને પ્રભુ પૂછે છે કેઃ- "किं सुराणां वचस्तथ्यं जिनानाम्" શું દેવતાઓનું વચન સત્ય કે જિનોનું ? ઉત્તરમાં ભગવાન્ શ્રી ગૌતમસ્વામિજી કહે છે કે- "जिनानाम्" શ્રી જિનેશ્વરદેવોનું. આ સ્થિતિ આપણા શિરતાજ ભગવાન્ શ્રી ગૌતમસ્વામિજીની શાસનપતિ શ્રી જિનેશ્વરદેવ સમક્ષ હતી.

**પ્ર.૫૩૪ શું માન્યા પછી શું હોઇ જ શકતું નથી ?**

ઉ. સર્વજ્ઞ માન્યા પછી સામે થવાની કે કુત્સિત કુતર્કો કરી પોતાનું બુદ્ધિબલ બતાવવાની ધૃષ્ટતા કલ્યાણકામી આત્માઓની હોઇજ નથી શકતી.

**પ્ર.૫૩૫ કઇ વાત ખાસ સમજવા જેવી છે ?**

ઉ. કેવલજ્ઞાન જેવા અમિત અને અનંત જ્ઞાન દ્વારા જણાતી સઘળી વસ્તુઓ શ્રી કેવલજ્ઞાની ભગવાનોથી પણ સર્વ પ્રકારે વચનગોચર નથી કરાવી શકાતી, એ વાત ખાસ સમજવા જેવી છે. પ્રત્યક્ષ અનુભવથી સમજી શકાતી વસ્તુ, વચન દ્વારા કયી રીતિએ સમજાવી શકાય ? તમનેજ કોઇ પૂછે કે-સાકર કેવી ? તો તમે કહો કે મીઠી. સામો ફરી પૂછે કે-કેવી મીઠી ? તો તમે કહો કે ગોળ જેવી. પૂછનાર પૂછે કે એથી શું સમજાય-બરાબર સમજાવોને કે સાકર કેવી ! તો કહેવુંજ પડે કે ભાઇ ! શું સમજાવે, મોઢામાં મૂકી જો એટલે સમજાશે કે સાકર આવી મીઠી છે. અને ચાખ્યા પછી અન્ય પૂછનારની સમક્ષ એની પણ એજ દશા અને એજ ઉત્તર આથી તો શ્રી વીરવિજયજી મહારાજ કહે છે કેઃ- "વેધકતા વેધક લહે, બીજા બેઠા વા ખાય;"

**પ્ર.૫૩૬ શું માની લેવાનું નથી ?**

ઉ. ધર્મ, એ સામાન્યબુદ્ધિથી પર વસ્તુ છે. આથી એમ નથી માની લેવાનું કે સામાન્ય બુદ્ધિવાળો, ધર્મ માટે લાયક નથી. પણ એટલુંજ સમજવાનું છે કે, વિશિષ્ટ જ્ઞાનીયોની કે તેવા જ્ઞાની પુરૂષોના કથનની નિશ્રા વિના સમજી શકાય તેમ નથી. ધર્મ એ છદ્મસ્થ બુદ્ધિથી કલ્પી શકાય તેવી વસ્તુ નથી. ધર્મ આરાધવાની ભાવનાવાળાએ નિશ્રા તો કબુલવીજ જોઇએ.

**પ્ર.૫૩૭ શ્રી જિનેશ્વરના શાસનમાં વિહાર કેટલા પ્રકારના કહ્યા છે ?**

ઉ. શ્રી જિનેશ્વરદેવના શાસનમાં વિહાર બે પ્રકારના કહ્યા છે. એક જ્ઞાનીનો અને એક જ્ઞાનીની નિશ્રાનો : પહેલો વિહાર ગીતાર્થનો-જ્ઞાનીનો. પ્રભુના માર્ગને જાણનાર તે ગીતાર્થ સમર્થ જ્ઞાની. બીજો જ્ઞાની ન હોય પણ જ્ઞાનીની નિશ્રા કબુલે તેનો. સામાન્ય બુદ્ધિ હોય તોપણ વિશિષ્ટ બુદ્ધિની નિશ્રાએ ચાલતો થકો આત્મા ધર્મ પામી શકે છે.

**પ્ર.૫૩૮ બુધ્ધિમાં ઉગે એ ધર્મ કહેવાય તો શું થાય ?**

ઉ. મારી બુદ્ધિ મુજબ ધર્મ નિયત થવો જોઇએ એમ નહિ. જો બુદ્ધિમાં ઉગે એજ ધર્મ તો તો કહેવાય છે કે, 'मुण्डे मुण्डे-मतिर्भिन्ना' મુણ્ડે મુણ્ડે ભિન્ન મતિ હોય છે. આદમી એટલી મતિ : અરે કહોને, આદમીના કલાક, ક્ષણ એટલી મતિ : ક્ષણે ક્ષણે વિચારનું પરિવર્તન. જો એમ પરિવર્તન થાય તો તો પછી 'આજ ધર્મ' એમ નિશ્ચય પૂર્વક નહિ કહી શકાય. કારણ કે જે આત્માને જે સમયે જે બુદ્ધિ થાય, તેને તે ધર્મ કહે. અને જો તેમ થાય તો તો મિથ્યા દર્શનોમાં જે જાતિનો અનર્થ થયો છે. તેવો અનર્થ અહીં ખૂબ ઉભો થાય.

**પ્ર.૫૩૯ આથી શું સ્પષ્ટ જ છે ?**

ઉ. આથી તદ્દન સ્પષ્ટજ છે કે સામાન્ય બુધ્ધિ કલ્પે તે ધર્મ હોઇ શકતો નથી. વિશિષ્ટ બુદ્ધિની નિશ્રાના સ્વીકારથી સામાન્ય બુદ્ધિવાળામાં પણ ધર્મ ઉતરી શકે છે.

**પ્ર.૫૪૦ નિશ્રાથી કોણ શું પામ્યું ?**

ઉ. જે મુનિપણું જ્ઞાની મુનિવરોમાં હતું, તેજ મુનિપણું માસતુષ મુનિમાં પણ હતું, કે જેમને 'मा रुष मा तुष ' એટલા અક્ષરોએ ગોખતાં આવડતા નહોતા. જે ગુરૂ એમને સમજાવનાર હતા તે પાછળ રહી ગયા અને માસતુષ મુનિને કેવળજ્ઞાન થયું. જે ધર્મ, ગુરૂ પામ્યા તેજ એ પામ્યા હતા. શાથી ? નિશ્રાથી. એ કહેતા કે, "આ કહે તે મને પ્રમાણ."

**પ્ર.૫૪૧ શેના યોગે ધર્મ કેવો થાય છે ? કઇ રીતે ધર્મથી પર ? પણ શું સ્વીકારે તો ધર્મ ઉતરી શકે ?**

ઉ. સામાન્ય બુધ્ધિમાં નિશ્રાના યોગે તે ધર્મ પ્રતિબિંબિત થાય છે. સામાન્ય બુદ્ધિવાળો આત્મા પોતાનીજ બુદ્ધિ મુજબ ધર્મ કલ્પવા માગે, તો એ દ્રષ્ટિએ ધર્મ તો પર, પણ વિશિષ્ટ બુધ્ધિની નિશ્રા સ્વીકારે તો હૃદયમાં તે ધર્મ ઉતરી શકે. સર્વજ્ઞદેવના ધર્મમાં બુદ્ધિનો ઉપયોગ ગ્રાહક તરીકે થાય, નહિ કે ચિકિત્સક તરીકે. ધર્મમાં મરજી મુજબના ફેરફાર કરવા માટે બુદ્ધિવાદનો વાયડો ઉપયોગ કરવો એતો એક જાતનું ભયંકર મિથ્યાત્વ છે.

**પ્ર.૫૪૨ શ્રી જિનશાસનમાં બુધ્ધિનો ઉપયોગ શેના માટે કરવાની છૂટ છે ?**

ઉ. વસ્તુની સાધકતા કે બાધકતાના વિચાર માટે બુદ્ધિવાદનો ઉપયોગ ખૂશીથી થઇ શકે. એ માટે શ્રી જૈનશાસનમાં એક રતિભર પણ નિષેધ નથી, પણ એ બુધ્ધિવાદ સ્વચ્છંદપણામાંથી જન્મેલો ન હોવો જોઇએ. બાધક વસ્તુના ત્યાગ માટે અને સાધક વસ્તુના સ્વીકાર માટે બુદ્ધિનો જેટલો ઉપયોગ કરવો હોય તેટલો કરવાની શ્રી જિન-શાસનમાં છુટ છે.

**પ્ર.૫૪૩ વ્યવહારમાં બુધ્ધિનો ઉપયોગ શેના માટે થાય ? પણ શેના માટે ન થાય ? તેમ અહીં પણ શું ?**

જ. વ્યવહારમાં પણ બુધ્ધિનો ઉપયોગ ગ્રાહક બનવા માટે થાય, પણ વેપારીને થકવવા માટે, કંટાળો આપવા કે એનો વેપાર ન ચાલે, એ

સ્થિતિ કરવા માટે ન થાય. એવા વર્તન માટે કંટાળીને વેપારીને કહેવું પડે કે, જા ભાઇ, તારી અહીં જરૂર નથી. કેટલાય ગ્રાહક એવા પણ હોય છે કે લેવું ન હોય પણ માથું ફોડાવવા આવે. 'આ કાઢ, તે કાઢ' ઢગલો કરાવે અને પછી ખોટી રીતે 'આનો ભાવ ઠીક નથી, આ માલ ઠીક નથી, આમાં આ વાંધો ને આમાં આ વાંધો' -એમ કહી ચાલતા થાય. આમ ન થવું જોઇએ. આવા ગ્રાહક કામના નહિ. તેમ અહીં પણ સમજી લેવું જોઇએ.

**પ્ર.૫૪૪ પારકી બુદ્ધિએ ચાલે તે સ્વતંત્ર કે પરતંત્ર ? કોની જેમ ?**

ઉ. જેની બુદ્ધિએ ચાલીએ એ અજ્ઞાન હોય તો તો ત્યાં પરતંત્રતા, પણ જો એ સર્વજ્ઞ હોય તો ત્યાં સ્વતંત્રતા : એ તો સાચા સ્વતંત્ર થવાનો માર્ગ છે. બજારમાં નાનો વેપારી-શરૂઆતનો વેપારી મોટા કુશળ વેપારીની સલાહ મંજુબ ખુશીથી ચાલે. એમ ચાલવામાં લાભનો અર્થી પોતાને પરતંત્ર ન માને. એ તો ઉલટું એમજ સમજે છે કે આની સલાહે ચાલવાથીજ હું આગળ ઉપર સ્વતંત્ર વેપારી બની શકીશ. વિદ્યાર્થી શિક્ષકની આજ્ઞા માનવામાં પરતંત્રતા માને, અને એમ માનીને આજ્ઞા ન માને તો એ મરતાં સુધી મૂર્ખોને મૂર્ખોજ રહે. શિક્ષક જે કાંઇ કહે છે તે સ્વતંત્ર બનાવવા માટે. કાનપટ્ટી પકડે, ધોલ મારે, સોટી મારે, તે ભવિષ્યમાં કોઇની પણ સહાય વિના પોતાનું કામ રીતસર કરી શકાય તેવી સ્થિતિમાં લાવવા માટે. કક્કો કે એકડો ઘુંટાવવા માટે શિક્ષક આંખ કાઢે, મારે તેમ છતાં વિદ્યાર્થિ ન માને તો હિતૈષી શિક્ષક વિદ્યાર્થીના માતા પિતાને પણ જણાવે છે કે તમારા બાળકને સુધારવા માટે તમારે પણ ઘણા પ્રયત્ન કરવાની જરૂર છે.

**પ્ર.૫૪૫ આ બધું શા માટે ? આજ્ઞા મુજબ વર્તવાનું શા માટે કહ્યું ?**

ઉ. એટલાજ માટે કે વિદ્યાર્થીના ભલાની શિક્ષકના હૃદયમાં લાગણી છે. એ પરતંત્રતા, સ્વતંત્રતા માટે છે. એજ સ્વતંત્રતા છે એમજ કહોને. અનંતજ્ઞાનીએ આજ્ઞા મુજબ વર્તવાનું વિધાન કર્યું, તેનો હેતુ એજ કે

આ બીચારા કદી પણ પરતંત્ર ન રહે અને સદાને માટે સ્વતંત્ર બને.

**પ્ર.૫૪૬ ગૃહી લિંગે કેવળજ્ઞાન પામી એક સમયે ચાર જણા મુક્તિ જાય અને અન્ય લિંગે દશ જાય, એનું કારણ શું ?**

ઉ. અન્યલીંગી અન્યલિંગમાં હોવા છતાં, પણ ત્યાગનો અનુભવી છે : પેલો ત્યાગથી આઘો છે. યાદ રાખો કે અન્ય લિંગમાં રહેલાનો ત્યાગ પ્રશંસાપાત્ર નથી. અશક્ત આદમી લાકડી લઇ ધીમે ધીમે ચાલે તે કલાક-બે કલાકે એક માઇલ ચાલે, અને પહેલવાન એક કલાકના પન્નર માઇલ ચાલે. હવે પેલો અશક્ત ચાલનારો સીધે માર્ગે જતો હોય અને પેલો દોડનારો પહેલવાન ઉંધે માર્ગે જતો હોય, છતાં પણ જો પહેલવાનને સામે કોઇ શુદ્ધ માર્ગદર્શક મળી જાય અને તેને સીધે માર્ગે ચઢાવી દે તો પેલો અશક્ત પુંઠે રહી જાય અને પહેલવાન આગળ ચાલ્યો જાય, કારણકે પહેલવાને જવાની તાકાત તો કેળવી છે; માત્ર રસ્તાનું ભાન નથી. બેશક, ઉંધે માર્ગે ખરચાતી તાકાત સારી નથી, એ તાકાત આત્માને હાનિ કરનારી છે, પણ એને કોઇ સદ્‌ગુરૂ મળી જાય ને સીધે રસ્તે દોરે તો એ એવો દોડે કે વહેલો પહોંચી જાય, કારણ કે તેની તૈયારી છે. આ અશક્ત પાસે તૈયારી નથી. ગૃહલીંગમાં રહેલો મોંઢે કહે કે, બધું મૂકવાનું છે પણ શું કરીએ, વ્યવસ્થા થાય એટલે મૂકી દઇએ. પેલો તો મૂકીને આવેલો છે-માત્ર અન્ય લીંગમાં છે. એને તો સીધા માર્ગની જરૂર છે : આણે તો હજી મૂક્યું પણ ક્યાં છે ? આ તો કહે કે, બધું ખરૂં પણ-સંસારની જાળજ એવી છે. સુતરનું ગુંચવાયેલું કોકડું ઉકલે નહિ, કાતર જ મૂકવી પડે. તીવ્ર દ્રષ્ટિવાળો પણ ઉકેલી ન શકે. એક તાંતો કાઢે ત્યાં બે ભરાય. ગાંઠ ઢીલી કરવા જાય કે મજબૂત થાય. ઉકેલાય પણ નહિ અને કાતર મૂકતાંયે જીવ ચાલે નહિ, એ કોકડું ઉકલે શી રીતે ?

**પ્ર.૫૪૭ રાજા મહારાજાઓ ક્યારે નીકળ્યા છે ? શું કહે તેને જ્ઞાની શું કહેતા ?**

ઉ. ઘણાય રાજા મહારાજા અને શેઠ શાહુકારો જ્યારે નીકળ્યા

ત્યારે તત્ક્ષણ નીકળ્યા છે. જ્ઞાનીને પણ કોઇ કહે કે જઇને આવું છું તો જ્ઞાની પણ કહેતા કે "मा पडिवंध कृणह" ભાવનાએ તો ચઢ્યા છે, એમ જ્ઞાની પણ જાણે છે, પણ કહી દે કે પ્રતિબંધ ન કરતા. જ્ઞાનીને સ્થિતિની ખબર છે. જ્ઞાની કહે છે, કે વ્યવસ્થા એ જાળ છે. એને ઉકેલવાની માથાકુટમાં રોકાઓ નહિ.

**પ્ર.૫૪૮ ભવનિવ્વેઓ પહેલા કેમ મૂક્યો ?**

ઉ. સંસારની વિષય જાળને ભેદવા માટે એમ જ કહેવાય કે, એને કાપવાનું કરો. તમે બધા બુધ્ધિના ભંડાર ઉકેલવાનું કહો છો ! પણ જ્ઞાની ઉકેલવાની ના કહે છે, કાપવાનું કહે છે. સંસારની ખૂબી ન્યારી છે, જેમ સમય જાય ને સંયોગ વધે, તેમ આત્માની સંસારની જાળ વિસ્તરે, અને પછી એ જાળ વળી ધર્મનું રૂપ લેતી જાય છે. પેલો એમ માને કે- આ કર્યું, આ પતાવ્યું ને નીકળ્યો, પણ એ પતાવવા જાય ને પહોળું થતું જાય, પછી પેલો પતાવટને પણ ધર્મ માને. જાળ એ ધર્મનું રૂપ લે. Duty ડ્યુટી, ફરજ. એ ફરજમાંથી પરવારે ત્યારે આવે ને ! માટે શાસ્ત્રકારે પહેલી ભાવના 'ભવનિવ્વેઓ' રાખી.

**પ્ર.૫૪૯ શી રીતે સિધ્ધ થાય તેમાં શેની મહત્તા નથી ? પણ શેમાં શેની મહત્તા છે ?**

ઉ. (પ્રશ્ન. સ્વલિંગે એક સમયે કેટલા ?) એકસો આઠ. અન્યલિંગે સિદ્ધ થાય એમાં અન્યલિંગની મહત્તા નથી : ગૃહીલીંગે સિદ્ધ થાય એમાં ગૃહી લીંગની મહત્તા નથી, પણ સ્વ લીંગે સિદ્ધ થાય એમાં સ્વલીંગની મહત્તા છે. ગૃહી લીંગ કે અન્ય લીંગમાં રહેલાને કેવળજ્ઞાન થાય, પણ આયુષ્ય બાકી હોય તો તે સ્વ લીંગમાં જ આવી જાય. મહત્તા સ્વ લીંગની છે. ગૃહી લીંગ કે અન્ય લીંગ સાધક નથી અને કારણ પણ નથી. ત્યાં રહ્યા કોઇ સાધી જાય એ વાત જુદી છે. સ્વ લીંગમાં સિદ્ધ થાય ત્યાં સ્વ લીંગ એ કારણ છે.

**પ્ર.૫૫૦ વસ્તુને કઇ રીતે સમજવાની જરૂર છે ? નહિ તો ? કોની જેમ ?**

**શાથી સમજવાનું ?**

ઉ. ચંડકોશીઓ સર્પ, ભગવાન્‌ને કરડીને જાતિસ્મરણ જ્ઞાન પામ્યો, માટે જાતિ સ્મરણનું કારણ ભગવાનને કરડવું એ છે ? એ તો અકસ્માત્ થયો. જેમને કરડ્યો એમનામાં કૌવત હતું, ને રૂધિર લાલને બદલે ધોળું નીકળ્યું, માટે એ જાતિસ્મરણ પામ્યો. એ ન હોત તો ન પામત. કારણ ને કારણ માનવાં : કારણ ન હોય તેને કારણ તરીકે ન આલેખવાં : શાસ્ત્રમાં ગૃહી લીંગ તથા અન્ય લીંગને મોક્ષનાં કારણ નથી કહ્યા. વસ્તુ સ્વરૂપને જેટલા પ્રમાણમાં સમજવું જોઇએ, તેટલા પ્રમાણમાં સમજવાની જરૂર છે. ન સમજાય તો આખી વસ્તુ મારી જાય.

**પ્ર.૫૫૧ વસ્તુ પ્રાપ્ત થયા પછી લીંગનો આગ્રહ શા માટે ?**

ઉ. ઝવેરી પત્થરના ઢગલામાંથી પણ હીરો લઇ શકે, પણ જે ઝવેરી ન હોય તેણે તો હીરા માટે ઝવેરીને ઘેર જવું પડે. એની તાકાત નથી કે પથરામાંથી હીરો શોધી લાવે. એતો હીરાના નામે પથરા લાવે. એ તાકાત તો ઝવેરીની આંખમાં છે. ઝવેરીને ત્યાં એ એકલો ન જાય : દલાલ સાથે લઇ જાય : દલાલને કહેશે કે દલાલી ખાજે પણ માલ સારો અને ચોખ્ખો અપાવ. એક આદમી હીરાની કિંમત પાંચ હજાર આંકે અને બીજો પચ્ચીસ હજાર આંકે : હાનિ કે લાભ, નાનોસુનો નહિ. એક નંગમાં શ્રીમાન્ પણ બની જાય અને પરીક્ષામાં ભૂલે તો પાઘડી પણ ફ્રી જાય.

**પ્ર.૫૫૨ ઇલાચીકુમાર કઇ રીતે કેવલજ્ઞાન પામ્યા ? ભરત મહારાજા ક્યાં કેવલજ્ઞાન પામ્યા ? તમારે પામવું છે ? નહિં તો ?**

ઉ. ઇલાયચી કુમાર નટડી પર મોહી વાંસડે ચઢી કેવળજ્ઞાન પામ્યા. તમારે નટકડી ઉપર મોહ પામી વાંસડે ચઢવું છે ? કેવળજ્ઞાન નહિ પણ કવળજ્ઞાન પણ નહિ રહે, હાડકાંએ ભાંગી જશે. કોઇ પૂછે કે એ નટીને મોહ્યા અને નાચતાં નાચતાં કેવળ થયું, પણ હું કહું છું કે તેમની પૂર્વની આરાધના તો જુઓ ! ભરત મહારાજા આરીસાભુવનમાં કેવળજ્ઞાન પામ્યા, એ વાત કરે પણ તે પુણ્ય પુરૂષની આરાધના અને આ ભવના

ધર્મપ્રેમને અને ઉત્તમ વર્તનને યાદ કરવામાં ન આવે, એ કેમ ચાલે ?

**પ્ર.૫૫૩ ક્યા સ્થાનમાં કેવા કામ થયા ? શાથી ?**

ઉ. વિપરીત સ્થાને અને વિપરીત કારણે જે કાંઇ કામ થયાં તે પૂર્વની આરાધનાના યોગે : માટે જે સાધન હોય તેને જ સાધન તરીકે ઓળખો.

**પ્ર.૫૫૪. ક્યાં શું પામ્યા માટે શું કહેવાય ? શેને ઓળખો ?**

ઉ. રામાયણમાં આવે છે કે, યુધ્ધભૂમિમાં ઘણાએ સંયમ પામ્યા : તેથી યુધ્ધભૂમિ એ કંઇ સંયમનું કારણ છે ? કારણ તો હોય તેજ કહેવાય. કારણ અકારણને ઓળખો.

**પ્ર.૫૫૫ જેની આજ્ઞાએ ચાલવાથી શું વધે તે શું કહેવાય ? અને શું વધે છતાં શું કહેવાય ?**

ઉ. જેની આજ્ઞાએ ચાલવાથી ભવિષ્યમાં પરતંત્રતા વધતી હોય ત્યાં પરતંત્રતા, પણ જેની આજ્ઞાથી ભવિષ્યમાં સ્વતંત્ર, સદાના સ્વતંત્ર બનાતું હોય, ત્યાં વર્તમાનમાં પરતંત્રતા હોય, એ પણ સ્વતંત્રતાજ છે.

**પ્ર.૫૫૬ સર્વજ્ઞની નિશ્રાએ ચાલતાં કેવા છે ?**

ઉ. સર્વજ્ઞની નિશ્રાએ ચાલતા અંધશ્રદ્ધાલુ નથી, પણ જાગતી જ્યોત છે. આગલ કોણ છે ? કેવળજ્ઞાની.

**પ્ર.૫૫૭ શાસ્ત્ર શું કહે છે ? કોની જેમ કોણ જોઇએ ? શું કરતાં શીખો ?**

ઉ. ગમે તેવી અંધારી રાત હોય પણ હાથમાં ફાનસ હોય તો ? બેશક, ફાનસ પણ આંધળાના હાથમાં ન હોવું જોઇએ. જો આંધળાના હાથમાં ફાનસ હોય તો આંગળી પકડનાર જોઇએ. શાસ્ત્ર કહે છે કે, અજ્ઞાની માટે જ્ઞાનીની નિશ્રા જોઇએ. આંધળાના હાથમાંનું ફાનસ તો ઉલટું એને વાગે, માટે આંગળી પકડી દોરનારો જોઇએ : તેમ અજ્ઞાની માટે જ્ઞાનીની નિશ્રા તો જોઇએ જ. જે સ્વતંત્રતા માગો છો, તેને વિચારો, યોગ્ય લાગે તેને પૂછો. ચોવીસે કલાક વિચારતાં શીખો.

**પ્ર.૫૫૮ બોલવાનું અને ચાલવાનું કેવું હોવું જોઇએ ? શાથી ?**

ઉ. જીવન નાનું છે, કરવાનું ઘણું છે, આ જીવન નિષ્ફળ ગુમાવ્યું તો એના જેવી બીજી એક દુર્દશા નથી. પરલોક માનો, પુણ્ય પાપ માનો અને એની ચિંતા નહિ ? શ્રદ્ધા થયા પછી વિચારણા નહિ. એ કેમ ચાલે ? બોલવાનું અને ચાલવાનું એક જ હોવું જોઇએ.

**પ્ર.૫૫૯. કયો અભ્યાસ કરવો ઘટે ? શાથી ?**

ઉ. ધર્મિ તરીકે, વસ્તુ સત્ય હોવા છતાં નાહક મુંઝવણ ઉભી ન કરો. સાધુના આચાર-વિચાર-પ્રવૃત્તિનો અભ્યાસ કરવો ઘટે. અભ્યાસ ન હોય તો સાંભળ્યા પછી નિર્ણય કરો.

**પ્ર.૫૬૦ શેના વિના શું ટકે ? ક્યાં ક્યારે જવાય ?**

ઉ. ભવનિવ્વેઓ પછી માર્ગાનુસારીતા. માર્ગાનુસારિતા વિના ભવનિર્વેદ ટકે ? માર્ગાનુસારિતા પણ શા માટે ? ઇટ્ઠફળ સિદ્ધિ : ઇષ્ટફલ સિદ્ધિ માટે. ઇષ્ટફળ શું ? મોક્ષથી અવિરોધી ફલ. મોક્ષ સાત રાજલોક ઉંચે છે. ત્યાં ક્યારે જવાય ? બધાંએ બંધન વિખેરી નાંખો ત્યારે.-કહોને ધૂનન થાય ત્યારે ! ધૂનન શાનું ? સ્વજનધૂનન, કર્મધૂનન, ગારવત્રિક ધૂનન, શરીર અને ઉપકરણની મૂર્છાનું ધૂનન, સત્કાર-સન્માન ધૂનન. આ બધાં ધૂનન કરે, તો કેવળજ્ઞાન પામીને એક સમયમાં મોક્ષે જાય.

**પ્ર.૫૬૧ આવા સ્વતંત્ર થવા માટે શું જોઇએ ? શું સમજો ?**

ઉ. આવા સ્વતંત્ર થવા માટે શ્રી સર્વજ્ઞદેવની આજ્ઞા માનવી એ પરતંત્રતા કહેવાય ? સ્વતંત્રતાના અર્થને સમજો.

**પ્ર.૫૬૨ શું કરીએ તો ક્યાં જઇ શકાય નહિ ?**

ઉ. "लोगविरुदद्धच्चाओ" શાસ્ત્રમાં જે વાત બોલાય તેને સમ્યક્પણે વિચારવી જોઇએ. સામાન્યલોકની વિરૂદ્ધતાથી ધર્મનો ત્યાગ કરીએ તો તો બધાને સંસારમાં ફરજ્યાત રહેવું પડે, કોઇથી મુક્તિમાં જઇ શકાય નહિ.

**પ્ર.૫૬૩ કોને શું મીઠું લાગે ? શેને માટે શું કરવા તૈયાર હોય ?**

**ભગવાને એને શું કહ્યું ?**

ઉ. જે લોકને ભવ મીઠ્ઠો લાગે અને જે વિષયાસક્તિ માટે સર્વ કાંઇ કરવા તૈયાર હોય, તેની દ્રષ્ટિએ વિરૂદ્ધ લાગતી ચીજનો છતી શક્તિએ ત્યાગ, એ ધર્મ નહિ પણ એતો, શ્રી જિનેશ્વર ભગવાનની આજ્ઞાનું ખંડન છે.

**પ્ર.૫૬૪ ગણધર ભગવંતોએ શું કહ્યું ?**

ઉ. ટીકાકાર મહર્ષિ શ્રી શીલાંકસૂરિજી મહારાજા મંગલાચરણ કરતાં, તીર્થની પ્રશંસા કરી એમ કહી ગયા કે આ તીર્થ જયવંતુ વર્તે છે. કારણ કે એમાં એક પણ અયોગ્ય વિચારને સ્થાન નથી, અને એમાં એક પણ સદ્‌વિચારનો બહિષ્કાર પણ નથી. એના સિદ્ધાંતો અનેક અપેક્ષાએ એવી રીતિએ સિદ્ધ થયેલા છે, કે એની સેવા કરનારો જરૂર નિર્મલ થઇ મુક્તિ પદ પામ્યા વિના રહે જ નહિ : માટે જ એ સદાકાળ શાશ્વત રહેવા સરજાયેલું છે અને એથીજ એને બીજી કોઇ પણ ઉપમા મળી શકે એમ નથી અને તેથી જ સર્વ તીર્થંકરોથી નમસ્કાર કરાયેલું છે. આટલું કહ્યા બાદ ટીકાકાર બીજા શ્લોકમાં કહે છે, કે આ આચાર શાસ્ત્ર ભગવાન્ શ્રી વીરે જગત્‌ના હિત માટે કહ્યું. કોઇના પણ નુકશાન માટે નહિ, પણ પ્રાણી માત્રનું ભલું થાય એ માટે આ શાસ્ત્રની રચના શ્રી ગણધરદેવે કરી.

**પ્ર.૫૬૫ શેમાં શું છે ? શેના માટે શેની વાત ચાલે છે ?**

ઉ. એમાં છઠ્ઠું અધ્યયન ધૂત નામનું છે. એમાં ધૂનન કરવાની વાત છે. અનાદિકાલથી લાગેલી સઘળી વસ્તુનું ધૂનન સમ્યક્ પ્રકારે થઇ શકે તે માટે પ્રાર્થના સૂત્ર (જયવીયરાય)ની વાત ચાલે છે.

**પ્ર.૫૬૬ ધૂનનમાં ક્યાં સુધી આનંદ ન થાય ?**

ઉ. આ વસ્તુઓ ધૂનન કરવા યોગ્ય છે, એ ઠસ્યા પહેલાં ધૂનનની ક્રિયા થાય તો મુંઝવણ થાય. જે વસ્તુને પોતાની માની છે, તે ચાલી જાય તો જરૂર દુઃખ થાય. પરવસ્તુમાં સ્વત્વનો આરોપ છે, તે ન ખસે ત્યાં

સુધી ધૂનનમાં આનંદ ન થાય.

**પ્ર.૫૬૭ શું ફરજ છે ?**

ઉ. વસ્તુ છે પર, પણ માની છે સ્વ-એથી જ આ દુર્દશા થઇ છે, કે પર વસ્તુની આબાદીમાં ને નાશમાં આ આત્મા પોતાની આબાદી અને નાશ માની બેઠો છે. ફરજ છે કે કોઇ પણ રીતે સૌથી પહેલાં પરમાંથી પોતાપણાની બુદ્ધિ નીકળી જવી જોઇએ : માટે હંમેશ પ્રાર્થનાસૂત્ર બોલાય છે અને એમાં પહેલી માગણી "ભવનિવ્વેઓ" ની છે. એ આવ્યા પછી તો પાછળની વસ્તુઓ કઠીનતા વિના સહેલાઇથી આવે તેવી છે.

**પ્ર.૫૬૮ નિર્વેદ એ શું છે ? શું ખસી જશે પછી શું થશે ?**

ઉ. નિર્વેદનો અર્થ જ એ કે જેના જેના પર રાગ હોય, તે બધાં બંધન છે અને તેનાથી ક્યારે છુટું. એ બંધનો જ્યારે ખસી જાય એ ભાવના આવે તોયે કામ થઇ જાય.

**પ્ર.૫૬૯ શું જાય તો બધું જાય ? શું કાઢવા મહેનત છે ?**

ઉ. મોહનીય ગયું એટલે બધાં બંધન ગયેલાં જ છે. મોહનીય ન જાય ત્યાં સુધી બધાંયે ફાંફાં. એ કાઢવા માટે આ બધી મહેનત.

**પ્ર.૫૭૦ નિર્વેદ પછી શેનું પ્રગટીકરણ ? એનું શું હોય ? કોની અપેક્ષાએ ? છતાં પ્રાર્થના સૂત્રમાં શું ?**

ઉ. નિર્વેદ પછી સંવેગનું પ્રગટીકરણ. પ્રધાનતા ભલે સંવેગની અને સંવેગ કરતાંય ઉપશમની હોય, પણ એ પ્રધાનતાની અપેક્ષાએ. શ્રી પ્રાર્થનાસૂત્રમાં પહેલો ભવનિવ્વેઓ પછી માર્ગાનુસારીતા અને તે પછી ઇષ્ટફળ સિદ્ધિ વિગેરે.

**પ્ર.૫૭૧ શેનાથી કેવા બનવું નહિ ? અને ઇષ્ટ ફલની માગણી કરવી તો શું થાય ? કોની જેમ ?**

ઉ. ખરાબથી વિમુખ થવું નહિ, માર્ગાનુસારી બનવું નહિ, અને ઇષ્ટ ફળ સિદ્ધિની માગણી કરવી તે શી રીતે ફળે ? ઘરનું કામ મૂકીને શેઠનું કામ પહેલું કરવું પડે, એ ભાવના ન હોય તો નોકર કોણ રાખે ?

ભાવના થયા બાદ પણ રીતિસર કામ ન કરે તો પગાર કોણ આપે ? રોજ આવી પ્રાર્થના કરાય છતાં એનો વિચાર જ નહિ, ચાલતું હોય તેમ ચાલવા દેવું, તો "ઇષ્ટસિદ્ધિ" થાય શી રીતે ? આમ ને આમ ? રોજ એના એ વીતરાગ, એના એ તમે, અને એનું એ પ્રાર્થના સૂત્ર, એની એ યાચના, છતાં પરિણામ કંઇ નહિ, આનું કારણ શું ?

**પ્ર.૫૭૨ શું થઇ ગયું છે ?**

ઉ. ગોખાઇ ગયું, ઉતરી નથી ગયું. જ્ઞાની જે કાંઇ સૂત્રોની વાતો ગંભીરપણે કહે છે, તેમાં આકલવિકલ કેમ થાઓ છો ?

**પ્ર.૫૭૩ જ્ઞાની શું કહે છે ? એમાં કેવી વાત છે ?**

ઉ. જ્ઞાની કહે છે કે, બધું મૂકો, લેવાની વાત જ નહિ, બસ બધું મૂકો. એ કથનમાં અરેરાટી કેમ થાય છે ? એમ થવું જોઇએ કે અમે મૂકી નથી શકતા, માટે પ્રેરક તો આવાજ જોઇએ. આવા પ્રેરક હોય તોજ કલ્યાણ થાય, આવી ભાવના આવે તો પ્રેરક કહે એ વસ્તુના અમલ માટે ઉત્સુક્તા થાય. ઉત્સુક્તા થયા પછી અમલ થતાં વાર ન લાગે.

**પ્ર.૫૭૪ પરિણામ અને પ્રવૃત્તિ ક્યારે ?**

ઉ. પરિણામ અને પ્રવૃત્તિ ક્યારે ? ભાવના મજબૂત થાય ત્યારે ને ! ભાવનાની મજબૂતી માટે આ પ્રયત્ન છે.

**પ્ર.૫૭૫ શું ખસી જાય તો શું વધી જાય ?**

ઉ. ભવનિર્વેદ થયા પછી પણ માર્ગાનુસારિ ન થવાય તો ભવનિર્વેદ પણ ખસી જાય, માટે માર્ગાનુસારિતાની જરૂર. જો માર્ગાનુસારિતા ન આવે તો ભવનો રાગ આવી જાય ને કંઇ ગુણો વધી જાય.

**પ્ર.૫૭૬ શેનું પ્રતિપાદન કરતાં શેની પ્રધાનતાને ઓછી નથી આંકતું ? કોણ ?**

ઉ. ભાવની પ્રધાનતાનું પ્રતિપાદન કરતું શ્રી જૈનશાસન દ્રવ્યશુદ્ધિની પ્રધાનતા જરા પણ ઓછી નથી આંકતું.

**પ્ર.૫૭૭ શેના કયા મુખ્ય કારણો છે છતાં શેના વિના એ થતું નથી ?**

**કોની જેમ ?**

ઉ. ઉત્તમ આલંબનો, એ ભાવશુદ્ધિનાં મુખ્ય કારણો છે. ચિત્તશુદ્ધિ માટે વચનશુદ્ધિ તથા કાયશુદ્ધિની આવશ્યક્તા કંઇ ઓછી નથી. ચિત્તશુદ્ધિ વગર વચનશુદ્ધિ તથા કાયશુદ્ધિ વાસ્તવિક રીતિએ ફળશે નહિ, એ વાત ખરી પણ વચનશુદ્ધિ તથા કાયશુદ્ધિ વિના એ ચિત્તશુદ્ધિ મનશુદ્ધિ પણ પ્રાયઃ થતી નથી, સિંહ જેવું શિકારી જાનવર, જે આવે તેના પર ત્રાપ મારે તેવું, મનુષ્યની ગંધ પણ સહન ન કરે તેવું, પણ પાજંરામાં પૂરાઇ જાય પછી કેવું બને છે.

**પ્ર.૫૭૮ કયા જીવો શેનાથી શું ચલાવે છે ? શાથી ?**

ઉ. પ્રાણઘાતક જાનવર દ્વારા કલાના જાણકારો આજીવિકા ચલાવે છે, પ્રાણ પોષે છે, એની સાથે ગેલ કરી, ખેલ કરી, નિર્વાહ ચલાવે છે. શાથી ? આવડતથી.

**પ્ર.૫૭૯ સિંહને પાંજરામાં પુરવા માટે કયું પાંજરૂં જોઇએ ?**

ઉ. ગમે તેવું ક્રૂર, ભયંકર, ખરાબ ટેવમાં ઉછરેલું, છતાં એકવાર કોઇ પણ ઉપાયે પાંજરામાં પૂરાય તો બધું ફરી જાય. એને પૂરવા માટે દેવદારનાં પાટીયાનું પાંજરૂં ન ચાલે. વજનું જોઇએ. લોઢાના સળીઆ પણ પાતળા નહિ, પણ મજબૂત-ન વળે, ન તૂટે એવા જોઇએ. પાંજરામાં ઘુસ્યો એટલે પંદર આની બલ તો ગયું. શરૂઆતમાં બારણું બંધ થાય ત્યારે તેનો આકાર અને દેખાવ જોયો હોય તો દેખનાર જાણે કે શું એ કરી નાંખશે, પણ કરે શું ? એના માટે તો એ પાંજરા રૂપી કીલ્લો બંધાઇ ગયો. પાંચ સાત હાથ જમીનમાં ફાવે તેટલાં આંટા માર્યા કરે. આંટા મારતાં મારતાં ગુસ્સો એની મેળે શમે. એની લાલાશ, એની ઉગ્રતા, એની ધમાચકડીના પરિણામે પોતે જાતે એમાં એવો પછડાય કે ઉઠવાની પણ તાકાત ન રહે. આદમી દેખીને ઘુરકતો, આંખો લાલ કરતો, તે હવે આદમી સામે દીન આંખે જુએ. હુંશીઆર કારીગર. એને કહે, કે કુતરાની જેમ કેમ પડ્યો છે ! ફેર લાલાશ આવે, ફેર ઘૂમે અને ફેર પછડાય. ફેર

કારીગર તિરસ્કાર કરે, ગોદા મારે, સળીઆ મારે, પણ પેલો કરે શું ? જાળી સુધી આવે અને પછડાય. પરિણામ એ આવે કે આંગળી ઉંચી ન કરે, દીનપણે આદમી સામે જોયા કરે. ખાવાનું કેટલું આપે ? મરી ન જાય એટલા પૂરતું-એની પાસે કામ લેવા પુરતું. એને એવો બનાવે, કે જરૂર પડ્યે આદમી કહે કે:- "બહાર આવ" તો તરત બહાર આવે, એને ગેલ કરવાનું કહે તો છોકરા સાથે ગેલ કરે, પોતે નીચે પડ્યો રહે અને છોકરા પોતા ઉપર ચઢી જાય, અને પોતે એક નાના બાળકથી હાર્યો એમ દેખાડે. સિંહ એક બચ્ચાથી હારે ? પાંજરામાંથી બહાર કાઢે ત્યારથીજ એ દેખે તેવી રીતે સામે ભરેલી પીસ્તોલ ધરી રાખે. સિંહ પણ સમજે કે વાંકો ચાલ્યો તો પીસ્તોલ તૈયાર છે. એના યોગે એ હિંસક જનાવર પણ બહાર અને અંદર આવવા જવાની તથા ખેલ અને ગેલ કરવાની આજ્ઞા ઉઠાવે. શાથી ? પાંજરામાં પુરાયો એથી. એની ઇચ્છાઓ પર કાપ મૂકાયો એથી. મન સિંહ કરતાં પણ બુરૂં. કાયાનું પાંજરૂં વજ્ર જેવું બનાવી એમાં મનને પુરો પછી ભલે ઉંચું નીચું થાય પણ કરે શું ? કાયા ન માને તો મન શું કરે ? મન કહે કે આ ખાવું છે, પણ હાથ લઇને મોંમાં મૂકે તોને ! મન એમ કહે કે મારૂં, પણ મારે કોણ ? મનને તિરસ્કાર કરવાનું મન થાય, પણ જીભ હાલે તોને ! મનને ઘણું ઘણું જોવાનું મન થાય, પણ આંખનું પોપચું હાલે તોને ? મનને વશ કરવા માટે એકવાર તો વચન તથા કાયા પર પૂરતો અંકુશ રાખવો પડશે.

**પ્ર.૫૮૦ મનશુધ્ધિમાં પણ શેની પ્રધાનતા છે ?**

ઉ. યદ્યપિ શાસ્ત્રકારે 'મનશુદ્ધિ વિના ક્રિયાની સફળતા નથી.' - આ પ્રમાણે કહીને ભાવના શુદ્ધિને ઉંચી કોટિમાં મૂકી, પણ સાથે સાથે એ પણ કહી દીધું કે વચનશુદ્ધિ અને કાયશુદ્ધિ વિના મનશુદ્ધિ પણ સુશક્ય નથી બનતી, માટે એની પણ પ્રધાનતા છે.

**પ્ર.૫૮૧ ગૃહસ્થ લિંગમાં શું થયું ? છતાં સુધર્મ ઇન્દ્ર ભરત મહારાજાને શું કહે છે ? શાથી ?**

ઉ. ગૃહસ્થ લીંગમાં ભાવનાશુદ્ધિ થઇ, ક્ષપકશ્રેણિ આવી, કેવળજ્ઞાન થયું, કંઇ કમીના નહતી, છતાં શ્રી ભરતમહારાજાને સુધર્મા ઇંદ્ર કહે છે કેઃ- 'ભગવન્ ! આ લીંગ અંગીકાર કરો !' શાથી ? દ્રવ્યની મહત્તા જીવતી જાગતી રાખવા માટે. દ્રવ્યના યોગ વિના પામનાર તો કોઇક.

**પ્ર.૫૮૨ શેની ગૌણતા થાય તો શું લુપ્ત થાય ?**

ઉ. કોઇના દ્રષ્ટાંતને લઇને દ્રવ્યની ગૌણતા થાય તો તો દુનિયાનો તરવાનો માર્ગ લુપ્ત થઇ જાય.

**પ્ર.૫૮૩ શું નથી ? એ જોનારને ખબર નથી અને વંદન ન કરે તો શું લાગે ?**

ઉ. મુનિનો વેષ છે, જ્ઞાનીની દ્રષ્ટિએ એનામાં મુનિપણું નથી, છતાં ધર્માત્મા, એ મુનિને જોનાર કે જેને મુનિપણું નથી એમ ખબર નથી ત્યાં સુધી એ વેષને વંદન ન કરે તો સમ્યક્ત્વને દોષ લાગે.

**પ્ર.૫૮૪ હવે શું વિચારો ?**

ઉ. હવે વિચારો કે જ્ઞાનીએ દ્રવ્યની, બાહ્ય સાધનની, કેટલી બધી મહત્તા આંકી છે !

**પ્ર.૫૮૫ ઓઘો એ શું છે ? અંકુશ કેવો જોઇએ ?**

ઉ. આ ઓઘો, એ કેવો મજેનો અંકુશ છે. નાના જેવા અંકુશથી પણ હાથી જેવા મોટા જાનવરને ચલાવો તેમ ચાલે. અને બેસાડો તેમ બેસે. અંકુશ મોટો હોવો જોઇએ., એમ ન કલ્પો. અંકુશ એ ચીજ એવી છે કે પેલાને તાબામાં રાખે. એમજ ઓઘો, એ પણ, જાતવાનને માટે મજેનો સારામાં સારો અંકુશ છે. એવું મજેનું સાધન છે કે ગમે તેવા દુષ્ટ પરિણામને અટકાવે. જાતવાન, કુળવાન, ભવભીરૂ માટે તો ઓઘો એ પરમ અંકુશ છે, એકાંત કલ્યાણકર છે. જેને માથે જાત નથી, કુળ નથી, જેને ભવનો ડર નથી, તે તો આ લઇને રસ્તા વચ્ચે નાચે તો પણ કોણ રોકે ! આ ચીજ ઉત્તમ આત્મા માટે એવો અંકુશ છે, કે ડગલે પગલે

વિચાર કરાવે કે આમજ બોલાય, આમજ ચલાય, આમજ ઉઠાય, આમજ બેસાય, આમ જ ખવાય અને આમજ પીવાય-વિગેરે, એ આ ઓઘો કહે છે : એમાંથી એ ધ્વનિ નીકળે છે. ધ્વનિ એટલે શબ્દો નથી નીકળતા, પણ એ બધું યાદ કરાવે છે.

**પ્ર.૫૮૬ ચરવલો અને તિલક હોય એ શેનાથી કંપે ? એ માણસને શું થાય ?**

ઉ. તમારી પાસે ચરવલો તો બે ઘડી, ચાર ઘડી, કે છ ઘડી અથવા તો વધુમાં વધુ અમૂક નિયત કાલ સુધી હોય, પણ કપાલમાં તિલક તો કાયમ હોય ને ! તિલકની કિંમત હોય તે દરેક પાપથી કંપે : એને એમ થાય, હું જૈન, શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાનો પાલક, શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાને શિરે ચઢાવનારો : એ માણસ બજારમાં, ઘરમાં, ધંધે ધાપે કેમ વર્તે, કેમ બોલે, એની કાળજી કેવી તીવ્ર હોય ?

**પ્ર.૫૮૭ તિલક એ કેવો અંકુશ છે ?**

ઉ. તિલક તો મોટો અંકુશ છે : તિલક કરનારો જુઠું બોલે ત્યારે સામો કહે કે આવડું મોટું તિલક કરી જૂંઠું બોલો છો ! પેલો પણ ખોટું ન લગાડે. એ તો એમ માને કે તિલકના યોગે વગર પૈસાના ચોકીદાર મળે છે. તિલક કરનારને વગર તિલક વાળો એમ કહે કે કપાળે તિલક કરો છો, મોટું ધર્મીપણાનું ચિહ્ન કરો છો, અને અધર્મ આચરો છો ? પેલો માને કે, હું પુણ્યવાન્ ! તિલકના યોગે રક્ષક મળ્યા. પેલાઓ કહે કે અમે તો કશું કરતા નથી : પૂજા નથી કરતા, સાધુ પાસે નથી જતા, દહેરે ઉપાશ્રયે નથી જતા, તે ગમે તેમ કરીએ-પણ તમે બબ્બે કલાક દહેરે જનારા, સાધુનાં પાસાં સેવનારા, વ્યાખ્યાન સાંભળનારા, આવું કરો ! એ બધા આમ ગમે તે ભાવનાએ બોલે, ભલે નિંદા માટે બોલે, પણ ધર્મી તો માને કે આ અમારા રક્ષક છે. એવા વખતે આ ચિહ્નો, ક્રિયા, બાહ્ય આલંબન, આત્માને બચાવવા મજબૂત સાધનરૂપ નિવડે છે. ભાવના અને પરિણામ ક્વચિત્ આવે, આવે તો ટકતા નથી, પણ ક્રિયાની જરૂર ખરી કે નહિ !

તેલ, મરચા વેચનાર આખો દિવસ મહેનત કરે, તો સાંજે આઠ આના કમાય, પણ ઝવેરીને ત્યાં રોજ વખતો વખત ગ્રાહક આવે તેમ નથી. એક બે આવે તો પણ બેડો પાર. પણ એ ઝવેરી એમ કહે કે ગ્રાહક આવે ત્યારે જ દુકાન ખોલું તો ચાલે ? દુકાન રોજ ખોલે તો પણ બે, પાંચ, દશ આવે અને આવે ત્યારે કામ થાય, પણ દુકાન ખુલ્લી હોય તો આવે ને ! દુકાન બંધજ હોય તો ? શાસ્ત્ર કહે છે કે, પરિણામ ક્વચિત્ આવે, પણ ક્રિયા રોજ જોઇએ. જ્યારે પરિણામ આવશે ત્યારે અંતરમુહૂર્તમાં કેવળજ્ઞાન થશે. આ બધી તૈયારી અંતરમુહૂર્ત માટેની છે. એ અંતરમુહૂર્ત આવશે ત્યારે આત્મા કર્મની સામેના સંગ્રામમાં સ્થીર બની વીણી વીણીને એક એક કર્મને દૂર કરશે, પણ એ અંતરમુહૂર્ત માટે જ આ રજોહરણ અને તિલક. ઝવેરીને ત્યાં આવનારા બે પાંચ કે દશ ગ્રાહક, ગમે ત્યારે આવે પણ દુકાન ખોલવાની ક્રિયા તો રોજ કરવી પડે ને ! એ અંતરમુહૂર્ત લાવવું હોય તો આ ક્રિયામાં મગ્ન રહેવું જોઇએ ને !

**પ્ર.૫૮૮ આ તો શું કહે છે ? પ્રયત્ન કેવો જોઇશે ?**

ઉ. આ તો કહે છે કે, દહેરે જઇએ છીયે પણ ભાવના નથી આવતી : આજ ગયા પણ ભાવના ન આવી : પણ ભાવના કાંઇ રસ્તામાં પડી છે કે એમ ને એમ આવી જાય ! ભાવના ન આવે ત્યાં સુધી શ્રી જિનેશ્વરદેવની પાસે જઇ પોતાની સ્થિતિ વર્ણવો અને સદ્ભાવનાની યાચના કરો. સંસારતારક નિર્ગ્રંથ ગુરૂદેવો પાસે જાઓ અને કહો કે ભાવના કેમ આવતી નથી : અમારામાં ભાવના લાવો. સાધુઓ હિતબુદ્ધિએ ટોણા મારે તે પણ ખાઓ, તો ભાવનાને આવ્યા વિના છુટકો ક્યાં છે ? પ્રયત્ન તો અખંડ જોઇશે.

**પ્ર.૫૮૯ ભાવના અને પરિણામ જોઇતા હોય તો ?**

ઉ. ભાવના અને પરિણામ જોઇતા હોય તો આલંબન-સાધન, તરવાના માર્ગોને હૃદયની ઇચ્છાથી અખંડપણે સેવો : સેવ્યા વિના છુટકો થવાનો નથી: આ વિના મનશુદ્ધિ થાય ? આકાશ અને પાતાલમાં ભ્રમણ

કરનારૂં મન અંકુશ વિના ઠેકાણે આવે ?

**પ્ર.૫૯૦ વ્યાખ્યાનમાં શબ્દો નીકળ્યે જતા હોય, પણ તમારૂં મન સ્થિર ન હોય તો શું થાય ?**

ઉ. પ્રાર્થના માટે પણ કહ્યું છે કે બધી ઇંદ્રિયો એકતાન જોઇએ : નેત્રો પ્રભુની મુખમુદ્રા પર લીન હોય : પ્રભુ જે દિશામાં હોય તે શિવાયની ત્રણે દિશાનું નિરીક્ષણ વર્જ્ય હોય : પણ તમારી આંખ ટકે શાની ? સાચી નિસીહી થાય, નિસીહીપૂર્વક અવાય, તો તો બહારની ચીજો આત્માને સ્પર્શે પણ નહિ. પૂજન માટે ઘેરથી પ્રયાણ કર્યું, કે ગમે તેવો પ્રસંગ આવે તોયે એ ક્રિયાને નિપટાવ્યા શિવાય બીજી કોઇ ક્રિયા કરવાનો પ્રયત્ન ન કરવો જોઇએ. પૂજા કરવા નીકળે એ માબાપ, ભાઇ, સ્નેહી બધા સમજી જ લે કે હવે-સાંસારિક કામ માટે બોલાવાય નહિ, બોલાવીએ તો પણ એ સાંભળશે નહિ.

**પ્ર.૫૯૧ સઘળા પાપો નાશ કરવાનું સામર્થ્ય શેમાં છે ? એ શું સમજો ?**

ઉ. દુનિયાનાં સઘળાં પાપોનો અભાવ કરવાનું સામર્થ્ય આ વેષમાં પણ છે. આની ભાવનાવાળાને દુનિયાનાં સઘળાં પાપ તરફ તિરસ્કાર સ્વયમેવ જાગે : એને કહેવાની જરૂર પડે નહિ : એ સમજે. એ ભાવનાવાળો સમજે કે, જ્યાં બધાં પાપ મૂકવાની, તજવાની વાત આવે છે, તો થોડા પાપથી-બને એટલા પાપથી મુક્ત તો થવું જ જોઇએ. આ ભાવના તો કુદરતી આવે, લાવવી ન પડે. ભાવના તથા મનશુદ્ધિની જરૂર તો બહુ છે. પણ એના કરતાં જેનાથી એ મનશુદ્ધિ થાય, ભાવના થાય, એની પહેલી જરૂર છે.

**પ્ર.૫૯૨ રોજ ક્રિયા કરતાં શું ન ભાળે તો અંદરથી શું અવાજ આવે ? કોણે બચાવ્યા ?**

ઉ. આત્મા રોજ ક્રિયા કરે, અને પરિણામ ન ભાળે તો અંદરથી આત્માને અવાજ થવો જોઇએ, કે પરિણામ કેમ નથી દેખાતું ? -તો તરત એ આત્મા એ ક્રિયામાં વધુ ને વધુ જોડાતો જાય, તનમય બનતો જાય.

પ્રસન્નચંદ્ર રાજર્ષિ, મનથી પડ્યા પણ એ પડેલાને બચાવ્યા કોણે ? ચઢાવ્યા કોણે ? બહારના સાધને !

**પ્ર.૫૯૩ કેવા બન્યા પછી શેની જરૂર શી ?**

ઉ. મુનિને માટે મુનિપણું પામ્યા પછી પણ શાસ્ત્રે આજ્ઞા કરી કે મુનિયે સ્ત્રી, પશુ પંડક વર્જીત સ્થાનમાં રહેવું, શાથી ? વ્રત અંગીકાર કર્યો, સર્વથા બ્રહ્મચારી બન્યા, હવે એ આજ્ઞાની જરૂર શી ? જરૂર છે, મુનિપણાની રક્ષા માટે. જો આલંબન શુદ્ધ ન હોય, આલંબન બગડે તો, મુનિપણું જતાં વાર ન લાગે. એ તો મીણનો ગોળો અગ્નિનો તાપ ન લાગે ત્યાં સુધી કઠીન 'રહે. એને નરમ ન બનાવવો હોય, તો અગ્નિથી આઘો ને આઘો રાખો. મુનિએ મુનિપણું સાચવવું હોય તો અયોગ્ય આલંબનથી આઘા ને આઘા રહેવું. અને ભૂમિકાને યોગ્ય, ઉત્તમ આલંબનરૂપ ક્રિયાઓ કદી પણ તજવી ન જોઇએ.

**પ્ર.૫૯૪ કયા મહાત્મા શું કહે છે ?**

ઉ. શ્રી રત્નશેખરસૂરીશ્વરજી મહારાજા ફરમાવે છે કે:-

**"प्रमाद्यावश्यकत्यागान्निश्चलं ध्यानमाश्रयेत् ।**
**योऽसौ नैवागमं जैनं वेत्ति मिथ्यात्वमोहितः ।।१।।**
**तस्मादावश्यकैः कुर्यात्, प्राप्तदोषनिकृन्तनम् ।**
**यावन्नाप्नोति सदध्यान-मप्रमत्तगुणाश्रितम् ।।२।।"**

'જે પ્રમાદી આત્મા આવશ્યક ક્રિયાઓનો ત્યાગ કરી નિશ્ચલ ધ્યાનનો આશ્રય કરે છે, તે મિથ્યાત્વથી મોહિત થયેલો શ્રી જિનેશ્વરદેવના આગમને જાણતો નથી. માટે જ્યાં સુધી સાતમા ગુણસ્થાનને આશ્રીને રહેલા સદ્ધ્યાનની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી મોક્ષના અર્થિ આત્માએ, આવશ્યકો દ્વારા પ્રાપ્ત દોષોનો નાશ કરવો જોઇએ.'

**પ્ર.૫૯૫ પણ વાત કેવી છે ?**

ઉ. પણ વાત ખરી છે કે આલંબનની શુદ્ધિ વિના આલંબન ઉપર ટકી શકતો આત્મા કયી રીતિએ શુદ્ધ માર્ગમાં ટકી શકે ? બહારના

આલંબનની જરૂરી શુદ્ધિ ગઇ, તો ભાવનાનો નાશ થાય, એમાં શું આશ્ચર્ય ?

**પ્ર.૫૯૬ શુદ્ધ આલંબન વિના ભાવના ક્યાં સુધી રહે ? એ કોની જેમ ? શાસ્ત્ર શું કહે છે ?**

ઉ. શુદ્ધ આલંબન વિના ભાવના એક દિવસ રહે, બે દિવસ રહે, પણ ક્યાં સુધી રહેવાની ? કુલથી અહિંસક જૈનનો દીકરો કસાઇના લત્તામાંથી નીકળે તો પહેલી વાર ઉલટી થાય, બીજી વાર ચક્કર આવે, ત્રીજી વાર કમકમાટી થાય, ચોથી વાર આંખો મીંચાય, પણ પાંચમી વાર શું થાય ? હશે, રોજનું થયું. ક્યાં ગયું પેલું બધું ? આલંબને આત્માને કયી કોટિમાં મૂક્યો ? શાસ્ત્ર કહે છે, કે એક વાર પાપ કર્યું તો પરંપરા ચાલી. એક પાપ સો પાપને કરાવે. ચીકણી જમીન પર પગ ખસ્યો કે આખું શરીર ખસે. પગ ખસ્યો તેમાં શરીરને શું ? એમ ન કહેતા. બધો આધાર પગ ઉપર છે. પગ ખસે માટે પગનેજ વાગે એમ નહિ-પણ પગે છુંદાય, હાથે છુંદાય, શરીરે છુંદાય, ને હાડકાં આખાયે ભાંગી જાય. સારૂં આલંબન ગયું કે આત્માને ગબડતાં વાર કેટલી ?

**પ્ર.૫૯૭ શેની આવશ્યક્તા બહુ છે શાથી ?**

ઉ. આલંબન શુદ્ધિની બહુ આવશ્યક્તા છે. ત્રિકાલ જિનપૂજન, ઉભય ટંકે આવશ્યક, નિરંતર વ્યાખ્યાનશ્રવણ, સામાયિક, પૌષધ, દાન, શીલ. તપ, ભાવ, અનુષ્ઠાનાદિ સર્વ આટલા બધા પ્રમાણમાં એક પછી એક યોજાયાં, એનું કારણજ એ કે આત્મા શુદ્ધ આલંબનમાં રમતો રહે, તો મન જાય ક્યાં ? શ્રાવક માટે ભાવના કેવી ઉંચી ! અમૂક સમય શિવાય આખો દિવસ ધર્મ ક્રિયામાં ગાળનારો શ્રાવક, થોડો સમય ન ચાલ્યે વ્યવહારિક પ્રવૃત્તિ કરે. એની ભાવના કેવી રહે ! 'વ્યવહારિક પ્રવૃત્તિમાં લાચાર છું.' આના વિના ચાલે તેમ નથી, ક્યારે છૂટાય-આ વિચારમાં રમતો આત્મા શુદ્ધ રહી શકે, એમાં આશ્ચર્ય શું છે ?

**પ્ર.૫૯૮ આજની પ્રવૃત્તિ કેવી છે ? કેવું જીવન બનેલું છે ?**

ઉ. આજની પ્રવૃત્તિ તો એકદમ અતિશય ત્રાસજનક છે. ધર્મભાવના ન ટકતી હોય, તેનું કારણ આજની પ્રવૃત્તિ છે. ઉંઘતાએ ટેલીફોન કાને ધરવો પડે. ઘડીભરની સ્થિરતા નહિ. હૃદયમાં તો બળતરા હોય. ટેલીફોનથી બહારની બળતરા. આજના વેપારીનું, આજની દુનિયાના આદમીનું જીવન એટલું બધું કલુષિત બની ગયું છે, કે એને વાત કરવાની ફુરસદ નથી. ગમે તેવા સ્નેહીને પણ એ કહી દે કે:- 'જા ભાઇ જા, મને ફુરસદ નથી, કંટાળો ન આપ, ચાલ્યો જા.' આવો આદમી ન ઘરનો, ન બહારનો, ન કુટુંબનો, ન દેહરા ઉપાશ્રયનો, ન સમાજનો, ન ધર્મનો, કશાનો નહિ.

**પ્ર.૫૯૯ શ્રાવકના વેપાર કેવા હોવા જોઇએ ?**

ઉ. શ્રાવકના વેપાર નિરાળા હોય, બહુજ લુખ્ખા હોવા જોઇએ. એ વાત મુંઝવણ કરાવે તેવી છે, પણ હોય એ કહ્યા વિના ચાલે ?

**પ્ર.૬૦૦ શ્રાવકો કેવા થઇ જાય તો સામો કેવો થાય ?**

ઉ. શ્રાવક જો સંતોષી થઇ જાય, તો તેના ભાલસ્થલ ઉપર નૂરના ઓવારા ઉડે. એવો તેજસ્વી બને કે સામો નમી પડે.

**પ્ર.૬૦૧ આજે શ્રીમાનોની હાલત કેવી છે ?**

ઉ. આજે તો શ્રીમાનો પર તેજ ક્યાં છે ? ધમાલ ને ધમાલ, પાંચ માગનાર, દશ લેનાર, તમારા દુઃખનો અંત નથી, સુખ શામાં છે, ક્યાં છે, તે ખરેખર તમને સમજાતું નથી : દિવસે દિવસે તમારૂં જીવન સુધરે છે, કે બગડે છે ? તમે મોટા, ડાહ્યા, સમજદાર થયા, કહો તો ખરા કે તમારી પ્રવૃત્તિ કયી વધી અને કયી ઘટી ?

**પ્ર.૬૦૨ હીરસૂરિ મહારાજાના વખતમાં શું હતું ?**

ઉ. શ્રી હીરસૂરિ મહારાજાના વખતમાં પાલણપુરના વર્ણનમાં એમ આવે છે કે રોજ મંદિરમાં એક મૂડો ચોખા થતા. મૂડો એટલે પચાસ મણ. ત્યાંના શેઠીઆઓ પાલખીમાં બેસીને વ્યાખ્યાને આવતા. ધર્મની જાહોજલાલી આનું નામ ! જાહોજલાલી વખતે ધર્મીની આ ભાવના, આ

વૃત્તિ, આ કાર્યવાહી હતી, શ્રાવકો ક્રિયાચુસ્ત હતા.

**પ્ર.૬૦૩ ધર્મ માટે કેટલો ટાઇમ આવો ? એ ટાઇમ કેવો છે ?**

ઉ. ધર્મ માટે ફુરસદ નથી, એમ કહેવાય ? આતો ચોમાસામાંએ વેપાર ! તમારે માટે નિવૃત્તિનો સમય કયો તે તો કહો. તમે બે કલાક પણ ભેળા થાઓ, તે પણ ભેળા કરનારમાં તાકાત હોય તો. અહીં તમને ઉંઘવા દઉં તો કાલે ભાગી જાઓ. સ્થિતિ એ જોઇએ, કે બે કલાક તો તમારી જાતે આવો, એ બે કલાક વિના તમને ચેન ન પડે, ગમે તેમ, ભલે સમજ ન પડે પણ સૂત્રના મંત્રાક્ષરોથી આત્માને પવિત્ર કરવાની ભાવનાએ આવો, ત્યારે કામ થાય, આ બે કલાકની કિંમત સમજો. બાવીસ કલાકની પ્રવૃત્તિમાં અટકાયત કરનાર આ બે કલાક છે. બાવીસે કલાકમાં આત્માને, જ્યાં જ્યાં પડતો હોય ત્યાં પડકાર કરનાર આ બે કલાકનું શ્રવણ છે. ધર્મશ્રવણના બે કલાક બહુ જરૂરી છે. એ બે કલાક વિના જીવન લુખ્ખું સમજો. બે કલાકમાં તરબોળ બનો. બે કલાક બાવીસ કલાકના પાપને રોકનાર સમજો. બે કલાક જરૂરના લાગે તો કામ થાય. બાહ્ય આલંબનની અતિ જરૂર છે.

**પ્ર.૬૦૪ ક્યાં શું ઉંચી કોટિનું છે ?**

ઉ. ભગવાન્ ઋષભદેવની મૂર્તિ તો અહીં પણ છે અને શ્રી સિદ્ધગિરિજી ઉપર પણ છે, પણ એ સ્થાન કેવું ? એ આલંબન કેવું ? એ જગ્યાએ ચઢવા માંડે કે, ગમે તેવા વિચારનો આદમી જો તેનામાં તથા પ્રકારની ભવ્યતા હોય, તો તે પણ ત્યાં તો જરૂર ડોલે. ત્યાંનું વાતાવરણ, પરમાણું, હવા, સ્પર્શના બધું ઉંચી કોટિનું છે.

**પ્ર.૬૦૫ કુમારપાલ મહારાજાએ ગુરૂને શું કહ્યું છે ?**

ઉ. સીત્તેર વર્ષે કુમારપાળ મહારાજા પરમ શ્રાવક બન્યા. સિદ્ધગિરિનો સંઘ કાઢ્યો. શ્રી હેમચંદ્રસૂરિજી સાથે હતા. બેયની ઉંમર સીત્તેર વર્ષની હતી. લગભગ સરખી. છ માસનો ફરક હશે. બેયનું આયુષ્ય ચોરાશી વર્ષનું : હેમચંદ્રસૂરિજી તો વિહાર કરતા જ હતા, કારણ

કે ન્હાનપણથી સંયમી હતા. જ્યારે સંઘ નીકળ્યો ત્યારે શ્રી હેમચંદ્રસૂરીશ્વરે કુમારપાલને કહ્યું, 'રાજન્ ! તું ઠેઠ સુધી ચાલી શકશે ?' શ્રી કુમારપાળે કહ્યું કે :- 'ભગવન્ ! હું બહુ ભટક્યો છું, ઘણું સહન કર્યું છે, પણ એ બધું રાજ્યાર્થ, સંસારાર્થ હોઇ નિરર્થક ગયું, આજે શ્રી જિનેશ્વરદેવ, આપ સરીખા ગુરૂ અને આવો ઉત્તમ ધર્મ મળ્યો છે, શ્રી સિદ્ધગિરિજીની યાત્રાએ જતાં ચાલું નહિ તો મારા જેવો કમનસીબ કોણ ? હું આપની સાથે ચાલીને યાત્રા કરીશ !' કુમારપાળે પચીસ વર્ષની ઉમરથી માંડીને લગભગ રાજ્ય ન મલ્યું ત્યાં સુધી, સિદ્ધરાજના મારાઓના ભયથી નાસભાગ કરી છે. કેવી નાસભાગ ! જબરી. આ આવ્યા, આ આવ્યા, એમને એમ નાસભાગમાં એ બધી ઉંમર ગઇ છે. ખાવાનું, પીવાનું, બેસવાનું કંઇજ ઠેકાણું નહિ. આ બધું યાદ કરી કરી કુમારપાલ મહારાજા કહે છે :- 'આજ તો ચાલવું એ ધર્માર્થે અને મોક્ષાર્થે છે. આપ જેવા ગુરૂ મળ્યા છો એની સાથે ચાલીનેજ યાત્રા કરીશ.' સીત્તેર વર્ષની વયે કુમારપાળ મહારાજાએ છ' રિ પાળતાં યાત્રા કરી. રસ્તામાં આવતાં ઝાડને પણ પુષ્પમાળા ચઢાવતા કહેતા કે શ્રી સિદ્ધગિરિજીની યાત્રાએ જતાં, યાત્રિકને છાયા, વિશ્રાંતિ આપનાર ઝાડો પણ યાત્રામાં સહાયક છે માટે પૂજનીય છે. અરે જમીનને પણ નમતા. એવા મહાપુરૂષો પણ બાહ્ય આલંબનને કેટલાં મજબૂત બનાવતાં. એવા કુમારપાળ યથેચ્છપણે ઝાડ તોડે, પત્તાં તોડે, વનસ્પતિ પર પગ મૂકે ? જે જગ્યાએથી પરમ પવિત્ર શ્રી સિદ્ધગિરિ દ્રષ્ટિએ આવ્યો, તે જગ્યાએ પડાવ કરી અટ્ઠાઇ મહોત્સવ કર્યો. ધન્ય છે આ જગ્યાને, કે અહીંથી મને શ્રી સિદ્ધગિરિજીનાં દર્શન થયાં. અરે, ભગવાન્ જ્યાં જ્યાં ભિક્ષાએ ગયા છે, ત્યાં ત્યાં ભક્તોએ થુભો બંધાવી છે. મહારાજા કુમારપાલ પણ પરમ ભક્ત છે. આ શું ? આલંબન.

**પ્ર.૬૦૬ કોણ શું કરનારા છે ?**

ઉ. આજે પણ યુદ્ધભૂમિમાં કોઇ સામાન્ય આદમી જાય, તોયે એને શૂરવીરતાના છાંટા આવે છે, તો પવિત્ર ભૂમિમાં પાવન થયા વિના કેમ

રહે ? જ્ઞાનીએ કહેલ બાહ્ય આલંબનની અવગણના કરનારા, આત્માની અવગણના કરનારા છે.

**પ્ર.૬૦૭ ભાવ વિનાની ક્રિયા શાસ્ત્રે તુચ્છ કહી છે ને ?**

ઉ. બરાબર છે. એ તો કહ્યું કે ભાવ વિનાની ક્રિયા વાસ્તવિક રીતે નિષ્ફળ કહેવાય. પણ એકલો ભાવ ભાવને જપનાર, ને આલંબનની અપેક્ષા નહિ કરનારનો ભાવ ટકશે કે કેમ ? (પ્રશ્ન. અજ્ઞાનમૂલક ક્રિયા નિષ્ફળ ને !) જ્ઞાનીની નિશ્રા વગરની અજ્ઞાનમૂલક ક્રિયા વસ્તુતઃ નિષ્ફળ !

**પ્ર.૬૦૮ શાસ્ત્ર શું કહે છે ?**

ઉ. શાસ્ત્ર કહે છે કે, એક તો જ્ઞાની-સ્વયંજ્ઞાની મુક્તિએ જાય અને જ્ઞાની ન હોય તે પણ જ્ઞાનીની નિશ્રાએ વર્તે તો મુક્તિએ જાય. મારવાડની ભૂમિમાં ફરવું વિકટ છે, પણ પેલો ભીલ માર્ગ બતાવે, તે મુજબ ચાલનાર બધા ઘરે પહોંચે.

**પ્ર.૬૦૯ કયી ક્રિયા અજ્ઞાન મૂલક ?**

ઉ. સ્વયંજ્ઞાની નથી અને જ્ઞાનીની નિશ્રા પણ નથી, એની ક્રિયા અજ્ઞાનમૂલક !

**પ્ર.૬૧૦ કોણ કઇ રીતે નવકાર ગણે તો શું થાય ?**

ઉ. કોઇ માણસ ભલે નવકારનો અર્થ ન જાણે, પણ એમ માને કે- ભગવાન્ કહે છે, ગુરૂ કહે છે કે, નવકારનો ગણનારો પાવન થાય માટે અનુપમ છે. આવું હૃદયમાં સ્થાપી ગણવા માંડે કે કર્મ ખસવા માંડે. 'નમો અરિહંતાણં' શબ્દમાં જે ભાવ લાવવો જોઇતો હતો તે પેલાએ શ્રદ્ધામાંથી કાઢ્યો, એને એ શ્રદ્ધા છે કે, ભગવાન, ગુરૂ, નિર્ગ્રંથો, ત્યાગીયો-બધા કહે છે કે નવકાર જેવું મંગલ એકે નથી. સંસારથી મને જે તારે તે મંગલ ! અર્થ સમજીને જે ભાવના લાવવી જોઇતી હતી, તે મહાપુરૂષના વચન પરની શ્રધ્ધાથી આ લાવે છે.

**પ્ર.૬૧૧ કેટલા જ્ઞાન સુધી શું કરવું પડે તો શું થાય ?**

ઉ. અરે ! સંપૂર્ણ જ્ઞાન ન થાય ત્યાં સુધીના જ્ઞાનીને પણ શ્રદ્ધા વિના ચાલતું નથી. અમૂક જાતિનું જ્ઞાન થયા વિના, આત્મા પરના મૂલરૂપ દોષો દેખાતા નથી. કેવલજ્ઞાન વિના આત્મા પણ દેખાતો નથી.

**પ્ર.૬૧૨ જ્ઞાની શું કહે છે ?**

ઉ. જ્ઞાની કહે છે, કે ભાવ વિનાની ક્રિયા નકામી કહી, તે ક્રિયામાં ભાવનાશુદ્ધિનું ધ્યાન ખીંચવા માટે ! પણ સાથે સાથે જ કહ્યું, કે દ્રવ્ય વિના ભાવ પણ નથી. ભાવનું કારણ દ્રવ્ય. નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ-એ ચાર નિક્ષેપાની વિચારણામાં કહ્યું કે, ભાવનું કારણ દ્રવ્ય. પહેલું કારણ કે કાર્ય ? શાસ્ત્રના એક જગ્યાના વાક્યને કદી ન પકડાય. કારણ વિના કાર્ય બને ?

"કારણ જોગે કારજ નીપજેજી,
ક્ષમા વિજય જિનઆગમ રીતરે"

અરે દુનિયાની પણ એ રીત છે. માટી વિના ઘડો થાય ? ઘડો જોઇએ તો માટી લાવોને ! ઘડો બન્યા પહેલાં પણ માટી હોય, બનતી વખતે પણ માટી હોય, અને બન્યો એટલે પણ માટી ખરી કે નહિ ? ઘડો માટીમય કે માટી બહાર ? ઘડો માટીમય ન બને તો ઘડારૂપ રહે ક્યાંથી ? કારણ વિના કાર્યોત્પત્તિ ન હોય.

**પ્ર.૬૧૩ શાસ્ત્ર શું કહે છે ?**

ઉ. શાસ્ત્ર કહે છે કે દ્રવ્ય આલંબન ન સ્વીકારે એની ભાવના પણ વાંઝણી હોય છે. જીરણ શેઠે ભાવનાથી કામ કાઢ્યું, એમ કહી દે છે પણ જીરણશેઠે શું કર્યં તે જાણવાની દરકાર નથી. ભગવાન ચાર મહિનાની પ્રતિમામાં હતા : જીરણશેઠ તે ઉદ્યાનમાં જતા. વંદન કરતાં ભગવાનના એકએક અંગનાં ગુણગાન કરતા અને આવતી વખતે વિનંતિ કરતા કે- ભગવન્ ! આપ ભિક્ષા માટે નીકળો ત્યારે આ રંકને પાવન કરજો. ભગવાન બોલે પણ નહિ, સામું પણ ન જુએ, આંખનું પોપચું પણ ઉંચુ ન કરે, છતાં જીરણશેઠ રોજ જાય અને દર્શન કરે, અંગેઅંગના ગુણ ગાય

: હાથ આવા, પગ આવા, મુખ આવું વિગેરે અંગોના પણ ગુણગાન ગાઇને પછી પ્રાર્થના કરે કે, પ્રભુ ! ભિક્ષા લેવા નીકળો ત્યારે આ રંકને પાવન કરજો. આ બધું દ્રવ્ય ખરૂં કે નહિ ? કહે છે કે-અભિનવ શ્રેષ્ઠિએ દાન દીધું પણ ભાવના નહોતી તો ન ફળ્યું અને જીરણશેઠે દાન ન દીધું પણ ભાવનાથી કામ થયું, આટલુંજ પકડી રાખે-પણ ભાઇ ! જીરણશેઠને બરાબર વાંચ તો ખરો ! ચારચાર મહિના સુધીની આ લાગટ ક્રિયાને ક્યાં ભૂલી જાય છે ? જીરણશેઠની ભાવના વાંઝણી હતી કે ફળવતી ? એની ભાવનામાં દ્રવ્યના ફુવારા કેટલા હતા ? -એ જુએ નહિ, અને આલંબનને ધક્કો મારે એટલે ખાલી ભાવનાથી જ કામ થાય ? ભાવના જાગે કે દી ? ભાવના કરે કે મુનિને દાન દઉં, ને મુનિ આવે એટલે બારણાં બંધ કરે તો ?

**પ્ર.૬૧૪ શાસ્ત્ર શું કહે છે ?**

ઉ. શાસ્ત્ર કહે છે કે- જે ભાવના ભવનાશિની, તેજ ભાવના ભવ વધારનારી છે. એમ કહીએ કે અમારા ભાવ સારા ને પછી ગમેતેમ વર્તિએ એનો મેળ મળે શી રીતે ? ત્યાગના અર્થિ તે રાગના સેવક એ બને ? વીતરાગના ભક્ત અને વૈરાગ્યના વૈરી એમ બને ? એમ કહે કે, શ્રી જિનેશ્વરદેવ, નિર્ગ્રંથ ગુરૂ અને એમણે કહ્યું તે ધર્મ એ ખરાં, પણ મારો સંસાર પહેલો, આ નાટક નહિ તો શું ? એમ માનનારને સંસારજ રહે !

**પ્ર.૬૧૫ અભિનવ શેઠે શું કર્યું પણ શું થયું ? જીરણ શેઠને માટે શું બન્યું ?**

ઉ. અભિનવશેઠે દાન દીધું, પણ પામ્યો નહિ : સોનૈયા પડ્યા એજ પામ્યો, કારણ કે એની ભાવના ન હતી અને જીરણશેઠની ભાવના એવી હતી કે દાન ન દીધું તોયે જો દુંદુભી જરા મોડી વાગી હોત તો કેવળજ્ઞાન પામત. આ વાતથી ભાવના સાબીત થાય છે, એ વાત સાચી પણ આ રીતે ભાવનાને આગળ કરનાર ભાવના પ્રગટી ક્યાંથી એ ન

વિચારે એ કેમ ચાલે ? શ્રી જીરણશેઠ પ્રભુ જે દિવસે ભિક્ષાએ નીકળ્યા તે દિવસે પણ પોતે આંગણામાં રાહ જોઇ ઉભા છે. ભગવાન તો અપ્રતિબદ્ધ વિહારી છે. રોજ આવે છે માટે એને ત્યાં જઉં એ વિચાર એમને નથી. ભગવાન નીકળ્યા. યોગ્ય લાગ્યું ત્યાં ગયા. જ્યાં ગયા તે ભાગ્યશાળી એવો કે અડદાદિનું દાન દેવરાવ્યું. જીરણશેઠ તો ભાવના ભાવે છે કે, ભગવાન ક્યારે આવે ? અહીં સોનૈયાની વૃષ્ટિ થઇ, દેવ દુંદુભી વાગી "અહો દાનં અહો દાનં" ની ઉદ્‌ઘોષણા વિગેરે પંચ દિવ્ય પ્રગટ થયા, ત્યારે જીરણશેઠે જાણ્યું કે ભગવાને દાન લીધું. શેઠે તો એ વિચાર્યું કે હું કેવો હીણભાગ્ય કે પ્રભુ મારે ત્યાં ન પધાર્યા. શાસ્ત્ર કહે છે કે, એની ભાવના એવી ઉંચી હતી કે દુંદુભી થોડી મોડી વાગી હોત તો કેવળજ્ઞાન થાત.

**પ્ર.૬૧૬ જીરણશેઠ શું વિચારે છે ? આ ભાવનાને કેવી કહેવાય ?**

ઉ. દુંદુભીથી જીરણશેઠની ભાવના તૂટી ગઇ. ત્યાં એ વિચાર કરે છે કે, મારે અંતરાય હશે કે ભગવાન ન આવ્યા. આ ભાવનાને ક્રિયા વગરની કહેવાય ? એમની ભાવનાના નામે ક્રિયાની અવગણના કરનારાં એમની વાતને પૂરી જાણતાં પણ નથી.

**પ્ર.૬૧૭ શાસ્ત્ર શું કહે છે ? સમ્યક્ત્વ ક્યારે થાય ?**

ઉ. શાસ્ત્ર કહે છે, સમ્યક્ત્વ વિનાની ક્રિયા છાર ઉપર લીંપણ જેવી. સમ્યક્ત્વ ક્યારે થાય ? દેવ, ગુરૂ અને ધર્મને સમ્યક્ પ્રકારે માને તો.

**પ્ર.૬૧૮ હરિભદ્રસૂરિ મ. શું કહે છે ?**

ઉ. શ્રીમાન્ હરિભદ્રસૂરિજી કહે છે કે, ક્રિયા, નિયમ, પ્રતિજ્ઞા એ પડતા આત્માને ટેકવનાર છે. એના અમલ વિના ભાવના ફલીભૂત ન થાય.

**પ્ર.૬૧૯ કોની સિદ્ધિ થઇ નથી કે થશે નહિ ?**

ઉ. બાહ્ય આલંબનશુદ્ધિની અતિ આવશ્યક્તા છે. એ ભાવનું

કારણ છે. પ્રધાન દ્રવ્ય તેજ કે જે ભાવ ઉત્પન્ન કરે. ભાવ ઉત્પન્ન કરનાર દ્રવ્યની ઉપેક્ષા કરે, તેની સિદ્ધિ થઇ નથી, થતી નથી અને થશે પણ નહિ.

**પ્ર.૬૨૦ યત્ન એ અયત્ન શાથી ?**

ઉ. પ્રાર્થનાસૂત્રમાં સૌથી પ્રથમ માંગણી 'ભવનિર્વેદ' ની છે, કારણ કે ભવનો નિર્વેદ થયા વિના મોક્ષ માટે વાસ્તવિક યત્ન થતો જ નથી. કલિકાલસર્વજ્ઞ ભગવાન્ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા સ્પષ્ટપણે કહે છે કે-ભવથી નિર્વેદ નહિ પામેલા આત્માનો મોક્ષ માટે જે યત્ન છે, તે અયત્નજ છે.

**પ્ર.૬૨૧ ભવનિર્વેદ ટકાવવા શેની અતિ જરૂર છે ? એ માર્ગાનુસારિતા શું છે ?**

ઉ. હવે એ 'ભવનિર્વેદ' ટકાવી રાખવા માટે 'માર્ગાનુસારિતા' અતિ જરૂરની છે. માર્ગાનુસારિતાના વિવરણમાં શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા ફરમાવે છે કેઃ-

**'मार्गानुसारिता असद्ग्रहविजयेन तत्त्वानुसारिता'**

અસદ્ગૃહના વિજય દ્વારા તત્ત્વને અનુસરવું, એજ ખરી તત્ત્વાનુસારિતા છે.

**પ્ર.૬૨૨ કોની હયાતિમાં શું આવતું જ નથી ?**

ઉ. અસદ્ગૃહની હયાતિમાં સાચી તત્ત્વાનુસારિતા આવતી જ નથી.

**પ્ર.૬૨૩ જેમ જેમ તત્વાનુસારિતા વધે તેમ શું વધે ?**

ઉ. તત્ત્વાનુસારિતા, એ ભવનિર્વેદને પુષ્ટ બનાવનારી વસ્તુ છે. જેમ જેમ તત્ત્વાનુસારિતા વધતી જાય, તેમ તેમ ભવનિર્વેદ પણ પુષ્ટ બનતો જાય છે.

**પ્ર.૬૨૪ તત્વાનુસારિતા પછી શેની માગણી છે ?**

ઉ. 'તત્ત્વાનુસારિતા' પછી 'ઇષ્ટફલસિદ્ધિ' ની માગણી, કે જેથી ઉપાદેયને અંગીકાર કરવાની પ્રવૃત્તિ નિર્વિઘ્નપણે થઇ શકે. ઉપાદેયને

નિર્વિઘ્નપણે અંગીકાર કરવા માટે 'લોકવિરુદ્ધ' કાર્યોનો અવશ્ય ત્યાગ થવો જોઇએ.

**પ્ર.૬૨૫ શેના કારણે શેનું વર્ણન શરૂ કરેલું છે ?**

ઉ. તીર્થ જયવંતુ વર્તે છે, કારણ કે એનામાં એક પણ અયોગ્ય વિચારને સ્થાન નથી તેમજ એક પણ સુંદર વિચારનો બહિષ્કાર નથી, એના સિદ્ધાંતો અનેક રીતિએ એવી રીતે સિદ્ધ થયા છે કે એની સેવાથી, સેવા કરનારો જરૂર કર્મમલથી રહિત થઇ મુક્તિ જાયજ, માટે એ શાશ્વત કાલ રહેવા સરજાયેલું છે, માટે જ દુનિયામાં તેની જોડી નથી અને સઘળા જિનેશ્વરોથી શરૂઆતમાં નમસ્કાર કરાયેલું છે. આવા તીર્થની પ્રાપ્તિ થઇ એ અહોભાગ્ય, પણ જો એનો વાસ્તવિક અમલ જીવનમાં ન થાય તો કાર્યસિદ્ધિ થઇ શકે નહિ. આચારને અમલમાં ઉતારવા માટે જો સાધ્ય નિશ્ચિત થઇ જાય તો આચારને જીવનમાં ઉતારવાની સહેલાઇ બહુ થાય. એ વસ્તુ સમજવા માટે પ્રથમ આપણે પ્રાર્થનાસૂત્ર અંગિકાર કર્યું છે.

**પ્ર.૬૨૬ શેમાં ભેદ નથી ? નિરીક્ષણ કરી રહ્યા છીએ ?**

ઉ. તમે અને અમે, હરેક શ્રી જિનમૂર્તિ પાસે દરરોજ, પ્રાર્થનાસૂત્ર દ્વારા એકજ વસ્તુની યાચના કરીએ છીએઃ એ યાચનામાં ભેદ નથી. તમારી અને અમારી પ્રવૃત્તિમાં ભલે ભેદ હોય, પણ ધ્યેય તો એક જ છે : માટે બન્નેની પ્રાર્થના શાસ્ત્રકારે એકજ કહી છે. એ પ્રાર્થનામાં આપણે જે માગી રહ્યા છીએ તેનું નિરીક્ષણ કરીએ છીએ.

**પ્ર.૬૨૭ વીતરાગ પાસે આપણે શું માગીએ છીએ ?**

ઉ. વીતરાગ પાસે આપણે શું માગીએ છીએ ? 'હે વીતરાગ ! હે ભગવન્ ! તું જયવંતો રહે.' કારણ તારી જયમાં અમારી જય છે. તારી જયમાં અમારી જય ન હોય તો જય બોલાવીએ નહિ. એના જયમાંજ આપણા આત્માની જીત છે, આપણા આત્માનો ઉદય છે. 'હે ભગવન્ ! તારા પ્રભાવથી હો.' શું હો ? -એની વિચારણા ચાલે છે. એ વિચારણામાં

જેટલી દૃઢતા થઇ જાય તેટલો ઉદય નિકટ છે. એમ થાય તોજ શ્રી જિનેશ્વરદેવે કહેલા આચારો હૃદયમાં ચોટે-ઉતારવાની ભાવના થાય, અને આચારમય બનવા માટે સઘળી શક્તિ ખરચાય. જે માટે પ્રાર્થના થાય છે, તે વસ્તુ નક્કી કરો. પ્રાર્થના કેવલ શાબ્દિક ન થવી જોઇએ. આટલી લાંબી માગણી કરનારની દશા કેટલી ઉમદા જોઇએ ! એક એક શબ્દમાં જ્ઞાનીએ કહેવા જોગું બધું કહ્યું. યાચનામાં ભવનિર્વેદ, પછી એને સફલ કરવા માર્ગાનુસારિતા, એના ફલ તરીકે ઇષ્ટફલ સિદ્ધિ અને પછી લોગવિરૂદ્ધચ્ચાઓ, એટલે લોકવિરુદ્ધનો ત્યાગ.

**પ્ર.૬૨૮ નીતિ વાક્ય શું છે ?**

ઉ. એક નીતિ વાક્ય છે કે- 'यद्यपि शुद्धं लोकविरुद्धं नादरणीयं नाचरणीयं ।' જો શુદ્ધ હોય તથાપિ લોકવિરુદ્ધ હોય તો તે આદરણીય અને આચરણીય નથી. આ નીતિવાક્ય છે.

**પ્ર.૬૨૯ નીતિમાં શેની ભજના છે ? ધર્મમાં નિયમા શું છે ? કઇ રીતે ?**

ઉ. નીતિમાં ધર્મની ભજના છે. ધર્મમાં નીતિ નિયમા હોય છે. ધર્મ, નીતિને બાધિત કરી શકે, પણ નીતિ, શાસ્ત્રને બાધિત કરે શકે નહિ. 'શઠં પ્રતિ શાઠ્યમ્' આ નીતિવાક્ય છે. નીતિ કહે છે કે શઠ પ્રત્યે શાઠ્ય વર્તન કરવું. ધર્મશાસ્ત્ર એમ વર્તવા ના કહે છે : એ ધર્મીનું કામ નથી એમ સ્પષ્ટ કહે છે. ધર્મ છે ત્યાં નીતિ તો આવેલી જ છે. નીતિવાક્યનો, ધર્મશાસ્ત્રને બાધ ન થાય ત્યાં સુધી સ્વીકાર થાય.

**પ્ર.૬૩૦ શું કેવું ન જોઇએ ? શાથી ?**

ઉ. જે શુધ્ધના સેવનમાં સ્વપરનું કલ્યાણ સમાયું હોય અને નહિ સેવવામાં સ્વપરનું અકલ્યાણ સમાયું હોય- તે શુધ્ધને, સામાન્ય લોકની વિરૂદ્ધતા જોઇ મૂકી દઇએ તો જગત્નું કલ્યાણ કયી રીતે થાય ? જે શુધ્ધના સેવનમાં સ્વપરનું કલ્યાણ નિયત થયું છે, જેના ત્યાગમાં સ્વપરનું અહિત નક્કી થયું છે, તે શુધ્ધના સેવનનો ત્યાગ શી રીતે થાય ? શુધ્ધ, નામનું ન જોઇએ. કહેવા માત્રનું શુધ્ધ ન જોઇએ.

**પ્ર.૬૩૧ મતભેદ થાય તો ?**

ઉ. (લાલન. મતભેદ થાય તો ?) મતભેદ માટે બુધ્ધિવાદના પ્રસંગે ઠીક કહેવાયું છે. સમ્યગ્દ્રષ્ટિ આત્મા પોતાના બુધ્ધિભેદ ને વજન નથી આપતો. એ સમજે કે, આપણે તો છદ્મસ્થ છીયે, બુધ્ધિ નાની, એમાં ભેદ થવો નક્કી, ભેદ થાયજ, જો આપણે આપણા બુધ્ધિના ભેદને વળગી રહીયે, તો શાસ્ત્રનું સત્ય માર્યું જાય. બુધ્ધિનો ઉપયોગ શાસ્ત્રને સમજવા, હૃદયસ્થ કરવા અને જગત્માં ફેલાવવા માટે છે. વિતંડાવાદ કરવો એ તો બુધ્ધિનો દુરૂપયોગ છે.

**પ્ર.૬૩૨ નિશ્ચય દ્રષ્ટિ આવ્યા વિના બાહ્ય ક્રિયા શું કામની ?**

ઉ. બાહ્ય ક્રિયાઓ કરતાં એકાંતમાં ધ્યાન કરવું શું ખોટું ? નિશ્ચય નયનું અવલંબન માત્ર ધર્મક્રિયા કરવાની વાતમાં જ ? સારી જીંદગી સુધી દુનિયાના પાપ વ્યવહારમાં રચ્યો પચ્યો રહે અને ધર્મક્રિયા વખતે નિશ્ચયની વાત કરવી, એતો ગ્રથિલતા છે.

**પ્ર.૬૩૩ ઉપાધ્યાય યશોવિજયજી મહારાજા શું કહે છે ?**

ઉ. બાકી નિશ્ચયદ્રષ્ટિ હૃદયમાં ધરવાની તો છે. મહામહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજા તો ધ્યાતા ધ્યાન કરનારનું સ્વરૂપ વર્ણવતાં ફરમાવે છે કે:-

**"अमुञ्चन् प्राणनाशेऽपि संयमैकधूरीणताम् ।**
**परमप्यात्मवत् पश्यन्, स्वस्वरुपापरिच्युतः ।।१।।**
**उपतापमसंप्राप्तः, शीतवातातपादिभिः ।**
**पिपिसुरमरीकारि योगामृतरसायनम् ।।२।।**
**रागादिभिरनाक्रान्तं, क्रोधादिभिरदूषितम् ।**
**आत्मारामं मनः कुर्व न्निर्लेपः सर्वकर्मसु ।।३।।**
**विरतः कामभोगेभ्यः, स्वशरीरेऽपि निःस्पृहः ।**
**संवेगह्रदनिर्मग्नः, सर्वत्र समतां श्रयन् ।।४।।**
**नरेन्द्रे वा दरिद्रे वा, तुल्या कल्याणकाम नः ।**

**अमात्रकरुणापात्रं, भवसौख्यपराङ्मुखः ।।५।।**
**सुमेरुरिव निष्कम्पः, शशीवानन्ददायकः ।**
**समीर इव निःसङ्गः, सुधी ध्याता प्रशस्यते ।।६।।"**

'બુદ્ધિમાન્ ધ્યાતા તે કહેવાય છે, કે જે પ્રાણોના નાશમાં પણ સંયમની એક ધૂરીણતાને મૂકનાર ન હોય, બીજા આત્માઓને પણ પોતાના આત્માની માફક જોનાર હોય, પોતાના સ્વરૂપથી અપરિચ્યુત એટલે કે પોતાના સ્વરૂપમાં સ્થિત હોય, ટાઢા પવન અને તડકા આદિથી ખેદને પામનાર ન હોય, અજરામર બનાવનાર યોગ રૂપ અમૃત રસાયનનો પીપાસુ હોય, મનને રાગાદિકથી અનાક્રાંત-નહિ દબાયેલું, ક્રોધાદિકથી અદૂષિત અને આત્મભાવમાં રમણ કરતું કરતો સર્વ કાર્યોમાં નિર્લેપ હોય, કામભોગોથી વિરક્ત હોય, પોતાના શરીર ઉપર પણ સ્પૃહા વિનાનો હોય, સંવેગરૂપ હૃદયમાં નિર્મગ્ન થયેલ હોય અને સર્વત્ર સમતાનો આશ્રય કરનાર હોય, નરેંદ્ર કે દરિદ્રને વિષે તુલ્ય કલ્યાણની કામના કરનારો હોય-અર્થાત્ રાજા કે રંક ઉભયનું સમાનપણે કલ્યાણને ઇચ્છનાર હોય, સર્વ જીવો પ્રત્યેની કરૂણાનું પાત્ર હોય, સંસારનાં સુખોથી પરાઙમુખ હોય, ઉપસર્ગો કે પરિષહોમાં સુમેરૂની માફક નિષ્પકંપ હોય, ચંદ્રમાની માફક આનંદનો આપનાર અને પવનની માફક સંગ વિનાનો હોય.'

**પ્ર.૬૩૪ આડંબર સિવાય બીજું કશું શાથી નથી ?**

ઉ. આ તો સંયમનું ઠેકાણું નહિ. સંવેગનું નામનિશાન નહિ, સંસાર સુખોની અભિલાષાઓનો પાર નહિ અને ઇંદ્રિયોની આધીનતા તો એવી કે-ન ભક્ષ્યાભક્ષ્યનો વિવેક, ન તીથિ અતીથિનો વિચાર, કે રાત દિવસનું ભાન : શરીરની આસક્તિ તો એટલી બધી કે અમૂક વિના ન ચાલે અને અમૂક વિના ન ચાલે : શાન્તિ અને સમતા એવી કે દેવ, ગુરૂ અને ધર્મનું અપમાન ઠંડે કલેજે સહન થાય, અને જાત ઉપર આવતો એક પણ આક્ષેપ સહન ન થાય આવો આત્મા પોતાના

ગુણસ્થાનકને ઉચિત એવી ક્રિયાઓની અવગણના કરી, એકાંતમાં બેસી, ધ્યાન કરવાની વાત કરે, એ કેવલ આડંબર સિવાય બીજું કશું જ નથી.

**પ્ર.૬૩૫ રત્નશેખર સૂ. મહારાજાએ કોને શું કહેલા છે ?**

ઉ. આજ કારણે શ્રી રત્નશેખરસૂરીશ્વરજી મહારાજાએ આવશ્યકને નહિ આચરતા પ્રમાદીને મિથ્યાત્વ મોહિત તરીકે ઓળખાવેલ છે. અપ્રમત્તતાવસ્થા છે નહિ, આહાર વિના કે શયન વિના ચાલતું નથી, બહારનાં બધાં આલંબનની જરૂર છે, અને માત્ર આવશ્યક આવે ત્યાં એના વગર ચાલે એમ કહેવું એ ટકે કેમ ? શરીર ટકાવવા બધાં સાધન જોઇએ અને આત્માને ટકાવવા સાધન ન જોઇએ ? આનું નામ મતભેદ નથી પણ મતિનો વિપર્યાસ છે.

**પ્ર.૬૩૬ બુધ્ધિભેદથી પરિણામે શું થાય ? કઇ રીતે ?**

ઉ. આ બુધ્ધિભેદથી તો પરિણામે આત્મા સત્યથી ખસી જાય. ગાડીમાં જનારાએ બધું જાણવું તો જોઇએ ને ? -કે આ ગાડી કયા પાટે જાય, ક્યાં જાય, ક્યાં બદલાય ! એ જાણવાની દરકાર ન કરતાં, હું તો આજ ગાડીમાં બેસીશ, એવી જીદ કરે તો ટીકીટના પૈસા નકામા જાય ને અથડાઇ મરે. આત્મા જે જે ભૂમિકાએ હોય તે તે ભૂમિકાની ક્રિયા લંઘે નહિ. હા, એ ભાવના રાખે કે ક્યારે એવો વખત આવે કે બાહ્ય આલંબન વિના પણ ટકી શકું.

**પ્ર.૬૩૭ કોણ કેમ નભે ?**

ઉ. પરિણામની શુધ્ધિ માટે યત્ન કરે એ ઠીક છે, પણ પરિણામની શુધ્ધિમાં હેતુભૂત ક્રિયાઓનું વર્જન કરે, એ કેમ નભે ?

**પ્ર.૬૩૮ શેમાં ઠીક નથી લાગતું ?**

ઉ. જે આદમી હજારો આદમી સમક્ષ ભૂલ કરતાં નથી કંપતો, તે આદમી એકાંતે ભૂલ નહિ કરે-એની શી ખાત્રી ? આટલા બધા મનુષ્યો સમક્ષ પણ પોતાની મરજી મુજબ આંખ ફેરવનાર આદમી એકલો હોય,

ત્યાં શું ન કરે ? શાસ્ત્રે એટલા માટે તો કહ્યું કે- મુનિયોએ ભિક્ષા માટે એકલા ન જવું. જે આદમી સમષ્ટીમાં ન ડરે, ઉત્તમ સંયોગોમાં સ્થિર ન રહે, તે આદમી એકાંતે સ્થિર રહેવાની વાતો કરે, તે મને તો ઠીક નથી લાગતું.

**પ્ર.૬૩૯ જ્ઞાનીઓએ શેની કિંમત કેટલી આંકી છે ? શાથી ?**

ઉ. જ્ઞાનીએ સમુદાયની કિંમત બહુ આંકી છે. સમુદાય સમક્ષ ગ્રહણ કરેલી વસ્તુ મુકતાં વાર લાગે, આત્મા ડંખે : આ જાણે છે, તે જાણે છે, બધા જાણે છે, એ વિચારે. પાપવાસના થાય તો પણ આત્મા પાપક્રિયાથી બચી જાય. આમાં ધર્મની બાબતમાં દંભ, પ્રપંચ કરનાર અન્યને ઠગવા સાથે પોતાના આત્માને ઠગે છે. અન્ય તો કદાચ ન પણ ઠગાય, પણ પોતાનો આત્માતો જરૂર જ ઠગાય માટે દંભાદિકથી અલગ રહેવામાંજ આત્મશ્રેય રહેલું છે.

**પ્ર.૬૪૦ એકવાર શું કહ્યું હતું ?**

ઉ. એકવાર તમે કહ્યું હતું કે -હું એકાંતમાં સ્થિર રહી શકું છુ. માનો કે ભોળી જનતાએ માન્યું, પણ તેથી તમારૂં શું ? એમ કહીએ કે -અમે જગત્પૂજ્ય, ભોળું જગત્ માને, પણ જો પૂજ્યતા ન હોય તો કર્મ કાંઇ મૂકવાનું છે ? આડંબરથી, ચાલાકીથી, હુંશીયારીથી, એવું વર્તન કરીએ કે મુગ્ધ જનતા બધું માને, પોલ ચાલી પણ જાય, પણ તે પછી શું ?

**પ્ર.૬૪૧ જ્ઞાનીના વચન આદિને માનનારો કોના શરણે ન જાય ?**

ઉ. જ્ઞાનીના વચનને માનનારો, કર્મના સ્વરૂપને જાણનારો, પરલોકાદિને માનનારો, આવા આડંબરને શરણે કદીન થાય : આવો આડંબર કદી ન સેવે.

**પ્ર.૬૪૨ નીતિ શું કહે છે ? ધર્મ શું કહે છે ?**

ઉ. નીતિ તો કહે છે કે-આડંબરથી પૂજાવાય, પણ ધર્મ કહે છે કે- આડંબર કરશો તો માર્યા જશો.

**પ્ર.૬૪૩ બાહ્યથી શુધ્ધ દેખાતો, પણ અશુધ્ધ પ્રરૂપક હોય તો ?**

ઉ. શાસ્ત્રકારોએ એવાઓને તો "अदिट्ठकल्लाणा" તરીકે ઓળખાવ્યા છે. તેવાઓના કથનને સાંભળવા કરતાં કાનમાં ખીલા ઠોકવા સારા, કારણ કે તે સાંભળવાથી આત્માનો ધર્મ નાશ પામે છે. જેની પ્રરૂપણા ખોટી ત્યાં વસ્તુતઃ ચારિત્રશુધ્ધિ પણ કેમ હોય ? આડંબર તો અવશ્ય હોય.

**પ્ર.૬૪૪ કોના મુખથી શું નીકળે શાનું ?**

ઉ. (લાલન. શ્રધ્ધા તો ગઇ, રહ્યું શું ?) નાટકીયાપણું. જે શુધ્ધ શાસ્ત્રાનુસારી ચારિત્રને અનુસરતો હોય જે ચારિત્રને સમજીને પોતે અંગિકરેલ હોય, જેને શાસ્ત્રાનુસારી ચારિત્ર ઉપર સદ્ભાવ હોય, જેના યોગે એ ઉચ્ચ સ્થિતિએ પહોંચ્યો હોય, એના મુખથી સૂત્રવિરુધ્ધના ઉદ્ગાર નીકળે શાના ?

**પ્ર.૬૪૫ કોણ વિરુધ્ધ બોલે ? કોની જેમ ? શી વાત જુદી છે ?**

ઉ. કોઇ કહે કે - ફલાણો આદમી તમારા વિરુધ્ધ બોલે છે, પણ છે તમારા પર પ્રીતિવાળો ! ભલા આદમી ! પ્રીતિવાળો છે અને વિરુધ્ધ બોલે છે એ મેળ મળે ! જેને શ્રી જિનેશ્વરદેવે કહેલા માર્ગ પ્રતિ રાગ હોય, જે એ માર્ગનો પાલક હોય, તે માર્ગની વિરુધ્ધ બોલે ? કોઇ ચીજ પોતાથી ન પળાય એ વાત જુદી છે.

**પ્ર.૬૪૬ શાસ્ત્ર શું કહે છે ? એથી શું સિધ્ધ થતું નથી ?**

ઉ. શાસ્ત્ર કહે છે કે-બધાની શક્તિ સરખી ન હોય, પણ એથી એ સિધ્ધ નથી થતું કે કરણીયને અકરણીય કહેવું : તેની ફરજતો એજ કહેવાની છે કેઃ- "કરવા યોગ્ય તો આ" કોઇ પૂછે કેઃ- 'તમે નથી કરતા ?' તો કહે કે "હું પામર છું." પણ સમજનાર કરે પણ નહિ અને ઉપરથી એમ કહે કેઃ- 'ન કરે તો પણ ચાલે' એ કેમ ચાલે ?

**પ્ર.૬૪૭ જિનેશ્વરના શાસનમાં શેની કિંમત નથી ? આજે શું ચાલી પડ્યું છે ?**

ઉ. શ્રી જિનેશ્વરદેવના શાસનમાં આડંબરની કિંમત કશીએ નથી.

અહીં નિશ્ચય લાવીને ઉભો રાખે અને બહાર આરંભ-સમારંભ બધું ચાલુ રાખે. એવું ચાલી પડ્યું છે કે જ્ઞાનીએ કહેલી ચીજને અમલમાં મૂકવા જેટલો વીર્યોલ્લાસ હોતો નથી અને તેવા છીએ એમ બતાવવાની ભાવના જાગે છે. આજ કારણે બધી મારામારી છે. હું કહું છું કે - તમે જેવા હો તેવા ઓળખાઓ. વ્યવહારમાં પણ એ ટેવ પાડો, તો એ ટેવ અહીં આવશે. આ વસ્તુ જચે તો એ ટેવ પડે ને ?

**પ્ર.૬૪૮ તમે વ્યવહારમાં શું બોલો છો ? એ કેવું છે ? કેમ ?**

ઉ. તમે વ્યવહારમાં સ્નેહી વિગેરેને કહો છો કે- તારા વગર ન ચાલે ! તે વખતે આત્માને પૂછો કે એ સત્ય છે કે અસત્ય ? જો સમજાય તો તરત એને કહો કે તને ખેંચવા બોલું છું, પણ તારા જેવા કોઇ ન હોય તોપણ ચાલે તેમ છે. જુઠુ એટલું બધું ચાલ્યું છે કે વસ્તુ પ્રત્યે સદ્ભાવ નથી જાગતો.

**પ્ર.૬૪૯ સમ્યગ્દ્રષ્ટિ કોનું નામ ?**

ઉ. સમ્યગ્દ્રષ્ટિ એનું નામ, કે જે બરાબર સત્યનો ગવેષક હોય.

**પ્ર.૬૫૦ શ્રેણિક મહારાજા સમકીત પામતાં પહેલાં અનાથી મુનિને જોઇને શું વિચારમાં પડી ગયા ?**

ઉ. શ્રેણિક મહારાજાએ, સમ્યક્ત્વ પામવા પહેલાં, જ્યારે અનાથી મુનિને જોયા, ત્યારે એમને એ મુનિની દયા આવી. આ વય, આ રૂપ અને આવો સંયમ ! નક્કી બીચારાને આ વયને યોગ્ય ભોગસામગ્રી નહી મળી હોય-માટે બાવો બની ગયો હશે ! હું એની પાસે જાઉં, એને જોઇતી સામગ્રી પૂરી પાડું. પોતે મુનિની પાસે જઇ કહે છે કે- 'તમારે નાથ ન હોય તો હું નાથ થાઉં, તમને ભોગસુખની બધી સામગ્રી પુરી પાડું, પણ તમે આ વયમાં, આ જાતિનું કાયાકષ્ટ ન કરો.'

**પ્ર.૬૫૧ અનાથી મુનિ શું બોલ્યા ?**

ઉ. એ વખતે અનાથી મુનિએ સ્હેજ મ્હોં મલકાવ્યું. પોતે બોલ્યા, "રાજન્ ! નાથ વિનાનો આદમી મારો નાથ શી રીતે બને ? -એ

વિચારવા જેવું છે."

**પ્ર.૬૫૨ આ સાંભળી શ્રેણિકરાજાને શું થયું ?**

ઉ. રાજા શ્રેણિક ઝટ ચોંક્યો. ગુણ પામવાની યોગ્યતા જુઓ. શ્રેણિકને શું શું થાય છે ? શ્રેણિકને લાગ્યું કે -મગધ દેશનો માલીક, એક આદમીનો નાથ થવા તૈયાર થાય, તેને આવો ઉત્તર આપનાર જરૂર ઉંચિ કોટીનો-મારાથી કંઇ ગુણી ઉંચી કોટીનો હોવો જોઇએ. કેટલી બેપરવા ! વિષયાધીન, દુનિયાના રંગ રાગમાં મ્હાલનારો, દુનિયાનો રંગરાગનો અર્થી, આવો ઉત્તર આપી શકે ! એ તો તરત પગ પકડે, પણ આ તો મહાત્મા હતા. એ તો પોતાના અને પારકા હૃદયને તપાસવાની તાકાતવાળા હતા.

**પ્ર.૬૫૩ આજ તો કોણ શું કહે ?**

ઉ. આજ તો વિષયકષાયમાં મ્હાલનારો પણ કહે કે- અમે તો ઘેર બેઠા જ સાધુ છીએ. એને કોઇ પૂછે કે- "ભાઇ ! સાધુ છે તો ઘેર શું કામ રહ્યા છો ?" પણ એને એ વિચાર ન આવે કે माता मे वंध्या, - મારી માતા વાંઝણી, એના જેવો ન્યાય થાય છે. માતા વાંઝણી તો તુ ક્યાંથી ? ઘેર બેઠા સાધુ ? મેળ તો મેળવો. સાધુપણું આવ્યું તો ઘર રહ્યું શું કામ ? વસ્તુનો વિચાર આડંબરે ભૂલાવી દીધો છે.

**પ્ર.૬૫૪ શ્રેણિક મહારાજાએ શું કર્યું ? અને શું પૂછયું ?**

ઉ. શ્રેણિક મહારાજે ત્યાં પલટો ખાધો. એમને થયું કે, આવો ઉત્તર ઉંચી કોટિના આત્મા શિવાય કોણ આપે ? શ્રેણિક રાજાનું મસ્તક ઝૂક્યું, પોતે પૂછે છે કે- 'હું અનાથ કયી રીતે ?'

**પ્ર.૬૫૫ અનાથી મુનિ શું કહે છે ?**

ઉ. મુનિ અનાથી પોતાની જીવનકથા કહે છે- 'રાજન્ ! ન માનતો કે હું ભટકતો ભીખારી છું, તારા જેવા મારે બાપ, કુટુંબ પરિવાર, સાહ્યબી, દેવાંગના જેવી સ્ત્રી બધું હતું અને હું પણ માનતો કે આમાં મજા છે- આ બધા મારા રક્ષક છે. પણ મેં જોયું કે આપત્કાલમાં એમાંથી

કોઇથી પણ મારૂં રક્ષણ ન થયું. મને દાહજ્વર થયો ત્યારે મા પણ રોતી આંખે દેખતી રહી, બાપે પણ જોયા કર્યું, વૈદ્યો પણ નાડી પકડી બેસી રહ્યા. દેવાંગના જેવી સ્ત્રીયો પણ ખુણે ઉભી ઉભી રોતી રહી. એ વખતે મને લાગ્યું કે આ રક્ષક, આ રક્ષક એ બધું ખોટું છેઃ એ વખતે મેં નક્કી કર્યું કે આમાં રક્ષક કોઇ નથી, રક્ષક ધર્મ છે. અભિગ્રહ કર્યો કે- આ વ્યાધિ શમે કે તરત એ ધર્મને શરણે જાઉં. વ્યાધિ શમી એટલે એ બધું મૂકીને આવ્યો, નાથ વગરનો હતો તે નાથવાન બન્યો. રાજન્ ! તમે અનાથ છો !' શ્રેણિક પણ કબુલ કરે છે.

**પ્ર.૬૫૬ શ્રેણિક મહારાજાની આ શું ? સમકીત પામ્યા પછી કેવા રહ્યા નથી ?**

ઉ. આ યોગ્યતા ! શ્રેણિક મહારાજા જેવા સમ્યક્ત્વ પામ્યા પછી ત્રિકાળ જિનપૂજન વિના કોઇ દિવસ રહ્યા નથી : એક પણ દિવસ શ્રી જિનેશ્વર ભગવાનના સમાચાર મેળવ્યા વિના રહ્યા નથી : સમાચાર લાવનારને એક પણ વખત ઇનામ આપ્યા વિના રહ્યા નથી : સમાચાર મળે કે-તરત સિંહાસનથી ઉઠી, પાંચ સાત કદમ દૂર જઇ, વંદન કર્યા વિના રહ્યા નથી : રાજગૃહીના ઉદ્યાનમાં ભગવાન્ આવ્યાના સમાચાર સાંભળ્યા કે તરત રાજસભા બંધ કરી દેશનામાં ગયા વિના રહ્યા નથી. એ માનતા કે-રાજસભા તો કાયમ છે, પણ ભગવાન્ કદાચિત્ આવે તો ગયા વિના રહેવાય ?

**પ્ર.૬૫૭ કોને શું નહોતું આવડતું ? કોણ શું કરતા ? અને આજના શું મુકે ? આનો અર્થ શો ?**

ઉ. આંખો મીંચીને, પગપર પગ ચઢાવીને, ધ્યાની બનતાં એમને નહોતું આવડતું ? અરે મહાનુભાવ ! ગણધરદેવ પણ નિરંતર પ્રતિક્રમણ કરે : સ્વયં દ્વાદશાંગીના પ્રણેતા, ચાર જ્ઞાન ધારણ કરનાર છતાંયે આવશ્યક ન મૂકે. આજના મારા જેવા આવશ્યક મૂકે અને તમારા જેવા ઘરમાં પેસે તે ચાલે ? આનો અર્થ તો એ કે, પૂર્વ પુરૂષો કરતાં આપણો

આત્મા ઉંચી કોટિનો માનવા જેવું થયું.

**પ્ર.૬૫૮ વિચારો આજનું સત્વ કેટલું ?**

ઉ. વિચારો તો ખરા કે, આજનું સત્ત્વ કેટલું ? છાપરાનું નળીયું ખખડે, અરે હાલે, તો છાતી ધડકે. જરા મચ્છર બેસે, તે એ ન ખમાય અને સાતમા ગુણઠાણાના ધ્યાનની વાતો કરે !

**પ્ર.૬૫૯ શું મૂકીને શું કરનારાને શું પૂછો ?**

ઉ. જ્ઞાની પુરૂષોએ કેવલ ઉપકારની ખાતર કહેલા અનુષ્ઠાનો મુકીસોડહં સોડહં નો જાપ કરનારાઓને પુછો કે,સોડહં શું ? એ તો કહે ! તે હું, પરમાત્મા તે હું, પણ ક્યારે ? માંહિ રહેલો કચરો કાઢે ત્યારે કે એમને એમ ? જે રીતિએ પરમાત્માએ કચરો કાઢ્યો, તે રીતે કચરો કાઢવો પડશે કે નહિ ?

**પ્ર.૬૬૦ શું યાદ રાખો ?**

ઉ. યાદ રાખો, આડંબરથી જરાયે મુક્તિ નથી. આડંબર મુકીને કરવા યોગ્ય હોય તે અવશ્ય કરો.

**પ્ર.૬૬૧ વ્યવહારમાં શ્રીમંત થવા માટે શું કરવું પડે ?**

ઉ. વ્યવહારમાં શ્રીમાન્ થવા માટે શું કરવું પડે ? એમને એમ થવાય ? પહેલી તો નોકરી પણ કરવી પડે : કેવી નોકરી ? પચાસ રૂપિયાના પગાર પૂરતી ? નહિ, શેઠ જતે દિવસે ભાગીદાર બનાવે એવી. એવી નોકરી કરનાર પગાર તરફ ન જુએ, શેઠના હૈયામાં પેસે તેવી નોકરી કરે. પગાર પૂરતી નોકરી કરનાર માટે તો શેઠને એટલું જ થાય કે-કામ તો કરે છે, વાંધો નથી, પણ પગાર તરફ ન જોતાં બધું કામ ઉપાડી લેનાર માટે, શેઠને જરૂર એમ થાય કે-મારી ગેરહાજરીમાં જરૂર આ માણસ કામ ચલાવે તેવો છે. ચાર છ મહિને શેઠજ કહે કે ભાઇ ! તું નોકર નહિ પણ આજથી તારો બે આની ભાગ. વળી થોડા દિવસ પછી ચાર આની કરે અને અરધો અરધ ભાગ પણ કરે. આખી પેઢીનો બોજો સોંપી દે. પરિણામ એ આવે કે-શેઠની સામે શેઠ જેવી પેઢી કાઢી શકે તેવો

એ બને, પણ આમ કરે તોને !

**પ્ર.૬૬૨ આંખો મીંચી બેસી રહે તો ?**

ઉ. આંખો મીંચી બેસી રહે અને 'સોડહં' જેમ, તે શ્રીમાન્ અને હું ! -એવું ધ્યાન કરે તો શ્રીમાન્ થાય ?

**પ્ર.૬૬૩ આજના ધ્યાન કરનારને શું જોઇએ ?**

ઉ. આજના ધ્યાન કરનારને ખાતી વખતે ગરમાગરમ રસોઇ જોઇએ, તીખાં તમતમતાં શાક જોઇએ, ત્રણ શેર દૂધ જોઇએ અને એમાં પાશેર ઘી જોઇએ. એમ કહે કે-દૂધમાં ઘી નાખવાથી નસો કુણી રહે અને તેથી આસન સારૂં કરી શકાય અને આવું બધું કરી, ધ્યાની બને. ભલા, એ ધ્યાની ક્યાંના ? તેલ ચોળાવે, દુધમાં ઘી પીએ અને ધ્યાન કરે, એમને ધ્યાની કહે કોણ ? શાસ્ત્રકારોએ ધ્યાતાનું જે સ્વરૂપ કહ્યું છે, તે તો આપણે જોઇ આવ્યા. એ યોગ્યતા વિના જો આવી રીતે તેલ ચોળાવીને, ગરમાગરમ રસોઇ જમીને, દૂધ અને ઘી ઝાપટીને, ધ્યાની થવાતું હોય તો કોણ ન થાય ? સર્વે થાય.

**પ્ર.૬૬૪ જે ભૂમિકાએ જે હોય તેને શું ન કરવું જોઇએ ? શાથી ?**

ઉ. જે ભુમિકાએ જે ક્રિયાઓ હોય તે છોડવી જોઇએ નહિ. એ ક્રિયાઓથી ધીમે ધીમે આત્મા ચઢતો જાય છે. પાપથી બચે છે. શુધ્ધ માર્ગનો ગવેષક બને છે. શુધ્ધ માર્ગની પ્રીતિવાલો બને છે. અનુષ્ઠાનોનું આલંબન નાનુંસુનું નથી. આલંબન બરાબર લઇએ તો ઠેઠ લઇ જાય.

**પ્ર.૬૬૫ લખનારને વસ્તુ કેવી થઇ ગયેલી ?**

ઉ. આ વસ્તુ કેવી છે ? નાનીસુની છે ! વાંચતાં પણ મુંઝવણ થાય છે : અર્થ કરતાં અકળામણ થાય : ચારવાર વંચાય તો આઠવાર ભૂલાય ! ત્યારે જે મહાપુરૂષો આ લખ્યે જ ગયા હશે, તેઓને વસ્તુ કેટલી પરિણમી હશે ? તે વિચારો. વિચારી વિચારીને લખવા બેસે તો આટલું બધું લખી શકે ? વસ્તુજ પરિણમી ગઇ.

**પ્ર.૬૬૬ ભગવાન્ હેમચન્દ્રસૂ. મહારાજાએ કેટલા શ્લોકોની રચના**

**કરી ? કઇ રીતે ? એમાં તેઓ શું કહેતા ?**

ઉ. ભગવાન્ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજાએ સ્હાડા ત્રણ ક્રોડ શ્લોક રચ્યા. આયુષ્ય ચોરાશી વર્ષનું : અમૂક વર્ષે દીક્ષા લીધી : થોડાં વર્ષ તો અભ્યાસમાં પણ ગયાં હશે ને ! સિધ્ધરાજ અને કુમારપાળને પ્રતિબોધ કરવામાં પણ સમય ગાળતા, વ્યાખ્યાન રોજ ચાલુ, ચર્ચાનો પાર નહિ : પાંચ જાય ને દશ આવે એ ચાલુ : આ સંયોગોમાં સ્હાડાત્રણ ક્રોડ શ્લોક રચ્યા એમને જ્ઞાન કેવું પરિણામ પામ્યું હશે ! એવા પણ કહેતા કે, જે ભૂમિકાએ છીયે ત્યાંની ક્રિયા છોડાય નહિ. ઉભય કાલ એ પણ આવશ્યક કરતા : ક્રિયા છોડતા નહિ. આત્મકલ્યાણની ક્રિયાની વાત છે : દુનિયાદારીની ક્રિયાની નહિ.

**પ્ર.૬૬૭ શેમાં તમે કેવા છો ?**

ઉ. એમાં તો તમે એક્કા છો. એ ક્રિયામાં તો એવા એક્કા કે- દેવને, ગુરૂને અને ધર્મને પણ ભૂલી જાઓ. જાતને, સ્વરૂપને, બરાબર ઓળખો અને તેવું જ કહો કે જેથી જગત્ ઠગાય નહિ, મુંઝાય નહિ. સાચો વેપારી તો કહી દે કે- અમે બે આના ખાવા બેઠા છીયે, માટે અમારાથી સાવધ રહેજો, કેવલ ધર્મ માટે નીતિ પાળનારા તો બહુ થોડા છે.

**પ્ર.૬૬૮ કોને શેનો વિરોધ હોય ?**

ઉ. જોઇએ-આ રીતે 'ભવનો નિર્વેદ, માર્ગાનુસારિતા, ઇષ્ટફલસિધ્ધિ અને લોકવિરૂધ્ધ કાર્યોનો ત્યાગ - ઇચ્છનાર આત્માને ઉત્તમ કાર્યવાહી સાથે કદી પણ વિરોધ હોય ? રોજ પ્રભુની સમક્ષ અગ્રપૂજા કરતાં સાથીઓ કરી ચાર ગતિનો છેદ, સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રની પ્રાપ્તિ અને તે દ્વારા મોક્ષની માગણી કરનારા આત્માઓને પ્રભુપ્રણિત અનુષ્ઠાનો તરફ વિરોધ હોય એ બનેજ કેમ ?'

**પ્ર.૬૬૯ કઇ નીતિ ધર્મની કોટિમાં નથી ?**

ઉ. આબરૂ જમાવવા માટે, પેઢીની પીઠ મજબૂત કરવા માટે, પેઢી

જામે તો ઘરાકની સંખ્યા વધે, તે માટે નીતિ પળાય-એને શાસ્ત્રે ધર્મની કોટિમાં ન મૂકી. પક્ષીને જાળમાં ફસાવવા અનાજ નખાય, એ દાન કહેવાય ? આ બધું કહું તે કરડું લાગે, પણ કંઇ કહ્યા વિના છૂટકો છે ?

**પ્ર.૬૭૦ કયા વેપારી શું કહી દે ?**

ઉ. ધર્મ માટે નીતિ પાળનાર વેપારી તો કહી દે કે-અમે જૂઠું બોલવા માગતા નથી, છતાં અમે વેપારી, માટે તારે તો માનવું કે વેપારી બોલી પણ જાય, માટે સાવચેત રહી માલ ખરીદવો. ઘણીએ વાર જોયું છે કે ઘણાએ પ્રથમ નીતિથી વિશ્વાસ જમાવી પછી ઘણાનું કાસળ કાઢ્યું છે. ઘણાનો અર્થ બધા ન કરતા. સમષ્ટિમાં દોષ ઘુસે તેને સામાન્ય રૂપે કહેવાય. એ દોષ દૂર થાય તો સુંદર. દોષ નથી એમ કહો તો તો ઘણો આનંદ થાય. ગુણ હોય તો આનંદ ન થાય ?

**પ્ર.૬૭૧ તમારામાં શું રહેલું અમને શું થાય છે ?**

ઉ. દોષ બતાવવો અને નિંદા, કલંક કે આળ ચઢાવવું કહેવાય ? તમારામાં રહેલા દોષ અમને ખટકે છે. એ દોષ નીકળી જાય તે માટે પ્રયત્ન છે.

**પ્ર.૬૭૨ કોણ ભાન ભૂલાવે છે ? શેનાથી સાવચેત રહેવું ? કોને શું કહી દેવું ?**

ઉ. લક્ષ્મી અને દુનિયાની લાલસા ભલભલા આદમીનું ભાન ભૂલાવે છે. આડંબરથી વેગળા રહેજો. કુટુંબ પરિવારને કહી દેજો કે, અમારી ખાતર પાપ ન કરતા, અમને તમારૂં ભલું કરી નાખનારા માનતા હો તો ન માનતા, અમે જે કાંઇ તમારૂં ભલું કરીએ છીએ તેમાંએ સ્વાર્થ છે.

**પ્ર.૬૭૩ સ્ત્રી-દીકરા વગેરેને જે કાંઇ આપો છો તે શા માટે ?**

ઉ. સ્ત્રીને સારાં કપડાં અને અલંકાર વિગેરે લાવી આપો છો, તે એના ભલા માટે ? ખૂણે જઇને આત્માને પૂછજો, એટલે અંદરથી બરાબર જવાબ મળશે. છોકરાને ગરમ દૂધ પીવરાવો છો, ગરમાગરમ રસોઇ ખવરાવો છો, મોજમજાહ કરાવો છો, તે બધું એના ભલા માટે ! તમારા

હૃદયમાં એનું ભલું વસી જશે ત્યારે બધી ક્રિયા ફરી જશે. તમે જે કાંઇ કુટુંબની કાર્યવાહી કરો છો, તે ઉપકાર માટે નહિ-પણ સ્વાર્થ માટે. સ્વાર્થ એજ મહાપાપ.

**પ્ર.૬૭૪ ક્યારે શું બધું કેવું થશે ?**

ઉ. સંબંધીનું ભલું કરવાની ભાવના થશે ત્યારે તો રૂપ-રંગ-ઢંગ-વાતચિત બધું ફરી જશે.

**પ્ર.૬૭૫ આજે શું છે ?**

ઉ. આજે નથી સ્ત્રી પતિના આત્માની ચિંતા કરતી, કે પતિ સ્ત્રીના આત્માની ચિંતા કરતો. નથી માબાપ સંતાનના આત્માની ચિંતા કરતાં કે નથી સંતાન માબાપના આત્માની ચિંતા કરતા : બધાંએ પરસ્પર ખોખાં (શરીર) પંપાળે છે. દવાઓ પણ ખોખાની થાય છે, આત્માની નહિ. છોકરાને તાવ આવે તો ધમાધમ થાય પણ જુઠું બોલે, તો હુંશીયાર થયો એમ કહેવાય. અરે એવાં ઉઠાં ભણાવે કે આ જમાનામાં જુઠું ન બોલીયે તો પેટ ન ભરાય. કલંક બધું જમાના ઉપર. પોતાનો દીકરો જુઠું બોલીને આવે અને માબાપ રાજી થાય ? એને તો એમ થવું જોઇએ કે અમારૂં સંતાન જુઠું બોલે, એનું પરિણામ શું આવશે ? એની ગતિ બગડી જશે ! આ બધું અર્થ-કામની વાસનાએ થાય છે.

**પ્ર.૬૭૬ ક્યારે ન થાય તો શું કહેવાય ? આ બધુ સંજ્ઞામાં આવે ને ?**

ઉ. પ્રયત્ન કર્યા પછી ન થાય ત્યાં કર્મોદય કહેવાય. (લાલન. ચાર સંજ્ઞામાં આવે ને ?) ચાર સંજ્ઞા કહો કે સોળ કહો, એ બધું અર્થ-કામની વાસનામાં આવી જાય.

**પ્ર.૬૭૭ હું શું કહી ગયો છું ?**

ઉ. હું કહી ગયો છું કે, સંસાર એ રોગ : મોક્ષ એ નિરોગાવસ્થા : અને શ્રી જિનેશ્વરદેવે કહેલો ધર્મ એ ઓષધ : અને અર્થ-કામ એ કુપથ્ય ! કુપથ્ય પરનો પ્રેમ ન છૂટે, કુપથ્યસેવન ન મટે, ત્યાં સુધી ધર્મ ઔષધનું સેવન બરાબર થાય નહિ, સંસારરોગ જાય નહિ, અને

મુક્તિરૂપી નિરોગાવસ્થા પમાય નહિ.

**પ્ર.૬૭૮ આજે ઘણાં મા બાપોને કઇ ચિંતા થાય છે ? પણ કઇ ચિંતા થતી નથી ?**

ઉ. શ્રી જિનેશ્વરદેવ ધનવંતરી વૈદ્ય છે. એ પરમ ઉપકારીએ સંસારી આત્માઓની નાડી પરીક્ષા કરી રોગ પરખ્યો છે. શ્રી જિનેશ્વરદેવ જેવા તારકના શાસનને પામવા છતાં પણ, આજનાં ઘણાં માબાપોને એ ચિંતા છે, કે ધર્મની વાતોથી બાળક સાધુ થઇ જશે ! પણ એ ચિંતા નથી થતી કે ધર્મની પ્રાપ્તિ વિના ઉઠાઉગીર થઇ જશે. ઉઠાઉગીર થાય તે સારો કે સાધુ થાય તે સારો ? છોકરાને રાજગાદી મળે તો સારૂં કે સાધુપણું મળે તો સારૂં ?

**પ્ર.૬૭૯ કેવા પ્રગટ થાવ તો શું નિકટ આવશે ?**

ઉ. જેવા છો તેવા પ્રગટ થાઓ તો આત્મા ડંખશે, વૈરાગ્ય નિકટ આવશે, મને તો એ થાય છે કે શ્રી જિનેશ્વર જેવા દેવ પામ્યા, આવું મજેનું શાસન પામ્યા, રોજ આવી ઉમદા પ્રાર્થના કરો છો, પ્રાર્થનામાં કેવું કેવું માગો છો, સાધુ રોજ ઉપદેશ દે, છતાંયે કાળાના ધોળા થાય ત્યાં સુધીએ કંઇ ન થાય ? ક્રિયા ક્રિયાએ ત્યાગ વૈરાગ્યના ઝરા છૂટે, ત્યાં મરતાં સુધી વૈરાગ્ય ન થાય એ બને ? વીતરાગના ભક્તને વૈરાગ્યનો સંબંધ કેમ નહિ ?

**પ્ર.૬૮૦ આ તો શું ?**

ઉ. આતો જમતાં રોટલી, શાક, ચટણીમાં ગુલતાન ! પછી વેપારમાં પણ પ્રવીણ ! બધા વિષયમાં લીન ! એમાંથી પરવારે ત્યારે આ વિચારે ને ! ચાર મહિના બ્રહ્મચર્ય કેટલાએ લીધું ? વર્ષાઋતુ, જીવોત્પત્તિ વધુ, એમાં વેપાર રોજગાર કેટલાએ બંધ કર્યા ? બારે માસ મજુરી કરવાજ જન્મ્યા છો ? રૂપીઆની થેલીજ પંપાળવા જન્મ્યા છો ? તમે જન્મ્યા છો શા માટે ? ચાર મહિના બ્રહ્મચર્ય ના પળે ! જૈનના દીકરાને પરસ્ત્રીની પ્રતિજ્ઞા ન હોય ! આમાં તો ઓઘો નથી ને ?

**પ્ર.૬૮૧ આ બધું નહિ તો શું કહી દો ?**

ઉ. ઓઘાની વાતમાં તો કહી શકો કે નથી લેવાતો પણ પરસ્ત્રીનો ત્યાગ ન થાય ? ચાર મહિના બ્રહ્મચર્ય, પરસ્ત્રીનો ત્યાગ, આતો સામાન્ય છે ને ! દેવપૂજન, સામાયિક, પૌષધ કાંઇએ નહિ ! ત્યારે તમારે કરવાનું શું ? દીક્ષા રહી, પણ આ બધામાં એ ના ! કહી દોને કે કાંઇએ કરવું નથી ! જીવનપર અંકુશ નહિ, ને પાપ-પુણ્યનો વિચાર નહિ, સ્વચ્છંદી વર્તન ને ઉન્માર્ગે ચાલવું એમજ ને ?

**પ્ર.૬૮૨ કોણ શું નિયમો લેતાં ? તમો કેટલા મહિના શું ભોગવો ?**

ઉ. આઠ મહિના તો આઘા રહ્યા, ચોમાસાના ચાર મહિના તો નિવૃત્તિ-શાંતિ ભોગવો ! વેપાર રોજગાર બંધ કરી, ધર્મમાં જીવન સમર્પો ! પૂજા, વ્યાખ્યાનશ્રવણ, સામાયિક, પૌષધ, દાન, શીલ, તપ, ભાવનામાં આત્માને જોડો ! ત્રણ ખંડના માલીકો પણ ચોમાસાના ચાર મહિના નગરીની બહાર નહિ જવાના અભિગ્રહ લેતા : જિનમંદીર સિવાય બજારમાં પણ નહિ જવાના નિયમવાલા એ વખતે હતા. તમારે કંઇ નિયમ છે ? દીક્ષામાં તો કહે કે નથી લેવાતી, પણ આ વાતોમાં શું કહે ? કરવું જ નથી એમ કહો ને !

**પ્ર.૬૮૩ શ્રાવકનો એકે એક દિકરો શું કરે ? એ કોનાથી પણ બને ? શું કહે ?**

ઉ. શ્રાવકનો એકેએક દીકરો, દરરોજ નિયમિત, શક્તિ પ્રમાણે, અષ્ટપ્રકારી પૂજા કરે, ઉભયકાલ પ્રતિક્રમણ કરે, એ તો ગરીબથી પણ બને. ન કરે તોયે એ વખતે કરે શું ? સવારે ઉંઘે ને સાંજે આથડે. બીજા વખત માટે તો કોઇ કહે કે નવરાશ નથી, પણ આ ટાઇમમાં શું કહે ? નીરાંતે સાતવાગે ઉઠે, વ્હેલા ઉઠે તો બેસી રહે, ગપ્પાં મારે, વસ્તુ પરત્વે રાગ નથી એજ કારણ. માટે જ પ્રાર્થનાસૂત્રની વાત લીધી.

**પ્ર.૬૮૪ તીર્થ કેવું છે ? શાથી શું પડે એમ નથી ?**

ઉ. આ તીર્થ જયવંતુ વર્તે છે, કારણ કે એક પણ અયોગ્ય

વિચારને એમાં સ્થાન નથી અને એક પણ સદ્‌વિચારનો એમાં ઇન્કાર નથી. જેના સિધ્ધાંતો અનેક અપેક્ષાએ એવી રીતે સિધ્ધ થયા છે કે-એને સેવનાર આત્મા અવશ્ય કર્મમલથી રહિત થઇ, મુક્તિપદ પામી શક્યા વિના રહેજ નહિ. એ માટેજ એ શાશ્વત છે, અને જગત્‌માં એની કોઇ જોડી નથી, અને સઘળા જિનેશ્વરોથી આદિમાં નમસ્કાર કરાયેલું છે. આ આચારશાસ્ત્ર ભગવાન્ શ્રી મહાવીરદેવ જગત્‌ના હિતને માટે કહે છે. આ આચાર બતાવ્યા, એમાં કેવલ પ્રાણીમાત્રનું હિત સમાયેલું છે. કોઇ પણ પ્રાણીનું એનાથી અહિત નથી. એ આચારોને અમલમાં ઉતારવા ઘણી તકલીફ વેઠવી પડે તેમ છે, પણ એ આચારોને અમલમાં મૂક્યા વિના સિધ્ધિ થઇ શકે તેમ નથી.

**પ્ર.૬૮૫ કલિકાલ સર્વજ્ઞ આચાર્ય મહારાજા શું કહે છે ?**

ઉ. આપણે અહીં છઠ્ઠું 'ધૂત' નામનું અધ્યયન વાંચવું છે. એ ધુનનની યોગ્યતા આવે, તે હેતુથી પ્રથમ પ્રાર્થનાસૂત્રની વિચારણા ચાલે છે. હંમેશાં જે પ્રાર્થના કરીએ છીયે, જે માગણી કરીએ છીયે, તેમાં જે ભાવના છે-તે સમજી શકીએ તો વસ્તુ સહેલાઇથી પ્રાપ્ત થઇ શકે. 'હે ભગવન્ ! તારો જય હો. તારી જયમાં અમારી જય છે, તારા પ્રભાવથી હો.' -આ રોજની પ્રાર્થના ! શું હો ? ભવનિર્વેદ ! પ્રથમજ ભવનિર્વેદ ! જ્યાં સુધી ભવનિર્વેદ નથી, ત્યાં સુધી વાસ્તવિક રીતિએ મોક્ષમાર્ગમાં પ્રયત્ન કરી શકાતો નથી. શ્રી હેમચંદ્રસૂરિજી મ. લખે છે કે-જ્યાં સુધી ભવનિર્વેદ નથી, ત્યાં સુધી ભવનો પ્રતિબંધ કાયમ રહે છે અને ભવનો પ્રતિબંધ કાયમ રહે છે, ત્યાં સુધી મોક્ષમાર્ગ માટે કરાતો યત્ન તે વસ્તુતઃ મોક્ષ માટેનો યત્નજ નથી.

**પ્ર.૬૮૬ નિર્વેદનો પર્યાય શું ?**

ઉ. સંસારને કારાગાર સમજી, એમાંથી નીકળવાની ઇચ્છા તે નિર્વેદ.

**પ્ર.૬૮૭ નિર્વેદ વિનાની ક્રિયા કેવી ? ગંભીર હેતુ શામાં છે ?**

ઉ. તે વિનાની ક્રિયા નિર્જીવ જેવી : જીવવાળી નહિ. જવું છે ત્યાં અને વળગી રહેવું અહિં ? જોઇએ મુક્તિ અને બાઝવું સંસારને, એ બને ? એ પહેલી માગણીમાં ગંભીર હેતુ છે.

**પ્ર.૬૮૮ ભવથી નિર્વેદ ન થાય ત્યાં સુધી શું ?**

ઉ. ભવથી નિર્વેદ ન થાય, ત્યાં સુધી ભવથી છુટવાની ભાવના થતી નથી, મુક્તિની વાસ્તવિક ભાવના જાગતી નથી, અને એ ભાવના વગરનો પ્રયત્ન ફળે કયી રીતે ? પછી માર્ગાનુસારિતા.

**પ્ર.૬૮૯ નિર્વેદ તો થયો પણ માર્ગ સીધો હાથમાં ન આવે તો ?**

ઉ. નિર્વેદ તો થયો, પણ માર્ગ સીધો હાથમાં ન આવે તો ? સન્માર્ગ કોના હાથમાં આવે ? અસદાગ્રહ, કદાગ્રહ, દુરાગ્રહ -જે કહો તે બધા એકજ છે.

**પ્ર.૬૯૦ શેને જીતે એને હાથમાં શું આવે ?**

ઉ. તેને જે જીતે તેના હાથમાં સન્માર્ગ આવે, જ્યાં સત્ય દેખાય ત્યાં ઝૂકે : 'હું માનું તે સાચું' - 'મારી બુદ્ધિ કહે તે પ્રમાણ' - 'અંતરનો અવાજ આવે તે વ્યાજબી' -એમ કહેવું એને ન પાલવે. સંસારીની, વિષયકષાયમાં પડેલાની બુદ્ધિ કેટલી ? એની બુદ્ધિ જાય ક્યાં સુધી ? અજ્ઞાન, અથવા અલ્પજ્ઞાન છે. ત્યાં સુધી પોતાની બુદ્ધિ પર ચાલવાનો આગ્રહ, તે વસ્તુતઃ દુરાગ્રહ છે.

**પ્ર.૬૯૧ છદ્મસ્થ કોણ ? ભગવાન તીર્થ ક્યારે સ્થાપે ?**

ઉ. છદ્મસ્થ માત્ર ભૂલને પાત્ર છે. તીર્થપતિ પણ કેવળજ્ઞાન થયા પછી જ તીર્થ સ્થાપે છે. જેઓ એમના શાસનમાં છે, તે એમણે કહ્યું તેજ કહે. (પ્રશ્ન. 'શ્રુતકેવલી પણ છદ્મસ્થ ગણાય ને ?') કેવળજ્ઞાન ઉત્પન્ન ન થાય ત્યાં સુધી બધાય છદ્મસ્થ.

**પ્ર.૬૯૨ શ્રુતકેવલીને પણ શું સુલભ છે ?**

ઉ. શ્રુતકેવળી દેશના દેવા બેસે ત્યારે સામાને ખ્યાલ ન થાય કે- આ કેવળી નથી, પણ શાસ્ત્ર કહે છે, 'એમને પણ અનુપયોગ સુલભ છે.'

ઉપયોગ મૂકે તો ખ્યાલ આવે, પણ અનુપયોગ સુલભ છે.

**પ્ર.૬૯૩ ચૌદપૂર્વીમાં શું તાકાત છે ? એ કોનું કહેલું કહે ?**

ઉ. ચૌદ પૂર્વીમાં એ તાકાત હોય છે કે-દેશના દેતાં દેતાં શંકા પડે તો આહારક શરીર બનાવી તીર્થંકરદેવ જ્યાં વિચરતા હોય ત્યાં મોકલી, એમની પાસેથી પ્રશ્નનો ખુલાસો મેળવી લાવીને ઉત્તર દે, પણ કોઇને ખબર સરખી ન પડે કે આમ થયું. 'ભૂલ થાયજ' -એ કાયદો નહિ, પણ છદ્મસ્થ છે ત્યાં સુધી ભૂલનો સંભવ તો ખરો. એ બધાય શ્રી જિનેશ્વર દેવોએ કહેલુંજ કહે.

**પ્ર.૬૯૪ જિનેશ્વર દેવ પોતે ? અને બીજામાં શું ફેર ?**

ઉ. શ્રી જિનેશ્વરદેવ પોતે તો સર્વજ્ઞ ન થાય, ત્યાં સુધી દેશના ન દે. પોતે તીર્થ સ્થાપનાર છે, તેથી તે તો સર્વજ્ઞ થાય ત્યાં સુધી પ્રાયઃ મૌનજ રહે. શાસનમાં રહેલાએ તો શ્રી જિનેશ્વરદેવનું કહેલું કહેવું છે, પોતાના ઘરનું કશું જ કહેવાનું નથી.

**પ્ર.૬૯૫ લાલન. મુનિનો અર્થ મૌન ધરે તે, એમ ખરો ને ?**

ઉ. એ મૌન એકેન્દ્રિયનું નહિ. પાપક્રિયામાં મૌન : અશુભ પ્રવૃત્તિને રોકવા માટે તો બોલવું એજ ખરૂં મૌન : મુંગા રહેવું એવું મૌન તો એકેંદ્રિય જીવોને કાયમનું છે. મૌનનો અર્થ એ કે, પાપકારી વચન ન બોલે : સ્વપર ઘાતક વચન ન બોલે. સ્વપરરક્ષા થાય, ભલું થાય, ત્યાં ન બોલે, તે મૌની નથી પણ મૂર્ખ છે. મૌન રાખે તે મુનિ, એ ખરૂં પણ એ મૌન એકેંદ્રિયનું નહિ : મુનિપણાને છાજતું મૌન. જેમ મુનિવર શ્રી મેતાર્ય મૌન રહ્યા તેમ. જો બોલે તો કૌંચ પક્ષીનો જીવ જાય. ખોટું બોલે તો સ્વઆત્મા હણાય, માટે ત્યાં મૌન વ્યાજબી. ધર્મનો ઘાત થતો હોય, સિધ્ધાંત નો લોપ થતો હોય, છતાં મૌન રાખવું, એ મુનિપણાને છાજતું નથી.

**પ્ર.૬૯૬ આત્મઘાત બીજો કયો છે ?**

ઉ. આજ કારણે કલિકાલસર્વજ્ઞ ભગવાન્ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી

મહારાજાએ ફરમાવ્યું કે-ધર્મનો ધ્વંસ, ક્રિયાનો લોપ અને પોતાના સિધ્ધાંતનો નાશ થતો હોય તો, શક્તિમાને વગર પૂછયે પણ અવશ્ય બોલવું જોઇએ, અને વાત પણ ખરી કે, તારક વસ્તુનો નાશ થતો હોય, તે વખતે છતી શક્તિએ મૌન રહેવું, એના જેવો બીજો આત્મઘાત પણ કયો છે ?

**પ્ર.૬૯૭ પણ એ બોલવાથી અશાંતિ થતી હોય તો ?**

ઉ. ધર્મ અને સત્ય સિદ્ધાંતનો લોપ થયા પછી રહેલી શાંતિ, એ શાંતિ છે ? એમાં તો ભયંકર અશાંતિની ચિતાઓ ખડકાયેલી છે જે કાંઇ શાંતિ દેખાય છે, તે આ સિદ્ધાંતની હયાતિનાં પ્રતાપે છે. અરે ત્યાં સુધી લખ્યું છે કે-ચંદ્ર, સૂર્ય નિયમિત ગતિ કરે છે, તેમાં પણ ધર્મનોજ પ્રભાવ છે : દુર્જનોમાં એવી તાકાત કેમ નથી આવતી કે, બધા સજ્જનોને કચડી શકે ? આવે ક્યાંથી ? સજ્જનો પાસે જીવતો અને જાગતો ધર્મ બેઠો છે : ધર્મ હોય ત્યાં સુધી દુર્જનોના એ મનોરથો કદીજ ન ફળે. કારણ કે ધર્મનો પ્રભાવ કાંઇ જેવો તેવો નથી.

**પ્ર.૬૯૮ દુર્જનો તો શું ઇચ્છે ?**

ઉ. દુર્જનો તો ઇચ્છે કે- 'જગત્ પર સજ્જનો જોઇએ જ નહિ, અમારૂં જ રાજ્ય જોઇએ' -કેમકે સજ્જનો એમને વાતવાતમાં આડખીલી રૂપ લાગે છે. સજ્જનો જીવે તે દુર્જનોને ખટકે, પણ એથી કંઇ દુર્જનના મનોરથ ફળે ? નહિ. અને ન ફળે તેમાં પણ ધર્મનોજ પ્રભાવ.

**પ્ર.૬૯૯ ધર્મનો પ્રભાવ શું કામ કરે ? ક્યારે દુર્જનો કેવા થાય ?**

ઉ. સજ્જનો કંઇ સામનો કરવા ઓછાજ જાય છે ? પણ ધર્મનો પ્રભાવજ એવી પેરવી કરે છે કે- પેલાનું સીધું પણ ઉંધું થઇ જાય, એની બુદ્ધિમાં વિભ્રમ થઇ જાય, એની કાર્યવાહીનું ચક્કર ખસી જાય અને એની યોજના ઉલટપાલટ થઇ જાય. જો સજ્જન સજ્જનતા ન છોડે તો, આખરે દુર્જન હાથ જોડ્યા વિના ન રહે. અપવાદની વાત જવા દો. બહુલતયા આ વાત છે. જો આમ ન હોય તો સજ્જનમાં સજ્જનપણું

રહેજ નહિ. સજ્જનને જુઠું બોલવું નહિ, પ્રપંચ કરવો નહિ, બધાએ પ્રતિબંધ : પેલાને તો બધી ભાગોળ મોકળી.

**પ્ર.૭૦૦ દુર્જનને આટલી છૂટ છતાં સજ્જન શું માને ? એનું કારણ ?**

ઉ. દુર્જનને આટલી બધી છૂટ છતાં સજ્જન આપત્તિને માને નહિ, એને આપત્તિ આવે નહિ, એનું કારણ ? એ યોગ્ય સ્થાને છે માટે ! એનામાં એ સદ્‌ગુણ છે કે- આપત્તિને સંપત્તિ માની શકે છે. સજ્જન તો એમ માને કે-આપત્તિ અશુભના ઉદય વિના આવે નહિ અને એ આવેલી આપત્તિ અશુભના ઉદયને લઇને આવેલી આપત્તિ, સાવધ બનીએ તો આત્માને વળગેલા ઘણા કચરાને લઇને ચાલી જાય. ધર્મીને ધર્મના પ્રતાપે તો આપત્તિ આવેજ નહિ, પણ પૂર્વે કરેલ અધર્મ ક્યાં જાય ? એ કારણે આપત્તિ આવે તો એ માને કે-આવી સુયોગ્ય અવસ્થામાં આવે એ તો અનુપમ. અજ્ઞાતાવસ્થામાં આપત્તિ આવત તો શાંતિપૂર્વક સહેવાત નહિ, માટે સારૂં થયું કે આવી સુયોગ્ય સ્થિતિમાં આપત્તિ આવી. આવી માન્યતા હોય ત્યાં દુઃખ શું ? આ ભાવનાના યોગે તો ધર્મની ખીલવટ થાય.

**પ્ર.૭૦૧ શું ખોટું છે ?**

ઉ. ધર્મ, ધર્મક્રિયા અને સિદ્ધાંતના નાશ પછી જો શાંતિ માનતા હો, તો તે ખોટું છે, તદ્દન અણસમજ છે.

**પ્ર.૭૦૨ ક્યાં શું ન જ આવવું જોઇએ ? શું ઉપદેશાય ?**

ઉ. સજ્જનનાં હ્રદય તો તપાસો ! ત્યાંની શાંતિ જુઓ તો ખરા ! જો હૃદયમાં શાંતિ ન હોય તો માનવું કે- આ વસ્તુ પરિણમીજ નથી. બહાર તો બધું કરવું પડે : ઉગ્રતા પણ લાવવી પડે : સામાના ભલા માટે મ્હોંપર ઉગ્રતાનો દેખાવ કરવો પણ પડે : પણ એથી હૃદયને શું ? એજ માટે ઉપદેશાય છે કે-પારકાનું ભલું કરવા જતાં, પોતાનું ન બગડે એની પુરી કાળજી રાખવાની છે. હૃદયમાં તો મલીનતા નજ આવવી જોઇએ.

**પ્ર.૭૦૩ શાંતિના સ્થાપનારા શાન્તિની સ્થાપનાનો પ્રયત્ન કરતા હોય પણ એનાથીજ દુર્જનોને અશાંતિ થતી હોય અને એ કારણે એઓ પાછા**

**અશાંતિને ફેલાવતા હોય, તો શાંતિના સ્થાપનારાને પણ અશાંતિના પ્રચારનો દોષ લાગે કે નહિ ?**

ઉ. જો એમ લાગે તો જુલમ થઇ જાય. સુધર્મા ઇંદ્રે ભગવાન્ શ્રી મહાવીર દેવની પ્રશંસા કરી કે- 'અત્યારે ભરતક્ષેત્રમાં એક મહાવીરનો જ આત્મા એવો છે કે, જેને અસંખ્યાત ઇંદ્રો પણ ધ્યાનમાંથી ચલાયમાન કરી શકે એમ નથી. એ વીર છે, ધીર છે, મક્કમ છે, સ્થિર છે.' -વિગેરે વિગેરે ભગવાન્ના ગુણોની પ્રશંસા કરી, સંગમ તે સહી ન શક્યો. એ કહે છે કે, એક માનવીની આટલી બધી પ્રશંસા ! મનુષ્યરૂપ કીડાને ચળાવવાની તાકાત દેવોની નહિ, એ બને ? એ હું ન સાંભળું. આવેશના પરિણામે, કષાયથી વ્યાપ્ત બનેલા એ સંગમે લગભગ છ છ મહિના સુધી ભયંકર ઉપસર્ગોથી ભગવાન્ની કદર્થના કરી. આ છ મહિના ભગવાનને થયેલી તકલીફનું કર્મઇંદ્ર મહારાજને લાગે ખરૂં ? પ્રશંસા કરતી વખતે એમને એ ભાવના પણ હતી ખરી કે- આ પ્રશંસાથી સંગમ જેવો કોઇ જાગે અને ભગવાનને તકલીફ આપે ? નહિ જ.

**પ્ર.૭૦૪ ગૌતમ મહારાજા ભગવાન મહાવીરને શું પૂછે છે ? ભગવાન શું કહે છે ? તેમાં કર્મબંધ ખરો ?**

ઉ. શ્રી ગૌતમસ્વામી મહારાજ, ભગવાનને પૂછે છે કે- 'ભગવન્ ! શ્રાવસ્તિ નગરીમાં ગોશાળો પોતાને જિન, જિન કહેતો ફરે છે-તો શું શ્રાવસ્તિમાં બે જિન છે ?' ભગવાન્ જાણતા હતા કે- 'બોલીશ તે સાંભળીને એને ગુસ્સો આવશે, કષાયથી ધમધમતો એ અહીં આવશે, ધમાલ કરશે, ભયંકર બની તેજોલેશ્યાથી બે મુનિના પ્રાણ પણ લેશે, મને પણ તેજોલેશ્યા મૂકી છ મહિના સુધી પીડામાં ઉતારશે.' છતાં ભગવાન્ મૌન ન રહ્યા ભગવાને કહ્યું- 'તે જિન નથી. એ તો મંખલીપુત્ર ગોશાળો છે.' જો મૌન રહે તો સામાન્ય લોક એમ માને કે-એમાં પણ કાંક છે ખરૂં. આવી માન્યતામાંથી તો હજારો લોકો એ ઉન્માર્ગે ઢળી જાય : બીજા ઉન્માર્ગે ન જાય તે માટે સત્ય કહેવાય. તે દુર્જનને ન જચે, અને

તેથી અશાંતિ કરે, તે એના સ્વભાવને આધીન છે.

**પ્ર.૭૦૫ સ્કંદક સૂરિના પાંચસો શિષ્યો ઘાણીમાં પીલાયા એમાં કારણ શું હતું ?**

ઉ. શ્રી સ્કંદક સૂરીશ્વર તથા તેમના પાંચસેં શિષ્યોને પાપાત્મા પાલકે ઘાણીમાં પીલ્યા, એમાં કારણ તો સૂરીશ્વરજીનું સત્ય કથન હતું ને ? વૈરનું કારણ એ કે, પાલકે એક વખત નાસ્તિક્તાનું પ્રતિપાદન કર્યું હતું અને સૂરીશ્વરજીએ એથી હજારો જીવો ઉન્માર્ગે ન જાય, માટે એનું ખંડન કર્યું હતું. એજ વૈરનું કારણ અને એજ કારણ માટે એ પાપાત્માએ આવા પાંચસે એકને ઘાણીમાં ઘાલી પીલ્યા. દુર્જનોની નીચતાની કાંઇ અવધિ છે ? દુર્જનો શું ન કરે ?

**પ્ર.૭૦૬ પાડોશી દાન દે અને બાજુનો કૃપણ પીડા પામે એમાં કારણ દાતાર ખરો કે નહિ ? આવું માનો તો ?**

ઉ. પાડોશી દાન દે, એને ત્યાં મુનિઓ-મહાત્માઓ આવતા હોય, પણ બીજો પાસેનો કૃપણ હોય છતાં, મને કમને બોલવવા પડે, પણ એ રોજ મનમાં બળ્યા કરે કે-આ પાપી આહીં ક્યાંથી આવી વસ્યો ? મનમાં ગાળો દીધા કરે, કર્મ બાંધ્યા કરે, આ બધાનું કારણ પેલો દાતાર ખરો કે નહિ ? એને કર્મ લાગે ? આવું જો માનો તો તો કોઇ મુક્તિજ ન જઇ શકે.

**પ્ર.૭૦૭ કોઇના નિમિત્તનું કર્મ જિનેશ્વરને લાગતું હોય તો ?**

ઉ. શ્રી જિનેશ્વરો પણ મુક્તિ ન જઇ શકે. તે તારકના વૈરી હતા. તે તારકને જોઇને પણ બળનારા, તિરસ્કાર કરનારા, ગાળો દેનારા અને એમ કરીને કર્મ બંધાનારા હતા, તો જો એ નિમિત્તનું કર્મ શ્રી જિનેશ્વરદેવને લાગતું હોય, તો મુક્તિ શી રીતે જાય ? સૂર્ય બધાને આનંદ આપે, પણ ઘુવડને શું ? જો એમ કર્મ લાગતું હોય તો તોવીતરાગની પણ મુક્તિ ન થાય અને મુક્તિ ગયેલાને પણ પાછા આવવું પડે. જેને પકડેલી વસ્તુ મૂકવી નથી એનો ઉપાય છે ? આબુજીની કોરણી જોઇ

ઘણાએ આનંદ પામે છે : ઇતરો પણ આનંદ પામે છે : છતાંય કેટલાક એવા પણ પડ્યા છે કે એ જોઇને સળગી મરે છે, તો જો ધર્મક્રિયા કરતાં પાપ લાગતું હોય તો ધર્મક્રિયા કરવીજ કઠણ થઇ જાય. એક પણ સારી ક્રિયા બતાવો કે જેમાં ચાંદુ પાડનારા દુનિયામાં ન હોય. એક પણ ઉત્તમ વ્યક્તિ એવી બતાવો, કે જેની મશ્કરી અને નિંદા કરી કર્મ બાંધનારા દુનિયામાં ન હોય.

**પ્ર.૭૦૮ શાસ્ત્ર શું કહે છે ?**

ઉ. શાસ્ત્ર તો કહે છે કે-જેટલાં સંવરનાં સ્થાન તેટલાંજ હીનપુણીયાને માટે આશ્રવનાં સ્થાન અને ભાગ્યવાનને તો જે આશ્રવનાં સ્થાન, તે સંવરનાં સ્થાન. કર્મક્ષયની ક્રિયાઓ પણ નિર્ભાગીઓને કર્મબંધ કરાવનારી પણ થાય. જો એમ કર્મ લાગી જાય, એવી માન્યતા માનીએ તો તો એ અપેક્ષાએ કજીઆના ઉત્પાદક તીર્થના સ્થાપક પોતેજ થાય.

**પ્ર.૭૦૯ તીર્થ ન હોત તો ?**

ઉ. તીર્થ ન હોત તો બોલવું શું કામ પડત ? પણ વસ્તુતઃ તેઓ પરમ ઉપકારી છે, કારણ કે જગત્‌ને તારવાની કલ્યાણબુદ્ધિથી એ પરમાત્માએ તીર્થ પ્રવર્તાવ્યું છે. એ તો હીન ભાગ્યતા એની, કે જે આવા અનુપમ શાસનને પામીને અજ્ઞાનવશ સત્ય ન સમજતાં, એમાં ઝઘડા પેદા કરે.

**પ્ર.૭૧૦ તીર્થ સ્થાપ્યા પહેલા સમુદાય ભેગો હતો ને ?**

ઉ. એવું કોઇ કાળે ન હોય. બધાના વિચારો અને ક્રિયાઓ તો જુદી. આ તારકોએ તો તીર્થ સ્થાપીને એ કર્યું કે-ધમાચકડી કરનારામાંથી થોડાકને ઓછા કર્યા. બધાએ અઢાર પાપસ્થાનકે સહિત હતા, એમાંથી થોડાકને એથી રહિત બનાવ્યા. કેટલાકને આ અઢારે પાપસ્થાનકો સેવવા યોગ્ય નથી, એવા વિચારવાળા બનાવ્યા. આથી અજ્ઞાનીયો મિથ્યાત્વ આદિના જોરે ઉધમાત કરે, એના યોગે કજીયા ઉભા થાય.

**પ્ર.૭૧૧ પ્રભુના અતિશયો પણ હદવાળા છે ને ?**

ઉ. અલબત્ત. ભગવાન વિચરતા હોય ત્યારે સવાસો જોજનમાં કોઇને પીડા ન થાય, આ અતિશય છે-પણ પોતે જ્યાં હતા ત્યાં રાજગ્રહીમાં જ મૃગાલોઢાની પીડા કેવી ભયંકર હતી ! નિકાચિત કર્મ હતું. સૂર્ય સર્વને પ્રકાશ આપે, પણ જે જાતિજ એવી હોય, કે જેને એના ઉગવાથી અંધાપો થાય, ત્યાં થાય શું ? અપવાદ બધે હોય. જો એમ અતિશય ચાલતો હોત, તો એકને પણ એ ભગવાન, મિથ્યાદ્રષ્ટિ રહેવા ન દેત.

**પ્ર.૭૧૨ ભગવાન કેવા ઉદાર હતા ?**

ઉ. 'सर्वेपि सुखिनो भवन्तु !' બધા સુખી થાઓ ! - આ ભાવનાવાળા ભગવાન એવા ઉદાર હતા કે, બધાને મોક્ષે પહોંચાડ્યા પછી પોતે જાત. એમના દર્શનથી હજારો આદમી ધર્મ પામતા હતા, સમ્યક્ત્વ પામતા હતા : એમના ગમનથી, એમના દેખાવથી, એમની કાર્યવાહીથી, એમના અતિશયથી, એમના મહિમાથી, સંખ્યાબંધ આત્માઓ ધર્મ પામતા હતા : એમની વાણી સાંભળીને કેટલાંય આત્માઓ પોતાનું કલ્યાણ કરતા હતા. ભગવાન તો પરિપૂર્ણ અતિશયસંપન્ન આત્મા હતા, પણ પાખંડી તો નક્કી કરીનેજ આવે કે-કાંઇ છીદ્ર નીકળે છે ! ભગવાનની વાણીમાંથી પણ છીદ્ર ગોતવા આવનારા હતા. છીદ્ર ગોતવા આવનારો સારૂં તો સાંભળતો જ નથી. સમજે છે કે-સારૂં સાંભળ્યું, અને એ જો ઘુસ્યું તો બુદ્ધિ ફરી જાય, એટલે એનો નિર્ણય જ એ કે-સારૂં મૂકી દેવું. અને ખોટું પકડવું એજ એનું ધ્યેય, તમે તમારી દ્રષ્ટિ એવી બનાવો કે, સત્ય આવે ત્યાં ખોટું મહારાપણું ખસી જાય.

**પ્ર.૭૧૩ કોણ મુંઝાય છે ? શાથી ?**

ઉ. સારાસારા વિદ્વાનો પણ મુંઝાય છે, એનું કારણ એ છે કે-મારાપણું જતું નથી. એ એમ માને છે કે- અમે ઘણા વખતથી માનેલ તે મૂકાય ? પણ તમે કોણ ? અલ્પજ્ઞાનીને ! સાચું માનવું અને ખોટું મૂકવું એ ઉત્તમ ભાવના તો હોવી જ જોઇએ. આ રીતે વસ્તુને સમજો.

**પ્ર.૭૧૪ કયો કદાગ્રહ ન રાખવો ? શું રાખવું પડ્યું ?**

ઉ. બોલવું જ નહિ, એવો કદાગ્રહ ન હોય. એટલા માટે તો વચન ગુપ્તિની સાથે ભાષાસમિતિ રાખવી પડી. બેશક, પાપ કાર્યમાં વપરાતી વાણીને રોકે, સાવદ્યવચન ન બોલે, પણ જો લાભકારી ભાષા ન બોલે તો, વાગ્ગુપ્તિ એ વસ્તુતઃ વાગ્ગુપ્તિ છે. રક્ષક રક્ષા નહિ કરે તો ભક્ષક કરશે ? કલ્પીલ્યો કે- ધર્મના સિદ્ધાંતનો વિપ્લવ થાય, તે પ્રસંગે મુનિ મૌન રહે, અને તમને ફુરસદ નહિ ! ત્યારે આનો પાલક અને રક્ષક કોણ ? મુનિ મૌન ભજે, ગૃહસ્થ ઘર ભજે, તો પછી આને ભજે કોણ ? માટે તો કહ્યું કે-ગમે તેવી સમતાવાળો, ગમે તેવો સ્થિર, ગમે તેવો શાંત, ગમે તેવો તપસ્વી પણ, આવા વખતે, ધર્મધ્વંસ થતો હોય, ક્રિયાનો લોપ થતો હોય, સિદ્ધાંતના અર્થનો વિપ્લવ (નાશ) થતો હોય, તે વખતે જોયા ન કરે. કોઇ ન પણ પૂછે, તો પણ નિષેધ કરે. જરૂર એ વખતે બોલે. છતી શક્તિએ એમ ન કરે તો વિરાધક દશા પામે.

**પ્ર.૭૧૫ પૂર્વાચાર્યોએ શું પકડ્યું હોત તો ? આજે શું ન હોત ?**

ઉ. પૂર્વાચાર્યોએ આજે કહેવાય છે તેવી શાંતિ પકડી હોત, તો આજે આ ન હોત. એ વખતે તો બહુ વિષમતા હતી.

**પ્ર.૭૧૬ આ કાલ કેવો છે ? શાથી ?**

ઉ. આ કાલ તો એટલો સુંદર છે કે-ન આરાધે તેનું કમભાગ્ય. આ કાલમાં ભગવાન્‌ના સિદ્ધાંતનો પ્રચાર ન કરે, તે નિર્ભાગી છે. સ્થિતિ-સંયોગ ચ્હાય એવા માનો, પણ સિદ્ધાંતના પ્રચાર માટે એવા અનુકૂલ છે કે-ન પૂછો વાત.

**પ્ર.૭૧૭ અમૂક સમય કેવો હતો ?**

ઉ. અમૂક સમયે તો આ બહાર મૂકવામાં પણ તકલીફ હતી. એક વખતે રાજ્યની સ્થિતિ કયી હતી ? મોંના કાયદા હતા. પ્રજાની, રસ્તાની, બધી સ્થિતિ વિકટ હતી. આજે તો સામાની ભાવના ગમે તેવી હોય, પણ કાયદાની કલમનો ટેકો ન હોય તો એની બધી ભાવના ધૂળમાં મળી જાય. એ વખતે તો જબાન એ કાયદો હતો. પૂર્વે મંદિરમાં ઘંટ વગાડવા

ભારે હતા. શિખર ચઢાવવું ભયંકર હતું. મૂર્તિયો સાચવવી મુશ્કેલ હતી. વસ્તુ બોલવી કઠીન હતી. સાધુપણું કે સાધ્વીપણું પાળવું એ પણ ભયંકર હતું. છતાં એ સ્થિતિમાં પણ મહાપુરૂષોએ સત્ય વસ્તુને જીવંત-વ્યાપિની રાખી છે. આપણે માટે તો એવો સુખનો જમાનો છે કે-અત્યારે ન આરાધાય તો કહેવું જોઇએ કે, કમાણી ધૂળ મળી ગઇ.

**પ્ર.૭૧૮ કેવા સત્વહીન બનીએ તો શેના માટે કેવા નથી ?**

ઉ. નળીયું ખખડવાથી ભડકવા જેટલા સત્ત્વહીન બનીએ તો કહેવું જોઇએ કે, ધર્મ માટે લાયક જ નથી. એ વખતે તો પૂરી શક્તિવાળો ધર્મી તરીકે જીવી શકતો, આજે થોડી શક્તિવાળો પણ જીવી શકે છે.

**પ્ર.૭૧૯ સાધનો અનુકૂલ છે ?**

ઉ. નહિ, સઘળાં સાધનો અનુકૂળ છે, એમ તો નહિ જ. ઘણાં સાધનો તો ભયંકર છે, પણ આરાધનાર ધારે તો સાધનોનો સદુપયોગ કરી શકે.

**પ્ર.૭૨૦ કયો આશય છે ? હરિભદ્રસૂ.મ. શું કહે છે ?**

ઉ. આશયને અનુરૂપ બોલતા થાઓ ! શ્રી જિનેશ્વરદેવના માર્ગને પામ્યા પછી, ભગવાન્ શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા તો કહે છે કે-'કલિકાલમાં જન્મેલા અમે, મૂળમાં ખામીવાળા અમે હુંડાવસર્પિણી કાલનો દોષ પણ અમારા માથે, એવા નાથ વિનાના અમને, હે ભગવન્ ! જો આ વસ્તુ ન મળી હોત, તો અમારૂં શું થાત ? એની રક્ષા માટે કમીના હોય ? એ મહાપુરૂષે આ શાસનની સેવા કરવામાં કશીજ કમીના રાખી નથી.'

**પ્ર.૭૨૧ સૂરિ પુરંદરો શેમાં આત્મશ્રેય માનતા ?**

ઉ. આ શાસનના ધુરંધર સૂરિપુરંદરો પણ આગમની આજ્ઞામાંજ પોતાનું અને પરનું આત્મશ્રેય સમજતા. આવા એક સમર્થજ્ઞાની પણ પોતાની મતિ ઉપર મદાર ન્હોતા બાંધતા અને જગતના શ્રેય માટે શાસ્ત્રીય સત્યનો જોસંબંધ પ્રચાર કરતા. એ પ્રચારમાં અશાંતિના પ્રચારની શંકા કરવી, એ પોતાની જાત ઉપર શંકા કરવા બરાબર છે.

**પ્ર.૭૨૨ વાત કેવી છે ?**

ઉ. અને વાત પણ ખરી છે કે- જ્યાં શુભ વસ્તુ હોય, શુભ કથન હોય, સામાના હૃદયમાં ઘાલવાની ઉત્તમ ભાવના હોય, એમાંથી અશાંતિ નીકળે ક્યાંથી ?

**પ્ર.૭૨૩ પાખંડી ધર્મ નહોતા પામતા એમાં દોષ કોનો ?**

ઉ. પાખંડી ધર્મ નહોતા પામતા, એમાં દેશનાની ખામી હતી ? ભગવાન તો અતિશયસંપન્ન હતા-એમની વાણીમાં પણ અતિશય હતો કે-પોતે બોલે એક ભાષામાં, પણ સૌ સમજે પોતપોતાની ભાષામાં તિર્યંચો તિર્યંચોની ભાષામાં સમજે, સૌ સૌની ભાષામાં સમજે. સમકાલે સર્વના સંશય છેદે. જાતિ વૈરવાળાં પ્રાણીયો પણ મિત્રપ્રાય: બને. કષાયથી ધમ-ધમતા આવે, તે પણ ત્યાં આવીને શાંત બની જાય. પણ જેનામાંથી એક વાર દુષ્ટ ભાવના જાય નહિ, ત્યાં સુધી પેલી સારી વસ્તુની છાયા તેના ઉપર પડે નહિ.

**પ્ર.૭૨૪ કયા મલને અને દોષને કાઢવા શું કરવું જ જોઇએ ?**

ઉ. મિથ્યાત્વ એ મલ છે, ઝેર છે. સારામાં ખોટાની બુધ્ધિ ને ખોટામાં સારાની બુધ્ધિ, એ મિથ્યાત્વ. મિથ્યાત્વ એ મોટો મલ છે, દોષ છે. આથી એ દોષને દૂર કરવા માટે અને જેનામાં તે દોષ ન હોય, તેને તે દોષોથી બચાવવા માટે, સત્યનું એટલે કે હિતકર વસ્તુનું પ્રકાશન અવશ્ય કરવું જ જોઇએ.

**પ્ર.૭૨૫ પૂર્વાચાર્યોએ શેમાં મૌન સેવ્યું નથી ? મૌન સેવ્યું હોત તો ?**

ઉ. હિતકર વસ્તુ કહેવામાં પૂર્વાચાર્યોએ કદીજ મૌન સેવ્યું નથી. એવું મૌન તે પરમર્ષિઓએ સેવ્યું હોત તો, આજે આપણી પાસે આટલું પણ ન હોત. માટે હિતકર વસ્તુના નાશ વખતે તો 'મૌન-મૌન' પાલવેજ નહિ. એ વખતે મૌન, મુનિને તથા મુનિપણાના અર્થિને ઘટે નહિ.

**પ્ર.૭૨૬ માર્ગાનુસારિતા ક્યારે આવે ?**

ઉ. અસદાગ્રહ અથવા દુરાગ્રહ તજે એટલે માર્ગાનુસારિતા આવે.

**પ્ર.૭૨૭ માર્ગાનુસારિ એટલે ?**

ઉ. માર્ગાનુસારિ તે કે જેનો મિથ્યાત્વ-મળ નથી ગયો, પણ માર્ગ તરફ સદ્ભાવ છે. કહે કે-શાસ્ત્ર ગહન છે અને મતિ તો અલ્પ છે. માર્ગાનુસારીપણું પણ બહુ કઠીન છે. તેનામાં ભદ્રિકપણું જોઇએ. ધર્મશ્રવણ પ્રત્યે પૂર્ણ રૂચિ હોય. એવા આત્મામાં વિનયાદિ ગુણો તો સહજ હોય, કારણ કે- અર્થિપણા સાથે તે ગુણો પ્રતિબદ્ધ છે.

**પ્ર.૭૨૮ પૈસા કમાનારમાં વિવેક કેટલો છે ?**

ઉ. પૈસા કમાનારમાં વિવેક કેટલો છે ? તેનામાં નમ્રતા, વિનય, શાંતિ, ક્ષમા, સલામ ભરવાની રીત. પગે પડવું, પગની ધૂળ ચાટવાની રીત, આ બધું આવી જાય છે. એ બધું કોણે શીખવાડ્યું ? સારો મેમાન આવે તો એની પુંઠે પુંઠે ફરવું, એ કોણે શીખવાડ્યું ? સાહેબ પાસે કેવી રીતે જવાય ? કેવી રીતે ઉભા રહેવાય ? -એ જાણો છો ને ? એ તો ન જાણતા હો તો પણ જાણીજ લેવું પડે, કારણ કે શેરો ખોટો મારે તો, બાર વાગી જાય. ત્યાં પ્રમાદ જરાય ન હોય. ત્યાં તો વગર કહ્યે ફીટ બની જાવ.

**પ્ર.૭૨૯ માટે જ શું કહું છું ?**

ઉ. ધર્મના અર્થી બનો, તો, નમ્રતા, શાંતિ, લઘુતા, વિનય, વિવેક, બહુમાન, બધાય ગુણો દોડી દોડીને તમારામાં આવશે, લેવા નહિ જવા પડે. જે ગુણો દુનિયામાં કેળવો છો, સાહેબ પાસે જે વિનય કરો છો, ત્યાં આડુંઅવળું ન જોવાય, પણ અહીં તો યથેચ્છ રીતે વર્તાય. -આ દશા હોય, ત્યાં શું થાય ?

**પ્ર.૭૩૦ આજનો ભણેલો સાહેબ પાસે જાય તો ?**

ઉ. આજનો ભણેલો ઑફીસમાં હોય તો ઑફીસનું છ કલાક કામ કરી, સાહેબ પાસે જાય ત્યારે કેવો ધીમે પગલે જાય, કારણ કે બૂટ પહેરવા અને અવાજ કરવો નહિ. સાહેબ કામમાં હોય, ઉંચી આંખ ન કરે, ત્યાં સુધી સામે ઉભો રહે. બોલાય પણ નહિ. અને સાહેબ જુએ તો

જોઇ જાય માટે આડુંઅવળું પણ ન જોવાય. સહી કરો એમ પણ ન કહેવાય. કેવી કફોડી દશા ? ઉભાજ રહેવું પડે અને એમજ થાય કે-ક્યારે સાહેબ જુએ, કાગળ હાથમાં લે, સહી કરે અને છુટું.

**પ્ર.૭૩૧ ક્યાં કેવા રહી શકતા હોત તો ? શું બતાવવું ન પડત ? ત્યાં શું ?**

ઉ. આ કાંઇ સ્વતંત્રતા છે ? જો અર્થ-કામમાં પડેલા સ્વતંત્ર રહી શકતા હોત, તો જ્ઞાનીને આ બતાવવું ન પડત. ખરી ગુલામી જ અર્થ-કામની આસક્તિમાં છે. ત્યાં સ્વતંત્રતા એ તો-

**"न भूतो न भविष्यति"**

**પ્ર.૭૩૨ આપણો મુદ્દો કયો છે ?**

ઉ. આપણો મુદ્દો તો એજ છે કે, અર્થીપણાથી બધું આવે, નાના શ્રીમાનનું ઘર કાંઇ મોટા શ્રીમાન્ ભરતા નથી, છતાં નાનો શ્રીમાન્ સ્હેમાં શું કામ દબાય છે ? વખતે કામ પડે ત્યારે મહેરબાની કરે તો સારૂં, એ માટે ઠપકો આપે તો પણ ગમ ખાઇ ગળી જાય. આ અર્થ-કામની લાલસા કે કાંઇ બીજું ?

**પ્ર.૭૩૩ ધર્મ પામવા માટે શું જોઇશે ? ત્યાં શું છે ?**

ઉ. ધર્મ પામવા માટે પણ, ધર્મના અર્થીપણાનો ગુણ જોઇશે. ત્યાંજ વાંધો છે. બરાબર અર્થીપણું આવી જાય, પછી વાંધો નહિ રહે.

**પ્ર.૭૩૪ વાંધા ક્યાં ?**

ઉ. વાંધા બતાવીશ તો ભારે પડશે ! પહેલાં સાંધા સમજો, પછી વાંધા બતાવીશ. દરજી કપડા પર કાતર મૂકે છે, ત્યારે તમે બૂમ નથી મારતા-કારણ કે ત્યાં સાંધાની કિંમત છે, માટે બોલતા નથી, તાકો પહેરીને નીકળો તો ગમાર કહે, અને સીવેલું પહેરીને નીકળો તો પોઝીશન જળવાય, એમ સમજો છો. અહીં વાંધા એક બે છે ? ગણના નથી. પહેલાં સાંધા સમજો. માટેજ પ્રાર્થનાસૂત્ર લીધું છે.

**પ્ર.૭૩૫ તમે શું અભિગ્રહ કરો તો શું થાય ?**

ઉ. અહીં બે કલાક કહેવાયેલું પા કલાક પણ કુટુંબને કહેવાનો અભિગ્રહ કરો, મનન કરો, ત્યાં કહો કે આજે આ આ આચારોનું વર્ણન થયું, એ આચારોને જીવનમાં ઉતારવા જોઇએ, જો ન ઉતારીએ તો મનુષ્યભવ હારી જઇએ. બે કલાકમાં જો પા કલાક તમારો ભળે તો જુઓ કે-કારતક સુદ પૂનમ સુધીમાં કેટલું પરિવર્તન થાય છે ! બે કલાકને બાવીસ કલાક ભુંસી નાખે છે, પણ એનું મંડન પા કલાક કરો તો ચોથે દિવસે ચમત્કાર જણાય. તમારાં બાલકો પણ કહેશે કે, બાપાજી ! આ ન થાય, રાતે શું કહેતા હતા ? દૂધ ખાતર પણ આ ન થાય. નોકર પણ શેઠને કહે કે, આ હોય ? એ વખતે, જ્યારે સાંજે કુટુંબ ભેગા બેસો, ત્યારે બધાએ સાધર્મિક તરીકે બેસવાનું. દીકરો બાપને પણ કહે, બાપ દીકરાને પણ કહે, દબાવાનું નહિ. આઠ દિવસ આમ વર્તશો તો તમારા ઘરમાં ચોકીદારો જાગશે. બધે તમને ટકોરા મારનારા જોઇએ. આમ કરવું છે કે હાજીઓ જ ભણવો છે ? આમ વર્તો પછી જે સ્થિતિ થાય, તે વખતનું સઘળું અનેરૂં થશે. વસ્તુનો અભાવ નહિ રહે. ત્યારે તો એમ થશે કે- ક્યારે શુભ દિન આવે અને દીક્ષા લઉં ! કુટુંબ પણ કહેશે કે- તમે નીકળો, અમે ઓચ્છવ કરીશું.

**પ્ર.૭૩૬ પણ તમને ભય શું છે ?**

ઉ. પણ તમને તો ભયજ ત્યાં છે. વાત ઘેર કરવી જ નહિ, એ તમારો નિર્ણય છે. સારૂ લાગતું હોય તો, વાત ઘેર લઇ ગયા વિના રહો !

**પ્ર.૭૩૭ સારી ચીજ જૂઓ કે તરત જ શું કરો ?**

ઉ. મોટરમાં જતા હો, ને સારી ચીજ ભાળો કે તરત નોકરને લાવવાનું કહો. ઘરમાં ફરનીચર, ટેબલ, ખુરશી, ગાદી, તકીયા, હાંડી, ઝુમ્મર બધુંય છે પણ જિનમંદીર છે ? પોષધશાળા છે ? સામાયિક આદિનાં સુંદર ઉપકરણો છે ? સંયમનાં ઉપકરણો છે ? છે ત્યાંથી એ નીકળવા માંડ્યાં છે.

**પ્ર.૭૩૮ જિનમંદિર ઘરમાં કોણ રાખી શકે ?**

ઉ. સામાન્ય સ્થિતિવાળો પણ જિનમંદિર તો રાખી શકે. સોનાનું મંદિર રાખવું એવો કાયદો નથી. નાનો ગોખલો પણ ચાલે, પણ જરૂર હોય તો ને ! કહોને તેવો પ્યાર નથી, તેવું અર્થીપણું નથી. પોતાની બુદ્ધિ મુજબ ન ચાલવું, પણ આગમની આજ્ઞા મુજબ ચાલો.

**પ્ર.૭૩૯ કદાગ્રહ કોને કહેવાય ?**

ઉ. પોતાની બુદ્ધિ મુજબ ચાલવાનો આગ્રહ તે કદાગ્રહ.

**પ્ર.૭૪૦ શેના પર વિજય મેળવે તો શું આવે ? એ શા માટે ?**

ઉ. આ કદાગ્રહ પર વિજય મેળવે ત્યારે માર્ગાનુસારિતા, તત્ત્વાનુસારિતા આવે. એ શા માટે ? ઇષ્ટફળ સિધ્ધિ માટે.

**પ્ર.૭૪૧ ગૃહસ્થ શું જાણે છે ?**

ઉ. ગૃહસ્થ જાણે છે કે- આરાધનાની પ્રવૃત્તિ માટે ફ્લ જોઇયે ને મળે, એ પણ પરંપરાએ મુક્તિ મળે તે માટે છે. એટલે કે સંયોગો હો તો તેવા હો. કુટુંબની જરૂર નથી, મળે તો સહાયક મળો. દેવતા પણ કહે છે કે-મનુષ્યલોક મળો તો પણ, ધર્મીના કુટુંબમાં મળો. દેવતા જાણે છે કે-સીધું મુક્તિપદે જવાય તો સારી વાત, પણ એ થવાનું નથી, મનુષ્ય લોક તો મળવાનો છે, તો પછી ધર્મી કુટુંબમાં મળો. અટવીમાં સાથીની જરૂર છે, પણ સાથી મળજો-લુંટારો ન મળજો !

**પ્ર.૭૪૨ લોગ વિરુધ્ધ ત્યાગનો ઉપયોગ શેમાં કરે છે ?**

ઉ. **"लोगविरुद्धच्चाओ"**

આનું વિવરણ કરતાં કલિકાલસર્વજ્ઞ ભગવાન્ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા લખે છે કે :-

"लोकविरुद्धत्यागः । सर्वजननिन्दादिलोकविरुद्धानुष्ठान वर्जनम् ।"

'લોકવિરુદ્ધનો ત્યાગ-એટલે 'સર્વજનનિંદા' આદિ લોકવિરુદ્ધ અનુષ્ઠાનોનું વર્જન.' આથી સમજી શકાશે કે, આજના કેટલાક

"लोगविरुद्धच्चाओ" -આ સૂત્રાક્ષરનો ઉપયોગ ધર્મક્રિયાઓ કરનારની સામે કરે છે, એ કોઇ પણ રીતિએ વ્યાજબની નથી. કારણ કે મોહ અને અજ્ઞાનને આધીન થયેલા આત્માઓ વાતવાતમાં ધર્મકાર્યોને વિરૂદ્ધ તરીકે ઓળખાવે, અને એથી જો ધર્મકાર્યોનો ત્યાગ કરી દેવામાં આવે, તો તો ધર્મ જેવી ચીજ ચોથા આરામાં પણ ન ટકી શકે. ધર્મ જેવી વસ્તુ પણ અજ્ઞાની અને મોહાધીન આત્માઓને અધર્મરૂપ ભાસે, એમાં કશુંજ આશ્ચર્ય નથી.

**પ્ર.૭૪૩ આજે ધર્મના વિરોધી દીક્ષા આદિને શું માને છે ? એના કારણે કોણ કેમ અટકી જાય ?**

ઉ. આજે દીક્ષા જેવી પરમ તારક વસ્તુ પણ અજ્ઞાન આત્માઓને કારમી થઇ પડી છે. એથી કલ્યાણાર્થિ આત્માઓ તેનો પરિત્યાગ કરે એ કેમ બને ? આજે કેટલાય આત્માઓને ઉદ્યાપન આદિ ધાર્મિક મહોત્સવો અકારા લાગી રહ્યા છે અને એથી એમાં થતા લક્ષ્મીવ્યયને ધુમાડા તરીકે તેઓ તરફથી ખુલ્લે ખુલ્લી રીતે ઓળખાવાય છે, આથી કંઇ પ્રભુવચનના પ્રેમીયો કે જેઓ ઉદ્યાપન આદિ ધાર્મિક મહોત્સવોને પોતાના સમ્યક્ત્વની નિર્મલતામાં અને અન્યને બોધિબીજની પ્રાપ્તિમાં કારણ તરીકે માને છે, તથા તેજ કારણે તેમાં થતા લક્ષ્મીવ્યયને શાસન પ્રભાવનાના કારણ તરીકે સમજે છે, તેઓ તેની આરાધના કરતાં કેમ અટકી જાય ?

**પ્ર.૭૪૪ આ કારણે મહાપુરૂષોએ શું કરી આપ્યું છે ?**

ઉ. આ કારણે તો પરમ ઉપકારી પરમર્ષિયોએ કેટલાંક લોકવિરુદ્ધ કાર્યોની ગણના કરાવી, આપણને લોકવિરુદ્ધ કાર્યોને સમજવાની સરલતા કરી આપી છે.

**પ્ર.૭૪૫ લોકવિરુદ્ધ કાર્યો કયા કયા ?**

ઉ. લોકવિરુદ્ધ કાર્યોની ગણના કરાવતાં પરમર્ષિયો ફરમાવે છે કે:- 'સર્વજનોની નિંદા' -એ લોકવિરુદ્ધ છે, અને તેમાં પણ ગુણસમૃદ્ધ પુરૂષોની નિંદા, એ વિશેષ પ્રકારે લોકવિરુદ્ધ છે. સરલ આત્માઓના

ધર્મકાર્યની હાંસી, જનપૂજનીય પુરૂષોનું અપમાન, બહુજનવિરુદ્ધનો સંસર્ગ, દેશાચારનું લંઘન, ઉત્કટ ભોગ, બીજા પાસેથી દાનાદિકનું વિકટન, સાધુ પુરૂષોના વ્યસનમાં તોષ અને છતાસામર્થ્યે તેનો અપ્રતિકાર -આ બધાં કાર્યોના સેવનનું ધર્મિ આત્માઓએ અવશ્ય વર્જન કરવુંજ જોઇએ.

**પ્ર.૭૪૬ અધમ કાર્ય કયું છે ?**

ઉ. સર્વજનની અને તેમાં પણ ગુણવાન પુરૂષોની નિંદા, એ ઘણુંજ અધમ કાર્ય છે.

**પ્ર.૭૪૭ નિંદક આત્મા શું શું કરતાં અચકાતો નથી ?**

ઉ. નિંદક આત્મા એ ઘણો જ ભયંકર આત્મા છે. નિંદાની ટેવવાળો આત્મા દેવ, ગુરૂ કે ધર્મની નિંદા કરતાં પણ અચકાતો નથી. સરલ આત્માના ધર્મકાર્યની હાંસી કરવી, એ પણ જેવું તેવું નિંદનીય કાર્ય નથી, કારણ કે એ હાંસીના પરિણામે તે આત્મા ધર્મકાર્યથી પાછો પડે છે અને એના પાપનો ભાગીદાર એ હાંસી કરનાર આત્મા થાય છે. હાંસી દ્વારા કોઇ પણ આત્મા ધર્મથી વિમુખ થાય, એવો પ્રયત્ન ધર્મિ આત્માઓ માટે કોઇ પણ પ્રકારે યોગ્ય નથી. જનપૂજનીય પુરૂષોનું અપમાન કરવાની પ્રવૃત્તિ પણ ધર્મિ આત્માઓ માટે શોભાપ્રદ નથી. બહુ જનથી વિરુદ્ધનો સંસર્ગ, એ પણ હિતકારી નથી. દેશાચારનું લંઘન એ પણ લોકવિરુદ્ધ છે. ઉલ્બણ ભોગ એ પણ લોકવિરુદ્ધ છે.

**પ્ર.૭૪૮ ઉલ્બણ ભોગ એટલે શું ? એનાથી શું નષ્ટ થાય છે ?**

ઉ. ઉલ્બણ ભોગ એટલે વિષયોની અતિશય આસક્તિ, વિષયોની તીવ્ર આધીનતા. એ આધીનતાના યોગે સ્વપરનો પણ વિવેક નષ્ટ થઇ જાય છે.

**પ્ર.૭૪૯ સ્વમાં પણ શેનું ઉલ્લંઘન થાય છે ? શેનો ખ્યાલ નથી રહેતો ?**

ઉ. સ્વમાં પણ મર્યાદાનું ઉલ્લંઘન થાય છે અને નથી રહેતું રાત્રી દિવસનું ભાન કે નથી રહેતો પર્વતીથિનો ખ્યાલ. આ ચોમાસા જેવા ખાસ

ધર્મકર્મના સમયમાં પણ બ્રહ્મચર્ય જેવા ઉત્તમ આચારનું પાલન ન થાય, એ શું ? ખરેખર એ તીવ્ર વિષય લાલસાનું પરિણામ છે.

**પ્ર.૭૫૦ લોકવિરુદ્ધ કાર્યથી બચવા શું કરવું પડશે ?**

ઉ. લોકવિરુદ્ધ કાર્યથી બચવા ઇચ્છનારાઓ, જો પોતાની વિષયસાક્તિ ઉપર પણ કાપ મૂકે, તોય સ્વ અને પરનું ઘણું ઘણું હિત સાધી શકે. "लोगविरुद्धच्चाओ" આ સૂત્રાક્ષરનું અવલંબન કરનારે પોતાનું જીવન ઘણુંજ માર્ગાનુસારિ બનાવવું પડશે. એકે એક યથેચ્છ વર્તન ઉપર અંકુશ મૂકવો પડશે. એના નામે એક પણ ધર્મક્રિયાને ગૌણ કે શિથિલ બનાવવાની વાહ્યાત વાતો કરતાં એકદમ અટકી જવું પડશે.

**પ્ર.૭૫૧ આ બધું વિચારવું છે કોને ?**

ઉ. પણ આ બધું વિચારવું છે કોને ? 'लोगविरुद्धच्चाओ' આ સૂત્રાક્ષરના ભાવને સમજનારથી કોઇની પણ દાનાદિ ધર્મક્રિયાનું વિકટન કેમ થાય ? તે આત્માને સાધુજનની આપત્તિમાં આનંદ કેમ આવે ? અને છતે સામર્થ્યે સાધુપુરૂષો ઉપર આવી પડતી આપત્તિનો પ્રતિકાર કરવાનું કેમ ચૂકાય ? આ એકે એક લોકવિરુદ્ધ કાર્યનો ધર્મિએ અવશ્ય ત્યાગ કરવો જોઇએ. તો હે ભગવન્ ! તારા પ્રભાવથી મને ભવનો નિર્વેદ, માર્ગાનુસારિતા અને ઇષ્ટફલસિદ્ધિની સાથે લોકવિરુદ્ધ કાર્યોનો ત્યાગ પણ હો ! કહો કેવી સુંદર પ્રાર્થના છે ? આવી સુંદર પ્રાર્થના અહર્નિશ કરનાર આત્મામાં કેટલી પવિત્રતા હોવી જોઇએ ? -એ વિચારો.

# પૂજ્ય આચાર્યશ્રીના પ્રકાશિત થયેલા પ્રકાશનો

| ક્રમ | પુસ્તક | | રૂાં. પૈસા |
|---|---|---|---|
| ૧ | જીવવિચાર (ત્રીજી આવૃત્તિ) | પ્રશ્નોત્તરી | ૩૦-૦૦ |
| ૨ | દંડક ★ | પ્રશ્નોત્તરી | ૪-૦૦ |
| ૩ | નવતત્વ (ત્રીજી આવૃત્તિ) | પ્રશ્નોત્તરી | ૪૦-૦૦ |
| ૪ | કર્મગ્રંથ-૧ ★ | પ્રશ્નોત્તરી | ૬-૦૦ |
| ૫ | કર્મગ્રંથ-૨ ★ | પ્રશ્નોત્તરી | ૭-૦૦ |
| ૬ | કર્મગ્રંથ-૩ (ત્રીજી આવૃત્તિ) | પ્રશ્નોત્તરી | ૩૬-૦૦ |
| ૭ | કર્મગ્રંથ સત્તાપ્રકરણ ★ | પ્રશ્નોત્તરી | ૧૦-૦૦ |
| ૮ | ઉદય સ્વામિત્વ★ | પ્રશ્નોત્તરી | ૧૫-૦૦ |
| ૯ | કર્મગ્રંથ-૪ ભાગ-૧★ | પ્રશ્નોત્તરી | ૪૦-૦૦ |
| ૧૦ | કર્મગ્રંથ-૪ ભાગ-૨ ★ | પ્રશ્નોત્તરી | ૧૫-૦૦ |
| ૧૧ | કર્મગ્રંથ-૫ ભાગ-૧★ | પ્રશ્નોત્તરી | ૧૫-૦૦ |
| ૧૨ | કર્મગ્રંથ-૫ ભાગ-૨★ | પ્રશ્નોત્તરી | ૧૫-૦૦ |
| ૧૩ | લઘુ સંગ્રહણી ★ | પ્રશ્નોત્તરી | ૬-૦૦ |
| ૧૪ | જીવવિચાર-દંડક-લઘુ સંગ્રહણી ★ (બીજી આવૃત્તિ) | પ્રશ્નોત્તરી | ૪૦-૦૦ |
| ૧૫ | કર્મગ્રંથ-૫ ભાગ-૩ ★ | પ્રશ્નોત્તરી | ૪૫-૦૦ |
| ૧૬ | કર્મગ્રંથ-૫ ભાગ-૪★ | પ્રશ્નોત્તરી | ૧૮-૦૦ |
| ૧૭ | કર્મગ્રંથ-૧ તથા ૨ (બીજી આવૃત્તિ) | પ્રશ્નોત્તરી | ૩૮-૦૦ |
| ૧૮ | કર્મગ્રંથ-૬ ભાગ-૧★ | પ્રશ્નોત્તરી | ૨૧-૦૦ |
| ૧૯ | કર્મગ્રંથ-૬ ભાગ-૨★ | પ્રશ્નોત્તરી | ૪૦-૦૦ |
| ૨૦ | કર્મગ્રંથ-૬ ભાગ-૩★ | પ્રશ્નોત્તરી | ૩૧-૦૦ |
| ૨૧ | કર્મગ્રંથ-૬ ભાગ-૪★ | પ્રશ્નોત્તરી | ૩૫-૦૦ |
| ૨૨ | કર્મગ્રંથ-૬ ભાગ-૫★ | પ્રશ્નોત્તરી | ૩૮-૦૦ |
| ૨૩ | કર્મગ્રંથ-૬ ભાગ-૬★ | પ્રશ્નોત્તરી | ૩૫-૦૦ |
| ૨૪ | કર્મગ્રંથ-૬ ભાગ ૭ +૮★ | પ્રશ્નોત્તરી | ૨૪-૦૦ |

| ક્રમ | પુસ્તક | | રૂાં. પૈસા |
|---|---|---|---|
| ૨૫ | કર્મગ્રંથ-૪ ભાગ ૧+૨ | પ્રશ્નોત્તરી | ૭૦-૦૦ |
| ૨૬ | કર્મગ્રંથ-૫ ભાગ ૩+૪ | પ્રશ્નોત્તરી | ૬૫-૦૦ |
| ૨૭ | કર્મગ્રંથ-૫ ભાગ ૧+૨ | પ્રશ્નોત્તરી | ૭૫-૦૦ |
| ૧. | જીવવિચાર (બીજી આવૃત્તિ)★ | વિવેચન | ૧૬-૦૦ |
| ૨. | નવતત્વ (બીજી આવૃત્તિ)★ | વિવેચન | ૨૦-૦૦ |
| ૩. | કર્મગ્રંથ-૧ | વિવેચન | ૧૫-૦૦ |
| ૪. | ચૌદ ગુણસ્થાનક | વિવેચન | ૧૬-૦૦ |
| ૫. | શ્રી જ્ઞાનાચાર★ | | ૧૬-૦૦ |
| ૬. | શ્રી જંબૂસ્વામિ ચરિત્ર ★ | | ૨૧-૦૦ |
| ૭. | દુર્ધ્યાન સવરૂપ દર્શન (બીજી આવૃત્તિ)★ | | ૨૬-૦૦ |
| ૮. | શ્રી જિનપૂજા | | ૪-૦૦ |
| ૯. | શ્રી શત્રુંજય માહાત્મ્ય-સર્ગ-૧ | | ૧૦-૦૦ |
| ૧૦. | આંતરશત્રુઓ ★ | | ૧૪-૦૦ |
| ૧૧ | ધર્મને ભજો આશાતના તજો ★ | ૭-૦૦ | |
| ૧૨ | અનુભવવાણી સૂરિરામની ભાગ-૧★ | | ૩૮-૦૦ |
| ૧૩ | અનુભવવાણી સૂરિરામની ભાગ-૨★ | | ૩૮-૦૦ |
| ૧૪ | કલિકાળના કોહીનુર (જૈનેતરની દ્રષ્ટિએ)★ | | ૧૪-૦૦ |
| ૧૫ | કર્મગ્રંથ-૬ વિવેચન ભાગ-૧ | | ૪૮-૦૦ |
| ૧૬ | બાસઠ માર્ગણાને વિષે નામકર્મ સંવેધ વર્ણન ભાગ-૧ | ૫૦-૦૦ | |
| ૧૭ | બાસઠ માર્ગણાને વિષે નામકર્મ સંવેધ વર્ણન ભાગ-૨ | ૫૦-૦૦ | |
| ૧૮ | શ્રી અરિહંત પરમાત્માનું સ્વરૂપ | ૧૨-૦૦ | |
| ૧૯ | કર્મગ્રંથ-૨ | વિવેચન | ૨૦-૦૦ |
| ૨૦ | કર્મગ્રંથ-૩ | વિવેચન | ૧૮-૦૦ |
| ૨૧ | કર્મગ્રંથ-૪ | વિવેચન | ૩૨-૦૦ |
| ૨૨ | સૂરિરામની વાણી જ્ઞાન રત્નોની ખાણી-ઉપદેશામૃત ★ | | ૩૮-૦૦ |
| ૨૩ | સૂરિરામની વાણી જ્ઞાન રત્નોની ખાણી-ઉપદેશામૃત પ્રત-૧ | | -- |
| ૨૪ | સૂરિરામની વાણી જ્ઞાન રત્નોની ખાણી-તીર્થયાત્રાનો વાસ્તવિક હેતુ-ભાગ-૧ પ્રત-૨ | | -- |

| ક્રમ | પુસ્તક | રૂાં. પૈસા |
|---|---|---|
| ૨૫ | સૂરિરામની વાણી જ્ઞાન રત્નોની ખાણી-તીર્થયાત્રાનો વાસ્તવિક હેતુ-ભાગ-૧ ★ | ૪૫-૦૦ |
| ૨૬ | સૂરિરામની વાણી જ્ઞાન રત્નોની ખાણી-તીર્થયાત્રાનો વાસ્તવિક હેતુ-ભાગ-૨-પ્રત-૩ | -- |
| ૨૭ | સૂરિરામની વાણી જ્ઞાન રત્નોની ખાણી-પુસ્તક-૩ તીર્થયાત્રાનો વાસ્તવિક હેતુ-ભાગ-૨★ | ૪૨-૦૦ |
| ૨૮ | સૂરિરામની વાણી જ્ઞાન રત્નોની ખાણી-શ્રી આચારાંગ સૂત્રના વ્યાખ્યાનો ભાગ-૧-પ્રત-૪ | -- |
| ૨૯ | સૂરિરામની વાણી જ્ઞાન રત્નોની ખાણી-શ્રી આચારાંગ સૂત્રના વ્યાખ્યાનો ભાગ-૨-પ્રત-૫ | -- |
| ૩૦ | કર્મગ્રંથ-૧ વિવેચન (નવી આવૃત્તિ) | ૫૦-૦૦ |
| ૩૧ | સૂરિરામની વાણી જ્ઞાનરત્નોની ખાણી શ્રી આચારાંગ સૂત્રના વ્યાખ્યાનો ભાગ-૩ પ્રત-૬ | |
| ૩૨ | શ્રી જિનનું દર્શન-વંદન-પૂજન | ૩૦-૦૦ |
| ૩૩ | શ્રી કલ્પસૂત્રના વ્યાખ્યાનો પ્રત-૭ | -- |
| ૩૪ | શ્રી પર્યુષણાષ્ટાન્હિકાના વ્યાખ્યાનો પ્રત-૮ -- | |
| ૩૫ | શ્રી કલ્પસૂત્રના વ્યાખ્યાનો (હિન્દી લીપી) પ્રત-૯★ | -- |
| ૩૬ | શ્રી પર્યુષણાષ્ટાન્હિકાના વ્યાખ્યાનો (હિન્દી લીપી) પ્રત-૧૦★ | -- |
| ૩૭ | કર્મગ્રંથ-૫ વિવેચન | ૫૫-૦૦ |
| ૩૮ | જીવવિચાર વિવેચન (નવી આવૃત્તિ)★ | ૪૦-૦૦ |
| ૩૯ | નવતત્વ વિવેચન (નવી આવૃત્તિ) | ૧૫૦-૦૦ |
| ૪૦ | ચૌદ ગુણસ્થાનક ભાગ-૧ (નવી આવૃત્તિ) | ૯૦-૦૦ |
| ૪૧ | ચૌદ ગુણસ્થાનક ભાગ-૨ (નવી આવૃત્તિ) | ૮૫-૦૦ |
| ૪૨ | ચૌદ ગુણસ્થાનક ભાગ-૩ (નવી આવૃત્તિ) | ૯૦-૦૦ |
| ૪૩ | દંડક વિવેચન | ૭૫-૦૦ |
| ૪૪. | જીવતત્વ-અજીવ તત્વ વિવેચન | ૩૫-૦૦ |
| ૪૫. | નમસ્કાર મહામંત્રનું સ્વરૂપ | ૨૦-૦૦ |
| ૪૬. | જીવવિચાર વિવેચન | ૮૦-૦૦ |

| ક્રમ | પુસ્તક | રૂાં. પૈસા |
|---|---|---|
| ૪૭. | શ્રી પંચપરમેષ્ઠિ નમસ્કારનો પ્રભાવ | ૨૦-૦૦ |
| ૪૮. | પુણ્યતત્વનું સ્વરૂપ | ૩૦-૦૦ |
| ૪૯. | શ્રી અષ્ટપ્રકારી પૂજાનું વર્ણન★ | ૪૦-૦૦ |
| ૫૦. | છ આવશ્યકના રહસ્યો★ | ૩૦-૦૦ |
| ૫૧. | ૫૬૩ જીવભેદને વિશે જ્ઞાનદ્વારનું વર્ણન | ૨૦-૦૦ |
| ૫૨. | અઢાર દોષોથી રહિત શ્રી અરિહંત પરમાત્મા | ૩૫-૦૦ |
| ૫૩. | આવશ્યક ક્રિયાના સૂત્રોનાં રહસ્યોનું વર્ણન | ૩૫-૦૦ |
| ૫૪. | મુહપત્તિ (મુખવસ્ત્રિકા)ના પચાસ બોલોનું વર્ણન | ૮૦-૦૦ |
| ૫૫. | કર્મબંધ વિવેચન વર્ણન | ૨૦-૦૦ |
| ૫૬. | પાપતત્વ | ૫૫-૦૦ |
| ૫૭. | શાશ્વતગિરિ મહિમા | ૧૨-૦૦ |
| ૫૮. | શ્રાવક દિનચર્યા | ૩૦-૦૦ |
| ૫૯. | અકબર પ્રતિબોધક શ્રી હીરવિજયસૂરિજી | ૪૫-૦૦ |
| ૬૦. | કુમારપાળ પૃચ્છા | ૧૦-૦૦ |
| ૬૧. | કલિકાળ સર્વજ્ઞનો કુમારપાળને ઉપદેશ | ૨૦-૦૦ |
| ૬૨. | કુમારપાળ રાજાના રાસનું રહસ્ય ભાગ-૧ | ૪૫-૦૦ |
| ૬૩. | કુમારપાળ રાજાના રાસનું રહસ્ય ભાગ-૨ | ૪૦-૦૦ |
| ૬૪. | સૂરિરામની વાણી જ્ઞાનરત્નોની ખાણી<br>શ્રી આચારાંગ સૂત્રના વ્યાખ્યાનો ભાગ-૪ પ્રત-૭ | |
| ૬૫. | પ્રવચન પ્રશ્નોત્તરી પુસ્તક-૧ | ૮૦-૦૦ |
| ૬૬. | શ્રી અષ્ટપ્રકારીપૂજાનું વર્ણન (બીજી આવૃત્તિ) | ૪૦-૦૦ |
| ૬૭. | દુર્ધ્યાન સ્વરૂપ દર્શન (ત્રીજી આવૃત્તિ) | ૪૦-૦૦ |
| ૬૮. | છ આવશ્યકના રહસ્યો (બીજી આવૃત્તિ) | ૩૦-૦૦ |
| ૬૯. | નવપદ માહાત્મ્યવર્ણન પ્રશ્નોત્તરી ભાગ - ૧ | ૭૫-૦૦ |
| ૭૦. | નવપદ માહાત્મ્યવર્ણન પ્રશ્નોત્તરી ભાગ - ૨ | ૬૫-૦૦ |
| ૭૧. | શ્રી આચારાંગ ધૂતાધ્યયન પ્રશ્નોત્તરી ભાગ-૧ | ૮૦-૦૦ |

**★ આ નિશાનીવાળા પુસ્તકો અલભ્ય છે.**



પદાર્થ દર્શન ટ્રસ્ટ
અમદાવાદ